# ધર્મબિન્દુ



પ્રવચનકાર : યુગપ્રધાન આચાર્ય સમ પ.પૂ.પં.પ્ર. શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબના શિષ્યરત્ન

પ.પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ

# ધર્મબિંદુના પ્રવચનો

(૧૪૪૪ ગ્રંથના રચયિતા સૂરિપુરંદર પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનું
જીવન ચરિત્ર અને માર્ગાનુસારીના ૩૫ ગુણોનું વર્ણન
તથા નવપદના પ્રવચનો)

**પ્રવચનકાર :**

**યુગપ્રધાન આચાર્યસમ પ. પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ.સા. સાહેબના**
**શિષ્યરત્ન**
**પ. પૂ. આ. દેવ શ્રીમદ્વિજય મેઘદર્શનસૂરીશ્વરજી મ. સાહેબ**

## અનુક્રમણિકા

D+:05-12-20
L0-04


| વિષય | પેજ નં. |
|---|---|
| ભૂમિકા તથા પૂ. હરિભદ્રસૂરિ મ. સાહેબનું જીવન ચરિત્ર | ૧ થી ૩૪ |
| ધર્મબિંદુના પ્રવચનો | ૩૫ થી ૧૦૨ |
| નવપદના પ્રવચનો | ૧૦૩ થી ૧૩૭ |
| ધર્મબિંદુના પ્રવચનો | ૧૩૮ થી ૧૫૭ |


**પૂજ્યપાદ આ. દેવ શ્રીમદ્વિજય મેઘદર્શનસૂરીશ્વરજી મ. સાહેબના** પ્રવચનો સાંભળતી વખતે લખાયેલી આ નોંધ છે. તેથી સાંભળવામાં-સમજવામાં-લખવામાં ભૂલો થયેલી સંભવિત છે. છૂટી પણ ગયું છે. તેથી તે રીતે સુધારીને ઉપયોગ કરવો. પરમાત્મા કે પૂજ્યશ્રીના આશય વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો **મિચ્છા મિ દુક્કડમ્.** આ નોંધની જરૂર ન હોય તો પરત કરી શકાશે. છૂટી ગયેલું લખાણ ઉમેરવું.

*આ નોંધની ઝેરોક્ષ જ્ઞાનખાતામાંથી થયેલ છે. તેથી ગૃહસ્થોએ માલિકી કરવી નહિ.*
*અથવા કોઈપણ જ્ઞાન ખાતામાં અંદાજીત રૂ. 200/- રકમ ભરી રાખી શકાશે.*

**નોટ પ્રાપ્તિ અથવા પરત કરવાનું સ્થાન :**


**મુંબઈ**
***પ્રકાશભાઈ વીરા***
ઓફીસ નં. 3a, 326 કરીમ બિલ્ડીંગ,
એમ. એસ. અલી રોડ, ગ્રાન્ટ રોડ (ઈ)
મુંબઈ-400007 મો. 98211 39206

**સુરત**
***દલપતભાઈ***
અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
સુભાષચોક, ગોપીપુરા, સુરત
મો. 94281 50149

**અમદાવાદ**
**દિનેશભાઈ શાહ**
સી-4, ઝલક કોમ્પ્લેક્ષ,
ભટ્ટા-પાલડી, અમદાવાદ
મો. 94260 50530

પરમાત્મા મહાવીર દેવે કેવળજ્ઞાન પછી ૪૨ થી ૭૨ વર્ષ સુધી ધોધ વરસાવ્યો.. એક બાવાએ ધુણી ધખાવી તેમાં આગ, તણખા અને દેવતાઓ છે. એ મહાવીર નામના બાવાએ ધુણી ધખાવી છે. તેમાં દ્વાદશાંગી નામની ધુણી છે. તેમાં ધર્મબિંદુ, ભવિષ્યદત્ત કથા, વિ. તણખા છે. તણખો બાળી પણ શકે, અજવાળી પણ શકે. નાનકડો દીવડો પ્રગટાવવાનું કામ તણખો કરે. જે મારા-તમારા જીવનમાં, આત્મ પ્રદેશમાં ગુણોના દીવડા પ્રગટાવી શકે. અને અનાદિકાળના કુસંસ્કારોના ઢેરને બાળી પણ શકે. આપણે આપણા આત્મામાં નિહાળીએ તો ખબર પડે કે કાળોમેંશ જેવો છે. એના કરતાં તો પેલું મસોતુ પણ સારું લાગે. ભલે બહાર સફેદ કપડા પહેરીને સાધુ કે સજ્જન તરીકે ઓળખાવતો હોય.

દ્વાદશાંગી તો મોટી ધુણી છે. બીજા નાના ગ્રંથો તણખા છે. તણખાની તાકાત બધાના આત્મ પ્રદેશમાં સુંદર દીવડા પ્રગટાવવાની છે. પ્રભુના હાથે કામ ન થાય તે કામ ગણધર ભગવાનથી થાય. ભગવાનના શિષ્ય કરતા ગૌતમસ્વામીના શિષ્યો વધુ. પ્રભુ દીક્ષા આપે ને કદાચ મોક્ષ ન થાય, પણ ગૌતમસ્વામી દીક્ષા આપે ને મોક્ષ થાય. તેમ કોઈ આચાર્ય, પંન્યાસથી પણ ન સુધરે અને નાના સાધુના વાક્યથી ટર્નીંગ પોઈન્ટ આવી જાય. આમાં એક-એક વાક્યરૂપી તણખા દીવડાને પ્રગટાવે. પ્રગટેલો એક દીવો ૧૦ ને, તે ૧૦ બીજા ૧૦૦ ને, ૧૦૦૦ ને પ્રગટાવે. શાસ્ત્રનું એક વાક્ય પણ પરિવર્તન માટે કાફી છે, પણ શરત એટલી દીવો પ્રગટવો જોઈએ. જે દીવો મારા આત્મામાં ગુણો પ્રગટાવે, અને તે દીવો બીજા પણ અનેકમાં ગુણો પ્રગટાવે, અને આવા વાક્યો વચનોરૂપી એવો દીવો પ્રગટાવવો છે કે જે મારા અનાદીના કુસંસ્કારો બળીને ખાખ થઈ જાય.

પેથડશાહ રોજ પ્રવચનમાં જતા હતા. પર્યુષણ આવ્યા, તેનો ચોથો-દિવસ પહેલું વ્યાખ્યાન પુરૂ થયું.. ઘરે જઈને કહ્યું: આજે વ્યાખ્યાન સાંભળ્યું? ન સાંભળ્યું. ધર્મસારથી પદ સુધી એમ નહીં? તો કેમ? દેવાનંદાની કુક્ષીમાં પ્રભુનો આત્મા આવ્યો. ૧૪ સ્વપ્નો આવ્યા પછી પોતાની શય્યામાંથી ઉઠી બાજુની રૂમમાં જ્યાં ઋષભદત્ત સૂતા હતા ત્યાં પહોંચ્યા... આ તો મેં પણ સાંભળ્યું, અને દર વખત સાંભળીએ પણ છીએ. પણ આમાંથી તું શું સમજી? પેથડશાહ કહે: મારી આ વિચારધારા ચાલી કે આર્યદેશની પરંપરા છે કે પતિ-પત્નિ પણ એક ખંડમાં ન સૂએ. આ વાક્યોની વિચારણા કર હવે આજથી જ આ વાક્યનો આજથી જ અમલ ચાલુ કરી દઈએ. આ એક વાક્યરૂપી તણખામાંથી દીવો પ્રગટ્યો. તમને એમ હશે કે ભગવાન મહાવીરનું ચ્યવન કામ સેવન વિના થોડું થયુ હશે? તો સાંભળો, કામ સેવન કર્યા પછી ૧૨ મુહુર્તની અંદર ગમે ત્યારે આત્મા જન્મ લેવા અંદર આવે. ભલે તમે લગ્નજીવનમાં જોડાયા છતાં પણ ગૃહસ્થજીવન બ્રહ્મચર્યની નેટ પ્રેક્ટીશ માટે છે. બેફામ જીવવા નહીં. જરૂર પડે તો એકબીજાના રૂમમાં જાય. હાથે કરીને કર્મની ઉદીરણા નથી કરવી.

જંબુકુમારના આજે લગ્ન થયા છે. રાત્રિના સમયે બધા એકઠા થયા છે. પ્રભવ ચોર ચોરી કરવા આવ્યો, તેને એમ કે ૯૯ કરોડ સોનૈયા એક જ ઘરેથી મળી જશે, અને એ લોકો તો બધા થાકના કારણે સૂઈ ગયા હશે. પણ જંબુસ્વામીને ત્યાં શું હતું? લગ્નની રાત્રિએ પણ દીક્ષાની વાત ચાલતી હતી. તમારા ઘરમાં શાની વાતો ચાલે? અમે વિહાર

કરીને આવીએ અને પૂછીએ કે ફલાણા શ્રાવકનું ઘર ક્યાં છે ? અમને શું જવાબ મળે ?

મંડન મિશ્ર અજૈનોના વિશિષ્ટ કોટીના પંડિત હતા. બહારથી કોઈ વિદ્વાનો આવ્યા. ત્યાં ગામના નાકે પનિહારીઓ પાણી ભરતી હતી, તેઓને પૂછ્યું. મંડન મિશ્રનું ઘર ક્યાં છે ? પનિહારીઓએ જવાબ આપ્યો. 'परत प्रमाणं' - જે ઘરના આંગણામાં પોપટ - મોર - મોરલી - સારસ - સારસી - શિષ્ય - પ્રશિષ્ય - આત્મા - પરલોક - સ્વર્ગ - પુણ્ય - પાપની વાતો કરતા હોય તે મંડન મિશ્રનું ઘર છે એમ માનવું.

ધર્મએ દેરાસર - ઉપાશ્રયમાં કરવાની ચીજ નથી. ધર્મએ ચોવીશ કલાકની જીવનશૈલી છે. આ જંબુકુમારના ઘરમાં લગ્નની રાત્રિએ પણ વૈરાગ્યની વાતો ચાલતી હતી. ત્યારે પેલો ડાકુ ઘરમાંથી નીકળ્યો ત્યારે ભાવથી સાધુ બનીને નીકળ્યો. જ્યારે તમારા ઘરમાં આવનાર સાધુ ડાકુ બનીને ન નીકળે ને ? તમારા ઘરમાં પ્રવેશતાં જ ગમે તેવા કેલેન્ડર દેખાય, ટીવી, ગમે તેવાં કપડાં. રીતભાતમાં સુધારો લાવો. તમારાથી દૂર રહેવા માટે તો અમે ઉપાશ્રયમાં રહીએ છીએ, પણ ગોચરી વહોરવા તો તમારા ઘરે જ આવવું પડે ને ? પહેલા પૂજા - સામાયિક નહીં પણ ઘર સુધારો. તમારા ઘરમાં આર્યદેશની પરંપરા નથી. સંસ્કૃતિ પણ નથી, તો ધર્મ તો બહુ દૂરની ચીજ છે.

આ દેદાશાહે પણ ઉત્તમ કોટીનો એક દીવો પ્રગટાવ્યો. તે પેથડશાહ. કોઈ એક શ્રાવકે જેણે ચોથું વ્રત લીધું હોય તે બધાને શાલ મોકલાવી. તેમાં પેથડશાહ મંત્રીને પણ મોકલાવી. પેથડશાહને ચોથું વ્રત નહોતું, પણ મંત્રી કે કોઈ સંબંધના નાતે મોકલાવી. અને પેથડશાહને લેવી પડી. પણ તે શાલ શૉકેશમાં મૂકી દીધી, અને રોજ તેને વંદન કરતો હતો. એકવાર તેમની પત્નીએ કહ્યું કે : 'આ શાલ તો ઓઢવા માટે છે, વંદન માટે નહીં.' ત્યારે પેથડમંત્રીએ કહ્યું કે - 'આ શાલ ઓઢવાની યોગ્યતા આવે પછી જ ઓઢાય.' કઈ યોગ્યતા ? જેણે બ્રહ્મચર્ય સ્વીકાર્યું હોય તેની મળેલી શાલ બ્રહ્મચર્ય સ્વીકાર્યા વિના એનો ઉપયોગ કેવી રીતે કરાય ? ધર્મ એ પોતે કરવાની ચીજ છે, પરાણે ઠોકાડી બેસવાની ચીજ નથી. ધર્મ પ્રેરણાથી કરાવાય, પરાણે નહીં. 'આજે અવસર આવી ગયો.' પત્નીએ સામેથી કહ્યું. ચાલો આપણે પણ એ વ્રત લઈ લઈએ. અને ૩૦ - ૩૨ વર્ષની ભર યુવાન વયે આ વ્રત લીધું. એક દીવડાએ બીજો દીવડો પ્રગટાવ્યો. પડ ઘડી સુવર્ણથી ગિરનારની ઈન્દ્રમાળનો ચડાવો લીધો. સુકૃતોનો સાગર - બિરુદ મળ્યું. તેમાંથી દીવો પ્રગટ્યો. ઝાંઝણશાહે શત્રુંજયનો સંઘ કાઢ્યો. કર્ણાવતી સંઘ પહોંચ્યો. ત્યાંના રાજા સારંગદેવે કહ્યું - 'સંઘમાં ૪૦ લાખ વ્યક્તિ છે, એટલા બધાને જમાડવાની મારી તાકાત નથી. તો એમાંથી સારા - સારા પસંદ કરી ૨૦ લાખને જમવા માટે આમંત્રણ છે.' ઝાંઝણે કહ્યું - 'મારા માટે બધા સાધર્મિક સરખા. ઊંચું નીચું જોવાની નજર મારી પાસે નથી. મારા ભગવાનને - ગુરૂને વંદન - નમન કરે તે બધા મારા માટે મહાન છે. જો તમારી તાકાત ન હોય તો હું આખા ગુજરાતને પાંચ દિવસ જમાડું.' સંઘ પત્યા પછી ૧૮ વર્ણના જમણવાર ચાલુ થયો. મેનું બધાને સરખું, જમવાની વ્યવસ્થા જુદી. પાંચ દિવસ સુધી આખું ગુજરાત જમ્યું. છઠ્ઠા

દિવસે લાકડાથી ભરેલી વખારો રાજાને બતાવી. જમણવારમાં વધે તો અનુકંપા થાય. જૈન શાસનમાં ખુટવાની વાત ન હોય. તમારે ત્યાં વધે તો શું કરો ? વહેંચવાના નહીં, પણ રાત્રિભોજન ન કરનારાઓને ત્યાં આપવા. ટીવી ન જોતા હોય તેના ઘરે આપવા. જેથી ધર્મ વધે.

ઉદ્ઘાટન માટે તમે કોને બોલાવો ? શ્રીમંતો કે ગરીબોને નહીં પણ આચાર સંપન્ન હોય તેને બોલાવવા, તો આચાર સંપન્ન બનવાનું કોને મન ન થાય. આ ઝાંઝણશાહમાંથી પણ દીવો પ્રગટ્યો. તેની ૫-૭ વર્ષની નાની દીકરી. પહેલીવાર તે દીકરીને લઈને રાજ-દરબારમાં આવ્યો. તે વખતે સિદ્ધરાજ જયસિંહ રાજા હતો. તેને આ નાની દીકરીને જોઈને પ્રેમ ઉભરાયો; અને પોતાના ખોળામાં બેસાડી. પછી કહ્યું - 'બોલ દીકરી હું તારા પર ખુશ થયો છું, તું માંગે તે આપું.' તમારા દીકરા - દીકરી હોય તો શું માંગે ? કોમ્પ્યુટર - વીડીયો ગેમ - મોબાઈલ આવું જ કે બીજુ કાંઈ ? પણ આમાં બાળકોનો વાંક નથી. તમે લોકોએ જ નાનપણથી આવું શીખવાડ્યું છે. કુવામાં હોય તે જ અવાડામાં આવે, પણ આ દીકરીએ કહ્યું કે 'જો તમે ખુશ થયા હો તો તમારા જેટલા ગામ હોય તે દરેક ગામ દીઠ ૧ તોલો સોનું આપો.' સિદ્ધરાજ ચોંક્યો. 'દીકરી આટલું બધું સોનું શેના માટે ? ત્યારે તેણે જવાબ આપ્યો કે 'આ સોના દ્વારા હું ઠેર-ઠેર સોનાના દેરાસર બંધાવીશ'. તમારા દીકરાને પૂછવામાં આવે તો શું કહે ? આવા તણખામાંથી દીવો પ્રગટે. ધર્મબિંદુ ગ્રંથમાં તો આત્માના કલ્યાણની જ વાતો કરવાની છે. સંસારમાં કેવી રીતે રહેવું ? ધર્મ કેવી રીતે કરવો ? આ બધું આ ગ્રંથમાં આવશે. સાધુ-સાધ્વી ન બનો તો કાંઈ નહીં, પણ શ્રાવક - શ્રાવિકા તો બનો. તે પણ ન બનો તો સદ્ગૃહસ્થ તો બનો જ.

ભવિષ્યદત્ત કથાના રચયિતા ધનપાલ કવિ છે. તેમના પિતાએ એક મહાત્માને વચન આપેલું કે બે દીકરામાંથી એક તમને સોંપીશ. ધનપાલ તો જૈન શબ્દ સાંભળીને જ ભડકે, તેથી શોભનને પિતાના વચન પ્રમાણે દીક્ષા લીધી. ધનપાલ જૈન ધર્મનો કટ્ટર દ્વેષી. જૈન સાધુ-સાધ્વીને ગામમાં જ આવવા ન દે. આ સમાચાર શોભનમુનિને મળ્યા. તેથી પોતે પધાર્યા. સામે ધનપાલ મળ્યા, શોભનમુનિ ઓળખી ગયા, પણ ધનપાલે ન ઓળખ્યા. રસ્તામાં જ સંસ્કૃતમાં વાતચીત ચાલી અને ધનપાલ પ્રભાવિત થઈ ગયો. પૂછ્યું - તમે ક્યાં ઉતરશો ? તમારા ઘરે. શ્રાવક - શ્રાવિકાના ઘરે એક અલાયદો રૂમ હોય જ. જ્યાં સામાયિક-પ્રતિક્રમણ કરવાના. આર્યદેશની પરંપરા હતી કે ખાવા માટે ઘરે આવે પણ સંડાસ માટે બહાર જતા. હવે ઊંધું થઈ ગયું. ખાવા માટે બહાર જાય, સંડાસ માટે ઘરે આવે. મુનિ વહોરવા ગયા. ધનપાલ પણ સાથે જાય છે. કોઈએ દહીંનું પૂછ્યું. મુનિએ ના પાડી. પૂછ્યું - આમાં પણ જીવ હોય ? હા.. અને ચપળતાથી જીવો બતાવ્યા. બીજે વહોરવા ગયા, અને ત્યાં ઘી ઢોળાયું. મુનિ વહોર્યા વિના પાછા ફર્યા, અને પેલો કટ્ટર જૈન બની ગયો. સમકિત પામ્યો. તેથી રાજાને પણ નમે નહીં. વ્યવહારથી નમવું પડે માટે વીંટીમાં ઋષભદેવનો ફોટો રાખ્યો. ઋષભદેવને ભાવથી વંદતો. ધર્મનો સ્વભાવ શું ? સમૃદ્ધિ કરવાનો. જીવને અને લક્ષ્મીને વશ કરાવવાનો સ્વભાવ. સમ્યક્ત્વ મોક્ષલક્ષ્મીને પમાડવાનો સ્વભાવ. એ ન મળે ત્યાં સુધી સંસાર લક્ષ્મીને આપે.

classmate

અકબર બાદશાહનો દરબાર ભરાયો છે. નવે રત્નો પોતાના સ્થાને ગોઠવાઈ ગયા છે. આજે કોઈ ખાસ કામકાજ ન હોવાથી અકબરે સંગીત સમ્રાટ તાનસેનને કહ્યું કે, "સંગીતના સુર રેલાવો" અને તાનસેને ગાવાનું ચાલુ કર્યું - જસોદા બાર-બાર યૈ ભાખે, વ્રજમેં કોન હૈ હિતેષી હમેરો, જો ગોપાલ કો ચલત રાખે... વારંવાર આ કડી ગાવાથી ગીત બહુ જ સુંદર લાગતુ હતું. અકબર અદ્‌ભુત - અદ્‌ભુત બોલી ઉઠ્યો. પછી અકબરે પૂછ્યું. "આ સુંદર મજાના ગીતનો અર્થ શું છે ? ત્યારે તાનસેને કહ્યું - "જશોદા નંદને ત્યાં ઉછરેલો શ્રી કૃષ્ણ - જશોદા નંદનો પુત્ર નથી પણ દેવકી - વસુદેવનો પુત્ર છે. આવી સાચી વાત જાહેર થઈ ત્યારે કૃષ્ણ ત્યાંથી પોતાના માતા-પિતા પાસે જઈ રહ્યો છે. ત્યારે જશોદા વારંવાર કહી રહી છે કે, વ્રજમાં કોઈ મારો હિતેષી છે કે જે ગોપાલ-ને જતાં અટકાવે. અને અકબર ખુશ થઈ ગયો, અને પોતાનો નવલખો હાર તાનસેનના ગળામાં પહેરાવવા જઈ રહયો છે. ત્યારે બિરબલે કહ્યું - "સબુર, આ અર્થ મને બરાબર લાગતો નથી. ત્યારે અકબરે કહ્યું - "તો તમે તેનો અર્થ કરો." ત્યારે બિરબલ કહ્યું - જે જશોદાએ તેને મોટો કર્યો, ખવરાવ્યું - પીવરાવ્યું હોય તે તેને પ્રાણથીયે પ્યારો હોય ત્યારે જશોદા વારંવાર આવું બોલ્યા જ કરે ? શું માનું હૃદય આવુ જ હોય! ના..બાર-બાર એટલે દ્વાર - દ્વાર જશોદા દરેક લોકોના દ્વારે - દ્વારે જઈને આવુ કહી રહી છે. અને અકબર ખુશ થઈ ગયો. નવલખો હાર પહેરાવવા જતો હતો ત્યારે સરસેનાધિપતિ રહીમ-ખાને અટકાવ્યા. અને કહ્યું કે -"ગોપાલ ગોપીઓના વસ્ત્રો ખેંચી લેતો, માખણ ચોરી લાવતો, અને બધાના પ્રેમ જીતનારો એવો ગોપાલ જતો હોય ત્યારે ઘરમાં કોણ હોય ? કે જશોદા દ્વારે - દ્વારે કહેવા જાય. આખું ગામ ભાગોળે પહોંચ્યું છે ત્યારે બાર = પાણી, બાર = યમુનાનો ઘાટ, યમુનાના ઘાટ પર રહીને કહી રહી છે કે આ વ્રજમાંથી જતાં ગોપાલને અટકાવો. ત્યારે રાજા ખુશ થઈ ગયો, હાર પહેરાવવા જાય છે ત્યાં ભઈજીએ અટકાવ્યા કહ્યું - "જ્યારે જશોદાનો પ્રાણ પ્યારો કનૈયો જતો હોય ત્યારે જશોદાની હિંમત હશે યમુનાના ઘાટ સુધી જવાની ? અરે માણસ દુઃખમાં આવી જાય ત્યારે વાણી પણ હણાઈ જાય. ત્યારે કહે છે. બાર = આંખ, બાર = આંસુ - એટલે જશોદા હીબકા ભરી ભરીને રડી રહી છે. તેની વાણી તો હણાઈ ગઈ છે. પણ આંખના આંસુ કહી રહ્યા છે કે કોઈ ગોપાલને જતો અટકાવો. રાજા ખુશ થઈ હાર પહેરાવવા જાય છે ત્યાં બુદ્ધિનિધાન ટોડરમલે અટકાવ્યા. કોઈપણ પંક્તિ કે કડીના અર્થની સ્પર્શના કરવી હોય ત્યારે, આત્માને અંદરથી સંવેદિત કરવું હોય ત્યારે પહેલા આના રચયિતા કોણ છે, તેની સંવેદના સુધી પહોંચવું પડે. તેનું જીવન ક્યાં સુધી પહોંચેલું છે ? તે શું કહેવા માંગે છે, તેની સ્પર્શના કર્યા વગર પંક્તિનો અર્થ ન સમજાય. પણ તમે શું અર્થ કરવા માંગો છો ? એક પંક્તિના અનેક અર્થો થઈ શકે. અત્યારે એક પંક્તિના સવા કરોડ અર્થ વિદ્યમાન છે. એક પણ અક્ષર આઘો - પાછો કર્યા વિના એક સાથે પરસ્પર વિરોધી અનેક અર્થો હોઈ શકે.

આ પંક્તિની રચના સંત સૂરદાસે કરી છે. જશોદા શું બેઠી - બેઠી આંસુ જ સારતી હતી, ના... જશોદાના બાર-બાર એટલે બાલ - બાલ સાડા ત્રણ કરોડ રૂંવાડા

બોલતા હશે કે કોઈ ગોપાલને જતા અટકાવો. છેલ્લી કક્ષાનો અર્થ ટોડરમલે કર્યો. આખી સભા વાહ - વાહ બોલવા લાગી અને બાદશાહે નવલખો હાર તેના ગળામાં પહેરાવ્યો. શબ્દો ભલે જડ હોય પણ જડ શબ્દો જીવંત અર્થને પકડવા માટે છે. તેના રચયિતાના ચૈતન્યને સ્પર્શવું પડે. અને મેં તેની સ્પર્શના કરી છે. તેથી મારામાં આ તાકાત પેદા થઈ કે જેથી હું આ અર્થ કરી શક્યો. "થોડલો ગુણ પણ પરતણો સાંભળી, હર્ષ મન આણ રે."

અકબરે પૂછ્યું સંત સુરદાસ કોણ છે? આપણે સુરદાસને મિથ્યાત્વી માનીએ છીએ. એ મિથ્યાત્વીની ભૂમિકામાં પણ આટલી ઉંચી દશાને પામી શકે તો, આપણી જાતને સમકિતી માનનારા, સાધુ - સાધ્વી માનનારા આપણે કેવી ભૂમિકામાં પહોંચવું જોઈએ? વિતરાગીને પામ્યા પછી આપણી ભૂમિકા કેવી ઉંચી જોઈએ?

સુરદાસનું નામ પહેલા બિલ્વમંગળ હતું. તે સંન્યાસી હતો. કનૈયાને માનનારો હતો. તેની ભક્તિ કરતો હતો. એક દિવસ તે એક ગામમાં પહોંચ્યો. ત્યાં પાણી ભરતી પનિહારીઓને જોઈ. તેમાં એક પનિહારીને જોઈને તેને વિકાર ઉત્પન્ન થયો. પનિહારીની નજર પણ ત્યાં જ પડી. આપણા ભાવોનું પ્રતિબિંબ આંખોમાં પડે છે. આંખ અંદરના ભાવોને રજુ કરતો અરીસો છે. પનિહારીએ કહ્યું - "કપડા ક્યાં છે? અને આંખો કેવી છે?" તેજીને ટકોરો બસ છે. ડફળા ન હોય. તેજી એટલે ઘોડો - ચાબુક જુએને દોડવા માંડે. ડફણા કોને પડે? ગધેડાને.

ટકોર કરીને જીવન પરિવર્તન થઈ જાય. રાતના ૧૨ વાગ્યા પહેલા જેટલા કલાક સુએ. એટલા જ ડબલ કલાકનો આરામ મળે. ઈટાલીની કહેવત છે. ૫ વાગે ઉઠવું, ૯ વાગે જમવું, ૫ - વાગે વાળુ, ૯ - વાગે સૂવું. તે ૯૦ ને ૯ વર્ષના થાય. પરાધીનતા વિનાનું નિરોગી જીવન મળે. સૂર્ય ઉગે એની જ ઘડી પહેલા શ્રાવકે ઉઠવું જોઈએ, અને સાધુ - સાધ્વીને સૂર્ય ઉગે તેના ૧ પ્રહર પહેલા ઉઠવું જોઈએ. નાનો બાળક જન્મે ત્યારે શરૂઆતમાં ૧૨ કલાક સૂએ, પછી જેમ - જેમ મોટો થતો જાય તેમ - તેમ તેની ઉંઘ ઘટતી જાય. ઉંમર વધે તેમ ઉંઘ ઘટવી જોઈએ. બધી શક્તિનું દેવું કઢાવનાર છે ઉંઘ. કેટલાયને હંફાવનાર દારાશીંગ ઉંઘતો હોય ત્યારે નાનો બાળક પણ તેના પેટમાં છરી હુલાવી દે તો તે કાંઈ કરી શકે? ગમે તેવી તેજસ્વી આંખવાળો, પણ ઉંઘમાં તેની આંખ નકામી છે. જેની પાછળ આખી દુનિયા ગાંડી છે, અને જેની પાછળ તમે કાવા - દાવા પ્રપંચ કરી રહ્યા છો. તે બધી વસ્તુને નકામી કરનાર ઉંઘ છે. તો કયો ડાહ્યો માણસ ઉંઘને સારી માને? રીક્ષાવાળો જેટલા પૈસા માંગે તેટલા અપાય કે ગજવામાં હોય તેટલા બધા આપી દેવાય? તેમ તમારું શરીર થાકેલું હોય એટલી જ ઉંઘ લેવાય કે જેટલો ટાઈમ હોય એટલો બધો ઉંઘમાં કઢાય? આરાધના વિગેરે માટે કે સંસારના કાર્ય માટે શરીરની સ્ફૂર્તિ જોઈએ, તો એટલી જ ઉંઘ લેવી કે જેથી શરીરને સ્ફૂર્તિ મળે.

ધર્મ માત્ર ક્રિયાત્મક નથી. ધર્મ એ જીવનશૈલી છે. ધર્મબિંદુના રચનાર હરિભદ્રસૂરી મ.સા. ના ચૈતન્યને સ્પર્શવું પડે. તો જ તેની પંક્તિના અર્થ સુધી પહોંચી શકીશું. દા.ત.: તમે ચડાવા બોલતા હો કે ૨૦,૦૦૦ અને પછી ૨૧,૦૦૦ કોઈ નાનો છોકરો બોલે તો તમે તરત નહી બોલો. પણ પાછળ બેઠેલા તેના પપ્પા ઉપર નજર કરશો, જો તે

ઈશારો કરે તો જ તમે બોલશો. તેમ તમે અહીં પણ એમ ન વિચારશો કે અમે મેઘદર્શન મ.સા. સાંભળીએ છીએ. હરિભદ્રસૂરી મ. સુધી પહોંચવાનું છે અને તેનાથીયે આગળ ભગવાન મહાવીરના ચૈતન્યને સ્પર્શવાનું છે. પ્રભુ વીરના કરૂણાના સરવરીયામાં ન્હાવાનું છે. હવે તો પરમાત્મા મહાવીરને પીવાના છે.

ભવિષ્યદત્તની કથામાં ધનપાલ કવિની વાત ચાલતી હતી. તેણે એક ગ્રંથ રચ્યો. રાજાને બતાવ્યો અને રાજા ખુશ થયો. ધનપાલને કહ્યું: ગ્રંથ બહુ સુંદર છે, પણ થોડો ફેરફાર કરી દે. ઋષભદેવને બદલે મહાદેવ. ભરતને બદલે ભોજ. અને વિનીતા નગરીને બદલે ધારાનગરી આટલો સુધારો કરો. અને ધનપાલે ના પાડી દીધી. રાજા ગુસ્સે ભરાયો, આખો ગ્રંથ આગમાં નાખી દીધો. પરમાત્મા પ્રત્યે અડીખમ વફાદારી ધરાવવી તે જૈનશાસનની પાયાની ચીજ છે. જે પત્ની પતિને વફાદાર ન હોય તેનો સંસાર લાંબો ચાલે ? ન ચાલે.., જે મુનિમ શેઠને વફાદાર ન હોય તેની નોકરી લાંબી ચાલે ? ન ચાલે.., વફાદારીને બધે માનનારા તમે ધર્મમાં જ કેમ વફાદાર નથી. દેવ-ગુરૂ-ધર્મની વફાદારી વિના જૈનશાસનમાં પ્રવેશ નથી. કદાચ જૈન કહેવાતો હશે. પણ કર્મસત્તા તેને ઉંચકીને બહાર ફેંકી દે છે. અજમેરની દરગાહમાં શનિવારે સિંદુર ચઢાવવું. હનુમાન ચાલીશા, શીરડી સાંઈબાબા આ બધું શું ? અન્ય ધર્મમાં જેટલું સારૂ છે તે બધુ જૈન ધર્મમાંથી જ ગયું છે. આપણે સર્વ ધર્મ સમભાવ નથી માનતા, પણ સર્વધર્મ સહિષ્ણુતા તો માનીએ જ છીએ. આપણી મમ્મીને આપણે મમ્મી કહેવાય, પણ બીજાની મમ્મીને કાકણ તો ન જ કહેવાય. બીજાની મમ્મીને માસી કહેવાય. આ સહન કર્યું કહેવાય. અજૈન લોકોની કક્ષાએ એમનો ધર્મ બરાબર, પણ બીજાના ધર્મને તિરસ્કારાય નહીં.

અકબર પોતાના ધર્મના રોઝા કરતો હતો, તેથી તેને થયું કે ઉપવાસ કેવી રીતે થાય? નહીંતર તો તે ચંપા શ્રાવિકાના ઉપવાસને હંબક જ માનત, અને તેથી જ હીરસૂરિ મ. તેની પાસે અહિંસાનું પાલન કરાવી શક્યા, કારણ તે પોતાના ધર્મને માનતો હતો. કોઈને ડૉક્ટર બનવું હોય તો તેને સાયન્સ ભણવું પડે. પણ કોઈ નાનો છોકરો કક્કો, બારાખડી શીખતો હોય તો તેને એમ ના કહેવાય કે સાયન્સ ભણ. કારણ કે તેની કક્ષાએ તે બરાબર છે.

બીજા બધા ધર્મો ટોળામાંથી લાઈનમાં લાવવાનું કામ કરે છે, જ્યારે જૈનશાસન લાઈનમાંથી ટીકીટ બારી સુધી પહોંચાડવાનું કામ કરે છે.

ટોળામાંથી લાઈનમાં આવવાની ભૂમિકા સર્જાય એના ધર્મોની ક્રિયા વિગેરેથી. જ્યારે આપણે તો લાઈનમાં આવી ગયા છીએ; તો આપણાથી રામકૃષ્ણ પાસે જવાય? નવરાત્રિના ગરબામાં જવાય ? આ તો લાઈનમાંથી પાછુ ટોળામાં જવા જેવું છે. એવું તો કોણ ગાંડો માણસ કરે ?

હરિભદ્રસૂરી મ.સા. કહે છે કે તત્ तन्मोक्तमखिलमं मिथ्यादृशामपि। अपेक्षाभेदतस्ति क्यायं परमानन्द कारणम् ।

મિથ્યાદ્રષ્ટિઓના તો તે શાસ્ત્રોમાં પણ કેટલુ બધુ અપેક્ષાના ભેદથી મોક્ષના

કારણ તરીકે ઉચિત છે. કારણ પરમાનંદનું કારણ છે.

ટોળામાંથી લાઈનમાં લાવી મોક્ષે પહોંચાડશે પણ લાઈનવાળાએ ટોળામાં ન જવાય.

ગણેશ = ગણનો સ્વામી ગણપતિ = ગણનો પતિ = ગણધર. માટે ચોપડામાં ગણપતિ નામ ન લખતા ગૌતમસ્વામીનું નામ લખાય છે.

તેમ હરદ્વાર, તિરૂપતિ, મક્કા આદિનાથ ભગવાને જ્યાં સાધના કરી હતી તે સ્થાન છે. આ બધા સ્થાન આપણા હતા પણ બીજાના પાસે ગયા પછી તે આપણા ન કહેવાય.

ગણપતિનો અર્થ ગણધર થાય. પણ તે ગણપતિ અજૈનોમાં ભગવાન તરીકે જાહેર થયા માટે આપણે હવે ગણપતિ ન લખાય. અને આ બધા સ્થાનમાં જવાય પણ નહી. જેમ તમારી પત્ની બીજાના ઘરમાં જાય પછી તે તમારી કહેવાય ? ના, તેમ આપણા ભગવાન પણ દિગંબરના મંદિરમાં જાય તો આપણા ન કહેવાય.

અષાઢ વદ-૮ બુધવાર

પરમાત્મા એટલે સુંદર મનની ધૂણી ધખાવતો બાવો. તેમાં જાતજાતના તણખા પડે છે. જુદા-જુદા ગ્રંથો. તેમાનું એક છે ધર્મબિંદુ ભવિષ્યદત્ત વિગેરે

ધર્મ એટલો બધો વિસ્તૃત છે. ધર્મની વિશેષતા જોરદાર છે. શબ્દ મર્યાદિત હોય પણ અર્થથી આખો સિન્ધુ આ બિન્દુમાં સમાયેલો છે. અત્યારે એક વાક્યના ૮ લાખ અર્થ મળે છે. શ્રધ્ધા જોઈએ. શ્રધ્ધાની એ તાકાત છે કે ત્રણ વાક્યમાંથી આખી દ્વાદશાંગી = ૧૪ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્રણ પદમાંથી આટલો બધો અર્થ કાઢ્યો. પણ મારો જ અર્થ સાચો અને બીજાનો ખોટો એવું ન હોવું જોઈએ, અને એના માટે ઝગડા ન કરાય. ઝઘડાનું મૂળ છે અહં - વ્યક્તિરાગ અને કદાગ્રહ છે.

અનાદિકાળથી આ સંસારમાં ઝઘડા ચાલુ છે. ઝઘડાના મૂળમાં અહંકાર હોય તે ક્યારેય મટે નહી. ઘણા કહે મારાથી ખોટું સહન થતું નથી, તો જે ખોટું છે, એના કરતા તે મોટું ખોટું છે અને જો તને ખોટું સહન થતુ નથી, તો સંસારમાં રહ્યો છે એ જ ખોટું છે. ખોટું સહન ન થતું હોયને તો સાધુ બની જા ને ? જે વ્યક્તિને કષાય ખોટો છે તે સમજાઈ જાય, એ વ્યક્તિ ક્યારેય ઝગડા ન કરે.

આ ગ્રંથનું એકેક વાક્ય જીવન પરિવર્તન કરે છે. પુરૂષ વિશ્વાસે વચન વિશ્વાસ. જો પુરૂષ બરાબર હોય તો તેનું વચન પણ બરાબર હોય.

માટે આ ગ્રંથના કર્તા કેવા છે તે જાણવું જોઈએ. આપણે પહેલા જોઈ ગયા કે-જશોદા બાર-બાર યે ભાખે વ્રજમેં કોન હૈ હિતેષી હુમેરા જો ગોપાલકો ચલત રખે.. આમાં જુદી-

જુદી વ્યક્તિઓએ જુદા - જુદા અર્થ કર્યા. પણ ટોકરમલનો અર્થ બાર-બાર બોલે તે બધાને બેસી ગયો. બધાએ પૂછ્યું : આ અર્થ કેવી રીતે મળ્યો ? કહે, આના કર્તાને સ્પર્શીએ તો આવો અર્થ મળે. આનો કર્તા કોણ છે ? સંત સુરદાસ. તે પહેલા બિલ્વમંગળ સંત હતો. એક પનિહારી સામે એક ક્ષણ વિકારી નજરથી જોયું. પનિહારીએ કહ્યું : કપડાં કેવા અને આંખો કેવી ? તેજીને ટકોરો બસ. જે શક્તિ કુદરત આપે છે તેનો જો સદુપયોગ કરો તો આવતા ભવમાં તે સવાઈ મળે અને દુરુપયોગ કરો તો મળે જ નહીં. સુરદાસ વિચારે છે. મને કુદરતે આંખો સદુપયોગ માટે આપી છે, પણ મારાથી તેનો દુરુપયોગ થઈ ગયો. માટે મને લાગતું નથી કે હવે મારી આંખ સદુપયોગી બને. માટે તેણે બે ગરમ કરેલા સોયા પોતાની બંને આંખોમાં ભોંકી દીધા, ત્યારથી તે સુરદાસ કહેવાયા.

એકવાર તે રસ્તામાં જઈ રહ્યા હતા, અંધ હોવાના કારણે ખ્યાલ ન રહ્યો, અને એક કાચા કુવામાં પડયા, પછી તેમને હાથના સ્પર્શથી ખ્યાલ આવ્યો કે કુવો છે, અને પોતે જોયું કે મારે નીકળવું હોય તો નીકળી શકું એવી એક પાળ હતી પણ તેમણે વિચાર્યું કે મારે નથી નીકળવું. ભગવાન આવીને મને બહાર કાઢશે. જેને માટે મેં માતા-પિતા છોડયા, લગ્નજીવન ન સ્વીકાર્યું. સંસારના મોજસુખ છોડયા. જેને મેં મારૂ આખું જીવન સોંપી દીધું તે મને બહાર કાઢવા નહીં આવે ? એણે માનેલા ભગવાન પર એને કેટલો વિશ્વાસ ? મને ખાડામાંથી બહાર આવવું નથી. ભગવાન આવે છે કે નહીં ? તમે કહો ભગવાન આવે ? હા, ભગવાન આવ્યા. કનૈયો નાના બાળકના રૂપમાં આવ્યો. ભગવાન પાસે ન મંગાય, ન મંગાય કહીને આપણી શ્રધ્ધા ખલાસ કરી નાખી છે. જાણે ભગવાનને આપણા પર કાંઈ કરુણા નહી ને ? ભગવાનની કાંઈ શકિત નહીં ને ? ભગવાન કંઈ આપે નહી ને ? તો પછી વ્યવહારથી ભગવાનને કર્તા તરીકે કેમ નથી સ્વીકારતા ? તું હી ત્રાતા, તું હી વિધાતા.. આ બધું નથી આવતું ? ભગવાન તો વિતરાગ છે. તે કાંઈ જ ન કરી શકે. આવુ સાંભળી - સાંભળીને આપણે કઠોર બની ગયા છીએ. તેથી જ આપણે માણિભદ્ર, પદ્માવતી વિગેરે પાસે જઈએ છીએ. આપણી શ્રધ્ધા કેમ બદલાઈ ગઈ ? મહુડીમાં ચડાવો કોને વધારે ? ગુરૂમંદિરમાં ગુરૂને, સોનાના વરખની આંગી, ભગવાનને ચાંદીના વરખની ગુરૂની આરતિનું ઘી વધારે, ભગવાનની આરતીનું ઓછું આવુ કેમ ? આ તો ભગવાનનું અપમાન નથી. સભા :- ગુરૂ ગોવીંદ દોનો ખડે, કીસકો લાગુ પાય, બલિહારી ગુરૂદેવકી, ગોવિંદ દીયો બતાય. સાહેબજી :- મરેલા ગુરૂ બતાવે કે જીવતા ગુરૂ ? તો પહેલા મરેલા ગુરૂને પગે લાગવાનું કે જીવતા ગુરૂને ? બોલો ગુરૂની મૂર્તિ ચમત્કારી છે માટે આપણને ચમત્કારી ભગવાન ગમે કે પ્રભાવિક ? ચમત્કારી ભગવાન ગમે કે વીતરાગ ? જે શંખેશ્વર જઈને

શંખેશ્વર પાર્શ્વનાથની પૂજા કરે અને ઘરની બાજુમાં શંખેશ્વર પાર્શ્વનાથ છે ત્યાં દર્શન પણ ન કરે તો તેને વીતરાગ ભગવાન ગમ્યા કે ચમત્કારી ભગવાન ગમ્યા! માટે દરેક ગુરૂમંદિરમાં એવો નિયમ કરવો જોઈએ કે જેટલો ચડાવો ગુરૂની આરતીનો થાય એટલેથી જ ભગવાનનો ચડાવો બોલાવવો.

એક જણ કહે ગુરૂવાર છે ને એટલે ગુરૂમંદિર જાઉં છું. અલ્યા કોઈ દા'ડો જીવતા ગુરૂ પાસે આવતો નથી ને જે ગુરૂને જોયા પણ નથી તે મરેલા ગુરૂ પાસે ગુરૂવારે જવાય છે? ભગવાનને ક્યાં જોયા છે? ભગવાન મોક્ષે ગયા છે. ગુરૂ મોક્ષે ગયા છે? ભગવાન વીતરાગ હતા, ગુરૂ વીતરાગ હતા? તો ભગવાન અને ગુરૂની સરખામણી થાય? ગુરૂ ગોવિંદ... આનો અર્થ હું સાવ ઉલટો કરું છું. એક પણ અક્ષર આઘોપાછો કર્યા વગર પહેલી કડીનો તો તમે કરો છો તેવો જ. ગુરૂ અને ગોવિંદ બંને ઉભા છે. શિષ્ય પૂછે છે. કીસકો લાગું પાય - બેમાંથી કોને પગે લાગુ. બલિહારી ગુરૂદેવકી - તે ગુરૂને ધન્યવાદ છે કે જે ગુરૂએ બતાવ્યું કે પહેલા ગોવિંદને પગે લાગ મને નહીં, કારણ - તે છે તો હું છું. ગુરૂનો મત ન હોઈ શકે, કોઈ પંથ ન હોઈ શકે, તો કોનો હોઈ શકે? વીતરાગનો.

એક છોકરો ને છોકરીને લવ થઈ ગયો, થોડા ટાઈમ પછી છોકરાને પરદેશ જવાનું થયું. છોકરી કહે હું તારા વિના નહીં રહી શકું. તે વખતે ફોનનો જમાનો નહોતો. છોકરાએ કહ્યું કે હું અઠવાડિયામાં મંગળવાર અને શનિવાર બે લેટર તને લખીશ. છોકરો ગયો પરદેશ - લેટર રેગ્યુલર ચાલુ છે. પણ પછી ભણવાનું વધતા અઠવાડિયામાં બે ને બદલે એક જ લેટર આવતો. પેલી રોજ પોસ્ટમેન પાસે જતી. પરિણામ તે આવ્યું કે તે પોતાના લવરને ભૂલી પોસ્ટમેનને પરણી ગઈ. તેમ મારા અને તમારા પ્રિયતમ ભગવાન છે. ભગવાનની ભક્તિ તેની પ્રિયાંસી, પ્રિયતમા બનીને કરવાની. ભગવાન મારો પ્રિયાંસ છે. ભગવાન પહોંચ્યા પરદેશ (મોક્ષ). આપણે કહ્યું ભગવાન મેસેજ મોકલજે અને ભગવાને પોસ્ટમેન (સાધુ - સાધ્વીજી) દ્વારા ઉપદેશનો મેસેજ મોકલ્યો પણ પછી તમે ભગવાનને ભૂલી, અમારા ભક્ત બની જાઓ તે યોગ્ય કે નહીં? જે ગુરૂ પોતાના ભક્ત બનાવે તે સાચા ગુરૂ કે ભગવાનના ભક્ત બનાવે તે સાચા ગુરૂ? તમે પહેલા ભગવાનના પ્રેમમાં હતા, અને હવે ગુરૂના પ્રેમમાં પડ્યા - સાચુ કર્યું કે ખોટું કર્યું? અમે પહેલા અહીં આવ્યા ત્યારે કોઈ ઓળખતા નહોતા, પણ ભગવાનનો વેશ જોઈને તમે અમને ઓળખવા લાગ્યા અને પછી અમે જ તમને અમારા ભક્ત બનાવી ભગવાનને ભૂલાવી દઈએ તો કેવા કહેવાઈએ? ગુરૂ કરતાં ભગવાનનું હૃદયમાં બહુમાન વધારો. મારા મારા સમુદાયને માનવાને મને જ ગુરૂ માનવા તો તે ખોટા ગુરૂ, સાચા ગુરુ ભગવાનની ભક્તિમાં જોડે, સર્વસ્વ ભગવાનમાં છે. મારામાં નથી.

ગોર મહારાજ લગ્નની વિધિ કરાવતા હોય અને તે વખતે ગોર મહારાજ છોકરાને

ઉઠાડી પોતે જ છોકરી પાસે પરણી જાય તો પછી તે ગોર મહારાજને બોલાવે ? તમે ભગવાનના ભક્ત હો અને જે ગુરૂ તમને તેમના ભક્ત બનાવી દે તે ગુરૂને બીજીવાર કાંઈ બોલાવે ? અહીં કોઈ ગુરૂ એમ નથી કહેતા કે તમે મારી પૂજા કરો. પણ આપણે ગંડા બનીએ છીએ.

આપણી વાત છે સુરદાસની તે કહે હું તકલીફમાં હાઉં ને તું ન આવે ? જેટલી શ્રદ્ધા સુરદાસને પોતાના ભગવાનમાં હતી એટલી શ્રદ્ધા આપણને આપણા ભગવાન-માં છે ? એના કરતા તો આપણો ભગવાન મહાન છે છતાં કેમ નહીં ? દરગાહ, શિરડી - સાંઈબાબા, હનુમાનને સિંદુર ચેકવું. આ બધું કેમ ? કહો અમને તો બધુ જ ચાલે. તો પછી કર્મસત્તા કહે છે કે તને નરક પણ ચાલે. કુતરા-બિલાડા-ના ભવ પણ ચાલે ને ? જેને બધું ચાલે તેને પ્રાયઃ કરીને પશુનું ખોળિયું મળે છે. માનવનો ભવ વિવેક માટે છે. અવિવેક કર્યો એટલે પશુના ભવમાં. રીટર્ન ટીકિટ લઈને જ આવ્યા હતા ને ? એ લોકોને ત્યાં કિંવદંતિ આવે છે, એટલે કાનોકાન સંભળાતી વાત કે કનૈયો નાના બાળકનું રૂપ લઈને આવ્યો અને અડધો નીચો વળીને ચેલા સુરદાસને કાઢવા માટે હાથ આપ્યો. હાથ જોતા સુરદાસ સમજી ગયો કે કનૈયો નાના બાળકના રૂપે આવ્યો છે. હવે તો હાથ એવો પકડું ને કે છોડું જ નહીં. આપણે તો દેરાસરમાં બોલીએ છીએ ને કબજે આવ્યા હવે નહીં છોડું અમને છેતરો અને ભગવાનને પણ છેતરો. સવારે પ્રતિક્રમણમાં બોલો છો "શ્રી સિમંધર જગધણી આ ભરતે આવો પછી સયલ સંગ છોડી કરી ચારિત્ર લઈશું, પાય તુમારા સેવીને શિવરમણી વરશું." અને મહાવિદેહમાં બેઠેલા સીમંધરસ્વામી કહે છે અલ્યા ત્યાં બેઠેલા મેઘદર્શન મ.સા. ને તો ઉલ્લૂ બનાવે પણ મનેય ઉલ્લૂ બનાવે છે. પણ સીમંધર સ્વામીએ પ્રતીનિધિ તરીકે મેઘદર્શન મ.સા.ને મોકલ્યા છે. કહે તું ત્યાં જા અને કેટલા સર્વસંગ છોડી ચારિત્ર લે તેવા છે. તેના સમાચાર તું મને મોકલજે. હવે મારે શું જવાબ આપવો ? ભગવાનને કહ્યું - આ લોકો તો મને ઉલ્લૂ બનાવે છે. ભગવાન કહે - મને બનાવે છે તો તને બનાવે એમાં શી નવાઈ ? આમાં તમે તમારી જાતને છેતરો છો, કોઈ કહે મોટામાં મોટું પાપ કયું ? મારી અપેક્ષાએ તો પોતાની જાતને છેતરવી તે જ મોટું પાપ છે. બીજાને છેતરવાનું તો આપણે પ્રવચન સાંભળીને બંધ કરી દઈશું. પણ પોતાની જાતને છેતરનારો તો ભગવાન આવે તો પણ ન સુધરી શકે. તો કયા સ્તવનો વિગેરે બોલવા ? જેમાં પોતાના દોષો બદલ પશ્ચાતાપના શબ્દો આવતા હોય. અથવા ભગવાનના ગુણો આવતા હોય આવા સ્તવનો બોલવા. આપણે અર્થ જ વિચારતા નથી. જીવનનું પરિવર્તન વિચારવા દ્વારા આવે તેથી અનુપ્રેક્ષા શ્રેષ્ઠ પ્રકારનો સ્વા-ધ્યાય કહ્યો છે. એટલું નક્કી કરો કે જમતા - જમતા કોઈ થોય વિગેરેની એક પંક્તિનો અર્થ વિચારવો. આપો - આપોને મહારાજ અમને મોક્ષસુખ આપો. વિચારો કે મારે મોક્ષ જોઈએ છે ખરી ?

અ. સુ. ૧૪ના બોલાતી દીક્ષા બંધ થઈ એ યાદ રહ્યું - અને કા. સુ. ના યાદ રહ્યું ભાજીપાલો ખુલ્લો થયો. ત્યાં કેમ દીક્ષા ખુલ્લી થઈ તે યાદ નથી રહેતું ? આપણી જીવન શૈલીમાં પરિવર્તન લાવો.

કનૈયાએ સુરદાસને બહાર કાઢ્યો. સુરદાસ કહે હવે હાથ નહીં છોડું. પણ કનૈયાએ ઝાટકો માર્યો અને હાથ છુટી ગયો. કનૈયો ચાલવા લાગ્યો ત્યારે સુરદાસે બુમ પાડી સબુર. ખબરદાર એક ડગલુ પણ આગળ વધ્યો છે તો અને કનૈયો ઉભો રહી ગયો. સુરદાસ કહે મારો હાથ છોડી ગયો એમાં તારી શી મર્દાનગી ? મારા હૃદયમાંથી બહાર જાય તો હું માનું કે તારી બહાદુરી અર્થાત મારા હૃદયમાંથી જાય તો ખરો ? પેલો સુરદાસ કનૈયાને આવી ચેલેન્જ આપી શકે. પણ હું કે તમે ભગવાનને આવી ચેલેન્જ આપી શકીએ ? કહોને હૃદયમાંજ નથી લાવ્યા તો ક્યાંથી ચેલેન્જ ફેંકીએ. આ સુરદાસને મિથ્યાત્વી કહેનારા આપણે કેવા ? મહામિથ્યાત્વી. આપણા મહાવીર, સીમંધર આગળ કનૈયો તો કાંઈ નહી અને આ સુરદાસ કંઈ નહી એના કરતા ચડિયાતા હરિભદ્રસુરી મ.સા. છે.

હે પરમાત્મા તારી ભક્તિ કરતા - કરતા મારા મોહનીય કર્મ ખતમ થઈ જાય કેટલું મારું સદ્ભાગ્ય ? પણ જ્યાં મેં સાંભળ્યું કે પરમાત્માની ભક્તિ મુક્તિને ખેંચે પછી તો મારે તમને વંદન નહીં કરવાનું. તારી આગળ નાચવાનું નહીં. બધું બંધ આ હું વિચારું છું ને ગાંડો થઈ જાઉં છું. પણ મોક્ષે આવ્યા પછી તું અને હું સરખા, આવું સાંભળીને મારી આંખમાં આંસુ આવી જાય છે. તેથી ભગવાનના ભક્તો મોક્ષ ન માંગે. પણ ભવોભવ પ્રભુ તું મળજે. તું મોર બને તો હું ઢેલ. તું મેઘ બનીને આવજે હું ચાતક બનું. હંમેશા તને જોયા જ કરું. વસ્તુપાલ અત્યારે મહાવિદેહમાં નરચંદ્ર રાજકુમાર છે. તે જ ભવમાં મોક્ષ પામશે. સાચો ધર્મી તે પોતાના દોષો બદલ રડતો હોય. જે પોતાનો હેલો ગાતો હોય તે સાચો ધર્મી નહીં. એ જ ભવમાં મોક્ષે જનાર રામ પોતાને અભવ્ય માનતા હતા. તે ભગવાનને કહેતા કે ભગવાન મારો મોક્ષ ક્યારેય નહીં થાય ને ? ભગવાને પૂછ્યું - તું આવું કેમ કહે છે ? મને મારા ભાઈ લક્ષ્મણ ઉપર અતિશય રાગ છે માટે. વસ્તુપાલ પણ કહેતા કે પ્રભુ મને એવું નથી લાગતું કે આવતા ભવમાં હું માનવ બનું. તેથી ભગવાન હું કોઈ પક્ષીના ખોળિયામાં જન્મ લેવાનો હોઉં તો મને તારા દેરાસરમાં તારી સામે રહેલા ગોખલામાં કબુતર બનાવજે, જેથી તને સતત જોયા જ કરું. એક અજૈન ભક્તે કહ્યું કે - પ્રભુ! તું મને તારા ભક્તના ઘરમાં ગાય બનાવજે, જેથી રોજ તારા ભજન સાંભળ્યા કરું. કદાચ એટલું પણ મારૂ પુણ્ય ન હોય તો ગાય પરની બગાઈ બનાવજે, જેથી તારા ગુણો સાંભળ્યા કરું. ભક્તને ભગવાન વિના ચેન ન પડે.

પરમાત્મા હું ઝુંપડપટ્ટીમાં જન્મ લેવા તૈયાર છું પણ જૈનશાસનથી યુક્ત હોય તો અને તારૂં જિનશાસન ન મળે તો ચક્રવર્તી રાજા પણ ન બનાવતો.

હરિભદ્રસૂરિ મ.સા. સમુદ્રના ટીપાની જેમ ધર્મના બિંદુને કહશે. જેટલો પુરૂષ મહાન તેટલો તેના વચનનો ભાર. શબ્દના અર્થ કરવા કરતા રચનારના સંવેદનને સ્પર્શવાનું, યશોદાના રૂંવાડા - રૂંવાડા કહી રહ્યા છે, કે ગોપાલને જતો અટકાવો. તેના રચનાર વિશિષ્ટ કોટીના સંત છે. તેમ ધર્મબિંદુ ગ્રંથના રચયિતા પણ કેટલા મહાન છે. એની સ્પર્શના થશે તો તેના શબ્દો, અર્થો આપણને સ્પર્શી શકશે. જૈન શાસનનો ઈજારો વણિક કોમનો જ નહીં પણ જૈન શાસનને સ્થાપનાર, પ્રકાશિત કરનાર, બતાડનાર બધા જ તીર્થંકરો. ક્ષત્રિય આગળ શાસનને ચલાવનાર. ઈન્દ્રભૂતિ સુધર્મા વિગેરે ૧૧ ગણધર, બ્રાહ્મણો શાસનને સ્થાપનાર ક્ષત્રિયો, ફેલાવનાર બ્રાહ્મણો છે. તો વાણિયા શું કરે ? કોઈએ કહ્યું : જબ રાજપતિ રીઝતે હૈં, દેત હૈં ગામ બે ગામ, જબ ગામપતિ રીઝતે હૈં.. બનીયા રીઝતે હૈં, દેત હૈં તાલી બેતાલી, ગામનો દીકરો દીક્ષા લે તો વાહ ભાઈ વાહ. તમારો દીકરો દીક્ષા લે તો ના ભઈ ના, બરાબર ને..?

નાણાપ્રધાન ગમે તેટલા કાયદા બનાવે છતાં વાણીયો એક નંબરનો ઉંદરડો ગમે ત્યાંથી બાકોરૂ પાડીને છટકી જાય. તમારા જીવનમાં પાપોના કચરા દૂર થઈ જાય તો પણ ઘણું સારું. ક્રોધને તિલાંજલી આપો. કડવા શબ્દોને દફનાવી દેવા છે. આ જૈન શાસનને આગળ ચલાવનાર બ્રાહ્મણો વિશિષ્ટ જૈનાચાર્ય કેમ બન્યા ? કારણ દરેકના બ્લડમાં કાંઈક વિશેષતા હોય છે. ક્ષત્રિયોના બ્લડમાં શૌર્યતા હોય છે. જ્યારે શાસનને આગળ ચલાવવું હોય તો જ્ઞાન જોઈએ, અને બ્રાહ્મણના બ્લડની અંદર જ્ઞાન હોય છે. તેઓ પાતે ૧૪ વિદ્યાના પારગામી હોય છે. તેઓ વિચારે છે કે જૈનોની વાતો જેટલી યુક્તિ સંગત છે. તેવી વાતો બીજે ક્યાંયે છે જ નહીં. અને આપણી વાતો એ લોકોના મગજમાં બેસે એટલે પોતાનો સંન્યાસ છોડી જૈનોની દીક્ષા લઈ લે. અને વાણિયા (મેક આફ્ટર મની) પૈસા પાછળ પાગલ, માત્ર પાગલ ખાનામાં નથી ગયા એટલું જ.

જેની ધર્મ સામે નજર થાય તેની ધન તરફ પુંઠ થાય. જેની ધન તરફ નજર થાય તેની ધર્મ તરફ પુંઠ થાય. દૌલત આવતાંય લાત મારે ને જતાય લાત મારે. અભિમાની બનાવે, પાપી બનાવે. અને જાય ત્યારે આઘાત લાગે આપઘાત કરાવે. બે લાત મારનારી દૌલત છે. અને વાણિયા તેની પાછળ પડયા પાગલ બન્યા છે. તેથી વાણિયા વધુ ધર્મ કરી શકતા નથી.

અઢારે કોમમાં આપણો ધર્મ હતો. પ્રભુ બિહારમાં વધુ વિચર્યા. શ્રાવક ઉપરથી સરાક શબ્દ થયો. ગોપીપુરામાં મોહનલાલજીનો ઉપાશ્રય છે. ૧૦૦ વર્ષ જેમના થયા તે મોહનલાલજી મ. તેમની પરંપરામાં સુયશ મુનિ નામના મહાત્મા મોટે ભાગે બિહાર બાજુ વિચરતા. તે સરાક જાતિના મૂળમાં શ્રાવક - વ - ઉડી ગયો. તેમણે તે લોકોને સમજાવ્યું કે તમે મૂળમાં શ્રાવક હતા. તેથી આપણી મૂળ ભૂમિ બિહાર. પણ પછી ૧૨ વર્ષ સુધી ભયંકર દુષ્કાળ પડ્યો. પછી સ્થળાંતર કર્યું. કર્ણાટક - સાઉથ - કેરાલા - રાજસ્થાન. દેશ મુકીને ગયા ભગવાન લઈને ગયા. સાઉથવાળાએ દિગંબર મત ફેલાવ્યો. રાજસ્થાનમાં શ્વેતાંબર મત ફેલાયો.

બ્રાહ્મણકુંડમાં પ્રભુનું ચ્યવન થયું ત્યાં નંદિવર્ધને સરસ મજાનું દેરાસર બંધાવ્યું. પ્રભુનો જન્મ ક્ષત્રિયકુંડમાં ત્યાં પણ નંદિવર્ધને જિનાલય બનાવ્યું. તેમાં આનંદિત મુદ્રામાં પ્રતિમા ભરાવી. પાછળથી તેનું નામ નંદિવર્ધન પુર પડ્યું. ભગવાને જ્ઞાત ઉદ્યાનમાં દીક્ષા લીધી ત્યાં પણ નંદિવર્ધને મતાંતરે બીજા રાજાએ કાઉસગ્ગ મુદ્રામાં પ્રતિમા ભરાવી. ઋજુવાલિકા નદિના કિનારે કેવલજ્ઞાન પામ્યા ત્યાં અત્યંત હસતી મુદ્રામાં નંદિવર્ધને પ્રતિમા ભરાવી. અપાપાપુરીમાં મોક્ષે ગયા ત્યાં પણ અત્યંત હસતી મુદ્રામાં નંદિવર્ધને પ્રતિમા ભરાવી.

નંદિવર્ધન પછી ઘણા વર્ષો બાદ એ છોડવું પડ્યું ત્યારે ભગવાનને માથે લઈ આવ્યા. પ્રભુના ચ્યવનની પ્રતિમા તે બ્રાહ્મણવાડામાં સ્થાપના કરી. પ્રભુની જન્મ વખતની પ્રતિમા નાંદિયામાં પધરાવી. નંદી ઉપરથી નાંદિયા નામ પડ્યું. દીક્ષા વખતનું સ્થલ મુંડસ્થલ ત્યાં રહેલી કાઉસગ્ગ મુદ્રાવાળી પ્રતિમા આબુની આજુબાજુ મુંગથલા તીર્થમાં પધરાવી. ઋજુવાલિકા નદીના કિનારે કેવળજ્ઞાન થયું ત્યાં કેવલ નીકળી ગયું નાણ રહી ગયું તે પ્રતિમા નાણામાં પધરાવી. મોક્ષે ગયેલા ત્યારે ભરાવેલી પ્રતિમા દિયાણામાં પધરાવી. આપણી આગળની પેઢી રાજસ્થાનમાં મળે. એનું મૂળ બિહાર પછી રાજસ્થાનમાં અને ત્યાંથી મહારાષ્ટ્રમાં આવ્યા. વેપાર માટે આવેલા તેથી વાણિયા. પહેલા આપણો વેપાર વહાણ દ્વારા કરતા હતા, વહાણમાં આવેલા તેથી વાણિયા અને વાણિયામાંથી વણિક કોમ. ઓશીયાજીમાં જે વસ્યા અને ત્યાંની કુળદેવી ઓશીયા માતાને માનવા લાગ્યા. તેથી તેઓ ઓશવાળ કહેવાયા.

ભીનમાલ મૂળ નામ શ્રીમાળ એની આજુબાજુ વસનાર શ્રીમાળી કહેવાયા. એના પૂર્વ દિશાના વાડામાં રહેનાર પૂર્વવાડ તેના ઉપરથી પોરવાડ મૂળમાં બધા રાજસ્થાની કેશરીયાજીમાં વહીવંચા (મોટા ચોપડા) ત્યાં તમારા પૂર્વજોનો ઈતિહાસ મળશે.

જ્ઞાનીને જૈન શાસનના પદાર્થો મળે એટલે ગાંડો થઈ જાય. એ જ બતાવે છે કે આપણા ભગવાન કેવલી જ હતા. જૈન શાસનને ગુણ સાથે લેવા-દેવા છે. વ્યક્તિ પૂજાને નહિં માનવાનું. વ્યક્તિના રાગી ન બનાય. ગુરૂતત્ત્વના રાગી બનવાનું. વ્યક્તિરાગીથી કુંડાળામાં પુરાશું. ગુણના રાગથી આખું વિશ્વ આપણને મળશે. વ્યક્તિ મહાન નથી, ગુણથી વ્યક્તિ મહાન છે, માટે ગુણને જોવા. ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે.

અન્યના વેદોમાં ઋષભ દેવના નામો, બુદ્ધના ત્રિપિટક (શાસ્ત્રો) માં પણ ભગવાનના નામ છે. દરેક ગ્રંથવાળાએ જેટલી ફાવતી હતી, તેટલી વાતો લખી. દા.ત. સીતાએ દીક્ષા લીધી ન કહેવાય માટે ધરતી ફાટી ગઈ. સીતા એમાં સમાઈ ગઈ એમ કહેવાય છે.

માનવજાતની નબળી કડી ફાવતી વાત જ સ્વીકારે, પણ તેના પર ધિક્કાર નહી રાખવાનો. હરિભદ્રસૂરી મ. સા. પહેલા હરિભદ્ર બ્રાહ્મણ હતા. જ્ઞાનનો અહંકાર બહુ જે આવે તેની સાથે વાદ કરે અને બધાને હરાવે. અહંકારનો નશો એટલો કે પેટ ઉપર પાટો હાથમાં સીડી અને કોદાળો રાખતા. જ્ઞાન પેટમાંથી નીકળી ન જાય માટે પાટો બાંધતો. વાદ કરતાં કોઈ ભાગી જાય તો સીડી ઉપર જવા રાખી. પાતાળમાં જશો તો કોદાળીથી ખોદીને જઈશ. ખબરદાર કોઈ પાતાળમાં ગયા તો હું પકડીને જ રહીશ. રસ્તામાં

જતો હાઉં ને ગાંડો હાથી દોડે તો બચવા માટે પણ જૈનમંદિરમાં નહિં જાઉં પણ હાથીના પગ નીચે કચડાઈને મરી જઈશ.

અચાનક એકવાર મંદિરમાં પ્રવેશ્યા અને પ્રતિમા જોઈને કહે તમારૂ શરીર જ કહે છે કે તમે રોજ મિષ્ટાન્ન ખાતા હશો. આવો મશ્કરી કરનારો હરિભદ્ર ભટ્ટ. એકવાર જૈન શાસનનું શરણું સ્વીકાર્યું. કેવું અદ્‌ભુત શાસન હશે.

અષાઢ વદ-૧૭ શુક્રવાર

દ્વાદશાંગીમાંથી નીકળેલો તણખો ધર્મબિંદુ મારા - તમારા જીવનનું પરિવર્તન કરે એવી વાતો કરી છે. માટે તેના રચયિતા જેટલા મહાન તેટલી તેની કૃતિ મહાન. તે જેટલા આચાર સંપન્ન તેટલી તેમની કૃતિમાં આચાર સંપન્નતા. આના રચયિતા હરિભદ્રસૂરી મ. ને જ્ઞાનનો અહંકાર હતો. અહંકાર ક્યારેક નુકશાન માટે થાય. વાદ માટે થાય તો ક્યારેક બોધ માટે થાય. ગૌતમસ્વામીની બધી વાતો અદ્‌ભુત તેમને અહંકાર હતો. વાદ માટે ગયા તો તે અહંકાર બોધ માટે થયો. ભગવાનના શિષ્ય બની ગયા. રાગ કર્યો તો કેવળજ્ઞાન મળ્યું. ક્યારેક અહંકાર ક્રોધ માટે થાય. કદાગ્રહ કદ = ખોટો તેનો ખોટા આગ્રહનો ત્યાગ ન થાય ત્યાં સુધી ધર્મની શરૂઆત ન થાય. કોઈ બાબતમાં આપણી અંદર સાચાની હઠ આવે તે હઠાગ્રહ, અને સાચુ સમજાઈ જાય તેનો સ્વીકાર કરવો તે અનાગ્રહ. કદાગ્રહી - પૂર્વગ્રહી - હઠાગ્રહી આ ધર્મ માટે યોગ્ય નથી.

અબ્રાહમ લિંકન થયા એ પહેલા માણસો પણ વેંચાતા. ગુલામી પ્રથા ચાલતી હતી. આ પ્રથા અબ્રાહમ લિંકને બંધ કરાવી. જેમ કરોળીયો જાળ બનાવે તેમાં ૧૭ વાર પડે પછી ૧૮ મી વારે તેને સફળતા મળે તેમ અબ્રાહમ ઘણીવાર ચૂંટણીમાં હાર્યા પછી જીત્યા. અબ્રાહમ લિંકન પ્રેસીડન્ટ ચૂંટાયા પ્રધાનમંડળમાં તેમાં પોતાના પક્ષના અમુક માણસોને લીધા અને સામે વિરોધી પક્ષના પણ અમુક માણસો લીધા. તેથી તેના પક્ષના સભ્યોમાં અમુકે કહ્યું 'અમને કેમ ન લીધા ?' અબ્રાહમે કહ્યું : હું એક વાર્તા કહું તે સાંભળો. એક રાજાએ મંત્રીને કહ્યું ચાલો ફરવા પણ વરસાદ તો નહીં આવેને ? મંત્રીએ કહ્યું : બે - ચાર કલાક નહિં આવે. ગયા ફરવા. જંગલમાં પહોંચ્યા. ત્યાં આરામ કર્યો. અડધો કલાક થયો અને એક કુંભારે એના દિકરા કાનીયાને કહ્યું: જલ્દી ચાલ હમણા વરસાદ તૂટી પડશે. રાજાએ મંત્રીને પૂછ્યું. મંત્રી કહે કુંભારની બુધ્ધિ કેટલી ? પણ સાચે વરસાદ તૂટી પડ્યો. રાજાને ગુસ્સો આવ્યો. કહે કુંભાર સારો તેને મંત્રીપદ આપું અને રસ્તામાં કુંભાર મળ્યો. કહ્યું ચાલ તને મંત્રી બનાવવાનો છે. કેમ? તને વરસાદનું જ્ઞાન છે માટે. વરસાદનું જ્ઞાન આપનારને મંત્રી બનાવવાનો હોય તો મારા ગધેડાને બનાવો. કેમ ?

ગધેડું કાન ઉંચા કરી ઊંચે જુએ ત્યારે વરસાદ આવે. આ મેં જોયું તેથી મને ખબર પડી. આટલું કહી અબ્રાહમે કહ્યું હું મારા પ્રધાનમંડળમાં ગધેડાને પ્રધાન બનાવવા માંગતો નથી દુ:ખ થાય તો માફ કરશો. યોગ્ય પાત્ર હોય તો પોસ્ટ અપાય. વિરોધી પક્ષનો હોય તો પોસ્ટ અપાય. એમ અહીં શાસ્ત્રના પ્રવચનો પણ કદાગ્રહી - હઠાગ્રહી હોય તેને સાંભળવાની યોગ્યતા નથી. ભગવાન વીરે પાટ ગૌતમસ્વામીને ન આપી. કારણ ? ગૌતમ સ્વામી અપાત્ર હતા ? ના. પાટ સંભાળવાની પાત્રતા ન હતી કારણ તેમનું આયુષ્ય ટુંકુ હતું. લાંબા આયુષ્યવાળાને પાટ સોંપાય. તેથી સુધર્માસ્વામીને સોંપી. ગૌતમસ્વામીને એક વાર વાસક્ષેપ કર્યો. સુધર્માસ્વામીને બે વાર વાસક્ષેપ કર્યો. નાના પણ પાત્ર હોય તો મોટાને છોડી નાનાને પાટ સોંપાય. તું નાનો હું મોટો એ ખ્યાલ જગતનો ખોટો. ખારા જળનો દરિયો ભરીયો મીઠા જળનો લોટો. નાના બનીને જ મોટા બનાય. મોટા બનીને મોટા ન બનાય. લઘુતામાં પ્રભુતા વસે. પ્રભુતાસે પ્રભુ દુર. જે નાના થઈને રહે તે દુનિયામાં વખણાયા વિના ન રહે.

ઘરમાં પણ ઝગડાનું કારણ શું ? હું મોટો મારું કીધું બધાએ માનવું જ જોઈએ. શાંતિ-પ્રસન્નતા- મસ્તી જોઈતી હોય તો નાના બની જાઓ. શૂન્ય બનીને પૂર્ણ બનાય. પૂર્ણ બનીને પૂર્ણ ન બનાય. ભરેલો ગ્લાસ ક્યારેય ન ભરાય. ખાલી ગ્લાસ જ ભરાય.

હરિભદ્ર બ્રાહ્મણ આવા અહંકારી હોવા છતાંય આટલી ઊંચી કક્ષાએ પહોંચ્યા. તેમની વિશિષ્ટ યોગ્યતા કઈ ? તેમનામાં કદાગ્રહ નહોતો. તેમને પ્રતિજ્ઞા હતી કે મને ન સમજાય તે મને જે સમજાવે તેના હંમેશા માટે મારે શિષ્ય બની જવું. જે કાંઈ સાચું તે મારૂં આ અનુગ્રહનું વાક્ય છે. આ યોગ્યતા ખીલવવાની. મ. સા. એ બધુ બરાબર કીધું પણ આ વાત બરાબર નથી. આ વાક્ય કદાગ્રહના ઘરનું છે. જલ્દી મોક્ષે જવા માટે આ કદાગ્રહને હૈયા-માંથી ફેંકી દો. બીજાના આનંદમાં મને આનંદ કદાગ્રહના નુકશાન ઘણા છે અને છોડી દઈએ તો લાભ ઘણા છે.

હરિભદ્ર ભટ્ટ અહંકારી તો હતા પણ જૈન ધર્મના કટ્ટર વિરોધી પણ હતા. જૈનોના ભગવાનને જોઈને તે કહેતા કે તારા હૃષ્ટપુષ્ટ શરીરને જોઈને જ લાગે છે કે તુ રોજ માલમલીદા ઉડાવતો હશે. ગૌતમસ્વામી અષ્ટાપદની યાત્રા કરવા ગયા ત્યારે તાપસોએ પણ વિચારેલું કે અમે આટલો બધો તપ કરીએ તો પણ નથી ચડી શકતા અને આ હૃષ્ટપુષ્ટ શરીરવાળો કેવી રીતે ચડશે ? પણ તે લોકોને ક્યાં ખબર હતી કે ગૌતમસ્વામી છઠ્ઠને પારણે છઠ્ઠ કરતા હતા. માટે બીજા માટે ખોટી કલ્પના ક્યારેય ન કરવી તેમાં નુકશાન તો આપણને જ છે. ભેંસના શીંગડાનો ભાર કોને લાગે ? ભેંસને જ. તેમ કોઈ પાપ કરતો હોય તેના ચરચા કોને મળે ? તેને જ તો આપણે શું કામ ચિંતા કરવાની ? પટલાઈ કરવાની છોડી દો. શાસ્ત્રમાં એક કથા આવે છે.

ભુવનભાનુ કેવલીનો ઘણા ભવો પહેલાનો ભવ. એક રોહિણી નામની સ્ત્રી હતી. તેને ૧ લાખ ગાથા કડકડાટ મોઢે. તપ-ત્યાગ પણ એટલો જ. બ્રહ્મચર્ય પણ અતિશુધ્ધ. લગ્ન નહોતા કર્યા. ઉપાશ્રયમાં બહેનોમાં તે મુખ્ય હતી. સાધ્વીજીને ભણાવનારી. આવી રોહિણીને ? હજાર કે ?

લાખ ભવ સુધી સંસારમાં રખડવું પડ્યુ કારણ ? મોહરાજાનો દરબાર ભરાયો. દૂત આવ્યો કહે મહારાજાધિરાજ નિવૃત્તિપુરી સિવાય દરેક જગ્યાએ તમારી આણ ફરી છે. પણ રોહિણીનો જીવ ઉપર આજ્ઞા નથી ચાલતી. તે જીવ નિવૃત્તિપુરીમાં જતો રહેશે. તેના પાછળ બીજા કેટલાંય જશે. માટે કંઈક કરો. મોહરાજાએ મહામિથ્યાત્વને પૂછ્યું તેણે ના પાડી. વિષયાભિલાસ મંત્રીને પૂછ્યું. તેણે કહ્યું તેનું બ્રહ્મચર્ય અતિશુધ્ધ છે. મારુ કાંઈ ન ચાલે. બધાએ મોઢા નીચા કરી દીધા. મોહરાજાએ કહ્યું છે કોઈ કે જે રોહિણીને નિવૃત્તિપુરીમાં જતી અટકાવી શકે. તેમાં બે જોગિણી ઊભી થઈ. નામ પૂછ્યું વિકથા અને નિંદા. બે જઈને રોહિણીની અંદર ઉતરી ગઈ. બસ પછી બધુ ચાલુ થયું. બધાની નિંદા સાધુ-સાધ્વીના ચેકિંગ કરે. આ આમ કરે. આ તેમ કરે. પરિણામે બધી ગાથાઓ ભૂલાવા માંડી. કારણ નિંદામાંથી ઊંચી આવે તો ગાથાનો પાઠ કરેને. નિંદા સાંભળવી બધાને ગમે. પણ નિંદા કરનાર વ્યક્તિ કોઈને ન ગમે. તેથી તે ઘરમાં પણ અળખામણી થઈ. એકવાર રાજા - રાણી જઈ રહ્યા હતા. અને રોહિણી બોલી રાણી કુલટા છે. ગુપ્તચરે સાંભળ્યું. રાજાને સમાચાર આપ્યા. રાજાએ તેને અને તેના પિતાને બોલાવ્યા. કુલટા છે તેનો પુરાવો માંગ્યો. તેના પિતાએ કહ્યું હું શું કરું? તેને બોલવાની ભાન જ નથી. અમે પણ કંટાળી ગયા છીએ. સ્ત્રીને ફાંસી ન અપાય માટે જીભ કાપી અને દેશનિકાલની સજા કરી. કેરીનો રસ છોડવો સહેલો છે. નિંદા-નો રસ છોડવો અઘરો છે. નિંદા - વિકથાથી તમારા બધા સામાયિક ફેઈલ જશે. વ્રત અભરાઈએ ચડી જશે. તમે ક્યાંય ફેંકાઈ જશો. બધી કરેલી આરાધનાઓ ધોવાઈને સાફ થઈ જશે. જે સ્વાધ્યાય કરે તે જ નિંદા - વિકથાથી બચી શકે.

રાજ્યકથા - દા'ણુના ચીકુ સારા, જુનાગઢની કેરી સારી વિ. દેશકથા - સોનિયા ગાંધીએ આમ કર્યું, પાકિસ્તાને આમ કર્યું. સ્ત્રીકથા - આ છોકરી સારી, આ ખોટી. ભક્તકથા - અરે! શું તે ભેલપુરી બનાવી છે ? ભોજન વખાણવા તે આ બધુ વિકથામાં આવે. નક્કી કરો જે તમારી સાંસારિક જવાબદારી હોય તેને છોડીને ક્યાંય ડખલગિરી કરવી નહીં. બીન અધિકારી ચેષ્ટા નહીં કરવાની.

ગ્રંથની શરૂઆત કરતા પહેલા ગ્રંથના કર્તાને સ્પર્શીએ. હરિભદ્ર બ્રાહ્મણમાં વિશેષતા એ હતી કે અહંકારી ગમે તેટલા હોવા છતાંય કદાગ્રહી ન હતા. એકવાર હરિભદ્ર રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. અને ત્યાં સાંભળ્યું હરિ દુગ... ચક્કી દુગ... સાધ્વીજી ભગવંતો સ્વાધ્યાય કરી રહ્યા હતા. સ્વાધ્યાય એ સંયમનું પ્રાણ છે. જેમ પ્રાણ વિનાના શરીરની કિંમત નથી તેમ સ્વાધ્યાય વિનાના સંયમની કોઈજ કિંમત નથી. સ્વાધ્યાય એ સર્વસ્વ છે. જ્ઞાન રૂપી ધન નથી તે આત્માની ખીલવણી ન કરી શકે અને દોષોનો પ્રવેશ થાય.

પહેલો પ્રહર સૂત્ર પોરિસિ અને બીજો પ્રહર અર્થ પોરિસિ આ રીતની ગોઠવણ આપણે ત્યાં કરી છે. કારણ સ્વાધ્યાય વિના સંયમ શોભે નહીં. કહે છે ને કે "નાણા વિનાનો નાથીયો નાણે નાથાલાલ" તેમ અહીં પણ જેની પાસે નાણ (જ્ઞાન) રૂપી ધન નથી તેના આત્માના ગુણોની ખીલવણી ન જ થઈ શકે.

શાસનની પ્રભાવના આચરણ દ્વારા થાય છે. શાસનની પ્રભાવના માત્ર આચાર્ય ભગવંતો જ કરી શકે એવું નથી. સાધ્વીજી ભગવંત પણ કરી શકે. અને શાસનની પ્રભાવના માત્ર પ્રસાર દ્વારા નહીં તેના કરતા વધુ તો આચાર દ્વારા થાય છે. ગોચરી વહોરવા ગયેલા સાધુ- સાધ્વી શાસનની પ્રભાવના કરી શકે. ત્યાં ધર્મનો ઉપદેશ, પચ્ચક્ખાણ, બાધા ન અપાય બેસવાનું પણ નથી. હા કોઈ રોગથી પીડાતા હોય. ઘડપણથી અશક્તિ આવી હોય તો ત્યાં પા- અડધો કલાક બેસાય. (સમાધિ માટે).

ગૃહસ્થોએ સાધુ- સાધ્વીજી ઘરે વહોરવા આવે અથવા તો રસ્તામાં જતા- આવતાં પચ્ચક્ખાણ ન મંગાય. માંગલિક ન સંભળાય કે કોઈ પ્રશ્ન પણ ન પુછાય. ધર્મ સુંદર મજાનો પણ વિવેક વિના શોભતો નથી. દા.ત. : કોઈ ૨૨ વર્ષની યુવાન છોકરીએ સાધુ મ. પાસે પચ્ચક્ખાણ માંગ્યું અને સાધુ મ. પચ્ચક્ખાણ આપે તે વખતે દૂર ઉભેલા કોઈક અજ્ઞાત વ્યક્તિએ જોયું. તે કંઈક અલગ જ વિચારી ધર્મ હારી જાય. દેરાસરમાં પણ સાધુ-સાધ્વી ચૈત્યવંદન આદિ કરતા હોય ત્યારે પચ્ચક્ખાણ ન મંગાય. કારણ દેરાસરમાં પચ્ચક્ખાણ લેવાય તે વાત જેટલી સાચી છે તેટલી જ સાધુ- સાધ્વીને પણ દર્શન કરવાના છે. એ વાત સાચી છે. માટે વિવેક વિના ધર્મ શોભતો નથી. ઘેલી મા એ છોકરીને કહ્યું રોટલી બનાવ તેણે લોયા પાડ્યા. રોટલી વણી અને ગૅસ પર મુકી અને બળી ગઈ. કારણ વચ્ચે તવી ન મુકી તેથી મા એ કહ્યું કે ગૅસ પર સીજવવાનું એટલે તવી મુકીને સીજવવાનું. છોકરી કહે મમ્મી તારે ચોખ્ખું કહેવું જોઈએ ને ? બસ એ જ રીતે અમે તમને જે કહ્યું તે બધું જ કરવા લાગ્યા. પરંતુ વચ્ચે વિવેકરૂપી તવી ન મૂકો એટલે બધી જ આરાધના - સાધના બળીને ખાખ થઈ જાય પૌષધમાં મોડું અવાય તો. પારવામાં જેટલું વહેલું જવાય તેટલું ઘરે જવાનું. પૌષધ થાક ઉતારવા નથી. પણ આત્માને તગડો બનાવવા છે.

સ્વાધ્યાય વિના સંયમીની કિંમત નથી. સ્વાધ્યાય ગયો બધા દોષો આવ્યા. એવો નિયમ ખરો કે જે ચીજનો એક વર્ષથી ઉપયોગ ન કર્યો હોય તે કોઈને દાનમાં આપી દેવી. બરાબર ને ? પુસ્તક ન વંચાતુ હોય તો જેમ દેરાસર, ઉપાશ્રયમાં મુકી જાવ ને ? તમારા ઘરમાં એક

લાયબ્રેરી હોવી જોઈએ. ચોપડી કોઈક વાંચશો ને જીવન પરિવર્તન થશે. માટે પુસ્તકો ઘરમાં જોઈએ. વાંચવાથી મન એકાગ્ર બને. વાંચવા દ્વારા સાચા-ખોટાની સમજણ આવે છે. આજે વાંચવાનો રસ કેમ ઓછો થઈ ગયો ? કારણ ટી.વી. આવી અને ઈંગ્લિશ મીડિયમ આવ્યું. આ બંને વસ્તુએ તો દાટ વાળ્યો છે.

પણ તમને ખબર છે આખી દુનિયામાં ગરીબમાં ગરીબ ભાષા કઈ ? ઈંગ્લિશ. કારણ આખી દુનિયામાં ૨૦૦ દેશ છે. તેમાં ૨૦ દેશમાં જ ઈંગ્લિશ ભાષા વપરાય છે. આજે જાપાન સૌથી વધારે આગળ ગણાય છતાં સ્કુલોમાં માતૃભાષામાં જ ભણવવાનો કાયદો છે.

તમને ઈતિહાસમાં ભણાવે છે કે સિકંદર વિશ્વ વિજેતા બન્યો પણ આજના છાપામાં જ લખે છે કે સિકંદરને ભારતના રાજાએ હરાવેલો.

ઈંગ્લિશ લેંગવેજ કેટલી બધી દેવાળી છે. એની પાસે સાસુ-સસરા-દી-દોતી માટે કોઈ શબ્દ જ નથી. ફાધર-ઈન-લો = સસરા. મધર-ઈન-લો = સાસુ. કાયદાની ભાષામાં પપ્પા-મમ્મી. હકીકતમાં મમ્મી-પપ્પા નહીં તેથી વહુ કેવી રીતે સાસુ-સસરાની સેવા કરે ? સીસ્ટર-ઈન-લો = નણંદ-ભોજાઈ-સાળી આવા અનેક શબ્દો માટે માત્ર એક જ શબ્દ. આમ ઈંગ્લિશ પાસે કોઈ શબ્દો નથી. ભાષા નથી. વૈભવ નથી. પોતાની ભાષાની અંદર માણસ જેટલું વિચારી શકે તેટલુ બીજાની ભાષામાં ન વિચારી શકે. કારણ તમારો દિકરો ઈંગ્લિશ વાક્યને વાંચ્યા પછી તેને સમજવા ગુજરાતીમાં ટ્રાન્સફર કરે, પછી તેનો અર્થ વિચારી ફરી તેને ઈંગ્લિશમાં બોલવા માટે ઈંગ્લિશમાં ટ્રાન્સફર કરવાની મહેનત પડે. જ્યારે ગુજરાતીમાં સમજવું હોય તો તરત જ સમજી શકે. તો ઈંગ્લિશ મીડિયમ ભણાવવાનો આગ્રહ કેમ ? ભણાવવાના ગુજરાતીમાં અને ચાર મહિના ઈંગ્લિશના ક્લાસીસ કરાવી દેવાના.

આવડતું હોય એના દ્વારા નહી આવડતુ શીખાય. જ્યારે તમે તો નહી આવડતી ઈંગ્લિશ ભાષા વડે નહીં આવડતા ઈતિહાસ-ભૂગોળ-વિજ્ઞાન શીખો છો. ઈંગ્લિશ ભણનારો મા-બાપનો ભક્ત ન બને. સારા સંસ્કાર ન આવે. છતાંય તમારો દિકરો ગુજરાતીમાં ભણે તો પંતુજી લાગે. ગાંડો લાગે અને ઈંગ્લિશ ભણે એટલે સ્માર્ટ લાગે. પરંતુ તમને ખબર હોય તો મોટી-મોટી કોન્વેંટ સ્કુલોની બાજુમાં જ ચર્ચ ઉભા કર્યા છે. તમારો દીકરો સ્કુલેથી ઘરે આવે એટલે તમે કહો બેટા જા દર્શન કરી આવ. તે કહેશે મમ્મી હું કરી આવ્યો. તમે કહેશો ક્યાં ? ચર્ચમાં. ના બેટા આપણા ભગવાનના દર્શન કરી આવ. મમ્મી ભગવાન તો બધા જ સરખાં. મમ્મી ત્યાં તો બુટ પહેરીને જવાય. અને આપણા દેરાસરમાં તો બૂટ કાઢવા પડે છે. ત્યાં તો ઈશુ ખ્રીસ્તને ક્રોસ કર્યો. વંદન-નમસ્કાર થઈ ગયા. કોઈ જ માથાકુટ નહીં. જ્યારે આપણા દેરાસરમાં તો પહેલા શિલાન્યાસ, મંદિર બનાવો. ભગવાન ભરાવો. અંજન-શલાકા કરાવો. કેટલા રૂપિયાનો ખર્ચ ? પછી જ તે ભગવાન ના દર્શન થાય. જ્યારે આ ઈશુ ખ્રિસ્ત નો

ક્રોસ બનાવી દો એટલે થઈ ગયા. વંદન. એક રૂપિયાનો ખર્ચ નહીં. આ રીતે ઇંગ્લિશ મીડિયમમાં ભણનારા તમારો સંતાનો નાસ્તિક બની જશે. તે તમે ઈચ્છો છો? ના. છતાંય કેમ મૂકો છો? દેખા-દેખી ઈંગ્લિશમાં ભણાવે કે સૌથી વધુ પ્રોટીન ઈંડા-માછલીમાં છે જ્યારે વૈજ્ઞાનિકો અને આપણા ભગવાને તો કહ્યું જ છે કે સૌથી વધુ પ્રોટીન કઠોળમાં હોય. આપણા આયંબિલમાં શું હોય? મગ, ચણા વિ. આયંબિલથી આરોગ્ય સારું રહે છે. બ્રહ્મચર્યનું પાલન કરાવનાર ભોજન. નિર્વિકારી રખાવનારું ભોજન. શરીરને નિરોગી રાખનારું ભોજન શક્તિ આપનારું ભોજન છે. આયંબિલનું અને તે ક્યાં મલે? આયંબિલ ખાતામાં. છતાં તમે આ ભોજન છોડીને હોટેલમાં જાઓ તો તમારા જેવો બુધ્ધુ કોણ? કે જ્યાં વાપર્યા પછી બીલ ચુકાવવું પડે. જ્યારે અહીં તો મફતમાં.

હરિભદ્ર બ્રાહ્મણ કહે છે મને જે ન આવડે તે સમજાવે તેનો હું શિષ્ય બની જાઉં. ચેલા સાધ્વીજી મ.સા. હરિ દુગ... ચક્કી દુગં... આ આવશ્યક નિર્યુક્ત ગ્રંથની ગાથા ગોખી રહ્યા હતા. હરિભદ્રે સાંભળ્યું પણ આનો અર્થ સમજાતો નથી. જ્ઞાનની ભૂખ હતી. ન સમજાય તેને જાણવાની તમન્ના હતી. જિજ્ઞાસા હતી તેથી જ હરિભદ્ર हस्तिना तटेऽपि.. આવું બોલનારો પણ જૈન સાધ્વીજી મહારાજના ઉપાશ્રયમાં પ્રવેશ્યો.

જિજ્ઞાસાવૃત્તિ હૃદયમાં ધરાવો. પહેલા સાંભળો - વાંચો પછી વિચારો. અને વિચારો તો સવાલ પેદા થાય. અને સવાલ થાય તો જવાબ મળે. હરિભદ્ર ઉપાશ્રયમાં ગયા અને સાધ્વીજી મહારાજ ને પૂછે છે હમણાં તમે શું બોલતા હતા? તેનો અર્થ મને સમજાવો ને? સાધ્વીજી મહારાજ સાહેબે કહ્યું બાજુમાં આચાર્ય ભગવંત છે તેમની પાસે જાઓ તે સમજાવશે. તમે જ સમજાવોને? નહીં અમારી મર્યાદા છે.

સાચા ગુરુ તે જ કહેવાય. નાના હોય તે મોટા પાસે અને મોટા ગુરુ ભગવાન પાસે મોકલે. પણ પોતાની આજુબાજુ ટોળા ભેગા ન કરે.

ધર્મબિન્દુ ગ્રંથના રચયિતા હરિભદ્રસૂરિ મ.ની સ્પર્શના કરવી છે. તે હરિભદ્ર બ્રાહ્મણને નિયમ હતો કે જે મને ન સમજાય તે મને કોઈ સમજાવે તો તેના શિષ્ય થઈ જવું.

તમે શું કરો ? બાધા તૂટે તો તેના કરતા ન લેવી સારી. માથુ દુઃખે તેના કરતા માથુ ન રાખવું સારું. ફુડ પોઈઝન થાય તેના કરતા ન ખાવું વધારે સારું. આવું ચાલે ? ન ચાલે. રાત્રિભોજનનો ત્યાગ કરો તો એક દિવસ ન ખાઓ તો શું વાંધો ? પણ આપણે ઢીલા પડીએ છીએ. પરિપક્વતાથી વિચારણા કરવાની. મારો વીલપાવર કેટલો ? પ્લસ - માઈનસ વિચારી બાધા તો લેવાની જ. કોઈ તોડવા માટે બાધા લેતું નથી. પણ તૂટી જવાના ભયથી ન લઈએ. તે ન ચાલે.

આવી બાધા ન લઈ શકો કે ત્રણ ટાઈમથી વધારે ખાવું નહીં. પાણી - દવાની છુટ. ઊણોદરી પૂર્વક એકાસણા કરે તે ક્યારેય માંદા ન પડે. વાયરસ. મચ્છરના તાવ સિવાય. સવાર - બપોરે બિયાસણું કરનારા પણ માંદા ન પડે. ભગવાનની આજ્ઞા તો એગ ભત્તં ચ ભોયણં રોજ એકવાર ખાવાનું.

અજૈનોમાં આવે છે કે બ્રાહ્મણોએ સૃષ્ટિનું સર્જન કર્યું. પણ હવે શું કરવું ? માણસો વિચારે છે. પછી મહાદેવજીને પૂછવા કૈલાસ પર્વત પર ગયા. પૂછ્યું. માનવોને જીવવું છે તો કેટલીવાર નાહવાનું અને કેટલીવાર ખાવાનું ? ત્રણવાર નહાવાનું અને એકવાર ખાવાનું. પણ ચેલો ભૂલી ગયો. ત્રણ વાર ખાવાનું અને એક વાર નાહવાનું થઈ ગયું. પરિણામ શું આવ્યું ? સહજ રીતે કુદરતી અનાજ ઉગતુ હતું તે ખૂટવા લાગ્યું. નારદજીને માનવોએ કહ્યું હવે શું કરવું ? નારદજી ગયા વિષ્ણુ પાસે. કારણ વિષ્ણુની પાલન પોષણની જવાબદારી છે માટે. પૂછ્યું કે આવું કોને કહ્યું ? તમને એકવાર ખાવાનું જ કહ્યું હતું. પણ ભૂલ થઈ ગઈ તો હવે એની સજા થશે. જા બળદીયો થઈ ખેતી કર. અને લોકોને ત્રણવાર અનાજ પુરું પાડ. ત્યારથી ખેતી ચાલુ થઈ અને આરોગ્ય બગડ્યું.

ભગવાને સાધુ - સાધ્વીને એકાસણું કરવાનું કહ્યું છે. પણ ભણી ન શકો. પૂરતું પોષણ ન મળતું હોય તો અપવાદે બિયાસણું.

ભોજન માંડલી બપોરના હોય. બપોરના એક વાગ્યા સુધી ખેંચી ન શકો તો બાર-સાડાબારે કકડીને ભૂખ લાગે તેટલું સવારે દાબી - દાબીને વાપરો તો તબિયત બગડે. અને બપોરે ભૂખ ન લાગે તો સાંજે વાપરો. સાંજે ફરસાણ હોય તેનાથીયે તબીયત બગડે.

પાણી નથી મળવાનું એટલે વાપરી લેવું તો ભાંગો આવે. રોગ - પ્રતિકારક શક્તિ ઓછી થાય. એટલે માંદા થાય. માથુ દુઃખે વિ. તીખા તમતમતા પદાર્થો ખાય તેને અલ્સર થાય. ખોરાકને પચાવવા અગ્નિ જોઈએ. રાંધેલી રસોઈ કેમ ખાઓ ? રસોઈ બનાવવામાં ગરમી અને પાણી જોઈએ. રોટલી વિગેરે સીજી ગઈ એટલે પચવામાં હલકી થઈ ગઈ. અગ્નિ = જઠરાગ્નિનો અગ્નિ. સૂર્યના આધારે પ્રગટાવે. સૂર્ય ઉપર જાય તેમ તેમ જઠરાગ્નિ કમળ ખીલે. એટલે તેમાં જે નાખો તે પચી જાય. જ્યારે રાત્રે ખાઓ તો પચે? પચે જ નહીં. કારણ કે રાત્રે સૂર્યની અગ્નિ ન મળે માટે.

ચોમાસામાં તપ વધારે કેમ કરવાનો ? કારણ વરસાદ - વાદળાના કારણે સૂર્યની

અગ્નિ ઓછી મળે. માટે ખાધેલું પચે નહીં. તેથી આયંબિલ - ઉપવાસ કરવાના. સૌથી વધારે જઠ અગ્નિ બપોરે બાર વાગે ખુલે. કારણ સૌથી વધારે સૂર્યના કિરણો એ ટાઈમે આવે. માટે તે વખતે એકાસણું કરો તો પચી જાય. એક વાર ખાય તેની તબિયત સારી રહે. પણ તમે અમારા માટે મોડાના બદલે વહેલુ બનાવ્યું તો પ્રાભૃતિકા દોષ લાગી જાય. આપણે શું ખાઈએ છીએ? પીએ છીએ? પહેરીએ કરીએ કપડાં તેની વિચારણા કરવાની છે. પહેલા જાતને પૂછો સુધરવું છે?

પેલા હરિભદ્ર બ્રાહ્મણ સાધ્વીજી મ.ને પૂછવા ગયા. સાધ્વીજી મ.ની મર્યાદા છે. તે બહેનોને કહી શકે. વરઘોડા વિગેરેમાં ભાઈઓ જોડે બહેનોને ન નચાય. વરઘોડામાં પાછળ પણ બહેનોને ન નચાય. અંજલિ બધ્ધ પ્રણામમાં કપાળે હાથ લગાડી કરવાના. પણ બહેનોએ નીચા હાથ રાખી પ્રણામ કરવાના. તાળી પાડવા પણ હાથ ઊંચા ન કરાય. મોઢાથી હાથ ઊંચા ન કરાય. જ્યાં જ્યાં જે જે મર્યાદા હોય તેનું પાલન કરવાનું. પુરુષોએ સાધ્વીજી મ. પાસે પચ્ચક્ખાણ ન લેવાય. વાસક્ષેપ પણ ન થાય. જ્યાં મર્યાદા ત્યાં ભગવાન વસે છે.

મર્યાદાથી સાધ્વીજી મ. કહે અમે તમને આનો અર્થ નહીં કહી શકીએ. મર્યાદામાંથી હરિભદ્રસૂરિ મ. મળ્યા. એ ગયા આચાર્ય મ. પાસે. કહ્યું મને આનો અર્થ સમજાવો. આચાર્ય મ. એ કહ્યું આ બધા અર્થ સમજવા હોય તો અમારા જેવા બનવું પડે. ચોમાસામાં સાંભળવાથી તમારામાં કેટલા ટકા ફેર પડશે? આ હરિભદ્ર બ્રાહ્મણ તરત તૈયાર થઈ ગયા. જીવન સોંપી દીધું જ્ઞાન - ધ્યાનમાં આગળ વધ્યા. આચાર્ય પદ મળ્યું. હંસ - પરમહંસ બે ભાણિયાને દીક્ષા આપી.

હરિભદ્ર બ્રાહ્મણ સાધ્વીજી મ.સા.ને પૂછવા આવ્યા. સાધ્વીજી મ. આવશ્યક નિર્યુક્તિ ગ્રંથની ગાથા ગોખતા હતા. તેમાં કેટલા ચક્રવર્તી - બળદેવ વિગેરે થાય તેની વાત આવે. ચક્કી = ચક્રવર્તી હરિ = બળદેવ. આ અર્થ હરિભદ્રને ખબર ન પડી. તેથી ત્યાં પૂછવા આવ્યા. સાધ્વીજી મ. એ આચાર્ય મ. પાસે મોકલ્યા. અને તે ત્યાં પૂછવા ગયા. પાપનો ડર હતો. પ્રતિજ્ઞા લીધેલી કે ન સમજાય તે વાત જે સમજાવે તેમના શિષ્ય થવું. આ પ્રતિજ્ઞા જો ન પાળુ તો મને પાપ લાગે. સાપથી હજારો યોજન દૂર રહેવાની તમારી તૈયારી છે. પણ પાપથી દૂર રહેવાની તૈયારી કેટલી ? સાપ ખરાબ, દર ખરાબ કે ઝેર ખરાબ. ખરેખર તો ઝેર ખરાબ છે. કારણ દાઢ દ્વારા ઝેર કાઢી શરીરમાં ઘુસાડે. સાપ ખરાબ કેમ? ઝેર રાખે છે માટે. એટલે સાપ ખરાબ નથી પણ ઝેરને રાખે છે માટે સાપ ખરાબ છે. સાપના રાફડામાંય હાથ ન નાંખો. સાપને રાફડો રાખે માટે રાફડોય ખરાબ.

તેવી રીતે ખરાબ તો આસક્તિ - પાપ છે. પત્ની - પૈસો - સ્ત્રી ખરાબ નથી. સ્ત્રી તો તીર્થંકરની માતા બને છે. સંસાર ખરાબ નથી. મોક્ષમાં ઉપધાન - શત્રુંજય - દેરાસર ન મળે. સંસારમાં મળે. છતાંય સંસાર પાપને કરનારને રાખે માટે સંસાર ખરાબ છે. ઝેર ખરાબ માટે સાપ પાસે ન જવાય. તેમ પાપને કરાવનાર પત્ની - પુત્ર - પરિવાર સંસારમાં છે. માટે સંસારમાં ન રહેવાય. જેટલો મરવાનો ભય લાગે છે તેટલો ભવોભવ બગાડવાનો ભય નથી લાગતો ? પાપ કરતા ધ્રુજારી ન થાય ?

આર્યદેશનો માણસ પાપ કરવા તૈયાર જ ન હોય. જ્યારે યુધિષ્ઠિરે પરાણે જૂઠ બોલ્યું કે : अश्वत्थामा हतः। તો પણ પાછળથી બોલ્યો કે नरो वा कुंजरो वा। તમને કોઈ પૂછે "માંસ કેમ ખાતા નથી ?" તો કહે, "ખવાય જ નહીં," ઉત્તમ માણસને કહેવાય કે "પરસ્ત્રીગમન - વેશ્યાગમન' કરાય ?" તો કહે, "ના," આવું તો કરાય ? એવી જ વાત પાપ માટે છે. ભગવાન બધે જ છે. બધું જ જુવે છે. ખાનગી કે જાહેર જગ્યા પ્રભુના કેવળજ્ઞાનની બહાર નથી. જે સ્વભાવથી જ પાપ કરવા તૈયાર ન હોય તે ઉત્તમ માણસ.

આત્માનો સ્વભાવ પાપ નહીં કરવું તે છે. હું પાપ કરી શકું જ નહીં એવો સ્વભાવ છે. પોતે પાપ ન કરતો હોય અને બીજો પરાણે તમારી પાસે પાપ કરાવે, તો રડતા કરો કે હસતા ? મન પાપ કરાવે તો કેવી રીતે કરો ? જેટલી તીવ્રતા પાપ કરતા હોય તેટલી તીવ્રતા પશ્ચાતાપમાં હોય. પાપના સંસ્કાર તોડવા હોય તો હજારગણો પશ્ચાતાપ વધુ જોઈએ. આંખમાં ધોધ વહે ને પશ્ચાતાપ થાય. આનંદથી પાપ કરતા હોઈએ ત્યાં મન કરાવે છે. અને કબુલાત કરો તો જાતે જ પાપ કરીએ છીએ. રડતાં - રડતાં પાપ કરશો તો પાપ રસપૂર્વક નહીં થાય.

ગાંડો હોય તે ડાહ્યો ન થાય. પણ માંદો હોય તે સાજો થાય. ગાંડો પાપનો સ્વીકાર ન કરે. મારે મારી જાતને છુપાવવી નથી. પારખવી છે. મોહરાજા કેવા તોફાન મચાવે છે? જુઠું બોલું છતાં સાચું દેખાડે. આત્માનો સ્વભાવ પાપ કરવાનો નથી. પાપ થાય ત્યારે ત્રાસ થાય કે મેં ક્યાં ક્રોધ કર્યો ? મેં ન કર્યો હોત તો સારું થાત. પણ જેવા સાથે તેવા

થઈએ તો દુનિયામાં રહીએ. ચેલાને તો ધોળા દિવસે તારા દેખાડી દીધા. આવું લાગે તો સંસ્કાર ગાઢ બનશે.

સમ્યગ્દર્શન = સ્વદોષ દર્શન. પોતાના દોષોનો સ્વીકાર ન કરતા હોઈએ તો સમજવાનું આપણામાં સમ્યગ્દર્શન નથી. ૧૭ પાપસ્થાનક ને પાપ છે. પાપ ખરાબ છે તે માનવું તે સમ્યગ્દર્શન. પણ આ પાપને સારા માનવા તે ૧૮ મું મિથ્યાત્વ. ક્રોધને સારો માનીએ તો મિથ્યાત્વ. માયા - મૃષાવાદ કરો તો અને સારું લાગે તો મિથ્યાત્વ. જાતને તપાસો. મારી ભૂમિકા મિથ્યાત્વની છે કે સમ્યગ્ દર્શનની છે. બીજાને સમકિતી કે મિથ્યાત્વી ન કહેવાય.

રોજ વિચારો આજે ક્યાં ખોટી પ્રવૃત્તિ થઈ ? ક્યા મોહરાજાએ ફસાવ્યો ? દુનિયાના જજ બનીએ પણ જાતના નહીં. આવા પ્રકારના જીવન શૈલીથી કલ્યાણ ન થાય. સ્વદોષ દર્શન કરો. ઉત્તમ માણસ કોણ ? પરલોકના ડરથી પાપ ન કરે તે. પણ ઉત્તમોત્તમ તે જ કે મારાથી પાપ થાય જ નહીં. હું પાપ કરી શકું જ નહીં તે ઉત્તમોત્તમ. આર્યદેશનો માણસ અધમ જે આબરુના વિચારથી આરોગ્યના વિચારથી પાપ ન કરે. રાત્રે ખાઈશ તો ગેસ થશે. રાત્રે ૧૦ વાગે સુવાનું છે. જો ૬ વાગે ખાઉં તો તબિયત ન બગડે માટે રાત્રે ન ખાય. ચાર કલાકનું આંતરું ખાવા ને સુવાનું હોવું જોઈએ. હું પરસ્ત્રી - ગમન - વેશ્યાગમન કરીશ તો આબરું શું રહેશે ? આબરુના ભયથી બ્રહ્મચર્ય પાળે. એવા પાપથી અટકે એને પણ અધમ કીધો.

દુનિયા અથવા આબરુનું કાંઈ ન વિચારે ખાઈ - પીને જલસા કરો તો આપણો નંબર અધમા અધમમાં પરમાત્માની વાણી સાંભળ્યા પછી પાપથી જરાપણ ન ડરીએ તો કેમ ચાલે ? પાપભિરુતા આ ગુણ બધા ગુણોને ખેંચી લાવે. જ્યાં સુધી તમે અને હું કેવલજ્ઞાન ન પામીએ ત્યાં સુધી પાપભિરુતાનો ગુણ તો જોઈએ.

સમદ્દષ્ટિ જીવો... પાપ કરે જ નહીં છતાં કંઈક પાપ થઈ જાય પરિસ્થિતિ દબાણના કારણે તો પાપ ઓછુ બંધાય કેમ ? જેણ ન નિદ્ધંધસં કુણઈ. રાચીમાચીને નહીં. રડતા રડતા કરે માટે પાપ ઓછુ બંધાય. જો આનંદથી પાપ કરો તો બે ટાઈમના પ્રતિક્રમણથી કાંઈ ન થાય. "મારાથી પાપ થઈ શકે જ નહીં." હરિભદ્રને દેવ - ગુરૂ - દર્શન ધર્મ નહોતા મળ્યા. પણ વિશેષતા આર્યદેશની કે એને પાપનો ડર હતો. ન સમજાય તો પ્રતિજ્ઞા તોડાય નહીં. અને આચાર્ય મ.ના કહેવાથી તેમને સંયમ લીધું. પાપનો ડર હોય તે વ્યક્તિ સફળતાને પામે છે.

દુઃખથી ગભરાઈને દીક્ષા ના લેવાય. જો અહીં દુઃખ આવશે તો અહીંથી બીજે જશે. સંસારમાં પાપ કર્યા વિના જીવાય નહીં. રહેવાય નહીં. માટે સંસારમાં રહેવાય નહી. પાપના ડરથી સંસાર છોડે તે મોક્ષે જવાનો પહેલો પાયો છે. પાપની ધ્રુજારી થાય તો પોતાનું મન પોતાને ડંખે. જેને પાપનો ધ્રુજારો થાય તે ભવ આલોચના કર્યા વિના ન રહી શકે.

આ કાળમાં સાચો સાધુ કોણ ? પાપ ન કરે તે ? ના. પોતાના જીવનમાં સેવાતા પાપો માટે રડતો હોય. અને ગુરૂ પાસે આલોચના લઈ શુદ્ધિ કરે તે સંયમી.

કેન્સરની ગાંઠ ખરાબ કે પગની અંદર વાગેલો કાંટો ખરાબ ? જે નીકળે નહીં તે ખરાબ. કેન્સરની ગાંઠ ઓપરેશનથી નીકળી જાય અને કાંટો વાગેલો ન નીકળે તો ધનુર થાય ને મોત આવે. વેશ્યાગમન ખરાબ કે પરસ્ત્રીગમન ખરાબ ? જે પાપ નીકળે નહીં તે ખરાબ.

તમામે તમામ પાપોનું પ્રાયશ્ચિત કરવાનું નાના કે મોટા પાપ સાથે સવાલ નહીં. પાપ નીકળ્યું કે ન નીકળ્યું એની સાથે સવાલ છે. ન નીકળે એ મોટો સવાલ. પાપ કરતા ધ્રુજવાનું.

જ્ઞાન વિના સંયમીની પરિણતિ ન કેળવાય. જો જીવે વિન યાણઈ. અજીવે વિન યાણઈ. જે જીવ અજીવ નથી જાણ તો તો દયા કેમ પાળશે ?

હરિભદ્ર મુનિ સ્વાધ્યાયમાં રત છે. હંસ-પરમહંસ બે શિષ્યો બન્યા. માસ્ટર કી થી બધા તાળા ખુલે. ઘરના મહેમાન બનો માલિક નહીં. આ બધા સુખોની માસ્ટર કી છે. અથાણાની બરણી દીકરાના હાથમાંથી પડીને ફુટી ગઈ. બીજાને ત્યાં પણ આવું થયું. પણ ત્યાં તમે ગુસ્સો નહીં કરો. થાય. કંઈ વાંધો નહીં. આ રીતે બોલશો. બાજુવાળાનો દીકરો ૪૦% એ પાસ થાય તો આનંદ અને પોતાનો દીકરો ૭૦% લાવે તોય ૯૦% ની અપેક્ષાએ દુઃખ થાય.

સંસાર એ મુસાફરખાનું છે. ૮૦ વર્ષના મહેમાન તરીકે રહેવાનું પણ માલિકીનો દાવો કરીને રહીએ માટે બધા પાપો કરીએ છીએ.

રજનીશ મૃત્યુ પામ્યો ત્યાં લખ્યું હતું કે બહારથી મુસાફરીએ આવ્યો અને ઘરથી છોડી ચાલ્યો ગયો. આવી રીતે જીવો તો. સદા હસતા. માલિકીનો દાવો નથી કરવો. મહેમાન બનવાનું બીજું સ્ટેપ અણગાર. ઘર છોડી બનવાનું अगारं अणगारं पव्वइए। ધન વિનાના, રાજ્ય વિનાના, લક્ષ્મી વિનાના, અગાર ઘરવાળા ભગવાન હતા. તેમણે ઘર છોડ્યું. ઘર વિનાના બનવાનું ભાવ ન થાય તો દુકાને પરાણે જાઓને ? ઘેર બેઠા પૈસા ન મળે. ઘર છોડી અણગાર બનવાનું. સરનામા વિનાના હોય તે સાધુ.

મોક્ષ શિષ્યનો થાય. ગુરૂનો નહીં. જે ગુરૂ હું બીજાનો ગુરૂ છું. એમ જીવે તો એનો મોક્ષ ન થાય. હું આનો શિષ્ય છું. એમ જીવો તો મોક્ષ થાય. મહાવીર સ્વામી મોક્ષે ગયા પછી ૫૦,૦૦૦ નાં ગુરૂ ગૌતમસ્વામી પાટે બેઠા. તે એવું વિચારે છે કે ભગવાનના પ્રભાવમાં મારો પ્રભાવ ઢંકાતો હતો. હવે તો વટ પડવાનો આવું વિચાર્યું ? ના. જો એવું લાગ્યું હોત તો સવારે કેવળજ્ઞાન ન થાત. તે પોતાની જાતને ભગવાનના શિષ્ય તરીકે જ નિહાળતા હતા. બાપનો મોક્ષ થાય કે દીકરાનો ? દીકરા બનીને વિચારો ત્યારે મોક્ષ થાય. બાપ વિચારે કે હું કેટલીયે વાર સ્કુલમાં નાપાસ થતો હતો. આ એકવાર ફેઈલ થયો તો કેમ ગુસ્સો કરવાનો ? આપણે ફસાઈએ ત્યાં ગુસ્સો કરીએ ? સોનાની લગડી પણ ધગધગતી ગરમ કરીને ન અપાય. તેમ હિતની વાત પણ ગુસ્સાથી નહીં. મીઠા-મધુર વચનોથી કરાય.

આ હંસ-પરમહંસ સાધુ બન્યા પણ શિષ્ય ન બની શક્યા.

મોક્ષે પહોંચવું હોય તો આ ત્રણ સ્ટેપ્સમાંથી પસાર થવું પડે. (૧) માલિકીનો દાવો છોડીને મહેમાન બનો (૨) ઘર છોડી અણગાર બનો (૩) મન છોડી શિષ્ય બનવું. ગુરૂની આંખથી જોવાનું. ગુરૂના મનથી વિચારવાનું. ગુરૂના કાનથી સાંભળવાનું. કપડા બદલવા એનું નામ સાધુપણું નહીં. પણ સાધુપણું એટલે ગુરૂથી જૂદો વિચાર નહીં. પોતાના અસ્તિત્વનું સંપૂર્ણ ગુરૂમાં વિલીન થઈ જવું. શિષ્ય બને એનોજ મોક્ષ થાય.

એકવાર રામે હનુમાનને કહ્યું: હનુમાન! ઝૂંપડી બનાવ. પણ હનુમાન તો એક ઝાડ નીચે બેસીને રડવા લાગ્યો. લક્ષ્મણજી આવ્યા. પૂછ્યું કેમ રડે છે? હનુમાન કહે મારા ભગવાનની આજ્ઞા નથી પાળી શકતો માટે. શી આજ્ઞા છે? હનુમાન કહે મને કહ્યું છે કે ઝૂંપડી બનાવ. પણ હું ક્યાં બનાવું? લક્ષ્મણ કહે એમાં રડે છે શું? તારું મન જ્યાં ઈચ્છે ત્યાં બનાવ. ત્યારે હનુમાને કહ્યું કે જ્યારથી મેં રામને ભગવાન તરીકે સ્વીકાર્યા છે. ત્યારથી મારું મન મેં એમને સોંપી દીધું છે. મારું મન એમનામાં વિલીન થઈ ગયું છે. હવે મારું મન જ નથી તો હું કેવી રીતે વિચારી શકું કે ઝૂંપડી ક્યાં બનાવવી?

તેમ શિષ્યની પણ ગુરૂ કરતા કોઈપણ જાતની અલગ ઈચ્છા કે અસ્તિત્વ ન હોય. ગુરૂના માન-સન્માનમાં મારું માન-સન્માન. જ્યારે શિષ્યત્વ પેદા થાય ત્યારે જ મોક્ષ થાય.

આ બીજા અને ત્રીજા સ્ટેપ્સમાંથી પસાર થઈએ ત્યારે જ ચોથા સ્ટેપ્સમાં પહોંચાય કે (૪) શરીર છોડી સિધ્ધ બનાય. જે ગુરૂના પગ પકડે એના ગુરૂ હાથ પકડે અને ઠેક મોક્ષ સુધી પહોંચાડે.

સિધ્ધસેન દિવાકર સૂરિ રોજ પાલખીમાં બેસીને જાય અને આવે. એમના ગુરૂને આ વાતની ખબર પડી. પોતે ત્યાં આવ્યા. તે વખતે રસ્તામાંથી આમની પાલખી પસાર થતી હતી. એક માણસને હટાવીને ગુરૂએ પાલખી ઉપાડી. તેમાં ત્રણ માણસો ઉંચા હતા અને ગુરૂ નીચા હતા. તેથી પાલખી ઊંચી-નીચી થવા લાગી. તેથી સિધ્ધસેન બોલ્યા કે भूरि भूरि तव स्कंधो बाधति। ત્યારે તેમના ગુરૂએ જવાબ આપ્યો કે यथा स्कंधो न बाधते तथा बाधति बाधते। જેટલો મારો ખભો મને દુ:ખતો નથી તેટલો ખોટો બાધતિ પ્રયોગ મને પીડા આપે છે. અને આ શબ્દ સાંભળી સિધ્ધસેન દિવાકર સૂરી ચમક્યા. મારી ભૂલ કાઢનાર મારા ગુરુ સિવાય બીજું કોઈ ના હોય. અને તરત નીચે ઉતરી ગયા. ગુરૂના પગે પડી માફી માંગી. માથે ગુરૂ રાખ્યા તો ગુરૂએ એને બચાવ્યા. માટે દરેકને માથે ગુરૂ હોવા જોઈએ. જેના માથે ગુરૂ ન હોય તે નગુરો કહેવાય.

ભગવાનને અને પ્રત્યેકબુધ્ધને ગુરૂની જરૂર ન હોય. ભગવાન સ્વયંબુધ્ધ હોય અને પ્રત્યેક-બુધ્ધ નિમિત્ત મળે અને વૈરાગ્ય પામી દીક્ષા લે. હનુમાન પ્રત્યેક બુધ્ધ હતા. આકાશમાં વાદળ જોઈને વૈરાગ્ય પામી ગયા. દીક્ષા લીધી. દેરાસરમાં પૂજા કરવા જાઓ કોઈએ અપમાન કર્યું અને દેરાસર છોડી દીધું. ઉપાશ્રયમાં કોઈ અપમાન કરે તો વ્યાખ્યાન છોડી દો. ખૂબ દાસમાં આયંબિલ ખાતુ છોડી દો. અને ગુરૂમ નેય છોડી દો. પણ ઘરમાં બૈરીએ કેટલીયે વાર અપમાન કર્યાં તો ઘર કેમ ના છોડ્યું?

શરીર માટે બધુ સહન કરો. આત્મા માટે કંઈ સહન નહીં કરવાનું? આત્માની કલ્યાણની મમતા કેમ નહીં? આ શરીરમાં પણ આત્મા છે. તો બધું જ છે. તો એ આત્મા ઉપર કોઈ મમતા નહીં?

આશય સારો હોય પણ પ્રવૃત્તિએ સારી જોઈએ. હંસ અને પરમહંસ ભણી ગણીને હોંશિયાર

બન્યા. તે વખતે જૈન બૌધ્ધ વચ્ચે વિવાદ ચાલતો હતો. હંસ - પરમહંસે ગુરૂ મહારાજ ને કહ્યું અમને રજા આપો. અમે બૌધ્ધ મઠમાં જઈને અભ્યાસ કરીએ અને બૌધ્ધની નબળી કડી જાણીને એમને હરાવી દઈએ. અને જૈન શાસનનો જયજયકાર કરી દઈએ. ઈચ્છા સારી હતી. ગુરૂને પૂછ્યું. અને ગુરૂના મોઢામાંથી ના નીકળી ગઈ. હવે જવાય કે ના જવાય? તમારે ૫૦ હજારનો સોદો કરવો છે. મા ના આર્શિવાદ લેવા આવ્યા. મા ના પાડે છે. હવે તમે શું કરશો ? મા કેમ ના પાડે છે. કારણ કહે. કારણ મને ખબર નથી. પણ મારું મન ના પાડે છે.

મા - બાપ અને ગુરૂ પાસે ક્યારેય કોઈપણ વાતના ખુલાસા ન કરાય. એ ના પાડે તો ન જ જવાય. અને જાઓ તો ૫૦ હજાર માટે ગયો. રસ્તામાં એક્સીડંટ થયો. ૫૦ હજાર તો ન મલ્યા પણ પગ ભાંગ્યો. માટે મા - બાપ - સાસુ - સસરા - ગુરૂના ઉપર કાંઈ કામ ન કરવું.

ગુરૂના મોઢામાંથી ના નીકળી ગઈ. કેમ ના પાડો છો ? આટલો બધો ફાયદો થાય છે ને ? આવી દલીલ ન કરાય. માની આંતરડી બાળે એનું જીવન બળે જ ગુરૂના શબ્દો ક્યારેય પાછા નહીં ઠેલવા. ગુરૂદ્રોહ એવું ભયંકર કોટીનું પાપ છે કે ૫ - ૨૫ - ૫૦ ભવ પછી નહીં પણ એનો બદલો આ જ ભવમાં મળે છે.

આ હંસ - પરમહંસ ગુરૂની ઉપરવટ થઈને ગયા. બૌધ્ધ મઠમાં ભણવા ગયા. અને ત્યાં જૈન ધર્મના સામે બૌધ્ધની નબળી કડી કાગળમાં લખતાં હતા. અને એકવાર આ કાગળો ઉડ્યા. કોઈના હાથમાં આવ્યા. તેણે જઈ કુલપતીને આપ્યા. તેમને લાગ્યું કોઈ જૈન અહીં ઘુસી ગયો છે. એને પકડવા જાત જાતના પ્રયત્નો ચાલુ કર્યા. એકવાર આગ લાગી અને બધા મોટે-થી બુધ્ધં - શરણં - ગચ્છામિ બોલવા લાગ્યા. પણ આ બે જણના મોઢામાંથી નમો અરિહંતાણં બોલાઈ ગયું. બે - ચાર વખત આવુ બન્યુ તેથી આ લોકોને પાક્કુ થઈ ગયું કે આ બે જ જૈન છે. પછી આ લોકોને ભાગવું પડ્યું. આ આપત્તિ કેમ આવી ? ગુરૂદ્રોહ કરીએ તો આપત્તિ આવે.

તમારા જીવનમાં દુ:ખ આવે તો સમજવાનું કે બાપની વાત કાપી છે. ? મા ની આંતરડી બાળી છે ? સાસુ - સસરાને ત્રાસ આપ્યો છે. ? બાવળીયાના બીજ વાવ્યા હોય તો કાંટા જ મળે.

પાપના પરચા છાપરે ચડીને પોકાર્યા વિના પણ ના રહે. રૂ માં લપેટેલી આગ બહાર નીકળ્યા વિના ન રહે તેમ કર્મો એના કરેલા આત્માને શોધ્યા વિના ન રહે.

ગુરૂનો દ્રોહ કર્યો તો મરાયા. એક તો વચ્ચે જ ખલાસ થઈ ગયો. બીજો દોડતો-દોડતો ગુરૂના ચરણમાં પહોંચી ગયો. બધુ કહી દીધું અને માફી માંગી કે અમે આપની ઉપરવટ થઈને ગયા અમને માફ કરો. અને ત્યાં જ એનું પણ પ્રાણપંખેરું ઉડી ગયું.

રાગ એવી ચીજ છે. તે આગ જેવો છે. ગુસ્સા કરતા રાગ ખરાબ છે. ક્રોધને દૂર કરવાનો ઉપાય શું ? ગુસ્સો આવે તો બીજા રૂમમાં જવું તે ટેમ્પરરી ઉપાય. અંદરનો ક્રોધ ક્યારે જાય જો રાગ ઘટે તો. કોઈપણ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે અપેક્ષા હોય એ પૂરી ન થાય ત્યારે જ ગુસ્સો આવે, તે સિવાય ન આવે. બધા ગુસ્સાનું

મૂળ અપેક્ષા. ઈચ્છા કરવી હોય તો એક જ કરો કે હું ઈચ્છા વિનાનો બનું. ઈચ્છા એ જ રાગ છે. ક્રોધને દૂર કરવો હોય તો પહેલા રાગને દૂર કરો.

ભગવાનને કેમ વિતરાગ કહેવાય? વીતક્રોધ કેમ નહીં? કારણ રાગ વિનાના હોય તે ક્રોધ વિનાના હોય જ. બધા દોષોનું મૂળ રાગ છે. તે રાગ ઉપર પણ રાગ છે. પૈસા ઉપર તો રાગ છે. પણ તે રાગ ઉપર પણ રાગ છે. રામને લક્ષ્મણ ઉપર રાગ હતો. પણ રાગ ઉપર રાગ ન હતો. કારણ લક્ષ્મણ ઉપરના તીવ્ર રાગને કારણે રામને એમ થતું કે હું અભવ્ય તો નહીં હોઉં ને? રાગ હતો એનો એને ત્રાસ હતો. જ્યારે કેવલીએ કહ્યું તમે આ જ ભવે મોક્ષે જશો ત્યારે રામના આનંદનો પાર નથી.

ભગવાને પણ પૂર્વના ત્રીજા ભવે. સરાગથી સંયમ આદર્યું તેથી એક ભવ દેવનો કરવો પડ્યો. ગૌતમસ્વામીને પણ ગુરૂ પ્રત્યે સ્નેહરાગ હતો. વ્યક્તિ પ્રત્યે રાગ ખોટો, ગુણ પ્રત્યેનો રાગ કરો.

જેને મોક્ષ મેળવવાની ઈચ્છા મરી જાય. તેનો મોક્ષ થાય. શરૂઆતમાં મોક્ષની ઈચ્છા કરવાની. પણ પછી ક્ષપકશ્રેણી મંડાય. કેવલજ્ઞાન પામે ત્યારે મોક્ષની ઈચ્છા પણ દૂર થઈ જાય

કોઈના પેટમાં ભરાવો થઈ ગયો હોય ત્યારે વૈદ્યરાજે તેને દીવેલ પીવાનું કહ્યું તે કહે પણ આટલું ભરેલું છે એમાં પાછું આ નાખવાનું- ત્યારે વૈદ્યરાજ કહે આ દીવેલ અંદરનો બધો બગાડો કાઢશે. તો પછી આ દીવલને કોણ કાઢશે? તે એની મેળે જ નીકળી જાય તેમ પત્નીનો રાગ, પુત્રનો રાગ આ બધા રાગની આત્માને કબજિયાત થઈ છે. ગુરૂ મહારાજને પૂછ્યું ત્યારે તેઓ આવું દિવેલ આપે કે દેવ-ગુરૂ ધર્મોના કાર્યોમાં રાગ કર. આ બધાનો આટલો રાગ તો છે. તો તેમાં બીજો આ રાગ કરવાનો? ત્યારે ગુરૂ મહારાજ કહે કે આ ધર્મનો રાગ સંસારના બધા જ રાગ છોડાવે છે. પછી તે ધર્મનો રાગ એની મેળે જ નીકળી જશે. ખરાબ રાગને કાઢવા સારો રાગ કરવાનો.

કાંટાથી કાંટો નીકળે તેમ રાગથી રાગ નીકળે. હીરાથી હીરો ઘસાય. માટે મોક્ષનો રાગ પેદા કરવાનો.

૧૪૪૪ ગ્રંથના રચયિતા હરિભદ્રસૂરિ મ. સાધુ બનીને દોષને ક્ષય કરવાની સાધના કરતા હતા. છદ્મસ્થ જીવમાં કષાય સંભવિત છે. ૧૧ મે ગુણઠાણે ઉપશાંત મોહ વીત-રાગ કક્ષા સુધી પહોંચેલો આત્મા પણ ત્યાં પડે. છઠ્ઠે - ચોથે - પહેલે અટકે. એ સાધુને કયો લોભ પેદા થાય ? મુહપત્તિ મોં આગળ હોય એને જોતા જોતા રાગ થાય ને નીચે પટકાય. હરિભદ્રસૂરિ મહારાજ છઠ્ઠે હતા. ક્રોધ આવે એમાં નવાઈ નહિં. ક્રોધ આવ્યો તે મહત્ત્વનો નથી પણ ક્રોધ આવ્યા પછી આંખમાંથી આંસુ આવ્યા તે મહત્ત્વના છે. પશ્ચાતાપની પાવન જ્વાળામાં પાપને બાળી નાખ્યા તે મહત્ત્વનું છે.

તમને ક્રોધ કેમ આવ્યો ? કોઈને કોઈ વ્યક્તિ પાસે અપેક્ષા રાખવી હોય તેને ક્રોધ આવે. ઈચ્છા અને અપેક્ષામાં ફરક શું ? જાય પણ ખરી અને ન પણ જાય તે ઈચ્છા. અને જે પુરી ન થાય અને ગુસ્સો આવે તે અપેક્ષા. માટે ઈચ્છા રાખી શકાય અપેક્ષા નહીં. અપેક્ષા પુન્ય હોય તો પુરી થાય, પણ પછી બીજી અપેક્ષા ઉભી કરે. માટે ડાહ્યા અને સમજુ માણસે અપેક્ષા રાખવી નહીં. તો સુખી થશો. ઘરડાને એટલી ઈચ્છા હોય કે દીકરો એમને પૂછીને કરે તો સારું. માત્ર જાણ કરે એ જ અપેક્ષા છે. દીકરાને એમ થાય કે નાની - નાની બાબતમાં ક્યાં પૂછવું ? મોટી બાબતમાં પૂછીશ. ગંભીર - મોટું નુકશાન થાય તેવું હોય તો જ બોલવું. નાનું નુક-શાન થાય તેવું હોય તો જતું કરવું. ૧૦૦ માંથી ૯૦ વાત તો એવી હશે કે જેમાં બોલવા જેવું જ ન હોય. ૯૦ વાર વગર ફોગટનું બોલ્યા માટે એનો સદ્‌ભાવ લૂટ્યો. બોલવા બોલવા કરતા નહિં બોલવું સારું. પૂછવા કરતા નહિં પૂછવું સારું. જાણવા કરતા નહિં જાણવું સારું. બધા ઝગડાનું મૂળ બિનઅધિકાર ચેષ્ટા અને કુતૂહલતા છે.

દુનિયા અનાદિકાલથી ચાલે છે. અને ચાલતી આવે છે. દરેક જણને સ્વતંત્રતા બહુ ગમતી હોય છે. કેટલા ગુરૂ મહારાજે દીક્ષા લેવાનું કહ્યું ? પણ કેટલું માન્યા? તેમ દીકરો પણ કહ્યું માને જ એવું નહિં. જે છોકરો ૧૦૦ માંથી ૭૦ વાત માને છે. છતાં એ મને ઉધ્ધત લાગે ખરાબ લાગે છે. તો ભગવાનની બધી વાતોમાંથી હું કેટલી માનું છું ? અને ભગવાનની વાત તો હીત માટેની જ હોય અને મારે તો બધી સ્વાર્થની વાત હોય તો હું ખરાબ કે દીકરો ખરાબ.

દીકરા પર દુર્ભાવ કરો તિરસ્કાર કરો ત્યારે વિચારવાનું કે ભગવાનને ક્યારે પણ મારા પર ગુસ્સો કર્યો છે ? જેટલી વાર દેરાસર જઈએ તેટલી વાર હસતા જ હોય અને ભગવાનની પણ જેટલી વાતો માનીએ છીએ તે પણ મનુભાઈને ગમે છે. માટે કરો છો એટલે ભગવાનની એકેય વાત હકીકતમાં નથી માનતા છતાં ક્યારેય ગુસ્સો ન કરે.

ગુસ્સો એ ખતરનાક દોષ છે. પણ સમાજે એને ખરાબ માન્યો નથી. કામસેવન કેમ જાહેરમાં થતું નથી ? કારણ સમાજે કંટ્રોલ મુક્યો છે. જ્યારે ક્રોધ પર કંટ્રોલ મુક્યો નથી.

અનપેક્ષા એ જ આનંદ છે. જ્યાં કોઈ પાસે અપેક્ષા ઉભી થઈ.. આનંદ ગયો.

અપેક્ષા કોઈની રાખશો નહિં
અધિરા કોઈ દિવસ બનશો નહિં. } આ સિકવંશી છે.
આવેશમાં કદી આવશો નહિં.

સાધુઓ કેમ સુખી ? મળે તો વાહવાહ ન મળે તો ડબલ વાહવાહ. સાધુ - સાધ્વી વહોરવા જાય ત્યારે મળે તો સંયમવૃધ્ધિ ન મળે તો તપોવૃધ્ધિ. અપેક્ષા રાખી હશે એ અકળાશે. પણ મળે તો સંયમવૃધ્ધિ અને ન મળે તો તપોવૃધ્ધિ. આનાથી અપેક્ષા તોડી માટે ગુસ્સો ક્યાં કરવાનો સુખી થવું હોય - કષાયથી દૂર રહેવું હોય તો અપેક્ષા કોઈની રાખવી નહિં. પ્રશસ્ત ક્રોધ પણ ન જોઈએ.

હરિભદ્રસૂરિ મહારાજને બંને શિષ્યોને વિદ્વાન બનાવવા હતા. પણ બંને શિષ્યો મરાયા. આ અપેક્ષા હતી માટે ગુસ્સો આવ્યો. વાદ કરી બૌધ્ધ ભિક્ષુઓને હરાવી તળી નાખવાની શરત મૂકી. એકેન્દ્રિય - બેઈન્દ્રિય - તેઈન્દ્રિય - ચઉરિન્દ્રિય નહીં પણ પંચેન્દ્રિય તે પણ માનવોને તળી નાંખવાના. કેટલો ગુસ્સો ?

બેનો દિવાળીમાં સાફસૂફી કરતા એકાદ ઈંડુ પડી જાય. ફુટી જાય તો આંખમાં આંસુ આવે. ખાવું પણ ન ભાવે. અમારી પાસે આવીને પ્રાયશ્ચિત માંગે. આ તો પંચેન્દ્રિય તિર્યંચની કક્ષામાં રહેલો જીવ તે પણ હજી ઈંડાની કક્ષામાં હતું. પણ તમારા છોર દીકરી - સાસુ - વહુ વિગેરે તમે જે ભગવાનને પૂજો તે પણ એ જ ભગવાનને પૂજે. તમે જેના વ્યાખ્યાન સાંભળો તે પણ એના જ વ્યાખ્યાન સાંભળે. તો તમે એમને જેમ તેમ બોલ્યા એની ઉપર ગુસ્સો કર્યો. એનું પ્રાયશ્ચિત કેટલી વાર કર્યું ? વહુને મેણા માર્યા, મા - બાપને જેમ તેમ સંભળાવ્યું. આનું પ્રાયશ્ચિત નહિં લેવાનું ? આ ક્રોધનો સ્વભાવ દુર નહીં થાય તો ધર્મ જામશે નહિં.

ચોમાસાની પારાશીશી ક્રોધથી પાછા હટીઓ. ક્ષમા એટલે અંદર પણ અકળામણ નહિં. પોતાનું ન ચાલે માટે ક્ષમા એવું નહિં. એની સામે ન બોલો અને એની વાત બીજા ૧૦ જણ પાસે ઓકો એ ન ચાલે ?

એક પહેલવાન ચાલતો હતો અને ઉપરથી મોટો પથ્થર પડ્યો. ગુસ્સો આવ્યો. સમજે છે શું એના મનમાં ? તે ગુસ્સાથી પથ્થર લઈ ઉપર પહોંચ્યો. પણ ત્યાં તો એનાથી વધુ પહેલવાન ૧૦ ગણા વધારે પથ્થરને લઈને ઉભેલો જોયો. પોતાનાથી બળવાન જોયો એટલે ચેલો કહે તમારો પથ્થર નીચે પડેલો તે આપવા આવ્યો છું.

ગુસ્સો દુશ્મન ઉપર કરાય કે મિત્ર ઉપર ? દુશ્મન ઉપર. તો ઘરના સભ્યો દુશ્મન છે કે મિત્ર ? મિત્ર. ગમે છે કે નહીં ? એટલું નક્કી કરો કે નથી ગમતા તો એમની સાથે રહેવાનું છોડી. ગમે છે તો ગુસ્સો નહીં કરવાનો. વારંવાર જાતને સંશોધો. મારી જીવનશૈલીમાં ક્રોધ ન જોઈએ. કડવા શબ્દો ન જોઈએ. ગુસ્સો કેમ કરો છો ? બચાવ માટે બોલો કે હું ગુસ્સો નથી કરતો મારો અવાજ મોટો છે. તો પછી ખાનગી વાત પણ મોટેથી કરોને ? ધીમેથી કેમ કરો છો ? મોટા અવાજે બોલવાની ટેવ કાઢવી જોઈએ. ધીમે બોલવાની ટેવ પાડો.

ભારતની અંદર સૌથી વધુ બુધ્ધિશાળી પ્રજા ઉત્તર ગુજરાતની તેમાં ૧૦ પાલન-

પુરી = ૧ રાધનપુરીની બુદ્ધિ ચડે. ૧૦ રાધનપુરી = ૧ પટણી.

સમજણના ઘરમાં આવ્યા પછી ભગવાનના શાસનને પામ્યા પછી મારે મનને કેળવવું છે. મારે ગુસ્સો નથી કરવો. અકળાવું નથી. ભાગ્યથી અધિક કોઈને કશું મળતું નથી. મારું હોય તે કોઈ આંચકી શકવાનું નથી. સાક્ષીભાવ લાવવો છે. કર્તૃત્વ ભાવ નહિં. નિષ્ક્રિયતાની પછેડી ઓઢવાની વાત પણ સૌની સાથે સ્નેહ વાત્સલ્ય. પ્રેમભર્યો વર્તાવ કરવો છે. ક્રોધ પોતાને બાળવા સાથે ઘરના બધાને બાળે. મારે ઠરવું છે. બધાને ઠારવા છે. કોઈને કાંઈ કહેવું હોય તો સહજતાથી કોમળ શબ્દોમાં કહેવું.

આ જગની અંદર આપણને બચાવે કોણ ? ધર્મ.. ધર્મ કોણ સુઝાડે ? ગુરૂ..
"શીખ દીયંતા રીસ ચઢાવે. ભાગ્યદશા તસ પરવારે." બીજા શીખામણ આપે અને રીસ ચઢાવે તો તેનું દુર્ભાગ્ય. બીજા શીખામણ આપે અને ગમે તે તેનું સૌભાગ્ય. મારો પુણ્યોદય હોય તો જ કોઈને કહેવાનું મન થાય.

ગુરૂની ગાળ ઘી ની નાળ. ભગવાન તો કોઈને શીખામણ આપતા નથી. ક્રોધ કરીએ અભિમાન કરીએ. માયા કરીએ તો પણ ભગવાન તો દાદાનું કામ કરે. ભગવાન-દાદાનો ખોળો છે. દાદા શું કરે ? ખોળામાં બેસી વહાલથી રમાડે. પણ ગુરૂએ પિતાનું કામ કરે. અવસરે કડકાઈનું કામ ગુરૂ કરે. દેરાસરમાં બધાની પ્રાર્થના ભગવાન સાંભળે પણ એનો જવાબ કોણ આપે ? મુખ્ય વ્યક્તિ સાંભળે પણ પ્રવક્તા (ગુરૂ) એનો જવાબ આપે. ભગવાનને પ્રાર્થના કરે પણ ગહીયો ગુરૂની પાસે જવાબ સાંભળવા ના જાય તો ના ચાલે. એટલે વ્યાખ્યાન સાંભળવા ન આવો તો ન ચાલે. બધાના જવાબ કાંઈ મનમોહનસીંગ ન આપે. એના આસિસ્ટન્ટ પાસે જવું પડે. તેમ દેરાસર જાઓ અને વ્યાખ્યાનમાં ન જાઓ અને પછી ફરિયાદ કરો કે ભગવાન જવાબ આપતા નથી એટલે બીજે ગયો. પણ એના આસિસ્ટન્ટ (ગુરૂ) પાસે જવું પડે.

હરિભદ્રસૂરિ મહારાજના ગુરુ મહારાજને આ વાતની ખબર પડી અને સમરાદિત્યના ૯ ભવની બે ગાથા મોકલી. અને તેણીને ટકોરો બસ. ૯ ભવના ખાલી નામ જ મોકલ્યા અને હરિભદ્રસૂરિ મહારાજનો ગુસ્સો શાંત થઈ ગયો.

જ્યાં રાગ હોય ત્યાં જ આવેશ હોય ત્યાં જ ક્રોધ હોય, રાગ જેટલો તીવ્ર તેટલો ગુસ્સો તીવ્ર. જેટલો રાગ ઓછો તેટલો ગુસ્સો ઓછો. પછીએ ભોજન પ્રત્યેનો રાગ હોય કે શિષ્ય પ્રત્યેનો રાગ હોય. રાગ સ્વયં જ ખોટો છે. રાગમાંથી આગ પેદા થાય. ક્રોધથી અટકાવવા માટે અપેક્ષા છોડો. કોઈપણ વ્યક્તિ પાસેથી અપેક્ષા રાખીએ એટલે ક્રોધ આવે.

આ હરિભદ્રસૂરિ મહારાજને કોણ બચાવે ? ભગવાન પણ બધુ ગુરુના મોઢે બોલે છે. જેને માથે ગુરુ હોય તે ઉગારી શકે. આ હરિભદ્રસૂરિ મહારાજના ગુરુએ પાયાનું પરિવર્તન કર્યું. સમરાદિત્યની કથાને હરિભદ્રસૂરિ મહારાજ જાણતા હતા. તેમના ગુરુને આશા હતી કે આના નામથી હરિભદ્રનું જીવન પરિવર્તન થશે. છેલ્લો ભવ ગિરિષેણ અને સમરાદિત્યનો આ બંનેને ૯ ભવથી વેર પરંપરા ચાલતી હતી. વેર એ કાંઈ નથી પણ વારેઘડીએ ક્રોધ કર્યો એ જ વેર છે. કર્મસત્તા કહે છે કોઈની ઉપર ગુસ્સો ન કર. વેરની ગાંઠ ન રાખ. વેરના વળામણા કરી દેવા છે. વિશ્વના તમામ જીવો સાથે મારે મૈત્રી કરવી છે. જો વેરના વળામણા કરવામાં ન આવે તો તેની પરંપરા કેટલાયે ભવ સુધી ચાલે.

આ વેરની પરંપરા પાર્શ્વનાથ ભગવાન ને ૧૦ ભવ સુધી ચાલી. જ્યારે ભગવાન કાઉસગ્ગમાં ઉભા હતા. જોરદાર વરસાદ આવ્યો. નાસિકા સુધી પાણી આવ્યું. આ ઉપસર્ગ આ ભવના વેરથી નથી આવ્યો. પણ પહેલા ભવથી આ વેરની પરંપરા ચાલી આવતી હતી. ભગવાન દરેક ભવમાં ક્ષમા વહાવે. કમઠ વેર જ બતાવે.

સામાન્ય ક્રોધમાંથી સળગ્યો વેરનો વિસ્તાર. તેથી ૫૦ લાખના નુકશાન કરતા ક્રોધનું નુકશાન ઘણું છે. ૫૦ લાખની પેટી જમાવવી સહેલી પણ પાંચ વ્યક્તિના હૃદયમાં સ્થાન મેળવવું મુશ્કેલ છે. તેથી ક્રોધ કરવો એ ભયંકર કોટીનું નુકશાન છે. નક્કી કરો પ્રભુ મહાવીર દેવને પામેલા આપણા મોઢે કડવા શબ્દો ન શોભે...

એક જીણો નામનો શેઠ હતો. રાજાએ કોટવાલ બનાવ્યો. કરડાકી જોરદાર. તેથી તેનાથી બધા ડરે. અને ૫-૧૫ જણને તો એવી સજા કરી કે કોઈ ચોરી કરવાનું નામ ન લે.

તે ભગવાનનો ભક્ત હતો. ૨-૩ કલાક ભક્તિ કરતો. જૈન શાસન કહે છે પહેલા ક્રોધ કડવા શબ્દોને દુર કર. ત્યાં એક ચારણ રહેતો હતો. એને વાત મગજમાં નહોતી બેસતી કે કરુણા સાગરને પૂજનારો આ કઠોર કેવી રીતે બની શકે ? કડવા શબ્દો કેવી રીતે વાપરી શકે ? તેણે એક સિપાહીને તૈયાર કર્યો. જીણો શેઠ સવારે અષ્ટપ્રકારી પૂજા કરવા મોટી પેટી લઈને દેરાસરમાં ગયા. તમે કેવી રીતે જાઓ ? જે પ્રભુના દેરાસરમાં ખાલી હાથે જાય તે ખાલી હાથે જ પાછો આવે.

સાચું બોલો મનમોહન સિંગને મળવા જાઓ ને ખાલી હાથે જાઓ ? ના.. તો પછી ભગવાન પાસે ખાલી કેમ ? જેવા આપણા ભાવ એવો પ્રતિભાવ. જેવી એક્શન એવું રીએક્શન. આજનો ભીખારી પણ એક રૂપિયાથી ઓછું નથી લેતો, અને તમે ભગવાનના દેરાસરમાં ૫૦ પૈસા જ મુકો તો તમારા હૃદયમાં ભગવાનનું સ્થાન ભીખારી કરતા પણ નીચું ને ? કેવી રીતે કલ્યાણ થાય ? પ્રભુને તમારા કુટુંબના સભ્ય તરીકે ગણો. પહેલા પરંપરા હતી કે જે ઘરમાં રસોઈ બને તે દેરાસરમાં પ્રભુને ધરાવવી. આ શાસ્ત્રિય વિધી છે. તેની

પાછળ કારણ તે હતું કે જે ચીજ દેરાસરમાં ન મુકાય તે વસ્તુ પેટમાં પણ ન પધરાવાય એટલે જે ચીજ દેરાસરમાં મુકાય તે જ ઘરે બનાવાતી. માટે અમારે તમને કહેવું ન પડે કે આ ખવાય અને આ ન ખવાય. અમદાવાદ સેફાલીમાં એક પરિવાર રોજ ત્રણે ટાઈમ ભોજનનો થાળ દેરાસરમાં મુકે છે.

જ્યારે કપડા ખરીદવા જાઓ ત્યારે ભગવાનના અંગલુછણાં પણ ખરીદવા. અરે? શાલીભદ્ર જેવો પણ રોજ નવા નવા કપડા પહેરતો. એક દિવસ પહેરેલા કપડા બીજા દિવસે ગટરમાં નાખી દેતો. અને ભગવાનને મહિના સુધી એકને એક અંગલુછણાં? સત્તરભેદી પૂજામાં આવે છે. વસ્ત્રપૂજા.. પહેલા ભગવાનનું પછી અમારું...

ચેલો જિંણો શેઠ નિસિહિ કહીને દેરાસરમાં પ્રવેશ્યો અને બહારથી ચેલા સિપાહી એ બૂમ પાડી કે જિંણા શેઠ? આપણે ઊંદરની ચોરી કરી છે. તેને શું સજા કરવી? મનમાં ઘણા વિચારો આવી ગયા. આને તો ફાંસીની સજા જ કરાય. પણ હું નિસિહિ કહીને દાખલ થયો છું એટલે બોલાય નહીં. અને તેણે એક ફુલ હાથમાં લીધું. કળીથી ચાંદડી જુદી કરી દીધી. એટલે ઈશારાથી સમજાવી દીધું કે ધડથી મસ્તક અલગ કરી દેવાનું. અને આ જોઈ ચારણે લલકાર્યું

" જિંણાને જિંણો મળ્યો પણ ન બન્યો તારણહાર,
જે અમારણ પૂજઈ એ કિમ મારણહાર."

આ જિણાને જિનેશ્વર ભગવાન મળ્યા પણ તારણહાર તેનો ન બન્યો. પરમાત્મા ક્યારેય ક્રોધ નહીં કરનારા એવા પ્રભુને પૂજી આપણાથી ક્રોધ કરાય? કડવા શબ્દો બોલાય?

આ સાંભળી ચેલો જિંણો શેઠ બહાર આવ્યો. ચારણે કહ્યું ઉંદર ચોરું તો રાખું ક્યાં? એટલું પણ વિચારતા નથી કે તમારી ધર્મના નામે નિંદા થાય છે. આટલા નિષ્ઠુર તમે બની શકો? આ તમને ન શોભે. ચેલો ચારણના પગમાં પડ્યો. હવે તુ મારો ગુરૂ. હવે ગુસ્સો નહીં થાય.

હરિભદ્રસૂરિ મહારાજ ને પણ ગુસ્સો આવી ગયો પણ ગુરુની ચિઠ્ઠી મલી ગઈ અને પરિવર્તન આવી ગયું. સમરાદિત્યે દરેક ભવમાં ક્ષમા આપી. એક ક્ષમાનો દરિયો અને એક ક્રોધનો દાવાનળ. ક્રોધના કારણે અંતર વધતુ ગયું. એક મોક્ષમાં ગયા અને એક સાતમી નરકે. ૧૪ રાજલોકનું અંતર થઈ ગયું. આ અંતર ક્રોધે કરાવ્યું. નથી જિંદગી આપણા હાથમાં છે. નાની નાની બાબતમાં ક્રોધ નથી કરવો. હરિભદ્રસૂરિ મહારાજ પશ્ચાતાપ ની ધારામાં આગળ વધ્યા. પશ્ચાતાપ લીધું. ૧૪૪૪ ને મારવાના ભાવને કારણે ૧૪૪૪ નવા ગ્રંથોનું સર્જન કરીશ. અને ધડાધડ ગ્રંથો લખવા માંડયા. પણ તેમનામાં કૃતજ્ઞતા ભાવ કેટલો કે દરેક ગ્રંથ પૂરો થાય ત્યારે લખે કે इयंकृती याकिनी महत्तरा सुनो: हरिभद्रसूरि। એ યાકિની મહત્તરાના પુત્ર ન હતા. પણ સાધ્વીજી મહારાજનો નાનો ઉપકાર પણ એ ભૂલ્યા ન હતા.

દસવૈકાલિકમાં લખ્યું કે જસન્તિએ ધમ્મપયાઈ સિક્ખે. જેની પાસેથી એક પદ

અક્ષર પણ ભણ્યા હોઈએ તેનો વિનય ક્યાં સુધી ? મન - વચન - કાયાથી એની સાથે વર્તન. મનથી અશુભ વિચારવાનું નહીં. વચનથી ગમે તેમ બોલવાનું નહીં. કાયાથી ઉદ્ધતાઈભર્યું વર્તન કરવાનું નહીં. 'કાય ગિરા ભો મન સાથ નિચ્ચં' ભણતા હોઈએ ત્યાં સુધી જ નહીં આખી જિંદગી સુધી એમનો ઉપકાર ન ભુલાય.

ધરતી ક્યારે કંપે છે કે જ્યારે કોઈએ કરેલા વિશ્વાસનો ઘાત કરે છે. કરેલા ઉપકારને ભૂલી જાય તેવા કૃતઘ્નીઓ પેદા થાય ત્યારે ધરતીકંપ થાય. જેને મા-બાપ પ્રત્યે ભક્તિ નથી. સાસુ-સસરા પ્રત્યે અહોભાવ નથી. તેઓ ધર્મ કરવાની યોગ્યતા ધરાવતા નથી. પગે લાગે પણ ત્રાસ દે તો ન ચાલે. તેમને પ્રસન્નતા આપવી.

૧ લો ગુણ કૃતજ્ઞતા - પોતાના પર કરેલા ઉપકારને સતત યાદ કરવો. હરિભદ્ર સૂરિ મહારાજ દરેક ગ્રંથમાં સાધ્વીજીને યાદ કરી અને સંદેશ આપે છે કે કોઈનો ઉપકાર ભૂલશો નહીં. બીજું દરેક ગ્રંથ નીચે લખે બે ચીજ આરાધના પાછળ પેદા થાય. ① શુદ્ધિ - નિર્મળતા - પવિત્રતા (૨) પુણ્યની પુષ્ટિ થાય.

દરેક આરાધના આત્માની શુદ્ધિ અને પુષ્ટિ કરે પાપનો ક્ષય કરે નિર્મળતા પેદા થાય.

આજની આરાધના દ્વારા જેટલી શુદ્ધિ પ્રાપ્ત થાય તે મને મળે. અને એના દ્વારા જેટલું પુણ્ય પ્રાપ્ત થાય તે જગતના જીવોને મળે. આરાધના કરતા સંકલ્પનું બળ વધુ હોય. દા.ત. બિલાડી પોતાના મોઢામાં બચ્ચાંને લઈ જાય અને ઉંદરડાને પણ લઈ જાય. પણ બચ્ચાંને સહી સલામત સ્થાને મુકવાનો આશય છે અને ઉંદરડાને મારવાનો આશય છે. બંને આશયમાં ફરક છે. શુદ્ધિથી મોક્ષ મળે અને જેટલું પુણ્ય પેદા થાય તેનાથી જગતનું કલ્યાણ થાઓ. મારું એમ નહીં જગતનું અમારા સૌનું કલ્યાણ થાઓ સર્વમાં આપણે આવી ગયા. કરૂણા નામનો ગુણ જોરદાર હતો. ત્યારે આવી ભાવના હતી. ગ્રંથની રચના ચાલુ થઈ. દિવસો વહેતા જાય છે. પણ હરિભદ્રસૂરિ મહારાજને ચિંતા હતી કે આયુષ્ય પુરુ થઈ જશે તો રચના અધુરી રહેશે. લલ્લિગ નામનો શ્રાવક હતો. તે ઉપકારીના ઉપકારને ભુલવા તૈયાર નહોતો. ગુરુની ચિંતાને ભક્ત ન જોઈ શકે. તેણે પૂછ્યું હું શું કરું ? હું આપને દુઃખી જોઈ શકતો નથી. હરિભદ્રસૂરિ મહારાજને ઢગલાબંધ શાસ્ત્રિય પદાર્થો મનમાં આવી રહ્યા છે. રાત-દિવસ લખવાનું મન થાય પણ રાત્રે લખુ કેવી રીતે ? લલ્લિગે કહ્યું કે દીવો કરી દઉં ? પણ હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું કે મારે બધું જ કરવું છે પણ ભગવાનની આજ્ઞાને વફાદાર રહીને. તો ઉપાય શું ? રત્નોનો પ્રકાશ ચાલે ? જો લાઈટની પ્રભાનો ઉપયોગ ચાલુ હોય અને અચાનક લાઈટ બંધ થાય તો ક્યાં બંધ થઈ એવો ભાવ થાય.

મેં દીક્ષા લીધી ત્યારે ચશ્મા નહોતા. પણ રોજ દોઢ કલાકના પાઠમાં ૮૦ પેજ લખાય તેથી રાત્રે પણ ચન્દ્રના પ્રકાશમાં લખતો. બે મહિનામાં ૧૬૦૦ પેજ લખ્યા. દીવાનો પ્રકાશ ન ચાલે. હીરા-માણેક વિ. નો પ્રકાશ ચાલે. આ લલ્લિગે રત્નો લાવીને જડી દીધા. હરિભદ્રસૂરિ મહારાજ પ્રાયશ્ચિત જલ્દીથી પુરુ કરવા તલપાપડ છે. એ પાપી નથી

ધર્માત્મા છે. જે પાપો બદલ રડે છે. પાપોનું પ્રાયશ્ચિત કરે છે. એકરાર કરે છે. આજે એમના ગ્રંથોને બધા સ્વીકારે છે. તેમનું નામ બધે ગવાય છે. કારણ પાપો બદલ રડ્યા હતા. જલ્દીથી પ્રાયશ્ચિત પુરુ કરવાની ખેવના હતી-તેથી રાત-દિવસ ગ્રંથોની રચના કરવા લાગ્યા.

છેલ્લું સૂત્ર સંસાર દાવાનલ. સંસાર દાવા ન બોલાય. પુરુ બોલો. સંસાર દાવા એટલે સંસારનો દાવો આવે અને દાવાનલ બોલો એટલે ભડભડતી આગવાળો સંસાર દેખાય. આગ લગાડી છે. અને આગલ ગાડી છે. આમ એક અક્ષર પણ આઘો પાછો થાય તો અર્થનો અનર્થ થાય.

સંસાર દાવાનલની રચના કરતા કરતા હરિભદ્રસૂરિ મહારાજનું આયુષ્ય પુરુ થયું. પછી શાસન દેવી આવી આખા સંઘમાં પ્રવેશી અને છેલ્લી ગાથા પુરી કરી તેથી આપણે બધા સાથે બોલીએ છીએ.

શ્રાવણ સુદ- ૧૦ શુક્રવાર

તીર્થંકર પરમાત્માએ ધુણી ધખાવી તેમાંથી જાત-જાતના તણખા જાગ્યા. તેમાંનો હરિભદ્રસૂરિ મહારાજે રચેલો ધર્મબિન્દુ ગ્રંથ. જ્યાં સુધી તેના શબ્દોના ભાવ ન ઓળખી શકાય. હરિભદ્રસૂરિ મહારાજના ચૈતન્યનો આપણે સ્પર્શ કર્યો. પહેલા જૈનોના કટ્ટર. તે કહેતા હાથીના પગ નીચે કચડાઈ જવું સારું પણ જૈનોના મંદિરમાં પગ ન મુકવો. એકવાર કોઈ કારણસર દેરાસરમાં આવી ગયા. ભગવાનને જોયા અને કહ્યું નક્કી તું માલમલીદા ખાતો લાગે છે. તારું શરીર જ એમ કહે છે પણ પછી દ્રષ્ટિ બદલાઈ. પછી એ જ હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે वपुरेव તવાચષ્ટે સ્પષ્ટં वीतरागताम । તમારી આકૃતિ જ કહે છે કે તમે વીતરાગ છો. કારણ આજુબાજુ કોઈ શસ્ત્ર નથી. પત્ની નથી. દ્રષ્ટિ બદલાઈ ગઈ. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. દ્રષ્ટિમાં સુંદર ગુણ રૂપી અમીના અંજન હોય તો ગુણ જ દેખાય.

એકવાર યુધિષ્ઠિર અને દુર્યોધન બંનેને બોલાવ્યા. યુધિષ્ઠિરને કહ્યું કે આખા નગરમાંથી ખરાબમાં ખરાબ માણસોના નામ લખી લાવો. દુર્યોધનને સારામાં સારા માણસોના નામ લખવાના કહ્યા. સાંજે બંને પાછા આવ્યા. પૂછ્યું કેટલા નામ લખ્યા ? બંનેના ચોપડા કોરા. કારણ યુધિષ્ઠિરને કોઈ ખરાબ ન દેખાયું. અને દુર્યોધનને કોઈ સારું ન દેખાયું. આમા વાંક જોનારનો છે. માણસનો નહીં. બધા ખરાબ લાગે તો સમજવું આપણે ખરાબ છીએ. બધા સારા લાગે તો સમજવું આપણે સારા છીએ. આપણી નજર સ્વાર્થથી ભરેલી છે. સ્વાર્થ જેનાથી સધાય તે સારા

લાગે. અને જેનાથી સ્વાર્થ ન સધાય તે ખરાબ લાગે.

હરિભદ્રસૂરિ મહારાજની દૃષ્ટિ બદલાઈ ગઈ મૂર્તિ તેની તે જ હતી. પણ પહેલા તેમને મૂર્તિ લાગતી હતી હવે તે મૂર્તિમાં સાક્ષાત ભગવાન લાગવા માંડયા. આપણે મૂર્તિ પૂજક કે ભગવાન પૂજક ? તો દેરાસરમાં જઈએ ત્યારે ભગવાન કેવી રીતે ઉપાડીએ ? પૂજારીને તો ભગવાન આજીવિકાનું સાધન છે. એ તો બે હાથમાં ચાર ભગવાન ઉપાડે. ઊંધા પણ કરે. ભગવાન ઉપર ઘસી ઘસીને વાળાકુંચી ફેરવે તમને કાંઈ ન થાય ? એકવાર તમારા શરીર પર તો ફેરવી જુઓ. ઉઝરડા પડશે. તમારે પૂજારીને કહી દેવાનું કે તારે બહારનું કામ કરવાનું. ભગવાનને નહીં અડવાનું. આપણને ભગવાન ગમતા નથી કે શું તે તપાસવું પડે.

એક ડોશી કૃષ્ણને માનનારી. એક સંન્યાસીને તેણે પૂછયું કે મારે ભગવાન સાથે વાત કરવી છે પણ મેળ જ જામતો નથી. મંદિરમાં જાઉં ને બધા અવાજ કરતા હોય તેથી મેળ નથી જામતો. સંન્યાસીએ કહ્યું સવારે વહેલા જ વાગે વાત કર. આખી દુનિયામાં શાંતિ હોય તારે સારી રીતે વાત થશે. ડોશી કહે ના સવારે વહેલા નહીં. સંન્યાસી કહે કેમ ? થોડો પ્રમાદ તો છોડવો પડે. વહેલા ઉઠવું પડે. ભગવાન સાથે વાત કરવા કંઈક કિંમત તો ચૂકવવી પડે ને ? ડોશી કહે મને તો કાંઈ વાંધો નથી હું તો ૨ વાગે પણ ઉઠી જાઉં. તો શું છે ? પણ સવારે જ વાગે મંદ - મંદ પવન વાતો હોય. શાંત વાતાવરણ હોય. ત્યારે મારો કનૈયો સૂતો હોય. તેની ઉંઘમાં હું ખલેલ પાડવા નથી માંગતી. તેને કનૈયો જીવતો જાગતો લાગતો હતો. જ્યારે મને - તમને ભગવાન જીવતા - જાગતા લાગ્યા છે ? ભગવાનની વીતરાગતાને નીહાળો. તેની અચિંત્ય શક્તિને સ્પર્શો. હરિભદ્રસૂરિ મહારાજ કહે છે. नमे रागो वीरे नच द्वेषो कपिला दिषु, युक्तिमद् वचनं यस्य तस्य कार्य परिग्रह :। મને મહાવીર પ્રત્યે રાગ છે. મહાવીર આ દુનિયામાં પૂજ્ય હતા એટલે હું પૂજું છું એવું નથી. અને મહાદેવ વિ. હલકા છે એટલે હું નથી પૂજતો એવું નથી. તો પછી તમે જૈન શાસનની શા માટે મહાનતા ગાઓ છો ? તમે બ્રાહ્મણ હોવા છતાં પોતાની વિદ્યા હોમ હવન છોડી કેમ જૈન સાધુ બની ગયા ? દુનિયામાં એક નિયમ છે. જેનું વચન યુક્તિ સંગત હોય. જેના વચન પાછળ લોજિકનું બળ હોય. તેવા વચન અમે માનવાના. જૈન શાસનમાં બધાને તારવાની વાત છે. જીવનમાં આગળ વધવું હોય તો માધ્યસ્થ ભાવ રાખવો. કોઈ વાતમાં કદાગ્રહ ન જોઈએ.

હરિભદ્રસૂરિ મહારાજ માધ્યસ્થ ભાવને બતાવે છે કે મારું તે સારું નહિં પણ સારું તે મારું. અન્યધર્મમાં જે કાંઈ સારુ જોવા મળે છે તે બધું જ જૈન ધર્મમાંથી ગયેલું છે.

પરમાત્મા ઋષભદેવ વિહાર કરતા કરતા તક્ષશિલા નગરીના ઉદ્યાનમાં પધાર્યા. બાહુબલીને સમાચાર મળ્યા. સામૈયાની જોરદાર તૈયારી કરી અને વિચાર્યું સવારે વંદન કરવા જઈશ. અને સવારે વંદન કરવા આવે છે. ભગવાન વિહાર કરી ગયા. ત્યારે બાહુબલીને અત્યંત આઘાત લાગે છે. જોરજોરથી રડે છે. અને મોટેથી પ્રભુના નામની બુમ પાડે છે. "બાબા આદમ" આદમ એટલે આદિનાથ ભગવાન. આ જે બુમ પાડી તે અત્યારે મુસલમાનો બાંગ પોકારે છે. તે આ પરંપરાથી આવે છે.

અગ્નિહોત્રી બ્રાહ્મણ પારસી હુતાશન (અગ્યારીમાં કાયમ હોય) તે લોકો કેમ અગ્નિને

આટલો પૂછે ? તો ઋષભદેવ ભગવાન અષ્ટાપદ ઉપર ૧૦૮. ૫૦૦ ધનુષ્યની કાયા-વાળા એકી સાથે મોક્ષે ગયા. પછી ઈન્દ્રો વિ. દેવો આવ્યા. ત્રણ શિબિકા બનાવી. એક તીર્થંકરની, બીજી ગણધરોની, ત્રીજી મુનીઓની પછી અગ્નિ સંસ્કાર પૂર્ણ થયો. ત્યારે કેટલાક દેવોએ ભગવાનનો અગ્નિ લીધો. કેટલાકે ગણધરોનો અગ્નિ લીધો. કેટલાકે મુનિઓનો અગ્નિ લીધો. મુનિઓનો અગ્નિ બુઝાઈ જાય તો તેને પ્રગટાવવા ગણધરોનો અગ્નિ લેવાય. ગણધરોનો અગ્નિ બુઝાઈ જાય તો તિર્થંકરોનો અગ્નિ લેવાય. પણ ભગવાનનો અગ્નિ આજ સુધી ચાલે છે. તે અગ્નિ આજે પારસી અને અગ્નિહોત્રી બ્રાહ્મણો સુધી ચાલુ છે.

અજૈનો માને છે કે સાગરમાં એક ઈંડુ ફૂટ્યું અને દુનિયા બની ગઈ. વાત એવી બની છે કે ભરત ચક્રીની આયુધ શાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. અને એક બાજુ ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ભરત વિચારે છે કે કેવળજ્ઞાનનો મહોત્સવ કરું કે ચક્રરત્નનો ? અને તેણે પહેલા કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. પછી ૬૦ હજાર વર્ષ સુધી છ ખંડ સાધવા જાય છે. તેમાં ત્રીજો ખંડ સાધવા જતા વૈતાઢ્ય પર્વત વચ્ચે ૫૦ હજાર યોજનની મોટી ગુફા છે. ૧ યોજન = ૫ હજાર કીલોમીટરથી પણ વધારે કીલોમીટર. તેમાં ચક્રવર્તીની મણિરત્ન - કાકીણીરત્ન વિ. એવી લાઈટો છે જે ૧૨ યોજન સુધી પ્રકાશ આપે. પછી વચ્ચે નદી આવે. તેનું નામ નિમગ્ના. તેમાં જે નાંખો તે ડુબી જાય. પછી બીજી નદી આવે તેનું નામ ઉન્મગ્ના. પછી વાર્ધકી રત્ને પુલ બનાવી નદી પસાર કરી. પછી બીજી બાજુના દરવાજામાંથી નિકળ્યા. ત્યા અનાર્ય દેશોના મ્લેચ્છો વિચારે છે કે આ કોણ છે ? આ આપણું રાજ્ય લઈ લેશે. તો એમ વિચારી મ્લેચ્છો યુધ્ધ કરવા આવ્યા. પણ ચક્રીના સૈન્ય સામે મ્લેચ્છો ટકી શકે ? મ્લેચ્છો હાર્યા તેથી તેમણે તેમના અધિષ્ઠાયક દેવ મેઘકુમારને પ્રત્યક્ષ કર્યા. મેઘકુમાર કહે છે આ ચક્રવર્તી છે તેમના શરણે ચાલ્યા જાવ. પણ મ્લેચ્છો ના પાડે છે. તેથી દેવ કહે છે કે દેવનું દર્શન ક્યારેય નિષ્ફળ ન જાય તેથી શક્ય તેટલું મોત ઠેલું છું. અને મેઘકુમારે વાદળા વિકુર્વ્યા ધોધમાર વરસાદ પડ્યો. લગાતાર ૧૨ વર્ષ સુધી વરસાદ પડ્યો.

ચર્મરત્ન નીચે મૂકી દીધું. તે ધીમે ધીમે મોટું થતું જાય. ૧૨ યોજન સુધી મોટું થાય. તેમાં બરાબર વચ્ચે હાથી તેના ઉપર ભરતરાજા બેઠા અને તે છત્રરત્ન ઉપરથી ગોળ-ગોળ અને ચર્મરત્ન ઉપર સમગ્ર સૈન્ય ચઢી ગયું. એટલે છત્રરત્ન અને ચર્મરત્નનો ઈંડા જેવો આકાર થઈ ગયો. તેમાં મણિરત્ને પ્રકાશ કર્યો. વાર્ધકિરત્ને ઈમારતો-નગર બનાવ્યા. દંડરત્ન વડે અનાજ વગેરે તૈયાર થવા લાગ્યું. ૧૨ વર્ષે પણ વરસાદ ન અટક્યો તેથી ભરતે વિચાર્યું. આ કુદરતી તો નથી જ તેથી તેના સેવક દેવોને તેણે આદેશ કર્યો. તેથી તેઓ મેઘકુમાર દેવોને પકડી લાવ્યા. તેણે માફી માંગી. વરસાદ બંધ થયો. પછી મેઘકુમારે મ્લેચ્છો ને કહ્યું કે હવે ચુપચાપ આમનું શરણું સ્વીકારી લો.

વરસાદમાં ભરત રાજાની છાવણી ઈંડાની જેમ તરવા લાગી. પછી છત્રરત્ન દૂર કરાયુ અને અનાર્ય મ્લેચ્છોએ ઈંડામાંથી ભરત ચક્રી સહીત આખી નગરી બહાર નીકળતા જોઈ તેથી માન્યતા થઈ કે બ્રહ્માએ દુનિયા બનાવી. બ્રહ્મા એટલે ભરત ચક્રવર્તી. દુનિયામાં કોઈપણ વસ્તુના મૂળિયા જૈન શાસનમાંથી મળશે.

હરિભદ્રસૂરિ મહારાજ કહે છે આ જૈનશાસન અદ્ભુત છે માટે તેને સંકુચિત કાટલામાં નથી પૂરવું. તેથી જ ધર્મબિન્દુ ગ્રંથના મંગલાચરણમાં 'પ્રણમ્ય પરમાત્માનં' લખ્યું, પણ તિર્થંકરનું નામ ન લખ્યું. કારણ જૈનશાસનના પદાર્થોને સર્વવ્યાપક બનાવવા છે. માટે જૈન-શાસન સર્વ માટે છે. માત્ર જૈનો માટે છે એવું નથી. કારણ જૈનશાસન એ વ્યક્તિ પૂજાને નથી માનતુ. 'સમુદ્ધૃત્ય શ્રુતાર્ણવ' શ્રુતમાંથી ઉધ્ધારીને કહ્યું પણ દ્વાદશાંગીમાંથી કે કોઈ પૂર્વ-માંથી ઉધ્ધાર્યું છે એવું ન કહ્યું. જેને પણ આત્માનું કલ્યાણ કરવું હોય તે બધા માટે આ જૈનશાસન છે.

મહાત્માના ચાર પુત્રો. તેમા ત્રીજા નંબરના પુત્ર દેવદાસ ગાંધી. જોરદાર બુધ્ધિશાળી મહાન તત્ત્વચિંતક તેણે બર્નાડ શો ને પ્રશ્ન પૂછ્યો. તમે અહીંથી મરીને બીજે જન્મ લેવાના છો.? હા.. તો તમે ક્યાં જન્મ લેવા ઈચ્છો છો? બર્નાડ શો એ જવાબ આપ્યો હિન્દુસ્તાન માં જૈન ફેમિલીમાં હું જન્મ લેવા ઈચ્છુ છું. મને અને તમને જૈનધર્મ મળ્યો તેનો જેટલો આનંદ નથી તેટલો ચેલાને નથી મળ્યો તેનો ત્રાસ છે.

ક્રિશ્ચનો કહે ભગવાન એક જ બની શકે. મુસલમાન કહે ખુદા એક જ બની શકે. પણ જૈનશાસન કહે છે જે પોતાના રાગ-દ્વેષને ખલાસ કરે, ગુણોની ખીલવણી કરે તે બધા ભગવાન બની શકે. માટે બર્નાડ શો કહે છે કે મારે ભગવાન બનવું છે. માટે હું જૈન ધર્મમાં જન્મ ઈચ્છુ છું. આ જૈન ધર્મ મને અને તમને આટલો મહાન લાગ્યો છે? ભગવાન બનવું છે? તમે હા પાડશો. પણ હું પૂછીશ કે સર્વવિરતી લેવી છે? તો ના કહો તે ન ચાલે. હાથમાં ઓઘો ના આવે તો ચાલે પણ હૈયામાં ઓઘો જોઈએ.

જૈન ધર્મ એવો છે કે તેણે એક વ્યક્તિને મોનોપોલી નથી આપી. હરિભદ્રસૂરિ મહારાજ માધ્યસ્થ ભાવનાવાળા છે. તે જૈનશાસનને આખા જગત સુધી પહોંચાડવા માંગે છે. તે તેથી 'પ્રણમ્ય પરમાત્માનં' લખ્યું. જૈન શાસનની પરિભાષા દ્વાદશાંગી એમ ન કહ્યું. પણ શ્રુતસાગર કહ્યું. જૈન ધર્મનુ બિન્દુ કહીશ એવું ન કહ્યું પણ ધર્મબિન્દુ કહીશ એમ કહ્યું. એટલે દરિયાના એક ટીપા જેટલું હું કહીશ. આટલું સમજાઈ જશે તો દરિયામાં ડુબકી લગાવવાનું મન થશે.

પ્રણમ્ય એટલે પ્રકર્ષે કરીને નમવું. જો પરમાત્માને નહિં નમીએ તો ઈન્કમ ટેક્ષથી માંડી બૈરી અને બે પૈસાના હજામને પણ નમવું પડશે. ભગવાનને વંદન - દર્શન અહો - ભાવ પ્રગટ કેમ કરાય? કાયાથી વંદન, વચનથી સ્તવના અને મનથી અનુચિંતન. પરમાત્માના ગુણોનું ચિંતન પ્રભુ કેવા ક્ષમાના દરિયા અને હું ક્રોધથી ભરીયો. અરિહંત વંદનાવલીમાં પ્રભુના ગુણોની પ્રશંસા અને રત્નાકર પચ્ચીશીમાં પોતાની નિંદા. પોતાના પાપો - દોષો બદલ રડવાનું છે. અને આત્મનિંદા બત્રીશી કુમારપાળે બનાવેલી. તેમાં પણ

પોતાના પાપો બદલ રડવાનું છે.

જેમ સમુહમાં આરાધના કરવાની ટેવ પાડવાની છે. તેમ એકલા પણ સાધના કરવાની ટેવ પાડવાની છે. કારણ મોક્ષમાં પ મા અનંતા જેટલા સિધ્ધો હોવા છતાં એકલા જ રહેવાનું છે. આપણા જીવનનું માર્કિંગ કરવાનું છે કે મારા જીવનમાં ક્યાં ગડબડ થાય છે. લોકોના સમુહમાં આંખમાં આંસુ પાડવાની તાકાત આપણી પાસે નથી કારણ આબરૂનો ડર છે. અહંકાર નડે છે. પણ એકલા જઈને તો આંસુ પાડી શકોને ? આલંબન તરીકે લેવાનું રત્નાકર પચ્ચીસી.

શ્રાવણ - દ્વિ. ૧૩ - મંગળવાર

હરિભદ્રસૂરિ મહારાજે જૈનશાસનનો જયજયકાર કરી દીધો. જિનશાસનના અણગાર બન્યા. એટલું જ નહીં. પણ જિનશાસનના પદાર્થો બધા સુધી પહોંચે તેના માટે ગ્રંથમાં ગુંથી દીધું.

એક સિધ્ધ નામનો જુગારી હતો. તે જુગારીની પત્ની દિવસે રોજ ઝોકા ખાય. તેથી એક દિવસ સાસુએ પૂછ્યું કેમ દિવસે ઝોકા ખાય છે ? રાત્રે ઉંઘ નથી આવતી ? ત્યારે તેણે કહ્યું કે તમારો પુત્ર રોજ રાત્રે ગમે તેટલા વાગ્યે આવે છે. તેમના માટે જાગતું રહેવું પડે છે. ત્યારે સાસુએ કહ્યું આજે તુ સુઈ જજે એ આવશે ત્યારે હું બારણું ખોલીશ. અને ૧૧ - ૧૨ વાગ્યા ત્યાં તો પેલો જુગારી આવ્યો. બારણું ખખડાવ્યું. તેની માતાએ કહ્યું. જ્યાં દરવાજા ખુલ્લા હોય ત્યાં જા. અને પેલો ત્યાંથી નીકળ્યો. શેરીએ - શેરીએ પહોંચ્યો. પણ બધા જ દ્વાર બંધ. પણ શેના બારણા ખુલ્લા હોય ? ઉપાશ્રયના. ગમે તેવા દુ:ખી હોય તેમને શાંત - પ્રશાંત બનવાનું સ્થાન ઉપાશ્રય - દેરાસર - સંત અને ભગવંતના દરવાજા બધા માટે ખુલ્લા હોય. આ બે હસ્તી કહે છે પાપીઓ આવો. દુ:ખીઓ આવો. અમારી આંખમાં બધા માટે અમી છે. પ્રેમ છે. વાત્સલ્ય છે. અને તમારે ત્યાં સુખીને આવકાર છે. દુ:ખીને નહીં. ભાઈ સુખી હોય ત્યાં સુધી જ બેન બોલાવે. બેન સુખી હોય ત્યાં સુધી ભાઈ બોલાવે.

આ સિધ્ધ જુગારી ઉપાશ્રયમાં પહોંચ્યો. કોઈ મહાત્મા કાઉસ્સગ્ગમાં લીન છે. કોઈ સ્વાધ્યાયમાં લીન છે. કોઈ હાથમાં નવકારવાળી લઈને બેઠા છે. સિધ્ધ માટે તો આ નવું જ સ્થાન છે. આ બધા કેવા શાંત - પ્રશાંત છે. બધાને એકબીજા પ્રત્યે લાગણી છે. છતાંય કોઈને કીસ્ટર્બ નથી. કોઈને કોઈના પ્રત્યે દ્વેષ નથી.

કેટલા શાંત છે. સિદ્ધ થયું અહીંયા જેવી મજા બીજે ક્યાંયે નથી. સવારે ગુરુ મહારાજને કહે મને તમારા જેવો બનાવો. આટલું ઝડપથી પરિવર્તન. જે પરિવર્તન કરવા માંગે તેનું પરિવર્તન થયા વગર ના રહે. અને જેને નથી કરવું તે ગમે તેટલા વ્યાખ્યાન સાંભળે તો પણ ન થાય. પહેલા જાતને પૂછો પરિવર્તન કરવું છે?

આ સિદ્ધ સાધુ બની ગયો. સિદ્ધર્ષિ બની ગયો. તેને બૌદ્ધનું ભણવાનું મન થયું. તેણે ગુરુ મહારાજને પૂછયું. ગુરુએ કહ્યું પહેલા અહીંનો અભ્યાસ પૂરો કર. પછી બીજે જવાય. પણ ચેલાએ માન્યું નહીં. તેથી ગુરુએ કહ્યું કદાચ ત્યાં રહી જવાનું મન થાય તો મને ઓઘો આપવા પાછો આવજે. અને ગયો. ત્યાં રહેવા જેવું લાગ્યું. તેથી અહીં ઓઘો પાછો આપવા આવ્યો. ગુરુએ પૂછયું ત્યાં શું વિશેષતા લાગી? સવાલો પૂછયા. પાછું અહીં રહેવાનું મન થયું. બૌદ્ધ ગુરુએ પણ કહેલું કે ઓઘો આપવા આવજે. આમ ૨૧ વાર આમ તેમ કર્યો.

આ બૌદ્ધ મતને જાહેર કોણે કર્યો. કાંપિલ્યપુર નગરના રાજાના યશોધરા સાથે લગ્ન કરેલા તેનો દિકરો ગૌતમ કુમાર. વૈરાગ્ય પામી દીક્ષા લીધી. પાર્શ્વનાથ ભગવાનના સાધુ પાસે. તેમનું નામ પડયું ધર્મકિર્તી વિજય. તેમણે ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. સંયમ જીવનના કેટલાક કષ્ટો ઠંડી - ગરમી - ભુખ - તરસ વિ. સહન થતા નથી. દીક્ષા પળાય તેવું નથી અને છોડાય તેમ પણ નથી. પરિણામે અકળાયેલા એક વાર રસ્તા ઉપરથી પસાર થતા હતા. એક મકાન ખુલ્લુ હતું. પિતા સંગીતકાર દીકરીને શીખામણ આપતા હતા. કે દીકરી તંબુરાના તાર બહુ ટાઈટ પણ ન બાંધતા જેથી તૂટી જાય અને ઢીલો પણ ન બાંધતી જેથી અવાજ જ ન આવે. મધ્યમ બાંધજે. ધર્મકિર્તી મુનિએ આ વાક્ય સાંભળ્યું. તેણે વિચાર્યું આ ધર્મ બહુ કડક છે. ખેંચીએ તો શરીર તૂટી જાય અને સંસાર માર્ગ ઢીલો છે. એટલે નવો મધ્યમ માર્ગ ઉભો કરું. તેનું નામ બૌદ્ધ. તેમાં ૮૦ - ૯૦ ટકા વાતો મળતી આવે. પણ મધ્યમ વાતો આવે. માંસ ખવાય પણ મરેલા કલેવરનું, કોઈને મારીને નહીં.

છેલ્લી વાર બૌદ્ધ ભિક્ખુએ એવી દલીલ કરી અને સચોટ જેથી સિદ્ધર્ષિનું મન નક્કી થઈ ગયું.

જ્યાં સુધી બહુમાન હોય ત્યાં સુધી જ વિનય વિવેક રહે. બહુમાન જાય ત્યાં જ ઉધ્ધતાઈ આવે. તમારા દીકરા - દીકરીમાં એવું દેખાય તો સમજવું તમારા પ્રત્યે સદ્ભાવ ઓછો છે. હવે જ્યાં સુધી સદ્ભાવ પેદા ન થાય ત્યાં સુધી મૌન જ રહેવાનું. બોલવાનું બંધ કરી દેવાનું. નાની વાતોમાં લેટ - ગો અને મોટી વાતોમાં લેટ-ગોડ. ભગવાનને સોંપી દેવાનું. જ્યાં સુધી સદ્ભાવ ન આવે ત્યાં સુધી તમારી બધી વાતો ઊંધી જ પડવાની. ભગવાનને પ્રાર્થના કરવાની તે બધાને સદ્બુદ્ધિ મળે તો સારુ. હવે મોઢાથી કામ નહીં કરવાનું. આંખમાંથી આંસુ પાડવાના.

આજે સિદ્ધર્ષિને ગુરુ તરફ સદ્ભાવ નથી. અત્યાર સુધી આવતો ત્યારે નિસિહિ કહીને આવતો. વંદન કરતો. આજે તો દુરથી કહે લો તમારો ઓઘો. ગુરુ મહારાજે એ જાણી લીધું કે હવે સદ્ભાવ નથી. વાત કરવાથી સુધરવાને બદલે બગડવાના ચાન્સ વધારે છે. તેથી તેમણે વિચાર્યું હવે મારા શબ્દો કામ નહીં કરે. એટલે પુસ્તક મૂકી હમણા મારે સ્થંડિલ જવું

છે એમ કહી નીકળી ગયા. સુંદર ગ્રંથ પાટ પર મૂકીને ગયા. એ ગ્રંથ બીજો કોઈ નહીં લલિતવિસ્તરા જેમાં ચૈત્યવંદન સૂત્રના અર્થો, નમુત્થુણં સૂત્ર પરની વિવેચના હતી. સિધ્ધર્ષિ જ્ઞાન મેળવવાની રૂચિવાળો. પુસ્તક વાંચવા માંડયો. તેમાં તેના તમામ સવાલોના જવાબ મળતા ગયા. અને નક્કી કર્યું હવે ક્યારેય આ ગુરૂને છોડવા નથી. ગુરુ આવ્યા. તરત ઉભો થઈ ગયો. સામે ગયો. આંખમાં આંસુ સાથે કહે મને માફ કરો. મારા જીવનનું પરિવર્તન આપે જ કર્યું છે. હું ઉધ્ધત બન્યો. સ્વચ્છંદી બન્યો. આપ જ મારા સાચા ગુરુ અને બીજા ગુરુ હરિભદ્રસૂરિ મહારાજ જેમણે મને સુધારવા જ આ ગ્રંથ રચ્યો લાગે છે. સિધ્ધર્ષિ સ્થિર થઈ ગયા.

સિધ્ધર્ષિ મુનિએ ઉપમિતિ ભવપ્રપંચા કથા રચી. વૈરાગ્ય માટે અવશ્ય તે વાંચવી જોઈએ. જેમાં આંખ, નાક, કાન વિ. સબ્યો રાગ કેસરી, ક્રોધ અભિ-માન હાથી.. તેમ કહેવાય છે કે આ ગ્રંથને વાંચે અને વૈરાગ્ય ન થાય તો તે ભારે કર્મી છે એમ સમજવું. ભલે દીક્ષા ન લે પણ સંસારમાં વૈરાગ્યથી રહે. ઉપમિતિમાં લખ્યું છે. હરિભદ્રસૂરિ મહારાજ મારા ગુરુ જેમણે મને જૈનશાસનમાં સ્થિર કરી દીધો.

હરિભદ્રસૂરિ મહારાજ જન્મથી બ્રાહ્મણ હોવા છતાં ચૌદ વિદ્યાના પારગામી અને ચાર વેદના જાણકાર હોવા છતાં જૈન શાસનના કેવા ભાવુક બની ગયા ? જેમણે પરમાત્માને જ સાચા માન્યા. તેમના માટે કેવા ગ્રંથોની રચના કરી.

मंगल मम् गालयति । મને ગાળી નાંખો એટલે સ્વરૂપને નહીં પણ અંતરના ખરાબ સ્વરૂપ કામ, ક્રોધ, ઈર્ષા વિ. ને ગાળી નાંખો. તે મંગલ કોઈપણ વસ્તુમાં ત્રણ મંગલ કરાય.

શરૂઆતમાં કોઈ પણ વિઘ્ન વિના આ ગ્રંથ પૂર્ણ થાય. બીજું મંગલ વચ્ચે પર્યુષણ પછી કરવામાં આવે તે. શા માટે ? જે કાંઈ સાંભળ્યું લખ્યું તે બધુ હૃદયની અંદર મજબુતાઈથી સ્થિર થઈ જાય. પછી છેલ્લું મંગલ - જે કાંઈ જાણ્યું - પામ્યા - મેળવ્યું શિષ્ય પરિવાર પાછળની પેઢીમાં લગાતાર ચાલુ રહે. આગળ દીવો અને પાછળ અંધારા જેવું ન જોઈએ.

તમારા સંસારના દ્રવ્ય મંગળ ફળ આપે પણ ખરા, ન પણ આપે. પણ ભાવ-મંગલ એ ફળ આપે. અહીં હરિભદ્રસૂરિ મહારાજ ગ્રંથની રચના કરે છે. તેથી પહેલુ મંગળ કરે છે કે કાંઈ વિઘ્ન ન આવે તેના માટે ભાવમંગલ કરવું છે તે દેવ-ગુરુ-ધર્મને કરાતા નમસ્કાર દ્વારા થાય છે.

કાળ ચોઘડીયું હોય, ગ્રહો ખોટા સ્થાને હોય, શનિ વિ. ની હોરા ચાલતી હોય તે વખતે કામ કરવું જરૂરી હોય તો ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપીને જાઓ તો બધા જ અપશુકનો શુકનો બની જશે. જિનશાસનની રચના ત્રણ પ્રદક્ષિણાથી જ થઈ છે. ત્રણ પ્રદક્ષિણા જેવો ઉત્કૃષ્ટ વિનય બીજો કોઈ નથી. આવું કેમ માની લીધું કે ગ્રંથમાં વિઘ્નો આવવાના છે. ? નેગેટીવ થીંકીંગ શા માટે ? આત્મ-વિશ્વાસથી આગળ વધવાનું છે. આ નેગેટીવ થીંકીંગ નથી પણ આ ચોક્કસાઈ છે, ચીવટ છે. બોમ્બની અફવામાં કોઈ બીજા રસ્તેથી જાય તે ચીવટ છે. તો વિઘ્નો

ની કલ્પના કેમ કરી ? श्रयोसि बहु विध्वानि । જે ખરાબ કાર્યો હોય તેમાં વિઘ્નો કદાપિ ન આવે. અને કલ્યાણકારી માર્ગમાં ઢગલાબંધ વિઘ્નો આવે. તો આ ગ્રંથ જગતના કલ્યાણ માટે છે તેથી ભાવમંગલ કર્યું 'પ્રણમ્ય પરમાત્માનં' હરિભદ્રસૂરિ મહારાજ કદાગ્રહવાળા નથી, તેથી તેમણે કોઈ ભગવાનને નહીં પણ પરમાત્માને વંદન કરી. પ્રણામ કરવાથી પાપો નાશ પામે છે. દોષો નાશ પામે છે કારણ અહંકાર જાય ત્યારે જ નમી શકે. કોઈએ કહ્યું છે 'અહં રે અહં તુ જાને સરી, પછી બાકી રહે તે હરી' માટે જૈનશાસનનો મૂળભુત મંત્ર નમો. ઝૂકતા જાઓ. જેથી વેરની ગાંઠ છૂટે. નમવાની અને ખમવાની સાધના જિનશાસનમાં છે. આ સાધના અહંકારનો નાશ કરે.

વંદન, સ્તવન અને ચિંતન. વંદનમાં કાય નમે, અકડું શરીર નમે અને આગળ વધતા પાંચે અંગો નમી જાય. દેરાસરમાં જઈએ ત્યારે આ ત્રણે પ્રકારના પ્રણામ આવી જાય. તેને પ્રણામ ત્રિક કહેવાય. (૧) અંજલિ બધ્ધ (૨) અર્ધાવનત (૩) પંચાંગ પ્રણિપાત. જો પાંચે અંગ જમીનને ન અડતા હોય તો સમજવું કે હજી આટલું અભિમાન નડે છે. અર્જુનો આગળ વધતા સાષ્ટાંગ પ્રણામ.

વચનથી સ્તવન, મનથી પ્રશસ્ત અનુચિંતન. ભગવાનના જાતજાતના ગુણોને વિચારવા. પરમાત્મા કોને કહેવાય ? પરમ + આત્મા. સતત જુદી - જુદી કલ્યાણ અવસ્થાને પામે તેનું નામ આત્મા. બાલ્ય, કિશોર, યુવાન, પ્રૌઢ, મૃત્યુ અવસ્થા. આ બધી કોની અવસ્થા ? શરીરની. આત્મા બે પ્રકારનો. પરમ અને અપરમ. પરમ આત્માને નમો તો ભાવમંગલ થાય.

પરમાત્મા કોને કહેવાય ? જાતજાતના દેવો - દેવીઓ હોય તે બધા નહીં. પત્થર એટલા દેવ પૂજવાના છે ? ના. વિશેષતાવાળા ભગવાન છે. (૧) સર્વ પ્રકારના કર્મોના દોષોના મેલને દૂર કરવાના કારણે જેમણે મેળવ્યું છે - કેવળજ્ઞાન. અને એમના દ્વારા જગતની સચરાચર સૃષ્ટિ જેણે જાણી છે તે પરમાત્મા. એનાથી કશુ છુપું ન હોય. જ્ઞાનમાં બધું જાણે. સીતાને રાવણ ઉપાડી ગયો ત્યારે રામે હનુમાનને સીતાની તપાસ કરવા મોકલ્યો. તો શું તેમને ખબર નહોતી ? ના કારણ કે તે કેવલજ્ઞાની નહોતા. જે કેવલજ્ઞાની હોય તેનો જ નંબર પરમાત્મમાં આવી શકે. (૨) જગત જંતુ સંતોષકારક. બ્રહ્મા - વિષ્ણુ - વીર - મહાવીર જે કહેવું હોય તે પણ આવા ચાર અતિશયવાળા પરમાત્મા છે.

મધ્યસ્થ ભાવના સ્વામી એવા પૂ.હરિભદ્રસૂરિ મહારાજે પર ને વંદના ભાવ મંગલથી કરી. વંદન કોને કરાય ? જે શ્રેષ્ઠ કોટીના આત્મા છે તેને. અને તે શ્રેષ્ઠ કોટીના આત્મા છે પરમાત્મા. તેમની ચાર વિશેષતા (૧) દુનિયામાં બનતી પ્રત્યેક ક્ષણના જાણે (૨) જે જગતના જીવોને અત્યંત સંતોષ આપનાર. સુંદર મજાના આઠ પ્રાતિહાર્યોથી સુંદર મજાનો પ્રભાવ ફેલાયેલો હોય તે પરમાત્મા. આના દ્વારા પૂજાતિશય સૂચવે છે. (૩) દરેક પોતાની ભાષામાં સમજી શકે તેવી વાણી. અનેકોના સવાલોના જવાબ એકી સાથે આપી દે આવી વિશિષ્ટ કોટીની તાકાત જેની પાસે હોય તે પરમાત્મા. આ વચનાતિશયને જણાવે છે. (૪) પરમાત્મા વિચરે ત્યાં સવાસો યોજન સુધી મારી - મરકી વિ. થાય જ નહીં. જાત જાતના ઉપદ્રવો દુર થયા વિના ન રહે. આ અપાયાપગમાતિશય. એકાદ વાકયથી બધાના જવાબ કેવી રીતે આપી શકાય ? પાણી પીવું છે જલ્દી લાવી આપ. (૨) શિકાર કર (૩) ગાતો કેમ નથી. આ ત્રણેનો જવાબ એકમાં સરો નત્થિ। આ ચાર વિશેષતા અરિહંત પરમાત્મા સિવાય કોઈની પાસે નથી. અને જેની પાસે આ ચાર વિશેષતા ન હોય તે અપરમાત્મા. આપણે જેની તેની પાસે જઈએ છીએ જ્યાં ત્યાં હાથ જોડીએ છીએ. પણ નક્કી કરો પરમાત્માને જ ઝૂકવું છે. બધામાં ચાર પરિક્ષા કરવાની (૧) વચન સિદ્ધ છે ? (૨) અષ્ટ પ્રાતિહાર્યની શોભાવાળા છે ? (૩) પોતે જ્યાં જતા હોય તેની પાસે દુઃખો દુર કરવાની શક્તિ છે ? (૪) એકી સાથે અનેકના જવાબ આપી શકે છે ?

જૈન શાસનમાં સપ્તભંગી આપી છે. તેના ત્રણ જુદા- જુદા ભાંગા છે. ગુજરાત -પાટણમાં શ્વેતાંબર -દિગંબરોનો મોટો વાદ થયો. શ્વેતાંબર તરફથી વાદિદેવસૂરિ મહારાજ અને દિગંબર તરફથી કુમુદચન્દ્ર હતા. શરત મૂકી કે શ્વેતાંબર જીતે તો દિગંબરોએ ગુજરાત ખાલી કરી દેવું અને વાદિદેવસૂરિએ કુમુદચંદ્રને હરાવ્યો. શેના દ્વારા હરાવ્યો ? સપ્તભંગી ભંગજાળ દ્વારા. શાંતિચન્દ્રસૂરિ મહારાજની ઉત્તરાધ્યયનની ટીકામાં વિસ્તૃત રીતે બંનેના વાદની ટીકા એમાં બતાવી છે. ભંગની જાળમાં ગોથા ખવાય તેવું છે.

દિગંબરોને કપડા કેમ નહી પહેરવાના ? તેઓ માને છે કે રાગ - મુર્છા થાય કેવળજ્ઞાન ન પામવા દે. તો કોઈ કેવલજ્ઞાન પામેલાના ખભા પર કપડુ મુકો તો કેવળજ્ઞાન જતું રહે ? ના. પ્રતિબંદી નામનો ન્યાય છે. સામીવાળી વ્યક્તિ જે વાતનો વિરોધ કરે તેને અનુરૂપ વિરોધને પકડીને વાદ કરવાનો. એના જેવી જ બીજી વાત કરવાની. કપડામાં રાગ થાય તો કમંડલ કેમ રાખો છો ? જેટલો વિરોધ કપડાનો થાય તેટલો વિરોધ કમંડલનો પણ થાય. ભોજન કેમ કરો છો ? કપડાથી રાગ થાય તો ભોજનથી પણ રાગ થાય. શરીર શું કરવા રાખો છો ? શરીર ઉપર રાગ થાય. આત્મા ઉપર શરીર છે તો શરીર ઉપર કપડું છે ? આને પ્રતિબંદી ન્યાય કહેવાય. તેનાથી સામેવાળો જ પકડાય. સેમ ટુ યુ જ કહેવાનું.

સ્થાનકવાસીમાં પણ દલીલ એટલી જ થાય. મંદિર બનાવોતો હિંસા થાય. તો સ્થાનક કેમ બનાવો છો? સ્થાનક ધર્મની આરાધના સાધના માટે છે. તો દેરાસર પણ ધર્મની આરાધના - સાધના માટે છે.

આપણી વાત ચાલે છે કે શ્રુતરૂપી સમુદ્રમાંથી જુદા - જુદા ભાંગા મળે. દરિયો રત્નાકર કહેવાય. તો શ્રુત પણ રત્નાકર કહેવાય. કારણ તેમાં ૭ નયરૂપી રત્નો પડેલા છે. ટી.વી. જોવાથી મૌલિક શક્તિ ખલાસ થાય. જ્યારે પુસ્તક વાંચવાથી મૌલિક શક્તિ વિકસે. માટે જાત - જાતના પુસ્તકો વાંચો. તમારા નાના છોકરાઓને ધાર્મિક ચિત્રવાળી પુસ્તિકાઓ આપો. વાંચનનો રસ નહીં થાય તો તેનાથી વિચારોની સમૃદ્ધિ તેનાથી આચરણ સમૃદ્ધિ વાળુ નહીં થાય.

બહેનો સામાયિક કરે તો સાચી માફી ત્યારે જ કહેવાય કે ફરીથી દોષ ન લાગે. એના માટે ૧૦ મનના, ૧૦ વચનના, ૧૨ કાયાના આ ૩૨ દોષોથી રહિત થાય તેવી તમન્ના ખરી? થોડી તમન્ના પેદા કરો. તેના માટે વાંચન કરો. ગુરુ મહારાજ પાસે પહોંચો. થોડું જ્ઞાન તરફનું લક્ષ વધારો. ક્રિયા કરો છો આનંદ, તપ કરો છો આનંદ. પણ થોડા સમજણના ઘરમાં પહોંચો. વર્ષોથી પ્રતિક્રમણ કરવા છતાં બરોબર વાંદણા કરતા ન આવડે? રોજ પચ્ચક્ખાણ લો. આયંબિલ - એકાસણામાં ફેર શું? કેટલાક પચ્ચક્ખાણમાં ઉગ્ગએ સુરે કેટલાકમાં સુરે ઉગ્ગએ આવું કેમ? આપણે બોલવામાં શૂરા. બાંધો ચઢાવવામાં શૂરા પણ જ્ઞાન મેળવવામાં ભૂરા. ત્રણે ભાષ્યમાં બધી વાતો આવે છે.

નવકારશી અને બિયાસણાના પચ્ચક્ખાણમાં શું ફરક? તેમાં કેટલીક છૂટો આપી છે. પણ તમને ખબર જ ન હોય તો? સાગારિયાગારેણં કોઈ ભિખારી આવ્યો હોય તમારે એકાસણું હોય અને ઘરમાં કોઈ ન હોય તો એની નજર તમને લાગે તેવું હોય તો ઊભા થઈ બીજે જઈ શકો. પરમાત્માનું શાસન કેવું અદ્ભુત છે. પરમાત્મા કેવા કરૂણા સાગર છે કે જેમણે આપણા આત્માની સાથે શરીર અને મનની પણ ચિંતા કરી છે. આવી બધી માહિતી આપણી પાસે નથી, તો નથી લાગતું કે અજ્ઞાનતાના કુવામાં ડૂબેલા છીએ

શ્રુતરૂપી સમુદ્ર અગાધ છે. તેમાં જે વાતો કરવામાં આવી છે તેને બધા જ સમજી ન શકે. માટે હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે શાસ્ત્રોમાંથી એકાદ ટીપું બહાર કાઢું છું અહીં સૂત્ર શબ્દોની અપેક્ષાએ પાણીના ટીપા જેવું અને અર્થથી ઘણો મોટો છે. વિસ્તૃત છે. ભરેલા ઘડાના પાણીમાં કપુર નાખો તો આખા ઘડામાં સુવાસ ફેલાય તેમ આ ધર્મબિંદુમાં તમામ ધર્મની વાતો અહીં કહેવામાં આવી છે.

ગ્રંથ રચવા પાછળનું ફળ શું? જીવો ઉપર ઉપકાર થાય. જે સાંભળે. તેને તાત્કાલિક જ્ઞાન. વૈરાગ્ય અને તેનાથી મોક્ષ મળે. દુનિયાના લોકો લાભ થાય તો જ પ્રવૃત્તિ કરે માટે માટે ધર્મનું સ્વરૂપ બતાવ્યું પછી હેતુ બતાવશે. આ ધર્મ ધનના અર્થીઓને ધન આપનારો છે. ધનની પ્રાપ્તિના ચાર પ્રકાર છે. નોકરી કરવી, ચોરી કરવી ખીસ્સું કાપવું, ધર્મ કરવો. ધન શેના માટે મેળવવાનું? પાંચ ઈન્દ્રિયોના વિષયોને મેળવવા માટે તેથી કામ વાસના કરતા પણ ભયંકર છે પૈસો. અર્થ એ બધા અનર્થોની ખાણ છે. માટે પૈસાની

ઈચ્છા પણ નથી કરતી. પણ જેને પૈસાની ઈચ્છા છે તેને પાપકર્મના ઉદયથી પૈસા મળતા નથી. પણ ધર્મથી જ પૈસા મળે. ધર્મ વિના ક્યાંય ન ચાલે. કોઈનેય ન ચાલે. અહીં પૈસા માટે ભાર નથી પણ ધર્મ માટે છે. જો તને પૈસો - પૈસો થતું હોય પૈસાની પાછળ પાગલ હોય તો પૈસાને આપનારો ધર્મ જ છે. કામને આપનારો પણ ધર્મ જ છે. અને મોક્ષને આપનારો પણ ધર્મ જ છે.

તીર્થ = જેના દ્વારા સંસાર સમુદ્ર તરી શકાય તે તીર્થ. तीर्थ ते अनेन इति तीर्थ। ૧૨મા ધોરણનું વેકેશન ચાલતુ હતુ. દીકરો આખો દિવસ ટી.વી. જોતો હતો. તેથી પપ્પાને થયું ભાવ દીકરાને દુકાને લઈ જાઉં અને તેને બધી સમજણ આપું. એકવાર ઉઘરાણી કરવા દીકરાને સાથે લઈ ગયા. ઉઘરાણી-માં ચેક આપ્યો. તે લઈને બેંકમાં ગયા ત્યાંથી ચેક વટાવીને ૫૦૦૦/- રૂ. મળ્યા. બીજા ઘરાકના ત્યાં ૪ વાર ગયો પણ પૈસા ન આપે. ધક્કા જ ખવડાવે. આ દીકરો ભણ્યો પણ ગણ્યો નહોતો. ૪ વાર ધક્કા ખાધા પછી કંટાળ્યો. કહે પપ્પા પેલા ક્રેસિયર કાકા બહુ સારા. પેલા બધા તો કાગળનો ટુકડો આપે પણ આ ક્રેસિયર કાકા તો કડકડતી નોટો આપે. પપ્પાએ કહ્યું ચેક હોય તો જ કેસિયર કાકા પૈસા આપે. ચેક વિના પૈસા ના મળે. તમે પણ ૧૨મા ધોરણના કોક નિશાળીયા જેવા. તમને દુકાન રૂપિયા આપતી દેખાય. પણ પુણ્ય (સહી કરેલા ચેક જેવું) ના હોય તો ત્યાંથી પૈસા ના મળે. બેંકમાં એક જ વાર જવાય. ઘરાકને ત્યાં વધુ ધક્કા ખવાય. તમે દેરાસર - ઉપાશ્રય વધુ ધક્કા ખવાય ત્યાંથી પુણ્યનો ચેક મળશે તો જ બેંક જેવી દુકાનમાંથી પૈસા મળશે.

માટે ધનના અર્થીને ધન પણ ધર્મ જ આપે છે. તમે એમ કહો કે અમે ૧૫ કલાક ધંધો કરીએ માટે ધન મળે છે. ખોટી વાત છે. પણ મને ખબર છે તમને મારી વાત મગજમા નહીં બેસે. કારણ પુણ્ય-પાપ પર વિશ્વાસ નથી. ક્રેસિયર કાકા જોડે વધારે વાર ન જવાય. તેમ દુકાને વધારે વાર ન જવાય. વધારે વાર તો ધર્મ જ કરાય.

હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે ધનનાં અર્થીને ધન પણ ધર્મ જ આપે છે. ડાહ્યો અને સમજુ માણસ તે કહેવાય કે જેમાં પ્રયોજન હોય તેમાં જ પ્રયત્ન કરે. જેમાં પરિણામ મળવાનું હોય તેમાં જ પ્રયત્ન કરે.

આપણને મળેલા પરમાત્મા કેવા છે? નમુત્થુણં સૂત્રમાં આવે છે. લોગનાહાણં. ત્રણ લોકના નાથ. કયા? ઉર્ધ્વ, અધો, તિર્ચ્છા. હરિભદ્રસૂરિ મહારાજે લલિત વિસ્તરા ટીકામાં તેનો અર્થ ભવ્યલોકના નાથ કર્યો છે. કારણ ભગવાન પણ તેનું જ યોગક્ષેમ કરી શકે જે ભવ્ય હોય. અભવ્યનું નહીં. નાથ કોને કહેવાય? જે આપણું યોગક્ષેમ કરે તે નાથ કહેવાય. યોગ = अप्राप्तस्य प्राप्ति ही योग। જે ગુણો પ્રાપ્ત થયા નથી તેને જે મેળવી આપે તે યોગ. ક્ષેમ = प्राप्तस्य रक्षणं। મળેલાની રક્ષા કરે તે ક્ષેમ.

સમ્યગદર્શનથી માંડીને કેવલજ્ઞાનને પ્રાપ્ત કરાવી શકનાર માત્ર પરમાત્મા જ છે. અને તે કોને પ્રાપ્ત કરાવી શકે? ભવ્યજીવોને જ. ભગવાને ચંડકોશિયાને બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા કહ્યુ પણ સંગમને કાંઈ જ ન કહ્યું. ભગવાને ત્યાં ઉભા રહીને તેનું યોગક્ષેમ પણ કર્યું. અને સંગમે ભગવાનને કેટલાયે ઉપસર્ગ કર્યા. કાલચક્ર છોડ્યું. છતાં ભગવાન તેના માટે કાંઈ જ ન બોલ્યા. કારણ સંગમ અભવિનો જીવ હતો. विश्वं तारयति अस्य संसारस्य कारणं। સમગ્ર વિશ્વને તારનારા અમે આના સંસારનું કારણ બની ગયા.

પ્રવૃત્તિ ત્યાં જ કરાય જેમાં પરિણામ દેખાય ત્યાં. વૃત્તિમાં બધા જ આવે. તેથી સવિ જીવ કરું શાસન રસી. સર્વે જીવો મોક્ષે જાઓ. આવી ભાવના ભવાય. ખબર છે કે બધા તિર્થંકરો ભેગા મળીને પણ બધા જીવોને તારી શકવાના નથી. ભાવના તો ભાવવાની કે બધા અણુ-પરમાણુ કલ્યાણકારી એટલે મૂર્તિ - ઓઘો - ચરવળી વિ. સુંદર સાધનો બને કસાઈના છરાના લાકડામાંથી ઓઘાની દાંડી બને. કતલખાનું ઉપાશ્રય બને. આખા વિશ્વનું મંગલ થાઓ. સર્વે જીવો મોક્ષે જાઓ. આ પ્રવૃત્તિ નહીં વૃત્તિનો વિષય છે. પરિણામ મળવાનું ન હોય તો ભાવના ભવાય આંખમાં આંસુ લવાય. બોલવાનું નહીં. પરિણામ મળે ત્યાં જ પ્રવૃત્તિ કરાય.

અહીં હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે ધન પણ ધર્મથી જ મળે છે. આખી જીવનશૈલીમાં ધર્મને જોડી દેવાથી જ પુન્ય બંધાય. તેનાથી જ ધન મલે. તમારી મોટી બે ગેરસમજો દુર કરો (૧) પૈસો ધંધા - નોકરીથી મળે અને (૨) ટી.વી., રૂપ, રસ, ગંધ પૈસાથી જ મલે. પાપ કરવાથી પૈસા મળે પણ પુણ્ય હોય તો જ મળે. ધર્મથી પૈસા મળે તો કાવાદાવા - અનીતિ ન કરે. પાપોમાં ચકચૂર ન બને. પૈસો ધર્મ જ આપે. દુકાન ન આપે. પુણ્ય નામનો ચેક દેરાસર - ઉપાશ્રયમાં જવાથી મળે. જીવનશૈલી ધર્મમય જીવાય તો પુણ્ય બંધાય. ધન પણ ધર્મ જ આપે. પાંચે ઈન્દ્રિયોના વિષયો મનોહર પરિણામે આનંદ પેદા થાય. તેવા સંસારરસીક જીવને મળે તેવી ઈચ્છા હોય આ ઈચ્છવા જેવા નથી. દુર્ગતિમાં લઈ જનારા છે. એવી જેને સમજણ નથી તે લોકોને પૈસા ધંધાથી મળે તે ગેરસમજ છે. પૈસાથી ભોગસામગ્રી મળે તે કાઢી નાંખો. ઠંડી લાગે તો ૫૦૦ ની નોટોનું કપડું બનાવી પહેરાય? તરસ લાગે તો ૫૦૦ની નોટ પીવાય? સુવા - ઓઢવા - પહેરવા પૈસો કામ ન લાગે. પાંચે ઈન્દ્રિયોના વિષયો અર્થથી મળે તે ગેરસમજ છે. કામ કરતા વધુ ખરાબ અર્થ છે.

કામ માટે મર્યાદા છે ૧ પત્ની, ટી.વી. ૧... સ્ત્રી પ્રત્યેની ખાવા-પીવાની આશક્તિ તે આર્તધ્યાન. તે તિર્યંચગતિનું કારણ બને છે અને આ બધુ લાવી આપનાર પૈસો રૌદ્રધ્યાનમાં લઈ જાય. પરિણામે નરકગતિમાં લઈ જાય. કામ પુરુષાર્થ ભયંકર છે તે અધમ કહેવાય તો તેનાથી ભયંકર અર્થ પુરુષાર્થ છે તે અધમાધમ કહેવાય. પરંતુ જેઓને તે ઈચ્છાઓ શાંત પડી નથી તેને વશ છે. અને તેને મેળવવો હોય તો શાસ્ત્ર-કાર ભગવંત કહે છે કે તે ધન - પૈસો પણ પુણ્યથી ધર્મથી મળે છે. પુરુષાર્થ કારણ નથી એવું નથી પણ પુરુષાર્થ ૧૦% અને ધર્મ ૧૦% જોઈએ.

તમે કોઈની પાસે ૧૦,૦૦૦ રૂ. માંગ્યા. મળી પણ ગયા. પણ રસ્તામાં ખીસ્સુ કપાઈ ગયું. માટે પુન્ય હોય તો જ પૈસા મળે. નહીં તો મળેલું પણ ચાલ્યું જાય. આજનો પુરુષાર્થ આવતી કાલનું પ્રારબ્ધ છે. પ્રારબ્ધ અને પુરુષાર્થ એક સિક્કાની બે બાજુ છે. ધર્મની આરાધના સાધનામાં કરેલો પુરુષાર્થ સંસારમાં પ્રારબ્ધ બને છે. તમે ઊંધુ કરો છો. મહેનત કરો સંસારમાં એનું ફલ મળે દુર્ગતિમાં.

પૈસાનું મૂળભુત કારણ છે પુન્ય. અને તે ધર્મથી બંધાય. ધર્મથી મળેલો પૈસો તે સારો કે ખરાબ ? કારણ જેવું હોય તેવું જ કાર્ય હોય તેવું નહીં. કારણ સારું હોય છતાં કાર્ય ખરાબ હોય. દા.ત. કાદવ ખરાબ છે પણ તેમાંથી પેદા થતું કમળ તે સારું છે. સુગંધી છે. અને તેનાથી ઉલ્ટુ ચંદન વિ. કારણ સારું છે પણ તેમાંથી પેદા થતી આગ ખરાબ છે. તેમ કામ સુખો ભોગ સુખો ખરાબ છે પણ તેને પેદા કરાવનાર પુન્ય સારું અને પુણ્યને પેદા કરનારું ધર્મ સારો છે. તેથી પુન્યના ઉદયે મળેલા ભોગસુખોમાં રાચીમાચીને ન રહેવાય. ત્યાગ અનાસક્તિથી ભોગવાય.

સુખના સોદા ફોન પર થતા હોત તો બધા ફોનવાળા અબજોપતિ હોત. પૈસો નોકરી ધંધા શેરબજારથી ન મળે. તે સહાયક છે. પણ પુણ્ય વિના ન ચાલી શકે. ઈશ્વરની ઈચ્છા વિના પાંદડુ પણ ન ચાલી શકે. આવું અજૈનો કહે છે. આપણે કહીએ છીએ. પુન્ય વિના પાંદડુ પણ ન ચાલી શકે.

સાધુ - સાધ્વીને પુન્ય વિના ચાલે. પુન્ય પરવારે કર્મો ઉદયમાં આવે. અને તે કર્મો ખપાવવાના ઈચ્છુક એમાં વધુ આનંદ પામે. પુન્યશાલી સાધુના વ્યાખ્યાન કરનારના પતનના ચાન્સ વધુ. જે પ્રભાવક હોય તેના ભક્તો અનેક જાત-જાતની વાતો કરી પછાડે. જ્યારે શ્રાવક - શ્રાવિકાને પુન્ય વિના ન ચાલે. અને પુન્ય ધર્મ વિના ન મલે.

રાજકારણીઓ, ફિલ્મી એક્ટરો, શ્રીમંતો માન સન્માન મેળવે. પૈસા મળે. ધંધામાં ઘણી અનીતિ કરતા હોય છતાં ઘણી ભોગ સામગ્રી વચ્ચે જીવે. અને ધર્મથી પુન્ય મળે તો ઘણું ધર્મ કરનારો દુ:ખી હોય છે તો કેમ ?

ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અસ્થિ મજ્જા જેવી બનવી જોઈએ. ધર્મ કેવી રીતે સુખી બનાવે ? વાયા પુન્ય. દુ:ખી બનાવે વાયા પાપ કર્મો. ધર્મથી પુન્ય બંધાય પણ એનું ફળ મળે થોડા ટાઈમ પછી.

બે પઠાણ બંનેના ઘરે મોટી કોઠી. એકની આવક ઓછી અને એકની વધુ. એક

કોઠીમાં જુવાર નાંખે અને એક ઘઉં નાખે. પછી દુઃખી તે સુખી બન્યો અને સુખી તે દુઃખી બન્યો. દુઃખી બનેલો કોઠીમાં જુવાર નાંખે છતાં કોઠીમાંથી નીચેથી નીકળે ઘઉં અને ખાય ઘઉં અને પેલો નાંખે ઘઉં પણ નીકળે જુવાર તેની પત્નીએ પૂછ્યું કે ઘઉં નાખો છો છતા જુવાર કેમ ખાવ છો ? અને પેલા જુવાર નાંખે છે છતાં ખાય છે ઘઉં. ત્યારે તેણે કહ્યું કે આપણે પહેલા જુવાર નાંખી માટે અત્યારે જુવાર ખાવાની પણ થોડા ટાઈમ પછી ઘઉં ખાવા મળશે. અને પેલા ભલે અત્યારે ઘઉં ખાય પણ પછી તેમને જુવાર ખાવી પડશે. તેવી રીતે ધર્મ કરનારાઓ દુઃખી કેમ ? તો પહેલા પાપ કર્યો રૂપી જુવાર નાંખી છે માટે દુઃખી છે. પણ અત્યારે ઘઉં નાખવા રૂપી પુન્ય ચાલુ રાખશે, તો પછી સુખ મળશે અને પેલા લોકોએ પહેલા ઘઉં રૂપી પુન્ય નાંખ્યું છે તેથી અત્યારે સુખી છે. પણ ધીમે ધીમે પાપનો ઉદય થશે એટલે જુવાર ખાવી પડશે. માટે ધર્મ ક્યારેય નકામો જતો નથી.

શ્રાવણ વદ-૫ મંગળવાર

હરિભદ્રસૂરિ મહારાજ કહે છે ભાઈ જો તમને ધન ગમે છે તો ધંધો કરવાથી નહીં પણ પુન્યથી જ મલે છે. ધંધો કરવાથી - નોકરી કરવાથી તો ક્યારેક કીસમીસ અને ક્યારેક જેલમાં પણ જવું પડે. તેથી પુન્ય હોય તો જ ધન મલે. પાંચે ઈન્દ્રિયોના વિષયો. અનુકુલ ટેસ્ટ, સ્પર્શ આંખ દ્વારા જાતજાતના જોવાના સૌંદર્ય વિગેરે. રૂપો. જાતજાતનું સુંઘવાનું વિગેરે. પુન્યથી જ મલે છે. ધન જોઈતું હોય તો પણ પુન્યથી જ મલે. પાપ તો નહીં જ કરો. અહીં પૈસા વિષય-સુખો મેળવવા ધર્મ નથી. તમે મને ગમે ત્યારે પૂછો કે ધર્મ શેના માટે ? સામાયિક - પ્રતિક્રમણ પૂજા - તપશ્ચર્યા શેના માટે ? તો મોક્ષ મેળવવા માટે. હવે તમે સવાલ પૂછો કે મારે પૈસા જોઈએ છે, પાંચ ઈન્દ્રિયોના વિષય સુખો જોઈએ છે તો શું કરવું ? ધર્મ જ કરવાનો. તમારા હૈયામાં ધર્મ કરવાની તમન્ના જાગી છે તો પૈસા, પત્ની વિ. માટે ન કરતા. મોક્ષ માટે જ કરજો.

અહીં બેઠેલાઓમાંથી મોક્ષે જવાની તમન્ના કેટલાની ? સાહેબ તકલીફ ઘણી છે. તકલીફ વગર ધંધો નથી થતો. લગ્ન નથી થતું. સંસારનું એક પણ કાર્ય તકલીફ વગર નથી થતું અને મોક્ષ રમતા રમતા જોઈએ છે. આપણને પાટ પરથી મોક્ષ મોક્ષ શીખવાડી દીધું છે માટે બોલ્યા કરીએ છીએ. આ હરિભદ્રસૂરિ મહારાજ આપણને જાણે છે. તે મોટા સાયકોલોજીસ્ટ છે. માટે જ કહે છે. ધનના અર્થીને પણ ધર્મ જ કરવો પડશે. તે ધર્મ કરશે તો પૈસા મલશે અને વ્યાખ્યાન વિ. સાંભળતા ધનની આસક્તિ તુટશે. અને ધર્મની શ્રદ્ધા મજબૂત બને અને પૈસાનું આકર્ષણ તુટશે અને મોક્ષનું આકર્ષણ વધશે.

કામીના સર્વ કામદ : ધર્મમાં જ એ તાકાત છે. ચોક્કસ પાંચ ઈન્દ્રિયોના વિષયો મેળવવા જેવા નથી. પણ ધર્મ તો સારો છે. સુખડ તો સારું જ છે ભલે અગ્નિ સારી નથી.

પુન્યના ઉદયથી વિષયો વિગેરે મલે પણ પુન્ય ધર્મથી જ મલે.

એક જીવરામ શેઠ પેઢી પર બેઠેલા. કપાળે સરસ મજાનો ચાંદલો. ગળામાં રૂદ્રાક્ષની માળા. દુકાનમાં પણ જાપ ચાલુ. અજૈન હતો. જગત તેને ધર્માત્મા તરીકે ઓળખે. નારદજી જાતજાતના સમાચાર પહોંચાડવાનું કામ કરે. શ્રી કૃષ્ણને. આ જીવરામ શેઠને નારદજીએ જોયા. તેને લાગ્યું કેવો ધર્માત્મા છે. અને નારદજી બધા પ્રોગ્રામો કેન્સલ કરી સીધા પહોંચ્યા વૈકુંઠમાં અને શ્રીકૃષ્ણને કીધુ કે પેલો જીવરામ શેઠ કેવો ધર્માત્મા છે. તેને વૈકુંઠમાં લાવવો છે. કૃષ્ણ કહે અલ્યા નારદ ભોળી થા મા. એણે ઘણાને ઉલ્લૂ બનાવ્યા છે. જીવરામ શેઠ એટલે આ જીવડો કાંઈ લેવા-દેવા નથી એને વૈકુંઠમાં. તને આટલો બધો એ ગમી ગયો. તેના ઉપર આટલી બધી કરૂણા ઉભરાઈ છે.

શબ્દોથી મોક્ષ બોલવો એ જુદી ચીજ છે અને અંતરથી મોક્ષે જવાની તમન્ના પેદા થવી તે જુદી ચીજ છે. જાતને પૂછો ?

કૃષ્ણે નારદને ૨૭ નંબરના રૂમની ચાવી આપી અને નારદજી આવી ગયા વિમાન લઈને. કહ્યું જીવરામ શેઠ આવવું છે વૈકુંઠમાં ? હા. આવવાનું જ હોય ને. તો ચાલો? પણ મહા મહિને દીકરાના લગ્ન છે તે પતી જાય પછી તમે ચોક્કસ આવજો નારદજી. પહોંચ્યા કૃષ્ણ પાસે અને કૃષ્ણ ખડખડાટ હસવા લાગ્યા. નારદ કહે ભગવાન તમે હસો નહીં એ તો બિચારો સંસારમાં છે. એટલે વ્યવહાર તો કરવો પડે ને. અલ્યા નારદ નહીં ઓળખો તમે આ જાતને તેણે ભલભલાને ઉલ્લૂ બનાવ્યા છે.

તમને જેટલી મોક્ષે જવાની ઈચ્છા નથી એટલી અમને મોક્ષે પહોંચાડવાની ઈચ્છા છે. છે ને આવું ? પણ તમે રીઢા થઈ ગયા. જાડી ચામડીના થઈ ગયા. કાંઈ જ અસર નહીં. નારદજી પાછા ઉપડ્યા. પહોંચ્યા જીવરામ કાકા પાસે. ચાલો જીવરામ શેઠ તૈયાર ને ? હા. વૈકુંઠમાં આવવાનું જ હોય ને. પણ પત્નીને પૂછી લઉં. અને પત્નીને પૂછ્યું. કહ્યું દરેક દાદાને મૂડી કરતા વ્યાજ વધારે વ્હાલુ હોય. માટે પોતરાને રમાડીને પછી ચોક્કસ આવીશ. નારદ પાછા ગયા. કૃષ્ણે કહ્યું શાંતિ રાખ, તેને આવવું જ નથી. આવવું હોત તો પહેલે ધક્કે જ આવી જાત. આવા જાતજાતના બહાના ન કાઢત. પોતરો આવી ગયો. નારદ પહોંચ્યા. હવે તો બધી જવાબદારી પૂરી થઈ ગઈ ને ? પણ અમારો ધંધો છે દોરડાનો. વખારો ભરી છે. ૧૫ દિવસમાં વહેંચાઈ જશે પછી ચોક્કસ વૈકુંઠમાં આવીશ.

નારદજી ૧૫ દિવસ પછી પહોંચ્યા. શેઠ ન દેખાયા. દિકરાને પૂછ્યું. શેઠ ક્યાં ગયા? એ તો ૫ દિવસ પહેલા જ મરી ગયા. મોક્ષ જોઈએ છે કે ખાલી બોલવું જ છે ? જોડવા છે બધાને. ધર્મમાં પહોંચાડવા છે બધાને મોક્ષમાં. પણ શરૂઆત કેવી રીતે કરાય ? આજે કદાચ ધન માટે ધર્મમાં જોડાયા તો આવતી કાલે તેને મોક્ષ માટેની તમન્ના પેદા કરાવી દેશું.

પેલો શેઠ બિલાડી બન્યો. ક્યાં જવું હતુ વૈકુંઠમાં કે બિલાડામાં ? દોરડામાં આસક્ત બન્યો તેથી તે જ વખારમાં બિલાડો બન્યો. હૈયાથી મોક્ષને ઈચ્છો છો કે હોઠથી?

જાતને પૂછો ?

દીક્ષા ન લો તો પણ સાધુ - સાધ્વી પાળતા હોય તેવી ૩૬૦ બાધા લો. તેઓ તો હજારો બાધાઓ પાળે છે. ટી.વી. નથી જોવી. ફોન ન કરવો. પંખો ન વાપરવો. માત્ર એકજ દિવસ માટે લો

પેલા નારદજી આવ્યા. કારણ તેમનામાં કરૂણા છે. કારણ સંન્યાસીઓ હંમેશા કરૂણા સાગર હોય છે. દોરડા ભરતા હતા તે માણસોને પૂછ્યું કે અહીં એક ભિલાડો હતો ? એ લોકોએ કહ્યું કે હા હતો. જુઓ આ મરેલો પડયો અને નારદજી પાછા ગયા. કૃષ્ણને પૂછ્યું ભગવાન ક્યાં ગયા જીવરામ શેઠ ? એ તો ભૂંડ થયા છે. પણ એ તો વૈકુંઠમાં આવવા ઈચ્છતો જ નથી. તું શા માટે ભોળો થાય છે.

સંસારમાં કેટલા પ્રોબ્લેમો, ટીવીસ્ટેશનો કેટલા લોકોએ ભરસભામાં અપમાન કર્યા. કેટલાયને શીશામાં ઉતાર્યા. પત્નીને મુડ ન હોય તો ચા નો કપ પણ ન આપે. કેવો સંસાર તમારો ? સતત કાવાદાવા - કેટલા કષ્ટો ? કેવી રીતે આવા સંસારમાં રહેવાય ?

શ્રાવણ વદ - ૬, બુધવાર

જુદો જુદો ધર્મ પોતે જ મોક્ષ બની જાય. પણ પરંપરાએ પહેલા સમકિત, દેશવિરતિ, સર્વવિરતિ પછી આગળ જતા મોક્ષ. આપણે ત્યાં આવે છે સિધ્ધાણં, બુધ્ધાણં, પારગયાણં, પરંપરગયાણં, તાંતાણ વિ. પોતે જ વ્યાપક બની જાય છે.

જેમ માટી વિના ઘડો ન બને તેમ ધર્મ વિના મોક્ષ ન મળે. અર્થાત ધર્મ પોતે જ મોક્ષ બની જાય. ધર્મ એ પરિણામી, ઉપાદાન, સમવાયી કારણ છે. આત્મા પોતે જ ધર્મ બને અને આત્માનું સ્વરૂપ એ જ મોક્ષ છે. તેથી જ ધનના અર્થી, કામના અર્થી અને મોક્ષના અર્થીને ધર્મ જ કરવો જોઈએ.

પેલા જીવારામ શેઠનો જીવ મરીને ભૂંડ થયો. જ્યાં સુધી અંતરથી મોક્ષની ઈચ્છા ન થાય ત્યાં સુધી મોક્ષ જ ન મળે. અને જેને મોક્ષની ઈચ્છા થાય તેને મોક્ષ મળે જ. આપણે મોક્ષે જવું છે સિધ્ધ ભગવાન બનવું છે ? આપણું ઘર એ મોક્ષ છે. સિધ્ધ ભગવાનને ફોન કરવો છે. તેનું ડાયલ કયું ?

આપણું નામ સિધ્ધ - બુધ્ધ થાય. એડ્રેસ શું ? પારગયાણં સિધ્ધશીલા. ત્યાં કેવી રીતે પહોંચાય ? પરંપરગયાણં તે કયાં આવેલું છે ? 'લોઅગ્ગ મુવગયાણં' અને ત્યાં જવા માટે નમો સિધ્ધાણં કોન્ટેક નંબર કયો ? નમો સયા સવ્વસિધ્ધાણં.

નારદજી ભૂંડ પાસે પહોંચ્યા. કહ્યું ચાલો જીવરામભાઈ વૈકુંઠમાં આવવું છે ? હા આવવું તો છે પણ ભૂંડણને પૂછી આવું. પેલો પૂછવા ગયો. પછીને આવીને નારદને કહે ત્યાં આવો

હોજ-પિત્ઝા વિ. મળશે. તો ત્યાં અમે બધા આવીએ. નારદ કહે આવું બધું જોઈએ છે તો અહીં જ રહો. આપણે આપણી જાત માટે પણ ગેરંટી નથી આપી શકતા તો જગત માટે કેવી રીતે આપી શકીએ ? કારણ આપણા વિચારો સેકન્ડે સેકન્ડે બદલાય છે. 'જે પુવ્વણ્હે દીઠ્ઠા તે અવરણ્હે ન દિસંતિ' જે સવારે જોયા તે સાંજે દેખાતા નથી. નાઉ એન્ડ નેવર થશે તો હમણા થશે નહીં તો ક્યારેય નહીં થાય.

જે દિવસે તને વૈરાગ્ય પેદા થાય તે દિવસે દીક્ષા લઈ લેજે. કારણ શરીર ક્ષણભંગુર છે. મુહૂર્ત વિઘ્નોવાળુ છે. તેથી જ્યારે પણ સુંદર આરાધના - સાધના કરવાની ઈચ્છા થાય તો તુરત કરી લેવી. શા માટે કરવાનું ? મોક્ષ માટે. આરાધના કરવાની. સુખનો લાલચુ અને દુઃખનો દ્વેષી છું. પરંતુ આ સંસારમાં ઉલટું છે. સુખ માટે પ્રયત્ન થાય છે તે દુઃખ લાવનારા જ બને છે. માટે મારે જલ્દીથી મોક્ષે પહોંચવું છે. મોક્ષ એ નિજાનંદની મસ્તી છે. મોક્ષ માટે ઉપાય પણ ધર્મ જ.

ધર્મ કોને કહેવાય ? ધર્મનું સ્વરૂપ શું ? કે જેના દ્વારા બધું જ મળે છે. સામાયિક - પ્રતિક્રમણ, દીક્ષા, નવ્વાણુ, ઉપધાન ને ધર્મ નથી કહ્યો તો ધર્મ કોને કહેવાય ? જેમાં ત્રણ શરત પૂરી થવી જોઈએ. કઈ ? કટાસણું - ચરવળો - મુહપત્તી ? ધોતી - ખેસ - રૂમાલ ? ના. તો કઈ ? वचनात् अविरुद्धात् यद् अनुष्ठानं (૧) અવિરુદ્ધ વચન - એટલે પૂર્વાપર વિરોધ ન આવે તેવું વચન. (૨) જે અનુષ્ઠાન જેવી રીતે કરવાનું કહ્યું હોય તેવી રીતે કરવું તે (૩) મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ આ ચાર ભાવનાથી યુક્ત. આ ત્રણ શરતથી યુક્ત કરતા અનુષ્ઠાન તે ધર્મ કહેવાય. અને તે ધનના અર્થીને ધન આપે. કામના અર્થીને કામ આપે અને મોક્ષના અર્થીને મોક્ષ આપે.

અહીં અનુષ્ઠાન એટલે શું ? પૂજા - સામાયિક - લગ્ન એવું નથી કહ્યું પણ જે અનુષ્ઠાનમાં આલોક અને પરલોકની વિચારણા હોય. ત્યાગવા યોગ્યનો ત્યાગ અને આચરવા યોગ્યને આચરવાની પ્રવૃત્તિ હોય તે અનુષ્ઠાન કહેવાય. તે પણ અવિરુદ્ધ શાસ્ત્ર અનુસાર પણ શાસ્ત્ર કયું ! કારણ દરેક ધર્મવાળા પોતાના ગ્રંથોને શાસ્ત્ર કહે છે. દા.ત. કલ્પસૂત્ર, બાઈબલ, ત્રિપિટક વિ. પણ તે અવિરુદ્ધ અર્થવાળું હોવું જોઈએ. જેટલું પીળું તે બધુ સોનું ના કહેવાય. કષ - છેદ - તાપથી સોનાની પરીક્ષા થાય, પત્થર ઉપર સોનું ઘસે તેના લીસોટા પરથી નક્કી કરે તે કષ. પછી એમ થાય કે બહાર છે પણ અંદર ન હોય તે માટે ટુકડા કરે તે છેદ. પછી હજુ એમ થાય કે સોનું ભેળસેળ વાળું હોય તો એટલે ઉકાળે. તો સોના સિવાયની ધાતુ જુદી પડે તે તાપ. તેમ બધા શાસ્ત્રો-ની પરીક્ષા કરવાની ? સૌથી પહેલા તેમાં શેનું વિધાન કર્યું છે. તે કષ પરીક્ષા કરવાની સત્ય બોલવાનું કહ્યું જુઠુ બોલવાનું ત્યાગ કરવાનો કહ્યો તો તે કષ પરિક્ષા. પ્રવૃત્તિ કરવાની કહી. ત્યાગના વિધાન કર્યા તે પૂર્વના વાક્યો ઉપર અનુસંધાનવાળા છે કે નહીં ? જેમકે અહિંસા પાળવાનું કહ્યું અને બીજી બાજૂ ઘોડાનો યજ્ઞ કરવાનું કહ્યું તો અનુસંધાન નથી. તે છેદ પરીક્ષા. તાપ પરિક્ષા જે સિદ્ધાંત હોય તેમાં તેમને કરેલી પ્રવૃત્તિ અને આત્માને એકાંતે નિત્ય માને. જે ઉત્પન્ન ન થાય. નાશ ન પામે,

અને કાયમ સ્થિર રહે તો મોક્ષે જાય જ નહીં અને બીજી બાજુ તેઓ કહે મોક્ષે જવા યોગ્ય છે. જેમ દીવામાં ઘી ખલાસ થાય એટલે બુઝાઈ જાય તેમ મોક્ષ એટલે આત્માનો નાશ. આવું બુદ્ધ માને.

આ ત્રણેય પરીક્ષા જુદા જુદા ધર્મોના શાસ્ત્રોની કરવામાં આવે તો બધા જ નાપાસ થાય. આવું અવિરોધી વચન જિનનું જ મળશે. જિન એટલે જેણે રાગ-દ્વેષને જીતેલા હોય તેનું જ વચન અવિરુદ્ધ હોય. કારણ એ શબ્દ બોલનાર વ્યક્તિ શુદ્ધ છે કેમ ? કોઈપણ શબ્દ બોલવો તે નિમિત્તને આધારે છે વચન બોલવામાં બહારનું કારણ હોઠ- તાળવું - જીભ વિ. આ બધું તો મડદામાં પણ છે પણ તે બોલતું નથી કારણ આત્મા નથી. આત્મા એ મુખ્ય કારણ છે.

બોલનાર વ્યક્તિ અશુદ્ધ હોય તો એનું વચન અશુદ્ધ વિરોધી આવે. જુઠું કોણ બોલાવે ? દા.ત. ઘડીયાલ મારી પાસે છે. કોઈએ માંગી પણ મને ગમે છે. માટે હું જુઠું બોલું કે નથી. અથવા સામેવાળી વ્યક્તિ ઉપર દ્વેષ હોય તો તેને આપવાનું મન ન થાય. અને ઘડીયાલ હોય પણ ક્યાં મૂકી તે યાદ ન રહયું તે અજ્ઞાનતા. આ ત્રણ કારણે જુઠુ બોલાય. વ્યક્તિ પ્રત્યેનો પણ રાગ-દ્વેષ અને અજ્ઞાન એ જુઠુ બોલવાનું કારણ છે. જુઠુ બોલવામાં વિરોધ જ આવે.

અવિરોધી વચનને અનુસાર પ્રવૃત્તિ કરાવે તેવું વચન જિનનું જ હોય વચનનું આંતરિક કારણ રાગ-દ્વેષ - મોહની પરતંત્રતાના કારણે જુદા વચનની પ્રવૃત્તિ થાય આવું જિનમાં નથી. જિતે તે જિન કોને ? રાગ-દ્વેષ મોહ રૂપી આંતરિક શત્રુ જીતે તે જિન.

જેનામાં નિમિત્ત શુદ્ધિ ન હોય તેથી તેનું વચન પરસ્પર વિરોધી આવે. અંદર અશુદ્ધિ હોય તો અશુદ્ધિ જ મળે. લીમડો વાવવાથી આંબો ના મળે. ક્યારેક બીજા ધર્મનું પણ અવિરુદ્ધ વચન મળે તો કેવી રીતે ? યોગાનુયોગ એવું થયું. કાગનું બેસવું ને ડાળનું પડવું. ઘુણાક્ષર ન્યાય. લાકડાના કીડા કોતરવા માંડયા. કોતરતા કોતરતા ડીઝાઈન તૈયાર થઈ. તિલક લખાઈ ગયું. એમ અન્ય ધર્મના ફીરસ્તા બોલવા ગયા ને અવિરુદ્ધ વચન બોલાઈ ગયું. તે હકીકતમાં તો જિનેશ્વરે બતાવેલું તે જ છે. અને કેટલાક માર્ગાનુસારી કક્ષામાં આવેલા જૈન કે અજૈનો પણ અવિરુદ્ધ વચન બોલી જાય. તે પણ જિનેશ્વર પરમાત્માનું જ હોય.

બીજી જગ્યાએ સારું વચન દેખાય. તે અહીંથી જ ગયેલું છે. અહીં તો છે જ. જેમ નદીમાંથી એકેક ડોલ પાણી લઈ ગયા તો ડોલમાંથી પાણી લેવા જાય તો લોટો પાણી પણ માંડ મળે. એના કરતા નદી પાસે આવો તો જોઈએ તેટલું પાણી મળે. તેમ બીજા ધર્મમાં જશો તો કંઈક કંઈક મળશે પણ જૈન ધર્મ જ સ્વીકારશો બધું જ મળી જશે. બીજે શા માટે ફાંફા મારો છો.?

આવું અવિરુદ્ધ વચનવાળુ શાસ્ત્ર હોય તેને આધારે આરાધના સાધના કરવાની મારા ભગવાને રાત્રિ-ભોજન - કંદમૂળની ના પાડી છે તો તે નહીં જ કરવાનું ભગવાને જે રીતે કરવાનું કહયું હોય તે રીતે જ કરવાનું.

જે આચરવા યોગ્ય હોય તેનું આચરણ કરવું અને છોડવા યોગ્ય હોય તેને છોડવું તે અનુષ્ઠાન છે. અને તે અનુષ્ઠાન અવિરુદ્ધ હોય. અવિરુદ્ધ વચન જિનેશ્વરનું જ હોય. અને યશોદય જિનેશ્વર ભગવાને જે પ્રમાણે પ્રવૃત્તિ કરવાની કહી હોય તે રીતે કરીએ તો તે ધર્મ કહેવાય. આપણને ફાવે તેમ કરીએ તો તે ધર્મ ન કહેવાય.

ભગવાનની પૂજા શાસ્ત્રમાં મધ્યાહને કરવાની કહી છે અને તમે સવારે કરો એટલે ખોટુ કરો છો અને પાછુ ગૌરવ અનુભવો ભગવાનની પૂજા વિના હું મોઢામાં પાણી પણ ન નાખું. ત્રિકાલ પૂજા કરવાની છે. સવારે વાસક્ષેપ પૂજા. ધૂપ-દિપક-અક્ષત-નૈવેદ્ય-ફળ અને ભાવપૂજા જલ-ચંદન-પુષ્પ પૂજા વિ. તો મધ્યાહને કરવાની છે. જેટલી અવિધિ કરતા જાઓ તેટલો દોષ મોટો થતો જાય. ૧૨ વાગે પૂજા કરવાની અનુકૂળતા ન હોય તો સાડા અગ્યારે, ત્યારે પણ ન હોય તો ૧૧ વાગે. જેટલી વહેલી પૂજા કરીશ એટલો દોષ વધુ લાગશે. નોકરી-ધંધાનું કારણ હોય માટે પૂજા કરવાની રહી જાય તો વહેલી કરવાની છૂટ, પણ કોઈજ કારણ ન હોય તો બપોરે જ કરવી જોઈએ. ભગવાનના દર્શન વિના પાણી-અનાજ નહીં. ભગવાનની પૂજા વિના બપોરનું ભોજન નહી. જ્યારે જ્યારે અનુકૂળતા હોય તો મધ્યાહને જ પૂજા કરીશ.

યથાવિધિં - જે રીતે ભગવાને કહ્યું છે તે રીતે જ આરાધના કરાય. ધર્મને સગવડીયો બનાવી દીધો. કારણે અપવાદ માર્ગ સેવન ન કરો તો તે મોક્ષે પહોંચાડે પણ કારણ વગર અપવાદ સેવન કરો તો તે મોક્ષે ન પહોંચાડે.

આર્ય સંસ્કૃતિમાં અર્થ કામને પણ પુરુષાર્થ કહ્યા છે. અર્થને કંટ્રોલમાં લો તો પુરુષાર્થ બને. જેમ આખલાને બાંધવો પડે નહી તો નુકશાન પહોંચાડે તેમ અર્થને નીતિ અને સંતોષ નામના દોરડા વડે બાંધો ત્યારે તે અર્થ પુરુષાર્થ બને. મોક્ષ આપનારો બને. તેવી રીતે કામવાસના પણ પુરુષાર્થ બને. અને પરંપરાએ મોતનું કારણ બને. તેને પણ (૧) પરસ્ત્રીગમન ત્યાગ (૨) પોતાની પત્નિમાં મર્યાદા રૂપી દોરડાથી બાંધવામાં આવે તો કામ પુરુષાર્થ બને. તમારા ગૃહસ્થના શ્રાવક જીવનમાં ચોથું વ્રત કયું ? પરસ્ત્રીગમન ત્યાગ અને સ્વદાર સંતોષ છે.

ધર્મ ક્રિયા જ્યારે ધર્મ પુરુષાર્થ બને ત્યારે મોક્ષ અપાવે. તેને બે દોરડા વિધિ અને જયણા વડે બાંધવાના. જેટલી બને તેટલી વિધિ સાચવવા પ્રયત્ન કરવાનો. આપણે છદ્મસ્થ છીએ અવિધિ થવાની પણ વિધિનો પક્ષપાત હોવો જોઈએ. જેમ જેમ કોઈ આપણને વિધિ કહેતા જાય તેમ તેમ આપણે અવિધિ છોડતા જઈએ તો તે વિધિ પ્રત્યેનો આદર એ ધર્મ બને.

ઉભા ઉભા જ પ્રતિક્રમણ કરવું જોઈએ. આજે અશક્તિ છે માટે આજે નથી કરી શકતો કાલે સારુ થશે તો ઉભા-ઉભા જ કરીશ. આદર છે માટે આ ક્રિયા વિધિ બની. બધા બેઠા બેઠા કરે માટે હું બેઠા બેઠા કરું તે બચાવે તો ધર્મ ન બની શકે. કોઈ

સમજણ આવે તો વિધિથી કરીશ. અવિધિનો બચાવ તો નહીં જ કરું. વિધિનું સેવન કોઈ કારણસર ન કરી શકતો હોઉં તો મનમાં દુઃખ હોય.

અવિધિથી કરવું તેના કરતા ન કરવું સારું તે ઉત્સૂત્ર વચન છે. આ તો વિધિ-અવિધિ બધું જ જાય. સામાયિક જ બંધ થઈ જશે તો ભવિષ્યમાં ક્યારેય સામાયિક નહીં થાય. અવિધિ ચાલુ હશે તો ક્યારેક વિધિ આવશે.

બાધા લઈને તૂટી જાય એના કરતા ન લેવી સારી આવું ન બોલવું પણ સમજણ પૂર્વક બાધા લેવાની. તૂટે નહીં તેની કાળજી રાખવાની અને તૂટી જાય તો પ્રાયશ્ચિત લઈ લેવાનું.

પહેલા નંબરમાં વિધિ જે રીતે જે કરવાનું હોય તે રીતે કરવું તે વિધિ બીજા નંબરમાં જયણા. જ્યાં વિધિ કરવાની હોય ત્યાં વિધિ અને જ્યાં જયણા રાખવાની હોય ત્યાં તે રાખવાની, હેં! બધે વિધિ ? કેવો કંટાળો આવે ? તો સંસારમાં કેમ બધી વિધિઓ કરો છો ? બેસવાની, ઉઠવાની, લગ્ન કરવાની, શું કામ જોષી મા'રાજને બોલાવવાના ? રીમોટ કંટ્રોલથી ટી.વી. ચાલુ કરવાની. આ બધું કેમ કરો છો ? એમ કહો અંદરથી ઉંડે ઉંડે ધર્મ ગમતો જ નથી.

જયણા એટલે શું ? દોષ સેવવો નહી. પૂંજવું પ્રમાર્જવું તે નહીં. દોષ સેવ્યા વિના ચાલે નહી તેવા સંયોગો આવે તો ઓછામાં ઓછો દોષ સેવવો તેની કાળજી લેવી તે જયણા છે. દા.ત. પ્રતિક્રમણ ઉભા ઉભા જ કરાય. છતાંય કોઈ કારણસર બેઠા બેઠા કરીએ તો પણ હાથ જોડીને જ કરવું. ટટ્ટાર બેસી. આડા અવળા ડફોળિયા માર્યા વિના ધ્યાનથી કરીશ. જેટલું થાય તેટલું ઓછામાં ઓછું દોષવાળું કરવું છે તે જયણા. સ્નાન કર્યા વિના ભગવાનની પૂજા ન થાય તો પૂજા ન કરવાની હોય તે દિવસે નહાવાનું નહીં. અડધી ડોલથી ન્હાવાનું કામ પતી જાય. આખી ડોલ નહીં વાપરવાની. તે જયણા. શિયાળામાં - ચોમાસામાં ગરમી નથી લાગતી તો પંખાનો ઉપયોગ નથી કરવો તે જયણા. કપડા વાસણ ધોવામાં ઓછામાં ઓછું પાણી વાપરવું તે જયણા. જુઠું નથી બોલવું પણ બોલ્યા વિના ચાલે તેમ ન હોય તો ઈશારાથી પ્રભુ હોય તો શબ્દ ન બોલ્યો. એક શબ્દથી ચાલે તેમ હોય તો વાક્ય ન બોલવું. ચોરી કરવી નથી પણ અવસર આવ્યો કરવી પડે તો ઓછામાં ઓછી કરવી તે જયણા. આમ અઢારે અઢાર પાપસ્થાનકમાં જયણા આવી શકે. માત્ર પૂંજવું પ્રમાર્જવું વિ. માં જ જયણા એવું નથી.

એક છોકરાને તેના પપ્પાએ કહ્યું કે તું SSC માં પાસ થઈશ તો જ દીક્ષા આપીશ અને તે છોકરાએ ગણિતના પેપરમાં આગળના છોકરામાંથી જોયું પણ ૩૫ માર્ક જેટલું જ. હવે આગળવાળો વધુ બતાવે તો પણ નહીં જોવાનું. કારણ પાસ થવામાં હવે વધારે જરૂરી નથી.

ચોરી કરવી પડે તો કોને ત્યાં કરવી ? કેવી રીતે કરવી ? તે જયણા. જિનદાસ શેઠને તેમની પત્નીએ હારની ચોરી કરવાની કહી. તે કેવી રીતે કરવી તે કહ્યું. કારણ તે જયણા-વાળી હતી. જરૂર પૂરતુ જ કમાવું છે. ક્યાંક અટકો. સગા પતિ-પત્નિને પણ એક રૂમમાં નથી સુવું કારણ નિમિત્ત મળે અને વધુ પાપ થઈ જાય માટે. આ જયણા. ઘરે બેસીને ભાણા પર જ જમવાનું પછી નહીં. રાત્રે ખાવું જ નથી પણ ખાવું જ પડે તો સવાર

સુધી મારે વાંધો ન આવે એટલું જ. ઘરે હોઈએ ધંધે ન જવાનું હોય તો રાત્રિ ભોજન નથી કરવું. કોઈની સામે કડકાઈથી આંખ લાલ કરવાથી કામ પતી જાય તો મોઢામાંથી એક પણ શબ્દ નથી બોલવો. આટલા માત્રથી ન ચાલે તો બોલવું પણ હાથ ન બતાડવો. હાથ બતાડવાથી ચાલતું હોય તો થપ્પડ નથી મારવી.

મિથ્યાત્વશલ્ય અન્ય દેવ-દેવીના મંદિરમાં નથી જવું હાથ નથી જોડવા કાંગડા થયા અને કોઈ કહે વૈષ્ણોદેવી ચાલો. ન જવાય ત્યાં સુધી ન જવું. જવું જ પડે તો મંદિરની બહાર ઊભા રહેવાનું. આમ વિધિપૂર્વક ન કરી શકો તો ઓછામાં ઓછો દોષ હોય તે પૂર્વક કરવું. સામાયિકમાં ધોતીને ખેસ જ પહેરાય પણ અનુકૂળતા ન હોય તો લેંઘો પહેરી શકે પણ કારણ વગર નહીં. દેરાસરમાં જાઓ અને નિસિહિ બોલી લો ને વિધિ પણ એટલા માત્રથી ન ચાલે. અંદર જઈને સંસારની વાતો ન કરવી તે પણ વિધિ છે. વિધિ પ્રત્યેનો આદર તો જોઈએ જ.

દરેક આરાધના - સાધનાને વિધિ અને જયણા સાથે જોડવામાં આવે તો તે ધર્મ બનશે.

જે કરવા યોગ્ય પ્રવૃત્તિને કરે અને છોડવા યોગ્યને છોડે તે ધર્મ. આટલી વ્યાખ્યા અધૂરી છે. કારણ ચોર હોય તે ચોરીને કરવા યોગ્ય માને તો તેને ધર્મ કહેવો પડે પણ ના તે પ્રવૃત્તિ 3 શરતથી યુક્ત હોવી જોઈએ. જિનમાં રાગ - દ્વેષ મોહ નથી. માટે એમના વચનમાં વિરૂદ્ધ આવે નહીં. એમના કહેલા વચન અનુસાર ધર્મ કરીએ આ એક શરત. આ પ્રવૃત્તિ ઈચ્છા મુજબ કરીએ તે ધર્મ ન થાય. ડૉક્ટર આપણા શરીરના બંધારણને જાણે માટે દવા કેવી રીતે લેવાની દુધ સાથે પાણી સાથે જમ્યા પછી જમ્યા પહેલા ડૉક્ટર જેમ કહે તેમ કરાય. ડોક્ટર તેમ ના કરીએ તો રોગ ના મટે. તેમ ભગવાન આપણા આત્માના ડૉક્ટર છે. જે ક્રિયા જેવી રીતે કરવાની કહી હોય તેવી રીતે પ્રવૃત્તિ કરે. તો તે ધર્મફલ આપે. પણ ધર્મની આરાધના સાધના ફળ ન આપે તો તેમા વાંક આપણો છે. જે સમય જે સામગ્રી સાથે ધર્મ કરવાનો હોય તે રીતે ન કરીએ તો ધર્મ ફળે નહીં.

એક યુવાન છોકરો. ધિક્કાર સંપત્તિ, ઉદ્ધત, અહંકારી હતો. એકવાર તેને શરદી થઈ. ડૉક્ટર પાસે ગયો. સવાર - બપોર - સાંજની દવા આપી. પાંચ દિવસ સુધી પણ ન મટી તેથી આવ્યો ડૉક્ટર પાસે. તમે હજામ છો. દવા કરતા ન આવડે તો શું કામ દવા આપો છો ? ચાર બદલે સાત દિવસ સુધી પણ શરદી ન મટી. ડોક્ટરે કાગળ વાંચ્યું દવા બરોબર લખેલી હતી. પૂછ્યું તે બરાબર લીધેલી ? હા. ઠંડા પદાર્થો નથી ખાધાને ? હા ૧૫ - ૨૦ આઈસક્રીમ ખાધી છે. પંખાને બદલે AC માં રહું છું. તો શરદી ન મટવા પાછળનું કારણ તમે આપ્યું નહીં. હવે મારે પાટિયું ઉતારવાની જરૂર નથી તમારે નીચે ઉતરી જવાની જરૂર છે.

મને અને તમને ધર્મારાધના કરતા ફાયદો ન થતો હોય તો માનવાનું ક્યાંક ગરબડ કરી છે. ધર્મારાધના કરતા કાઁકોળિયા ચાલુ બીજાની નિંદા વિ. તો આત્માનો રોગ કેવી રીતે મટે ? ચરી જે રીતે પાળવાની હોય તે રીતે પાળવી પડે.

આરાધના - સાધના ગુરુના માધ્યમ વિના ન કરાય. કોઈએ નવી ગાડી લીધી અને ડ્રાઈવીંગ કરે તો એક્સિડન્ટ જ થાય ને ? તો શું કરવું. પહેલા શીખી લેવું જોઈએ. પછી લાયસન્સ લીધા પછી ચલાવી શકાય. અને કદાચ ન આવડે તો બીજો ડ્રાયવર રાખવો પડે. તેમ ધર્મની આરાધના - સાધના કરવી છે પણ ધર્મની આરાધનાનું ડ્રાઈવીંગ નથી આવડતું ત્યારે બીજા ડ્રાયવર તરીકે ગુરુ મહારાજને રાખવા પડે. એ કહે તેમ કરવું પડે.

સ્વયં બધા શાસ્ત્રો નો અભ્યાસ કરી લેવો જોઈએ. અને ડ્રાઈવીંગ લાયસન્સ ન મળે ત્યાં સુધી ગીતાર્થની નિશ્રામાં રહેવું પડે. આ બેની નિશ્રામાં વિહારની છૂટ અને આ બેનો જ વિહાર જૈન શાસનમાં મહાન છે. આરાધના - સાધના ગીતાર્થને માથે રાખીને કરવાની.

③ મૈત્ર્યાદિ ભાવથી યુક્ત અનુષ્ઠાન મૈત્રી - પ્રમોદ - કરૂણા - માધ્યસ્થ આ ચારે ભાવનાથી યુક્ત અનુષ્ઠાન ધર્મ બને.

એક છોકરાનું પિતાએ ટ્યુશન રાખ્યું. થોડા ટાઈમ પછી પપ્પાએ પૂછ્યું ૬ × ૨ કેટલા ? ૧૦. એક લાફો લગાવી દીધો. શિક્ષકને પૂછ્યુ શું ભણાવો છો ? શિક્ષકે કહ્યું બે મહિના પહેલા ૮ બોલતો હતો. બે મહિના પછી ૧૦ બોલતો થયો છે. કેટલું આગળ

વધ્યો તે મહત્વનું છે.

કેટલી દવા લીધી તે મહત્વનું નથી પણ આરોગ્ય કેટલુ મેળવ્યું તે મહત્વનુ છે. તેમ આરાધના ગમે તેટલી કરો. પણ રાગદ્વેષ દોષો કેટલા ઘટ્યા તે મહત્વનું છે.

મૈત્રી = બધા જીવો પ્રત્યે મૈત્રી - પ્રમોદ. આપણાથી ગુણોમાં આગળ હોય તેને જોઈને આનંદ. કિલશ્યમાના. જે કલેશ પામતા હોય તેના કલેશને દૂર કરવા પ્રયત્ન. જે અવિનિત હોય તો સાંભળે જ નહિં. તો ઉપેક્ષા કરવાની દીન-દુઃખીને જોઈને આંખમાં આંસુ તે માધ્યસ્થ ભાવ.

"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહયા કરે" આમાં ચારે ભાવના-નો સમાવેશ થઈ જાય. મોક્ષ માર્ગ ભૂલેલાને આડો અવળો રસ્તો ન બતાવાય. "કરે ઉપેક્ષા એ મારગની તો યે સમતા ચિત્ત ધરે" દીકરો પૂજા ન કરે તો ગુસ્સો, તિરસ્કાર, ધિક્કાર ધર્મના નામે પણ ના કરવું. મૌન રહેવું. ભગવાનને પ્રાર્થના કરવી. આ ચાર ભાવનાથી યુક્ત અનુષ્ઠાન થાય ત્યારે તે સદ્ અનુષ્ઠાન બને.

પરહિતચિંતા મૈત્રી. આપણે બધાના હિતની ચિંતા કરી શકીએ? ના સમય મર્યાદિત છે. જીવો અનંતા છે. પણ ભાવથી કરાય. મારે કોઈ જીવનું અહિત ન કરવું. આ નેગેટીવ ભાવના છે. બધાના ગુણોની પ્રસંશા કરવી છે. નાના બાળકોના તોફાન સામે દ્રષ્ટિ રાખશો તો આજે નાના છોકરાએ પૌષધ કર્યા તેની અનુમોદના નહીં કરી શકો. પ્રમોદ ભાવ નહીં આવે. નાની ઉંમરવાળા સાધુ - સાધ્વીને જોઈને આનંદ ઉભરાય. કેવી આરાધના - સાધના કરે છે વિહાર કરે. લોચ કરાવે. આવી અનુમોદના જોઈએ.

સુધર્માસ્વામી રાજગૃહી નગરીમાં આવ્યા. અભયકુમારની વિનંતીથી. માસકલ્પ રહેવાનું વિચાર્યું અને પાંચ દિવસ પછી વિહાર કરવાનો કહ્યો. પૂછ્યું કેમ? અપ્રીતિ થાય તેવા નગરમાં અમારાથી ન રહેવાય. અહી નૂતન દીક્ષીતની સમાધી ટકવી મુશ્કેલ છે. કઠીયારાનો વૈરાગ્ય જોઈને દીક્ષા આપેલી અને લોકો નિંદા કરવા લાગ્યા. ચેલાના ભૂખ્યા મા'રાજે દીક્ષા આપી. માટે આ નવા મા'રાજની સમાધી અહીં ટકતી નથી માટે અમે વિહાર કરીએ છીએ. અભયકુમાર કહે એક દિવસ રોકાઈ જાઓ. કાલે જજો. અને અભકુમારે હીરા-માણેક - મોતીના ઢગલા કર્યા. ઢંઢેરો પીટાવ્યો. બધા ત્યાં પહોંચ્યા. અભયકુમારે કહ્યું. સોના મહોરનો ઢગલો તેને મળશે જે જીવનભર કાચા પાણીને ન અડે. જીવનભર અગ્નિ સ્ત્રીને નહીં અડવાનું. એક ભાગ્યશાળી આ ઢગલો લેવા તૈયાર છે. આ ત્રણેય શરતો પાળવા તૈયાર છે. અને આ ત્રણેય ઢગલા તેમને આપીશ તો લેશે પણ નહીં અને આ ત્રણ નિયમો જિંદગીભર પાળશે. કોણ? જેની તમે નિંદા કરો છો તે કઠીયારા મુનિ. પછી લોકોએ ક્ષમા માંગી.

ધર્મની આરાધના - સાધના ત્યારે જ બને જ્યારે પ્રમોદભાવ આવે. નેગેટીવ પ્રમોદભાવ. મારે કોઈની ઈર્ષ્યા કરવી નથી. ક્રોધ કરવો નથી. તે મૈત્રી ભાવ. મારે

કોઈને દુઃખી કરવા નથી. તે કરૂણા. કોઈપણ જીવ દુઃખી છે. તેના દુઃખને દૂર કરવા દોડી જાઉં. કોઈને કપડાની જરૂર છે. કપડા આપુ પણ આ જગતમાં જીવો ઘણા છે. બધા સુધી પહોંચી ન શકીએ. માટે નેગેટીવ. મારે કોઈને દુઃખી કરવા નથી.

માધ્યસ્થ ભાવના. આપણું બધા જ માનવાના નથી. પ્રેમથી કહેવું ન માને તો અકળાવું નથી. સલાહ આપવી જ નહીં. જવાબદારી હોય તો અપેક્ષા રાખવાની નહી કે તે અમલ જ કરે. કરે તોય વાહ-વાહ ન કરે તોય વાહ-વાહ પણ અકળાવું નહીં. ગુસ્સો ન કરવો.

આપણી ધર્મ ક્રિયા ચાર ભાવનાથી યુક્ત છે? કે ધર્મની ક્રિયાને ઉપચારથી ધર્મ કહીએ છીએ. વાસ્તવિક ધર્મ તો દુર્ગતિમાં જતા જીવોને ધારી રાખે તે.

કર્મના મેલને દૂર કરવા રૂપ સમ્યગ્દર્શન રૂપ બીજને આપનાર જે આત્માની શુદ્ધિ તે ધર્મ છે. રાગ-દ્વેષ મોળા પડતા ગયા તે ધર્મ આંતરિક. પછી આત્મા પોતે જ પરમાત્મા બને. જેમ માટી પોતે જ ઘડો બની જાય. તેમ આત્માની શુદ્ધિ તે જ ધર્મ બની જાય.

આત્માની શુદ્ધિ અને આત્માની પવિત્રતા સતત રહેવી જોઈએ. ધર્મ બે પ્રકારનો સાધુ ધર્મ અને ગૃહસ્થ ધર્મ.

ગૃહસ્થ ધર્મ

- સામાન્યથી
  - ધંધો-નોકરી પરિવારની
  - બધી ફરજ
- વિશેષથી
  - સમ્યગ્દર્શન
  - શ્રાવકના ૧૨ વ્રત

પાલન સ્વધર્મી. તમે દીક્ષા નથી લીધી માટે ઘર ચલાવવા પૈસા જોઈએ જ. ગૃહસ્થે માગણીયા નથી બનવાનું. ઉન્નત મસ્તકે જીવવાનું છે. અને તે પૈસા વિના ના જીવાય. માટે ધંધો કરવો પડે. તે ધંધો કેવી રીતે કરવો. તો તે પણ સામાન્યથી ગૃહસ્થ ધર્મ કહી શકાય. ભજન, ઘર, વસ્ત્ર ખર્ચ કેવી રીતે કરવાનો વિ. બધુ સામાન્યથી ગૃહસ્થ ધર્મમાં આવશે.

કવિ ગંગ - જિસકો હરિ પે વિશ્વાસ નહીં
સોહી આશ કરો અકબર કી

આવુ બોલનારા કવિ ગંગને અકબરે હાથીના પગ નીચે કચકાવી દીધો. આવો ક્રૂર અકબર હતો. અકબર ભયાનક કામી ક્રૂર માંસાહારી હતો. રોજ ચકલાની સવાશેર જીભ ખાતો હતો. આવો ક્રૂર નિર્દય બાદશાહ. કેવો કાળ? ત્યારે શું આરાધના લોકો કરતા હશે?

તે વખતે કાળ અમાસની અંધારી રાત જેવો ચાલતો હતો. અને તે અમાસની અંધારી રાતે એક તેજ લીસોટો આ જગતમાં પ્રગટ્યો અને તે તેજ લીસોટાએ ભયંકર ક્રૂરતા, નિર્દયતા, નિષ્ઠુરતાને હટાવી દીધી. તે હતા જગતગુરુ હીર સૂરિ મહારાજ સાહેબ. આવા અકબરને હીરસૂરિ મ. એ કરૂણાના પિંજરમાં પૂરી દીધો. બધા જ પાપોમાં શૂરો અને પૂરો હોય તેવા વ્યક્તિના જીવનમાં પરિવર્તન કરાવનાર કેટલા મહાન હશે. તેમાં પણ કોઈ પરિવર્તન થાય છે તો કોઈના વિચારો કે કહેવાથી નથી થતુ પણ આચારથી થાય છે. સૂર્યની આટલી ગરમી છે તેથી આપણા શરીરમાં ટેમ્પરેચર છે. સાધુ- સાધ્વીના જીવનમાં આચારો છે.

જેને પણી બીજાનું કલ્યાણ કરવું હોય તેણે પોતાના જીવનમાં આચારની ઉંચાઈ લાવવી પડે. સ્વ અને પરનું કલ્યાણ કરવાનું સાધન છે આચાર. માટે જ કહ્યું છે હે સાધુ! તુ જ્યાં જાય ત્યાં વ્યવહાર ધર્મની વાતો કરજે. કારણ આચારની ચુસ્તતાથી બીજા પામી શકે. મુહપત્તિનું પડિલેહણ કોણે શીખવાડ્યું? આગળથી કોઈ કરતા આવ્યા તે આપણા સુધી આવ્યું. પૂજા બધા કરે છે તો નવા શીખે છે માટે આચારમાં ચુસ્તતા લાવવાની.

હીરસૂરિ મ. એ અકબરને પ્રતિબોધ પમાડયો. એકવાર યુદ્ધની છાવણીમાં અકબર બેઠો છે. સામેની છાવણી જોઈ. ધજા ઉડતી નથી. પૂછ્યું કેમ ધજા ઉડતી નથી? ત્યાં ચકલીએ માળો નાખ્યો છે. ત્યારે અકબરે કહ્યું કાલે પડાવ ઉપાડવાનો હોય તો આ તંબુ એમને એમ રાખવાનો. કારણ તે ઉપાડશો તો ઈંડા ફૂટી જશે. આટલું જબરજસ્ત કોટીનું પરિવર્તન.

આઈને અકબરી નામના પુસ્તકમાં અબુલ ફઝલ નવ રત્નોમાંનો એક તેણે લખ્યું છે કે મારું શરીર ઘણું મોટું હોત તો કેવું સારું? કેમ? ત્યારે અકબરે કહ્યું કે મારુ શરીર મોટુ હોત તો બધા માંસાહારીઓ મારું માંસ ખાય પણ બીજા પ્રાણીઓને મારત તો નહી ને? આટલું બધુ પરિવર્તન.

એક જ માણસની પવિત્રતા આખા જગતનું પરિવર્તન કરી શકે માટે. પવિત્રતાની ઊંચાઈ વધારતા જાવ. જેમ જેમ આત્મિક શુદ્ધિ થશે. તેમ તેમ અનેકોના પરિવર્તન થશે. આચાર શુદ્ધિ વધે તેમ પવિત્રતાનું સ્તર વધે. કલાપૂર્ણસૂરિ મ. વ્યાખ્યાન કેટલું આપતા? ૧૫ મિનિટ. છતાં આચારચુસ્ત, શુદ્ધિ, પવિત્રતા પેદા થાય. દોષો નબળા પડે.

હીરસૂરિ મ. પાલનપુરમાં જન્મ્યા. પિતા કુરાશા. માતા નાથીબાઈ. નાની ઉંમરમાં માતા-પિતા ગુજરી ગયા. બેન રાણીબેન ભાઈ વ્હાલો હતો તેથી તે લઈ ગઈ. પાટણમાં દાનસૂરિ મ.નું ચાતુર્માસ. આ હીરજી ઉપાશ્રયમાં રમવા જાય છે. આચાર્ય મહારાજની નજર પડી. કહ્યું આ છોકરો જૈનશાસનને સોંપી દો. સાચુ બોલો હીરો જ્યારે ખાણમાંથી નીકળે ત્યારે પત્થર હોય ને ? તેના પર સવા લાખની કિંમત લખેલી હોઈ. ના. છતાં આઈ ગ્લાસ દ્વારા તેને જોઈને ખરીદો છો ? તેમ તમારી દીકરાના કપાળ પર ન લખેલું હોય પણ ઝવેરી એવા ગુરુ મ.જ જાણી શકે. ઝવેરી કહે આ હીરો છે. તો સોંપી દેવાનો કે ઘરમાં રાખી મુકવાનો. તેમ તમારા ઘરમાં પ્રગટેલું રત્ન જાણકાર ઝવેરીને સોંપાય.

અહીં દાનસૂરિ મ.ને સમજાઈ ગયું કે આ રત્ન છે. તેથી કહ્યું કે આ સોંપી દો. ૧૨ વર્ષની ઉંમર છે. દીક્ષા માટે વૈરાગ્યની જરૂર છે. જ્ઞાન ઓછું વધારે ચાલે. તેમાં ગુણોને ખીલવવા તેના જાણકાર જોઈએ તમને ક્યાં સમય જ છે ? આખા દિવસમાં પપ્પા રવિવાર સિવાય મળે જ નહીં. તમે ક્યારે દીકરાની સાથે પ્રેમથી વાત કરો. તમારી લાગણી હુંફ એને ક્યારે મળે. રવિવારે ૧૨ વાગે ઉઠવાનું. તમને નથી લાગતું તમે ખોટા રસ્તે છો. તમારી જિંદગી કેવી ચાલે છે. ?

આ હીરજી બાર વર્ષે દીક્ષા લઈ નામ પડ્યું હીરહર્ષ વિજયજી મ. સ્વાધ્યાયમાં લીન છે. સ્વાધ્યાય એ જ સાધુ જીવનનો પ્રાણ છે. જ્યાં સ્વાધ્યાય નથી ત્યાં ગામગપાટા નિંદા ચાલે. દીકરાને દીક્ષા આપી પછી છ - બાર મહિને તેને ક્યારેક પૂછ્યું શું ભણો છો ? શું વાત હોય ? શરીર બહુ ઉતરી ગયું છે ? તપ ઓછો કરવાનો. ક્યાં રંધાણું ? ક્યાં મંડાણું ? એવું પૂછો કે એક વર્ષમાં કેટલું ભણ્યા ? રોજના કેટલા કલાક સ્વાધ્યાય કરો છો ? આ તમારી જવાબદારી ખરી કે નહી ? કે હાશ છુટ્યા સંસારના વ્યવહારોથી. માંગોને હીસાબ કીતાબ ? દીક્ષા લેવા માટે ધમપછાડા કરતા હતા. હવે માંગો હિસાબ કીતાબ. સહવર્તી સાથે મેળ કેવો છે ? મોક્ષે પહોંચવા માટે દીક્ષા લીધી. હવે કેટલા આગળ વધ્યા? મા-બાપથી ના પૂછાય ? સાચા અમ્મા-પિયા બનો.

પૂ. હીરહર્ષ વિ. મ., ધર્મસાગરજી, રાજવિમલ આ ત્રણેને દોલતાબાદ અભ્યાસ માટે મોકલ્યા પણ વેતનની વ્યવસ્થા કોણ કરે ? ચિંતામાં બેઠા છે. ત્યાં રાજસ્થાનની જસ્માબાઈ વંદન માટે આવી. ચિંતાનું કારણ પૂછ્યું પછી કહ્યું બધો ભણવાનો લાભ મને આપો. એક મુનિને જ્ઞાનનું દાન કરવું એટલે હજારોનો લાભ મળે.

૧૬૦૭ માં ઉપાધ્યાય પદ, ૧૬૧૦ માં આચાર્ય પદ. નામ પડ્યું હીરસૂરિશ્વરજી મ. દાનસૂરિ મ. ૧૬૨૨ માં કાળધર્મ પામ્યા. તપાગચ્છમાં એક ચક્રી શાસન હીરસૂરિ મ.નું થયું.

આ દુનિયામાં જે વિશિષ્ટ કોટીના વ્યક્તિ હોય તેના વિરોધી ઈર્ષાળુઓ ઘણા હોય. પછાડવાના ધંધા ઘણા ચાલે. ઉપસર્ગો ઘણા આવે. પં. સત્યવિજય મ. એ ક્રિયોદ્ધાર કર્યો તે પરંપરામાં જેની પાછળ સાગર - વિમલ શબ્દ નથી. તે બધા સત્યવિજય મ.ની પરંપરામાં ભેગા થયા. સાગર- વિમલ હીરસૂરિ મ. માં ભેગા થયા.

હીરસૂરિ મ. વિશિષ્ટ સત્વશાળી. ખંભાતમાં રતીલાલ શ્રાવકનો દીકરો માંદો પડ્યો.

તેને કહ્યું બચાવો. મોટો થશે તો તમને સોંપી દઈશું. ગુરુ મહારાજના આશીર્વાદથી સાજો થયો. આઠ વર્ષનો થયો. ભાવના થાય તો દીક્ષા આપવાની. તમને દીકરો જીવે તેમાં રસ કે જૈનશાસનનો અણગાર બને તેમાં રસ? હજુ મોક્ષની ઈચ્છા અંદરથી જાગી નથી.

હીરવિજયજી છોકરાને ઉપાડી જશે. તેથી તેની બેને તેના સસરાની લાગવગથી સુબાને કહ્યું. વોરંટ છૂટ્યું. તે વખતે કાળ કેવો ખરાબ હતો. ૨૩ દિવસ સુધી છુપાતા રહેવું પડ્યું. ભાગવું પડ્યું. શાસનના કામ કરવા હોય તો બધું સહન કરવું પડે. જાત-જાતના પ્રસંગો બને. સંથારા બદલવા પડે. હીરસૂરિ મ. એકવાર બોરસદમાં પહોંચ્યા. એકલવિહારી જગમાલ નામનો સાધુ હતો. તેમને કહ્યું કેમ તમારા ગુરુ સાથે નથી રહેતા? અને પેલો દુશ્મન બન્યો. મને કેમ સલાહ આપે? મુસલમાન સુબાને પકડવા કહ્યું. ત્યાંથી ભાગવું પડ્યું.

પાટણમાં યતિએ સુબાની કાનભંભેરણી કરી. બપોરે પડિલેહણ કરતા કરતા સાવ નગ્ન અવસ્થામાં ભાગવું પડ્યું. આવે ઉપસર્ગો. વડાવલીના શ્રાવકે ત્રણ દિવસ પોતાના ઘરમાં સાચવ્યા. મહાપુરુષો તો આપત્તિઓને માણે.

ચંપા શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા. કેવા? ટી.વી. જોતા જોતા? ના. મસ્તીપૂર્વક. તપનું પણ તેજ હોય. તપ કરીએ સમતા રાખી ઘરમાં... અકબરે બોલાવી પૂછ્યું. આ કેવી રીતે કરી શક્યા? મેરે ઓલિયાકી કૃપાસે. અકબર કદર ક્યારે કરી શક્યો જ્યારે પોતાના ધર્મના આચારમાં ચુસ્ત હતો. ત્યારે. તેણે કહ્યું. તમારું તપ મહાન તો તમારા ગુરુ કેટલા મહાન? મારે તેમના દર્શન કરવા છે. આચાર્ય મ. ને આમંત્રણ મોકલ્યું. શાસનદેવે કહ્યું જાઓ. અને ૬૭ સાધુ સાથે માગસર વદ-૭ ના ગંધારથી વિહાર કર્યો. આગળ ખંભાત પાસે પહોંચ્યા. દિવ્ય સ્ત્રીએ કંકુ અક્ષતથી વધાવ્યા. તે શાસનદેવી હતા. કહ્યું આપ જરા પણ ચિંતા ન કરો. પધારો. પેલા વોરંટવાળા સુબા પગે પડ્યા.

હીરસૂરિ મ. અકબરના દરબારમાં પહોંચી ગયા. પાલખી મોકલી. કહ્યું અમને ન ખપે. પછી ત્યાં જાજમ પાથરી પણ તેની ઉપર પણ ચાલવાની ના પાડી. અંતમાં અમારી હતી તેથી જગતમાં અમારી પળાવી શક્યા.

છેલ્લું ચોમાસુ ઉનામાં હતું. સેનસૂરિ મ. લાહોરમાં હતા. તેમને ચાલુ ચોમાસામાં વિહાર કરવાનું કહ્યું. હીરસૂરિ મ.ની તબિયત બગડી. દવા નથી લેતા. લોકપ્રિય પણ કેટલા? સવારે સાધુઓ સ્વાધ્યાય નથી કરતા. પૂછ્યું કેમ? અસજ્ઝાય છે શેનું? બાળકો રડે છે કેમ? માતાઓ સ્તનપાન નથી કરાવતી માટે કેમ. ગુરુ મ. દવા ન લે ત્યાં સુધી અને કરુણાથી દવા શરૂ કરી. તે સ્વર્ગવાસી થયા ત્યારે આંબામાં કેરી આવે. આજે પણ ઉનામાં તે આંબા પર કેરી આવે છે. સેનસૂરિ મહારાજે અપવાદ માર્ગે વિહાર કર્યો. પણ ગુરુ શિષ્ય ભેગા ન થઈ શક્યા. તેથી મહાન વારસો સરકી ગયો.

ધર્મબિન્દુ ગ્રંથની પૂ. હરિભદ્રસૂરિ મ. એ રચના કરેલ. તેમણે સૌથી પહેલા પરમાત્માને પ્રણામ કરીને શ્રુત રૂપી સમુદ્રમાંથી ઉધ્ધરીને પાણીના ટીપાની જેમ ધર્મનું કાંઈક સ્વરૂપ કહીશ. પણ ધર્મનું સ્વરૂપ જાણીને કરવાનો જ ન હોય તો શા માટે જાણવાનો તેથી બીજા શ્લોકમાં કહ્યું કે ધનાર્થીના ધન... ધનના અર્થીને ધન પણ ધર્મ આપશે. કામની ઈચ્છા હોય પાંચે ઈન્દ્રિયોના જુદા જુદા વિષયોને આપનારો પણ ધર્મ જ છે. અને મોક્ષને આપનારો પણ ધર્મ જ છે. જે પણ જોઈતું હોય તે. પણ પાપ તો ન જ કરાય. ધર્મ જ કરાય.

જેના વચનમાં વિરોધ ન આવતો હોય તેના વચન અનુસાર પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરવી. વિરોધી વચન કોણ ન બોલે ? જે રાગ-દ્વેષ વિનાના હોય તે. અને તે તો જિનેશ્વર પરમાત્મા જ હોય. ભગવાને કહ્યું ધર્મ કરવાનો એટલે કરી જ લેવું તેવું નહીં. જે ટાઈમે જે રીતે કરવાનો છે. તે રીતે કરવો જોઈએ. ઘર નીકળવું હોય ને પૂજા કરે તો. પૌષધ લેવા ૧૨ વાગે આવે તો. ના આવું ના ચાલે. બીજી શરત યથોહિતમ ભગવાને જે રીતે કહ્યું હોય તે રીતે જ કરવું. સાવ ન કરો તેના કરતા વિધિનો આદર અને વિધિના પક્ષપાતથી અવિધિએ કરાતી ક્રિયા માન્ય છે.

૩ જીવાત મૈત્ર્યાદિભાવથી યુક્ત કરાતી ક્રિયા જ ધર્મ બને છે. પરહિત ચિંતા મૈત્રી. આ પોઝેટીવ પણ તમામ જીવના હિતની ચિંતા ૨૪ કલાક ન થાય માટે નેગેટીવ. આ જગતના કોઈપણ જીવનું અહિત થાય તેવું હું નહી કરું. આને મૈત્રી ભાવના કહેવાય. પ્રમોદભાવ આપણાથી કોઈ ગુણમાં આગળ હોય તો તેની અનુમોદના કરવી. જગતમાં જીવો ઘણા છે. તેમના ગુણો ઘણા છે. બધાની બોલીને અનુમોદના ન કરી શકીએ. તો કોઈના ગુણો જોઈને ઈર્ષ્યા, નિંદા, ટીકા નહીં કરું તે પ્રમોદ ભાવના.

જે દુઃખી હોય તેમના પ્રતિ કરૂણા. પણ બધાના દુઃખો દુર કરવાની મારી કૅપેસીટી નથી તો મારે કોઈને દુઃખી કરવા નહીં. આ કરૂણ ભાવના.

કોઈને હિત થાય તેવી વાત કરવા છતાં તે સ્વીકારવા તૈયાર ન થાય તો ઉપેક્ષા. રાત્રે નહી ખાવાનું આવુ આપણે કોઈને કીધુ પણ તે ન માને. તો ટક ટક નહી કરવાનું. ટોર્ચરીંગ નહીં કરવાનું. તો મારે કોઈના પ્રત્યે ધિક્કાર કે તિરસ્કાર ન કરવો. આ માધ્યસ્થ ભાવના. આ ચાર ભાવનાથી યુકત અનુષ્ઠાન તે ધર્મ છે. ધર્મ બે જાતનો બતાવ્યો છે. સાધુ ધર્મ અને ગૃહસ્થ ધર્મ. જે ઘરમાં રહે તે ગૃહસ્થ કહેવાય. ગૃહસ્થના બે ધર્મ નિત્ય અને નૈમિત્તિક. નિત્ય એટલે રોજ કરવાના. નૈમિત્તિક એટલે વિશેષ પ્રસંગો વિ. માં કરવાનો ધર્મ.

સંસારની દૃષ્ટિએ ખાવાનું રોજ પણ લગ્ન વિ. માં ખાવાનું તે નૈમિત્તિક. ધાર્મિક દૃષ્ટિએ નવકારશી ચોવિહાર રોજ પણ ઉપવાસ આયંબીલ વિ. નિમિત્તના આધારે. પૂજા રોજ પણ સિધ્ધચક્ર પૂજન વિ. નૈમિત્તિક ધર્મ કહેવાય.

યતિ કોને કહેવાય ? સતત પ્રયત્ન કરે તે.. શેનો ? તૃષ્ણા રૂપી નદીને તરવા માટે જે સતત મહેનત કરે તે યતિ. સાધુ દુઃખોનું - પાપોનું આખા સંસારનું મૂળ છે તૃષ્ણા - ઈચ્છા. ઈચ્છા તે આકાશ સમાન છે. દેશમાંથી સુરત આવ્યા, સુરતથી મુંબઈ, વાલકેશ્વર, અમેરિકા ઈચ્છાઓ વધતી જ જાય. પહેલા પાંચ લાખ કમાતા હતા. પછી દસ લાખ, વીસ લાખ, પચાસ લાખ, ટી.વી, કલર ટીવી, કોમ્પ્યુટર ઈચ્છાઓ વધતી જ જાય. ક્યારેય ઓછી ન થાય. આ ઈચ્છા રૂપી નદીને

તરવા માટે મહેનત કરે. શરીરરૂપી બગીચામાં રહીને અને મનમાં જાત-જાતની ઈચ્છાઓ થાય એ રૂપી નદીને તરવાનો સતત પ્રયત્ન કરે તે યતિ. તેનો ધર્મ તે યતિ ધર્મ. પણ એમ તો નદીમાં ડૂબી જવાય માટે શાસ્ત્ર અભ્યાસ, સમ્યગ્ જ્ઞાન રૂપી નાવડીમાં બેસીને તૃષ્ણા રૂપી નદીને તરવાની. ગુરુની સતત પાસે રહેવું. ગુરુને અત્યંત સમર્પિત રહેવું. ગુરુ પ્રત્યે બહુમાન ભાવ, ઉછળતો આદરભાવ રાખવો તે યતિધર્મ. પણ આ સાધુ ધર્મ પાંચમાં અધ્યાયમાં કહીશું.

તેની પહેલા ગૃહસ્થ જીવન બતાડે છે. સાધુ બનતા પહેલા સદ્‌ગૃહસ્થ તો બન. વાનરમાંથી નર બનો પછી નારાયણ બનો. જનમાંથી સજ્જન પણ બને અને દુર્જન પણ બને. સત્-ગુણો આવે તેમ સદ્‌ગૃહસ્થ બનો.

ગૃહસ્થનો ધર્મ બે પ્રકારે. સામાન્ય - જે શ્રાવક- શ્રાવિકાની કક્ષાએ પણ નથી પહોંચ્યા તે પહેલાનો ધર્મ તે સામાન્ય ધર્મ. કોઈપણ ધર્મના કહેવાતા જે સજ્જનો તેને માન્ય ધર્મ તે સામાન્ય ધર્મ.

વિશેષ = સમ્યગ્ દર્શન અને ૧૨ વ્રત જેમાં આવે તે. અહીં સામાન્ય ધર્મ બતાવે છે. અહીં ધર્મની વાત છે. પાપની તો વાત જ ન આવે. ઘર ચલાવવાનું છે તેથી પૈસાની જરૂર પડે. સાધુ - સાધ્વી હોત તો વાંધો ન આવે. ગોચરી મળી જાય. કપડા મળી જાય. રહેવા ઉપાશ્રય મળી જાય. એટલે સાધુ- સાધ્વીને રૂપિયાની જરૂર ના પડે. પણ તમે ગૃહસ્થ છો. તેથી તમારી જવાબદારી તમારે અદા કરવી પડે. કોઈ કહે હું આખો દિવસ સામાયિક કરીશ. બે પ્રતિક્રમણ કરીશ. મારો ઘર ખર્ચ તમે મોકલી આપજો તો મારે ના પાડવી પડે કે ના આ તારો ધર્મ નથી. હમણાં તો નોકરી કે ધંધો કરી કુટુંબનું ભરણ - પોષણ કરવું તે તારો ધર્મ છે.

ધંધો કેવો કરાય ? તમને ફાવે તેવો ધંધો કે નોકરી કરો તો તે ધર્મ ન કહેવાય. અહીં બતાવ્યા પ્રમાણે ધંધો કરે તો તે ધર્મ બને. પોત પોતાના કર્તવ્યનું ભાન સદા તેને હોવું જોઈએ. ગૃહસ્થ ઉન્નત મસ્તકે જીવતો હોય. સ્વમાન, ખુમારી, મસ્તીથી જીવતો હોય. સજ્જન માંગણીયો ન હોય. જ્યાં ત્યાં માથુ ન ઝુકાવે. રોદણા ન રોતો હોય.

તો નોકરી ધંધો કેવો કરવાનો ? ૪ શરત પાળીને તમે ધંધો કરો તો તે ગૃહસ્થ ધર્મ કહેવાય. (૧) કુલ પરંપરાથી આવેલો ધંધો હોવો જોઈએ. તમે શેરબજારમાં ઘુસ્યા તે કુલ પરંપરાનો ધંધો નથી માટે હાથ ઊંચા કરવા પડે. પૈસા જાય ત્યારે રોવું પડે. પિતા-દાદા એમ સાત પેઢીથી આવેલો ધંધો કુલ પરંપરાનો કહેવાય.

લુહારનો દીકરો લુહાર એનો દીકરો લુહાર હોય. સોનીનો દીકરો સોની એનો દીકરો સોની આ રીતે ચાલે. મંત્રીનો દીકરો મંત્રી ૧લા નંદનો મંત્રી હતો અને પછી ૯-મા નંદનો જે શકડાલ મંત્રી હતો. તે કુલ પરંપરાનો હતો. આ રીતની પદ્ધતિએ ચાલો તો ક્યારેય દેવાળુ કાઢવાનો અવસર ના આવે.

કુલ પરંપરાનો ધંધો પણ બીજા નંબરમાં અનિંદ્ય હોવો જોઈએ. નિંદનીય ન હોવો જોઈએ. આ હરિભદ્રસૂરિ મ. ના શબ્દો છે. કઈ નોકરી કે ધંધો કરવો એવુ

નહીં પણ કુલપરંપરાનો. અહીં એમ ન કહયું કે હીરા વિ.નો ધંધો કારણ વધુમાં વધુ ધર્મ કરવાનો છે. કાપડીનો દિકરો સરૂ કરતું કાપડ ફાડી શકે. કારણ તેના બ્લડમાં આવેલું છે. ઓછી મહેનતે વધારે રૂપિયા મળે. આ ક્યારે બને ? બ્લડમાં ધંધો હોય તો જેમ કરીયાણા-વાળાનો દિકરો સ્કુલમાં ભણતો હોય ત્યારથી પડિકા વાળતો હોય. માટે ઓછી મહેનતે વધારે રૂપિયા કમાય.

હીરાના વેપારીનો દિકરો હીરાનો ધંધો એમને એમ શીખી જાય. આપણે ત્યાં બ્લડનું મહત્વ છે.

એક છોકરી બેરી-બોબડી હતી. લહીયો કહે આ મારી દીકરી. અને એક સૈનિક કહે આ મારી દીકરી. રાજાને ફરીયાદ કરી. શું કરવું ? રાજાએ સૈનિકને કહ્યું તુ શસ્ત્રો લઈ આવ અને લહીયાને કહ્યું તુ સુકી શાહી વિ. લઈ આવ. પછી છોકરીને શસ્ત્રો સરખા કરવાનું કહ્યું પણ તે આમ તેમ કરવા લાગી. તેને આવડયું નહી. પછી તેને સહી બનાવવાનું કહ્યું તો ફટાફટ સહી બનાવી બાટલી ભરી દીધી. એક ટીપું પણ નીચે ઢોળાયુ નહીં. તેથી રાજાએ કહી દીધું આ લહીયાની દીકરી છે. કુલ પરંપરાથી ચાલ્યા આવતા સંસ્કાર પડેલા છે.

હવે આ એક શરત પણ ન ચાલે. (૨) અનિંદનીય. સાત પેઢીથી દારૂનો ધંધો ચાલ્યો આવતો હોય અને તે ધંધો કરે ત્યાં તે ના કરાય. કરે તો તેને ધર્મ ન કહેવાય. કોઈ કહે અમારે સાત પેઢીથી વેશ્યાવાડો ચાલે છે. તો તે ન કરાય. દાણચોરી વિ. ધંધા નિંદનીય છે.

અનિંદનીની વ્યાખ્યા શું ? કારણ ચોરને તો ચોરી સારી જ લાગે. માટે તેની વ્યાખ્યા છે કે જેને પરલોક સાથે સંબંધ હોય અહીંથી મરીને ક્યાંક જવાનું છે. તેવી વિચારણા ધરાવનારા સાધુ-સંતોને જે અત્યંત આદરણીય હોય તેવા બધા જ ધંધા નિંદનીય. દારૂ વિ. ધંધા કોઈપણ અન્ય ધર્મના સજ્જન કે સંતો સારા કહેશે ? ના.

સુલસ કાલસૌરિક કસાઈનો દીકરો. તેની અભયકુમાર સાથે મૈત્રી હતી. કુસંગ થાય તો જીવન બરબાદ થાય. સત્સંગ થાય તો જીવન આબાદી તરફ આગળ વધે. પિતા મરી ગયા. સગાં-સંબંધીઓએ કહ્યું તું ધંધો આગળ ચલાવ. સુલસે કહ્યું આ પાડા મારવાનો ધંધો હું નહીં કરું. મારે નરકમાં નથી જવું. માતાએ કહ્યું તું એકનો એક દીકરો છે. આ ધંધો તું સંભાળી લે. તેણે કહ્યું આ ધંધાથી પાપકર્મ બંધાય. અને નરકમાં દુઃખો ભોગવવા પડે. તમે લોકો તેમાં ભાગ પડાવવાના ? માતા-બહેન કહે હા. અમે તારા દુઃખમાં ભાગ પડાવશું. સુલસ હોંશિયાર હતો. કારણ તેનો મિત્ર અભયકુમાર બુધ્ધિનો ભંડાર હતો. એકવાર પગ ઉપર લાખનો રસ લગાવી દીધો. પગ લાલ લોહીવાળો હોય તેવો થઈ ગયો. પછી રડો પાડવા લાગ્યો. મને બચાવો. મને બહુ પીડા થાય છે. બધા દોડતા-દોડતા આવ્યા. પાપનો ધંધો છોડવા આવી માયા કરવી પડે. કોઈ કહે મલમપટ્ટો લગાડી દઉં. કોઈ સારા શબ્દોથી આશ્વાસન આપે છે.

પણ ત્યારે સુલસ કહે છે મને બહુ પીડા થાય છે. મમ્મી તું થોડો ભાગ પડાવને. મમ્મી કહે બેટા! હું તને મલમપટ્ટા કરી શકું. આશ્વાસનના બે શબ્દો કહી શકું પણ તારું દુઃખ તો હું કેવી રીતે દૂર કરી શકું ? તેમાં ભાગ કેવી રીતે પડાવી શકું. અને સુલસ ઉભો થઈ ગયો.

એકદમ હસવા લાગ્યો. પછી બોલ્યો તમે તો બધા મને કહેતા હતા ને કે અમે તારા પાપમાં - દુઃખમાં ભાગ પડાવશું. માટે આ ધંધો કર. પણ હમણાં મગ્ની તું જ બોલીને કે અમે તને આશ્વાસન આપી શકીએ. પણ તારું દુઃખ તો કેવી રીતે લઈ શકીએ. માટે હું આ પાપનો ધંધો કરી હું નરકે જવા નથી માંગતો.

તમે પણ આ લોકો (સ્ત્રીઓ) માટે પાપો કરીને પૈસા ભેગા કરાવો. પૈસા કમાવવા ઊંધા - ચત્તા કરવા પડે. એ પાપમાં તારો ભાગ ખરો ને ? આટલું તમારી પત્નીને પૂછજો. બધા પહેરવા - ઓઢવા - મોજશોખમાં ભાગ પડાવશે. પણ પાપમાં કોઈ ભાગ નહીં પડાવે.

બહેનોને પણ કહું છું કે તમારા પતિને કહેવાનું તમે આ બનાવ તે બનાવ કહો છો પણ એ પાપમાં તમે ભાગ પડાવશો ? જે હોય તે જમી લેવાનું તમે ઑર્ડર આપીને જે બનાવડાવો તેમાં તમને અનુમોદનાનું પાપ લાગે. પહેલા સ્વભાવ સુધારો. એકબીજાને હેરાન કરવાનું બંધ કરો. એકબીજાને અનુકૂળ બનો.

આ સંસારમાં ઘણીવાર રામાયણ ગેરસમજને કારણે મોટા પ્રશ્નો ઊભા થાય છે. ચેલા સુલસે એના પિતાનો કુલ પરંપરાનો ૫૦૦ પાડા મારવાનો ધંધો બંધ કર્યો. કારણ તેને કલ્યાણ મિત્ર મળી ગયો હતો. સજ્જનને નિંદાને પાત્ર એવો ધંધો સાત પેઢીથી આવે તો પણ ન કરાય.

બે પ્રકારના ધર્મ બતાવ્યા છે. ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ. લેવા જેવો તો સંયમ જ છે. પણ તમે નથી લઈ શકતા તો પણ જીવનમાં ગુણો તો હોવા જ જોઈએ. ગુણ વિના રૂપની કોઈ જ કિંમત નથી. વેશ્યા ગમે તેટલી રૂપાળી હોય છતાં તેની કોઈ કિંમત ખરી ? પૈસો ઘણો હોય પણ ગુણ ન હોય તો તેની કોઈ કિંમત ખરી ? મમ્મણ પાસે કેટલું ધન હતું ? છતાં તેનું નામ ક્યાંય નહીં અને શાલીભદ્રનું નામ તમે ચોપડે લખો. કારણ શાલીભદ્ર ગુણવાન હતો. શક્તિમાન હોય કે ન હોય તેની પણ કોઈ કિંમત નથી. રાવણની પાસે ઓછી શક્તિ હતી ? ૧૦૦૦ વિદ્યા તેની પાસે હતી છતાં અત્યારે કોઈ પોતાના દીકરાનું નામ રાવણ પાડવા તૈયાર નથી. કારણ તેને સીતાનું હરણ કર્યું તેથી દુનિયામાં વખોડાયો. જબરદસ્ત કોઈની વિદ્વતા હોય, પણ ગુણ ન હોય તો તે વખોડાય.

ગુણ જેમ જેમ આવતા જાય તેમ તેમ દુર્બુદ્ધિ સુબુદ્ધિમાં ટ્રાન્સફર થઈ જાય. દુર્જન સજ્જન બનતો જાય. ગૃહસ્થ સદ્ગૃહસ્થ બનતો જાય. તેથી હરિભદ્રસૂરિ મ. ગુણને મેળવવાની વાત કરે છે.

તો પૈસા કમાવવાને ધર્મ શા માટે કહો છો ? તમે સંસારમાં છો. આજિવીકા ચલાવવી પડે. કોઈની સામે હાથ લાંબો ન કરાય પણ અહીં બતાવ્યા પ્રમાણે ધંધો કરો તો તે ધર્મ બને છે. ભોગસુખો મેળવવા માટે ધંધો કરે ત્યાં ધર્મ નથી. પરંતુ જેની દૃષ્ટિ યોગદૃષ્ટિ બની છે. લોકો તરફ લંપટ નથી. તે વિચારે કે મારે કેવો ધંધો કરવો ? તો તેનું લક્ષ કયું હોય ? ક્રિયા કઈ છે તે મહત્ત્વનું નથી પણ લક્ષ કયું છે તે મહત્ત્વનું છે.

બિલાડી પોતાના બચ્ચાને પણ મોંમા લઈ જાય અને ઉંદરને પણ લઈ જાય. ક્રિયા બંને સરખી છે પણ એકમાં લક્ષ મારવાનું છે અને એકમાં વાત્સલ્યનું છે. મારો - તમારો આશય કયો છે તેના આધારે ધર્મનો નિર્ણય થાય. પરંપરાએ ધર્મ એ મોક્ષનું સાધન બનવો જોઈએ.

ધંધો વૈભવી ઓભાવાળુ જીવન જીવવા માટે કરવાનો છે પણ વિલાસી જીવન જીવવા નહીં. તાગડધિન્ના કરવા નોકરી ધંધો કરવાના નથી.

ધંધો શેના માટે કરવાનો ? પાંચે ઈન્દ્રિયોની અતૃપ્ત મનને ધર્મમાં ચોંટવા દેતી નથી. પેટ ખાલી હોય તો ચિત્ત નવકારવાળીમાં ચોંટે ? ના. પેટ ભરેલું હોય પછી ભક્તિમાં આનંદ આવે અને તે પરંપરાએ મોક્ષનું સાધન બને. એને સામાન્ય ધર્મ કહેવાય. વિશેષ ધર્મ તો સમ્યગ્દર્શન બારવ્રત આ ઊંચો ધર્મ છે.

દરેક વ્યક્તિ માટે ધર્મ એક સરખો ન હોય. જેમ દુનિયામાં બાળકના કાર્યો અલગ યુવાનના અલગ, વૃદ્ધના અલગ. કક્ષા બદલાય તેમ સંસારના વ્યવહાર બદલાય. તેમ ધર્મમાં પણ કક્ષા બદલાય તેમ ધર્મના પ્રકાર બદલાય. તમે પૂજા ન કરો તો ન ચાલે, પણ સાધુ- સાધ્વીને પૂજા ન કરાય તે ધર્મ છે. અહીં ગૃહસ્થ જીવનને નજરમાં રાખીને વાત કરી છે.

સંસારમાં રહી જીવન પસાર કરો છો તો સંસારનો કારભાર ચલાવવા માટે

ધન મેળવવાની જરૂર પડે. ભીખ માંગે તો ન ચાલે. માટે ધનની આવશ્યકતા છે અને આગળ વધતા મોક્ષે પહોંચાડવામાં સહાયક બને તેવો ધંધો-નોકરી કરવી જરૂરી છે.

જે ધંધો કુલપરંપરાથી ચાલ્યો આવતો હોય તે પણ અનિંદ્ય હોય અને ત્રીજી શરત જે ક્ષેત્રમાં રહો છો તે ક્ષેત્ર-વૈભવ અને સમયનું ઔચિત્ય જળવાય તે રીતે ચાલે છે ને ? ચોથા નંબરમાં ન્યાયાત - ખોટા માન-માયા નથી કરતો ને ? પ્રમાણિકતા છે ને ? ક્યાંય ભેળસેળ નથી ને ? નીતિપૂર્વક કરું છું ને ? આચાર શરતથી યુક્ત જો તમે ધંધો કરતા હો તો તમે સદ્-ગૃહસ્થ છો. જાતને પૂછો તમે સદ્ગૃહસ્થ છો ? હજુ જૈન બનવું તેનાથી ઊંચી વાત છે. સાધુ બનવું તેનાથી પણ ઊંચી વાત છે. અને ભગવાન બનવું તે તો બહુ દૂરની વાત છે. પહેલા તમે સદ્ગૃહસ્થ છો ? સામાયિક-પડિક્કમણા કરવાથી ધર્માત્મા નથી બનાતુ ?

કોઈ કહે મહારાજ સાહેબ ધંધો કરવો એ તો પાપ છે ને ? તો તેને કહેવાનું મન થાય કે અહીં જ આવી જા. પાપનો આટલો બધો ડર છે તો સંસારમાં કેમ બેઠો છે ? સંસારમાં રહેવું અને પાપ પણ ન કરવું તે તો બની જ ન શકે પણ પાપથી ભરેલા સંસારમાં આ રીતથી ધંધો કરવાથી તે ધર્મ બની શકે છે અને આ રીતનો ધંધો કરવાથી કદાચ નુકશાન થવાનું હોય તો મીનીમાઈસ (ઓછામાં ઓછું) થાય.

આ શરીર મળ્યું છે તો લક્ષ્ય મેળવવા સંયમ લો. દોષોને દૂર કરો. કર્મોનો નાશ કરો. પણ આ શરીરથી આ બધું શક્ય નથી. તો નુકશાન થવાનું જ છે. કારણ સંસારમાં છો માટે ધંધો વિ. તો કરવું જ પડશે તો શું કરવું ? ધંધાને ધર્મમાં કન્વર્ટ કરી દો. બાપદાદાનો ધંધો ચાલ્યો આવતો હોય તેમાં જ બેસી જાય તો પાપ ઓછા થશે અને ઓછા ટાઈમમાં ઘણા પૈસા મળી રહેશે અને આરાધના કરવાનો સમય વધારે મળશે. પણ કોઈ નવેસરથી ધંધો ચાલુ કરે તો તેને કેટલી તકલીફ પડે ? અને ધર્મ પણ ન કરી શકે.

ક્રિયાના આધારે ક્યારે પણ ધર્મ અને પાપ ન હોઈ શકે. દેખીતી સારી ક્રિયા પણ પાપ હોઈ શકે. અને દેખીતી ખરાબ ક્રિયા પણ ધર્મ હોઈ શકે. ઊંચે ઉડતા હોય તે મહાન અને નીચે ઉડતા હોય તો અધમ એવું હોય ? સમડી ઉંચે ઉડે પણ તેની નજર નીચે માંસના લોચામાં જ હોય. જ્યારે નીચે રહેલું ચાતક પક્ષી એની નજર ઉંચે વાદળ તરફ હોય. ક્રિયા જોઈને મહાન કે અધમ કહેશો કે લક્ષ જોઈને ? શત્રુંજય ઉપર કોઈ વ્યક્તિ ૫૦૦માં પગ-થીયે હોય અને કોઈક વ્યક્તિ ૨૫૦૦માં પગથીયે હોય તો તમારી દૃષ્ટિએ ઉપર કોણ અને નીચે કોણ ? ૨૫૦૦ પગથીયાવાળો ઉપર પણ તે વિચારતો હોય નીચે જઈશ હોટલમાં જઈશ. ગાડી પકડીશ. જ્યારે ૫૦૦માં પગથીયાવાળો વિચારતો હોય ઉપર જઈશ. દાદાને ભેટીશ. ચઢાવો લઈશ. આ ભાવો તેના

હોય. હવે ઉપર કોણ અને નીચે કોણ ? ક્રિયા ઉપરથી નક્કી થાય કે આશય ઉપરથી ? માત્ર ક્રિયાને જોઈને ધર્માત્મા માનવાની ભૂલ ના કરતા.

આની તપેલી બે વ્યક્તિઓએ સાથે ઉતારી. બંન્નેએ છીબું ઢાંક્યું. પણ એકનું પાપ બની ગયું. બીજાનું ધર્મ બની ગયું. કારણ એ કે આ ઠંડી ન થઈ જાય માટે છીબું ઢાંક્યું જ્યારે બીજાએ કોઈ જીવ અંદર પડી મરી ન જાય માટે છીબું ઢાંક્યું. આની નજર જયણા તરફ હતી એટલે એની ક્રિયા ધર્મરૂપ બની તેમ ધંધાની ક્રિયાને પણ ધર્મ બનાવી શકાય. કારણ સજ્જન માણસ કમાતો હોય ત્યારે તેની નજર પરોપકાર તરફ હોય. હું પૈસા કમાવીને ભૂખ્યાને ભોજન આપીશ. ઠંડીમાં સબડતાને ધાબડા ઓઢાડીશ. આમ જગતના જીવો તરફ તેની કરૂણા ભાવના હોય.

જ્યારે શકડાલ મંત્રીનું ખુન કરવામાં આવ્યું ત્યારે તરત રાજાએ કહ્યું શ્રીયક લે આ મંત્રીમુદ્રા કારણ આ પરંપરાથી ચાલ્યું આવતું હતું. એટલે પાત્રતાની વિચારણા ન કરી. કારણ રાજા જાણતો હતો કે એનાં બ્લડમાં છે જ. પણ શ્રીયકે શું કર્યું ? ખાન-દાનીની નિશાની શું ? તેણે કહ્યું મારા મોટાભાઈ સ્થુલિભદ્ર હાજર છે. રૂપ ભવનમાં છે. તેમને આ મંત્રી મુદ્રા આપો. તમને કોઈ કાંઈ ચીજ આપે તો તમે પહેલા મા-બાપ મોટા ભાઈને આપો ? શ્રીયક કહી શકતો હતો કે મોટાભાઈ ૧૨ વર્ષથી વેશ્યાને ઘેર બેઠો છે. પણ ના. તેની યોગ્યતા હતી.

સ્થુલિભદ્રને રૂપ ભવનમાં તેના પિતા ભાઈ - સાત બહેનો બધા તેને સમજાવવા ગયેલા પણ તેણે કહ્યું કે મારું તમારે ૧૨-૧૩-૧૪ નું જે કરવાનું હોય તે કરી દેજો. અને ઘરવાળાએ કરી પણ દીધેલું. પણ શ્રીયકની યોગ્યતા હતી. અયોગ્યને યોગ્ય બનાવવાનો રસ્તો શું ? તમારો દીકરો આકોશી - ચાડોશી તોફાની ઝગડાખોર હોય તો તેઓને ધીક્કારવાના ? ના. ધીક્કારવાથી કોઈ યોગ્ય ન બને. પણ તેને પ્રેમ આપવો જોઈએ. શ્રીયકની બુધ્ધિમત્તા પણ હતી કે મોટાભાઈ મંત્રીમુદ્રા સ્વીકારશે પછી એ રૂપ ભવનમાં રહી શકવાનો છે ? ના. રાજા તો સ્થુલિભદ્રને સાવ ભૂલી જ ગયેલો. છતાં શ્રીયકે કીધું એટલે તરત રાજાએ કહ્યું ભલે તારા મોટા ભાઈને બોલાવી લાવ. સવારે ભૂલો પડેલો સાંજે ઘરે પાછો આવે તે ભૂલો પડેલો ના કહેવાય.

શું સ્થુલિભદ્ર અયોગ્ય હતા ? ના. અયોગ્ય હોત તો રાજાએ મંત્રી મુદ્રા સ્વીકારવાનું કહ્યું ત્યારે વાળનું લુંચન કરી ચાલી નીકળ્યા ન હોત. તેમનામાં યોગ્યતા તો પડેલી જ હતી. માટે રાજાએ પણ વિચાર્યું કે તેને મંત્રીમુદ્રા આપીશ તો જરૂર તે નિભાવશે. કારણ ૯-૯ પેઢીથી આવી રહી છે. તેના બ્લડમાં છે. તમે શેરનો ધંધો કરો છો તે કુલ પરંપરાથી આવેલા છે ? તમારા બાપ - દાદા બધા શેરમાં ઘુસ્યા હતા ? તો તમે શા માટે એ ધંધામાં ઘુસ્યા ? પછી દેવાળુ જ કાઢવું પડે ને ?

ગૃહસ્થ જીવન પણ ધર્મની આરાધના માટે છે. બીજા નંબરમાં તમારી નિંદા થતી હોય તો તમારા મનમાં શંકા વિકલ્પો ચાલ્યા કરે. તેથી ધંધામાં પૂરતું ધ્યાન ન આપી શકાય. તેથી આજીવિકા પૂરી ન થાય અને ધર્મ પણ ન કરી શકો. તેથી જ અનિંદનીય ધંધો કરવાનો કહ્યો

છે. ૩ જા નંબરમાં તમારો ધંધો ક્ષેત્ર-કાલ અને મૂડી ત્રણેની વિચારણા પૂર્વકનો હોવો જોઈએ. દા.ત. તમે કાપડનો ધંધો કરતા હો અને દુકાનમાં આગ લાગે તો તમે ફરી પાછા ઉભા થઈ શકો ? અહીં કહે છે કે તમારી પાસે જેટલી મૂડી હોય તેમાંથી ત્રીજા ભાગની મૂડીને રોકીને ધંધો કરો. ૨ જા ભાગની મૂડી પડી રાખો. કારણ ક્યારેક તમારો ધંધો ના ચાલે અને નવો ધંધો કરવો હોય તો તે બીજા ભાગની મૂડીમાંથી કરાય. અને નવા ધંધામાં કમાતા ૨ વર્ષ લાગે. ત્યાં સુધી ખાવા-પીવાનું શું ? તો ૧ લા ભાગની મૂડીમાંથી તમે આરામથી ખાઈ-પી શકો. પણ ત્રણે ત્રણ ભાગ ધંધામાં નહીં નાખવાના નહિંતર ક્યારેક રોવાના દાડા આવે. હાથ લંબાવવો પડે. માટે આ બધું શાસ્ત્રકારોએ બતાવ્યું છે કારણ આપણો જૈન ઉન્નત મસ્તકે જીવતો હોય.

પછી ક્ષેત્રની વિચારણા - જે ગામમાં કોઈ બુટ-ચંપલ ન પહેરતું હોય ત્યાં બુટ-ચંપલનો ધંધો કરે તો શું થાય ?

આ બધા ધંધા ધર્મ પુરૂષાર્થ બનાવવા માટે અર્થ પુરુષાર્થની વાત છે. ૪ થા નંબરમાં નીતિપૂર્વક ધંધો કરવો જોઈએ. પૈસા શેનાથી મળે ? પુન્યથી. પુન્ય શેનાથી બંધાય ? નીતિથી. તો પૈસા જોઈતા હોય તો નીતિ જ કરાય. અનીતિ તો ક્યારે-ય ના કરાય. નોકરીમાં શું નીતિ ? ટાઈમસર જવું. કામચોરી ના કરવી. જે કામ બતાવે તે બરાબર કરવું. શેઠને બરાબર વફાદાર રહેવું. ગુપ્ત વાતોને લીક ન કરવી. આ બધી પણ નીતિ છે ગૃહસ્થ તે જ કહેવાય તેને કોઈ જાતની મુશ્કેલી ન આવે. દેવાળુ કાઢવું ના પડે. આબરૂનું લીલામ ન થાય. તેની કાળજી રાખે.

તળાવમાં વર્ષાઋતુમાં પાણી ચિક્કાર આવે. ઉભરાઈ જાય. પણ ધીમે ધીમે ઓછું થતા ફાગણ મહિને સાવ સુકાઈ જાય. જ્યારે કુવાનું પાણી ઉભરાય નહીં. પણ સાવ ખાલી પણ ન થાય. તેમ નીતિનું ધન પુન્યાનુબંધિ પુન્ય દ્વારા મળતું રહે. ભલે વધારે નહીં પણ વૈભવી જીવન જીવી શકો તેટલું મળી રહેશે. તેને માટે શ્રદ્ધા જોઈએ.

ઘણીવાર આપણને ન હોય તેટલી શ્રદ્ધા અજૈનોને હોય છે. એક મુસલમાન તેને રસ્તામાં મહાત્મા મળ્યા. તેણે મહાત્માને કહ્યું. મારાથી થાય તેવો કોઈ ધર્મ હોય તો બતાવો. મહાત્માએ કહ્યું. એવો એક મંત્ર છે. જેનાથી મનથી વિચારાયેલું. વચનથી બોલાયેલું અને કાયાથી કરાયેલું એવું કોઈપણ કાર્ય નથી કે જે નવકાર મંત્ર દ્વારા સફળ ન બને. પણ આ નવકારનો જાપ કરતા પહેલા મૈત્રીભાવ જોઈએ. પછી સમર્પણ ભાવ. નવકાર તું જ મારો ભાઈ. પિતા તારણહાર છે. અને ૩ જા નંબરમાં પરોપકાર ભાવ. આ નવકાર દ્વારા મારો સ્વાર્થભાવ નથી પોષવો. પણ બીજાના કલ્યાણ માટે. પરોપકાર માટે જ.

અભયસાગરજી મહારાજ કહેતા. મારા ગુરુ ધર્મસાગરજી મહારાજ છે.

પણ મારા આધ્યાત્મિક જીવનના ગુરુ. મારા જીવનનું ઉત્થાન કરનાર પં. ભદ્રંકરવિજયજી મહા. છે. તેમણે આપેલો નવકાર મંત્ર તેની સાધનાથી એક દેવ આવ્યો અને તે મને મહાવિદેહ ક્ષેત્રમાં લઈ ગયો. નરકમાં પણ લઈ ગયેલો. આ અભયસાગર મહારાજે પત્રમાં લખ્યું છે. તે છપાયેલો લેખ આજે મલે છે. કોઈને વશ કરવા હોય તો પણ નવકારથી કરી શકાય. તેમાં બધા જ મંત્રો તંત્રો - યંત્રો ગુંથાઈ ગયા છે નવકારના એક - એક અક્ષર ઉપર ૧૦૦૮ વિદ્યાદેવીઓનો વાસ છે.

આ નવકારની નવ દિવસની આરાધના નવકારને અસ્થિમજ્જા કરવા માટે છે. નવકારને સર્વસ્વ માનવા માટે છે. અજપાજપ માટે છે. નવકારવાળી ગણતાં - ગણતા ખવાય નહીં પણ ખાતા - ખાતા નવકાર ગણાય. નવકારવાળી ગણતાં ગણતા ચલાય નહી પણ ચાલતા - ચાલતા નવકાર ગણાય. અહીં ગાડી જઈ શકે પાછી ન આવી શકે. વન વે છે. આ નવકાર ગણતા ગણતા પણ પ્રાણ ચાલ્યા જાય તો ચોક્કસ સદ્‌ગતિમાં જ જાય.

ચેલા મીંયા રોજ નવકાર ગણે છે. તેની શ્રધ્ધા મજબૂત છે. એકવાર એક શેઠ - શેઠાણી તેના બે દીકરા શત્રુંજયની યાત્રા કરવા જતા હતાં. વચ્ચે જંગલ આવ્યું. સાથે નાસ્તો પાણી પિયોરે હતું. પણ ઘડો ફુટી ગયો અને પાણી ઢોળાઈ ગયું. દીકરાને તરસ લાગી તે પાણી - પાણી કરે છે પણ ક્યાંય તળાવ કે કાંઈ દેખાતુ નથી. ત્યાંથી આ મીંયા પસાર થતા હતા. તેમણે આ છોકરાઓને રડતા જોયા. પૂછ્યું કેમ રડે છે ? પાણીની તરસ લાગી છે પણ પાણી નથી. મીંયા કહે હું હમણાં જ પાણી લાવી આપુ. પણ ક્યાંથી લાવશો ? મારી પાસે એક મંત્ર છે. અને મીંયા બેઠા. તેની સામે ચેલા જ જણા પણ ગોઠવાઈ ગયા. મીંયાએ એક રૂમાલ નીચે પાથર્યો. તેને ગોળ કુંડાળુ કર્યું અને પોતાના આત્માને મૈત્રી ભાવથી યુક્ત કર્યો. પછી નવકાર ગણવા માંડ્યા. ત્યાં તો પાણીનો ફુવારો છુટ્યો. બધાએ પાણી પીધુ. ઘડો ભરી લીધો. ચેલા શેઠને થયું આ તો કોઈ ચમત્કારી મંત્ર લાગે છે. તેણે મીંયાને કહ્યું. આ મંત્ર મને આપોને ? મીંયાએ કહ્યું હા. મને તો કોઈ વાંધો નથી. મને કોઈએ આપ્યો. હું તમને આપુ. પણ આ ગણતા પહેલા મનને મૈત્રીભાવ - સમર્પણ ભાવ - પરોપકારભાવથી યુક્ત કરવાનું. ચેલાએ બધું સ્વીકારી લીધું. મીંયાએ કહ્યું હાથ જોડો હું તમને મંત્ર આપું. અને મીંયાએ મંત્ર બોલવાનું ચાલુ કર્યું. બોલો 'નમો અરિહંતાણં' અને ચેલો ચમક્યો. અરે આ તો અમને આવડે છે. આ તો મારી નાની બેબીને પણ આવડે છે. અને કહ્યું બોલ બેટા ! ચેલી છોકરી નવકાર બોલી ગઈ. બધા બોલી ગયા. ચેલો મીંયો ચમક્યો. અરે આ તો બધાને આવડે છે.

જૈનો કહે અમે તો વર્ષોથી આ નવકાર ગણીએ છીએ. કાંઈ મળતું નથી. આનાથી કાંઈ ના થાય. તમે બીજો કોઈ મંત્ર બોલ્યા હશો. મીંયો કહે ના આ જ બોલેલો. ચેલો કહે હવે ફરી પાણી કાઢો તો. મીંયો બેઠો. મનને મૈત્રીભાવ વિ. ભાવિત કર્યો અને મંત્ર ગણ્યો પણ પાણી ન નીકળ્યું કારણ મનમાં શંકા હતી. મંત્ર એનો એ જ હતો. મીંયો તે નો તે જ પણ પાણી કેમ ન નીકળ્યું ? શ્રદ્ધા ગઈ અને એ શ્રદ્ધા તોડાવનાર કોણ ? જૈન. જેને જન્મથી મળ્યો છે. તેને કોઈ કિંમત નથી પણ બોલો જૈન બન્યા છતાં જૈનત્વની ખામી છે. માટે જગતપતિ હનુમાનને સિંદુર ચડાવવા દોડો છો.

ભગવાને બે ધર્મ બતાવ્યા છે. સાધુ ધર્મ, ગૃહસ્થ ધર્મ. ગૃહસ્થ જીવન એટલે બેફામ જીવવું એવું નહીં. ગૃહસ્થને સૌથી પહેલા પૈસાની જરૂર પડે પણ તે કેવી રીતે મેળવાય? જે ધંધો કુલ પરંપરાથી આવેલો હોય. અનિંદ્ય હોય. પોતાની મૂડી ક્ષેત્ર કાલની અપેક્ષાએ હોવો જોઈએ અને નીતિપૂર્વકનો હોવો જોઈએ. નીતિપૂર્વકનું ધન આલોક અને પરલોકમાં પણ હિતકારી બને છે. અનીતિથી પરલોકમાં સંકટ વિ. આવે. પણ જો નીતિનું ધન હોય તો આલોકમાં તમને વાપરતા કોઈપણ જગ્યાએ કોઈનો ડર ન લાગે. અને અનીતિવાળાને સતત ભય રહ્યા કરે. હું પકડાઈ જઈશ તો જેના બે જાતના ચોપડા હોય. તે નિશ્ચિંત પણે ધંધો કરી શકે ખરો? જુઠુ બોલનારને વધુ મહેનત કે સાચુ બોલનારને? કારણ જે સાચુ હોય તેને ધ્યાન રાખવું પડે નહીં તેને ૨×૨=૪ જ કહે તો હોય તે ગમે ત્યાં જાય ૨×૨=૪ જ બોલે. પણ જે ૨×૨=૩ બોલતો હોય ક્યારેક ૨×૨=૫ બોલતો હોય તેને ધ્યાન રાખવું પડે કે હું ક્યાં ૩ બોલ્યો હતો અને ક્યાં ૫ બોલ્યો હતો તે યાદ રાખવું પડે. પણ સાચું બોલનારને ચિંતા જ નહીં. જ્યાં જાય ત્યાં ૨×૨=૪ જ હોય.

શાંતિ સમાધિ જોઈતી હોય તો નીતિથી જ ધંધો કરાય. રમેશ એની મમ્મીને કહે આ ચોપડી સંતાડી દે. મમ્મી કહે શું વાંધો છે ભલેને પડી. પણ પેલો સુરેશ આવે છે. તો એ ચોકી ચોરી જવાનો છે. એ નથી ચોરી જવાનો પણ એના ઘરની હું ચોરીને લાવ્યો છું. જે અનીતિ કરે તે શાંતિથી વાંચી ન શકે. ખાઈ ન શકે. કોઈ જેઠાણીએ દેરાણીનો દાગીનો ચોર્યો હોય તે હવે ગમે તે પ્રસંગમાં પહેરી શકે? ના. જ્યાં સુધી તેને ગાળીને નવો દાગીનો ન બનાવે ત્યાં સુધી એ નિશ્ચિંત પણે પહેરી ન શકે. જે વ્યક્તિ ચોર હોય તેને અંદર ભય જ હોય. તેના પગ થર-થર ધ્રુજતા જ હોય. પણ જે નીતિથી જીવતો હોય જેની પછેડી ઉપર એક પણ ડાઘ ન હોય. તેને દુનિયા ખરાબ બોલે તો પણ તેની સાથે કોઈ નિસ્બત ન હોય.

ધંધામાં જ નીતિ - અનીતિ એવું નહીં જીવનમાં પણ નીતિ - અનીતિ ન ચાલે. જેમાં આપણો હક ન હોય તે ભોગવવું તેને પણ અનીતિ કહેવાય. આપણે કોઈને ઠપકો આપ્યો. પણ પછી ખબર પડી કે તેની ભૂલ નહોતી પણ આપણી જ હતી. પછી જો તેને મિચ્છામિ દુક્કડમ ન આપો તો પણ અનીતિ. આપણી અનીતિ ખાવામાં - પીવામાં ઓઢવામાં બધે ચાલે છે ને? ક્યાંય પણ અનીતિથી ભરેલું જીવન જીવે તે ભયભીત જ હોય. પણ જે નીતિથી જીવે તેને ક્યાંય ચિંતા ન હોય.

ચિંતા એટલે ચિંતા. શરીરને બાળી નાખે. જે નીતિથી જીવે તેનું જીવન સદા હસતું હોય. કોઈ પણ જાતની શંકા વિના તે જીવી શકે. ગમે ત્યાં ગમે તે વસ્તુનો ઉપ-યોગ ગમે તે વ્યક્તિની હાજરીમાં તે કરી શકે. નીતિવાળો ક્યાંય પણ શંકાને પાત્ર ન બને.

અનીતિની તાકાત એવી છે કે તે ક્યાંય તમારા ચિત્તને ચોંટવા દેતું નથી.

પુણિયો કટાસણા પર બેસે તો સિધ્ધશિલા પર બેસે તેવું લાગતું હતું. પુણિયાના જીવનમાં નીતિ હતી માટે તેને સિધ્ધશિલા પર બેઠો હોય તેવું લાગતું હતું. તમને ક્યાંય ચિત્ત ચોંટતું નથી. ધર્મની આરાધના - સાધનામાં તેનો એક જ જવાબ છે. सब बेईमानी का नतीजा।

પુણિયાને એક દિવસ સામાયિકમાં ચિત્ત ચોંટતુ નથી. તેણે પૂછયું ઘરમાં અનીતિનું કાંઈ આવ્યું છે ? પત્ની કહે ના. પુણિયાએ કહયું હજુ બરાબર તપાસ કરો. તપાસ કરતા તેણે વિચાર્યું. એના અને બાજુવાળાના છાણા બાજુબાજુમાં હતા તેમાંથી ચાર-પાંચ છાણા ભૂલથી આવ્યા છે. પછી તે બાજુમાં જઈ આપી આવી. તરત પુણિયાનું મન એકાગ્ર બની ગયું.

તમારું મન ચોંટતુ નથી તો અમને પૂછવા નહીં આવતા પણ વિચારજો કેટલી અનીતિ કરી છે ? ડબલ પ્રભાવના લે. ધક્કા-મુક્કી કરી વચ્ચે ઘુસી જાય. આ બધી અનીતિ છે. મને યોગ્ય ન હોય તેવી ચીજ હું લઉં તો અનીતિ. અનાદિકાળથી આ અનીતિના સંસ્કાર ઘુસી ગયા છે. હાથ-પગ સુધાર્યા પણ અંદરનું કાળજુ ન સુધાર્યું. બહારના ગરીબ ચાલે પણ અંદરના અમીર જોઈએ. બહારથી ગરીબાઈમાં રોટલો-છાસ મલે પણ અંદરથી ગરીબાઈમાં દુર્ગતિ દુઃખ જ મલે.

તમે વંદન કરવા આવ્યા હો અને કોઈ તમને પ્રભાવના આપે તો કહે હું તો મહારાજ સાહેબને વંદન કરવા આવ્યો છું. વ્યાખ્યાનમાં પહેલેથી નહોતો આવ્યો અને પ્રભાવના ન લે. આ અંદરથી અમીરાત કહેવાય. અંદરના અમીરાત બનવાની ચિંતા કરો. બહારના નહીં.

જેને બધુ જ નીતિનું આવતું હોય તેને ભય ન હોય. નિશ્ચિંત પણે જીવતો હોય. તેને ટેન્શન ન હોય. તેનું ચિત્ત ક્લેશ-પ્રશસ્ત જ હોય નીતિ બુધ્ધિને સ્વચ્છ બનાવે નીતિનું ધન સારા વિચારો કરાવે. દેરાસર-ઉપાશ્રય બંધાવું. ભૂખ્યાને ભોજન આપુ. બીજાના માટે કલ્યાણકારી માર્ગમાં વાપરવાનું મન કરાવે એટલે પુન્ય બંધાય જેથી પરલોકમાં સદ્ગતિ મળે.

तीर्यते अनेन इति तीर्थ। જેના દ્વારા સંસારને તરાય તે તીર્થ. શત્રુંજય-ગિરનાર વિ. સ્થાવર તીર્થ. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા આ જંગમ તીર્થ તેમનામાં પોતાના ધનનો ઉપયોગ કરે કરાવે. જ્યારે અનીતિનું ધન શું કરાવે ? કોઈ ચડાવો બોલવાનો હોય ત્યારે ઘરેથી ૨૦૦૦ નું નક્કી કરીને આવ્યા હો પણ મનમાં એમ જ થાય. ઓછામાં આવે તો સારું. આવી બુધ્ધિ કરાવે.

બોરીવલીમાં એક સંઘના પ્રમુખ ચડાવા બોલતા હતા. પેલો ચડાવો ૧૬૦૦૦ સુધી પોતે બોલ્યા. પછી કોઈક ૧૭૦૦૦ બોલ્યા. તેને આદેશ આપી દીધો. આમ બધા ચડાવા ૧૪૦૦૦-૧૫૦૦૦ માં જવા માંડયા. છેલ્લો ચડાવો ૩૦૦૦ થી આગળ વધતો જ નથી. અને થોડીવાર પછી ૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬ અને ૧૬૦૦૦માં આદેશ ગયો. પોતાનું નામ લખાવ્યું. વ્યાખ્યાન પછી તેમને પૂછયું કે ૩૦૦૦ પછી કોઈ બોલતું હતું કે તમે જ બોલતા હતા ? તે ભાઈ કહે સાહેબ ૩૦૦૦ પણ હું જ બોલેલો અને ૧૬૦૦૦ પણ હું જ બોલેલો. મારી ભાવના ૧૬૦૦૦ ખર્ચવાની હતી. જો ૩૦૦૦ માં જ ચડાવો લઉં તો બીજા ૧૩૦૦૦ કયાં જાય? સંસારમાં જ. આ મને મંજુર નહોતું. આ જ ભાઈની બીજી વાત. તે મારી

પાસે આવ્યા કહ્યું સાહેબ મારા દીકરાના લગ્ન છે. સમાજમાં નિયમ છે સિદ્ધચક્ર પૂજન રાખવાનો. તે વખતે ૭૦ હજાર રૂ. તેને ખર્ચવાના હતા. તેમણે કહ્યું જો સિદ્ધચક્ર પૂજન ગોઠવીએ તો ૮ વાગે શરૂ થાય. ૯ વાગે પુરૂ થાય. શરૂ થાય ત્યારે હું મારા ઘરવાળા, વિધિકાર અને સંગીતકાર હોય બીજું કોઈ જ ન હોય. પછી ૧૨ વાગે એટલે સગા સંબંધી આવે જમીને જાય. અમારે ધ્યાન રાખવું પડે. કોઈને કાંઈ ખોટું ના લાગી જાય. પણ મહારાજ સાહેબ મને એવો વિચાર આવે છે કે ઘણા લોકો એવા છે કે જેના દેવદ્રવ્યના પૈસા બાકી છે. કોઈ ભૂલી ગયો હોય. કોઈની શક્તિ ન હોય. આટલા બધા લોકો દેવાદાર બની ડૂબે છે. એના કરતા એ લોકોના દેવાના પૈસા હું ભરપાઈ કરી દઉં. આમ પણ ૭૦,૦૦૦/- તો મારે ખર્ચવાના છે. તો આમાં ખર્ચીશ. સિદ્ધચક્ર પૂજન નથી રાખવું. લોકો ભલે ગમે તેમ બોલે. તે ભાઈ અને મુનીમ ચોપડો લઈને બેઠા. મુનીમને કીધું જેના બાકી હોય તેની પહોંચ ફાડતો જા. ૭૦,૦૦૦/- થાય એટલે અટકી જજે. દોઢ રૂ. થી માંડીને ચાલુ કર્યું. જો આમાનું કોઈ પૈસા આપવા આવે તો લઈ લેવાના દેવદ્રવ્યમાં જમા કરી દેવાના. મારે તમને એ કહેવું છે કે આવી ભાવનાવાળા પણ લોકો હોય છે.

અરિહંતનો અ. સિદ્ધનો એટલે કે અશરીરીનો અ. આચાર્યનો આ. ઉપાધ્યાયનો ઉ = ઓ અને મુનિનો મ. એમ આ ૐ માં પંચ પરમેષ્ઠિ આવી ગયા. અજૈનો જાતજાતના મંત્રો જપે છે. તેમને થોડું પણ ફળ મળે છે. તો કેવી રીતે ? કારણ કે તે મંત્રોમાં ૐ આવે. એટલે આડકતરી રીતે પણ પાંચ પરમેષ્ઠિને નમસ્કાર થઈ જાય છે. માટે ફળ મળે છે. એક નવકારનો જાપ કરો. ૭૦ હજાર દેવ-દેવીઓ મદદ કરે. એક અક્ષર ઉપર ૧૦૦૮ દેવ-દેવીનો વાસ છે. મૈત્રી ભાવ સમર્પણ ભાવ, પરોપકાર ભાવ. આ ત્રણે ભાવોથી યુક્ત નવકારનો જાપ કરવો.

નીતિ જીવનમાં સારા બનાવે. અનીતિ જીવનમાં ખરાબ બનાવે. અનીતિનું ધન પોતાના કલ્યાણ માટે થાય જ નહિ. બંને લોકમાં અહિત જ થાય. ભલે ક્યારે કદાચ ફાયદો થાય તેવું ન બને ? ના. ટેમ્પરરી હિત લાગે પણ રીઝલ્ટ અહિત જ થાય.

પૈસા મેળવવાનું રહસ્ય શું ? નીતિ પોતે જ પૈસા પ્રાપ્ત કરવાનો ખાનગી ઉપાય છે. આ તો શ્રેષ્ઠ કોટીની ખાનગી વાત છે. આને તમે ખાનગી કેમ કહો છો ? કારણ દુનિયાના ૯૦% લોકોના મનમાં એવું પડેલું છે કે અનીતિથી જ પૈસા પ્રાપ્ત થાય માટે ઘણા લોકો આ નથી માનતા એટલે ખાનગી ઉપાય કરીએ છીએ.

અનીતિનું ધન લાંબો સમય ના ટકી શકે. અને નીતિથી માત્ર પૈસા નહિં વૈભવી જીવન-ના સ્વામી બનાય. મોભાસર તમારુ જીવન હોય. તમે ઉન્નત મસ્તકે જીવી શકો. પણ બધાની વચ્ચે તમારે શરમાવું પડે. કાકલુદી કરવી પડે આવી સ્થિતી તમને તો ન શોભે પણ તમારા ગુરુ તરીકે અમને પણ ન શોભે.

તમારું જીવન વૈભવી છે કે વિલાસી ? તમારા ઘરમાં ટી.વી., ફ્રીજ વિગેરે એ વિલાસી જીવન કહેવાય. પણ વૈભવી જીવનમાં તમારી દુકાન, કપડાં, ઘર અમુક રાચરચીલું વ્યવસ્થિત હોવું તે વૈભવી જીવનનો સ્વામી છે. જેમાં પાંચ ઈન્દ્રિયોના વિષયોને ચકચૂર બનાવવાની હોય. તે વિલાસી જીવન અને જેમાં તમારો મોભો આબરુ ખાનદાની હોય તે વૈભવી જીવન. વૈભવ આવશે તમે દુનિયામાં ઉંચા મસ્તકે જીવી શકશો. ચાર જણ તમારું નામ લેશે. અવસર આવ્યે તમારી સલાહ લેશે. અને વિલાસ આવશે તો લોકો કહેશે. રહેવા દો એનું નામ પણ લેવા જેવું નથી. એને ખાવાના જુદા અને ચાવવાના જુદા છે.

જે લોકો યોગ્ય - અયોગ્ય, શું કરવું - શું ન કરવું. આવી વિવેક બુધ્ધિ ન હોય. તેવા જાડી બુધ્ધિવાળાને સ્વપ્નમાં પણ નહીં જણાતો ઉપાય હોવાથી તેને ખાનગી ઉપાય કહ્યો છે. પણ જેનામાં આવી વિવેકબુધ્ધિ છે. સૂક્ષ્મ બુધ્ધિ છે. તેને જ ખબર પડશે. આવો ઉપાય શાસ્ત્રોના જાણકાર સદાચારને બતાવનારા શાસ્ત્રો જૈન કે અજૈન કોઈપણ સદાચારને કહેનારા શાસ્ત્રોને જાણનારા શાસ્ત્રવિદો કહે છે.

ચેલા દેડકા કેમ કાદવ - કીચડ પાસે પહોંચી જાય અને હંસ - બગલા સરોવર પાસે પહોંચી જાય એવી રીતે બધી જ જાતની સંપત્તિ - સામગ્રી પુન્ય કરનારા પાસે પહોંચી જાય. સરોવર સુંદર મજાનું હોય. સામે ચાલીને હંસ ત્યાં જાય. ખાબોચિયું કહે તો પણ ત્યાં ન જાય. દરિયો ક્યારેય કહે છે કે વાદળ વરસો ? નહીંતર હું ખાલી થઈ જઈશ. તેણે ક્યારેય માંગણી કરી નથી. છતાંય ખાલી થતો નથી. કારણ યોગ્યતા પેદા કરી છે. તેવી રીતે આપણો આત્મા પાત્રતાને પામે બધી સંપત્તિઓ આવીને ઊભી રહે તેના માટે તેને માંગણી નથી કરવી પડતી.

વરસાદ વરસતો હતો. કોઈ જગ્યાએ ટાંકી - ચમચી - દરિયો - પરાત - નદી - કુવો - બધું ભરાઈ ગયું તો કોઈ કહે કે વાદળા તું પક્ષપાતી છે. મને ચમચી જેટલું પાણી કેમ આપ્યું ? તેની જેટલી પાત્રતા હોય તેટલું મળે. તેમ આપણને ઓછું મળે તો પરમાત્માનો પક્ષપાત છે ? ના. તુ ચમચી જેટલી યોગ્યતા કેળવે તો તેટલું જ મળે. જેટલી યોગ્યતા કેળવો તેટલું મળે. અહીં નીતિ એ પાત્રતા છે.

નીતિ કરવાથી પૈસા મળે અનીતિથી નહીં. પૈસા મળે અને ટકે શેનાથી ? દા.ત. કોઈ

વ્યક્તિ બીજાને સલાહ આપે અને તે પ્રમાણે કરાય તે કમાય અને પોતે તે રીતે કરતા. પૈસા મળતા અટકે. પૈસા નહીં બધું જ પત્નિ, મકાન વિગેરે એટલું જ નહિં. ધર્મ-માં પણ આર્ય દેશ, જૈન શાસન, ધર્મની સામગ્રી આ બધું અટકાવનારું કર્મ છે. અંતરાય કર્મ તેને સમજવું પડશે. પાંચ પ્રકારના અંતરાય કર્મ છે.

કેટલાક લોકો કરોડપતિ હોવા છતાં તેમને દાન કરવાનું મન ન થાય. કંજૂસના કાકા હોય. કરકસર સારી પણ કંજૂસાઈ નહિં સારી.

એક છોકરી પરણીને સાસરે આવી. એક દિવસ ઘી નો છાંટો પડયો. સસરાએ લઈ લીધો અને ઘુંટણ પર લગાવી ઘસવા લાગ્યા. પેલી વહુએ આ જોયું તેને થયું કે સસરા કંજૂસ છે કે કરકસરવાળા છે ? તે જોવા માટે વહુ બીજા દિવસે સવારે ઉઠતી જ નથી કહે માથું ખૂબ દુઃખે છે. તેવું નાટક કર્યું બધા આવ્યા. વૈદ્ય બોલાવ્યા. દવા શરૂ કરી. માથું દુઃખતું હોય તો મટાડી શકાય પણ દુઃખતું જ ન હોય તો. તમને સંસાર દુઃખતો હોય તો અમે તમને મોક્ષે પહોંચાડી શકીએ પણ ન દુઃખતો હોય તો ભગવાન પણ મોક્ષે ન પહોંચાડી શકે.

પેલી વહુએ બે - ત્રણ કલાક ડોળ કર્યો. પછી સસરાએ પૂછ્યું આવો દુઃખાવો પિયરમાં થતો હતો ? હા. તે કેવી રીતે મટતો હતો ? તેણે કહ્યું મારા પિતાજી સાચા મોતીનો પાવડર કરી લેપ કરતા ત્યારે મારું માથુ મટી જતું. અને તરત જ સસરા-એ સાચા મોતી મંગાવ્યા. અને જ્યાં પાવડર કરવા જાય છે ત્યાં વહુએ કહ્યું. બસ પિતાજી મારું માથુ ઉતરી ગયું. પછી સસરાની માફી માંગી અને કહ્યું મારે એ જાણવું હતું કે તમે કરકસર કરો છો કે કંજૂસ છો ? પણ મેં જાણી લીધું મારા સસરા કરકસર કરે છે.

કરકસર તે ગુણ છે પણ જરૂર ન હોય અને રૂપિયા ઉડાવો તે ઉડાઉગીરી કહેવાય અને જરૂર હોય તો લાખો રૂપિયા પણ આપી દેવા તે ગુણ કહેવાય.

દાનાંતરાય કર્મ આ કર્મથી પૈસા હોવા છતાં દાન ન કરી શકો. દા.ત. ઉપાશ્રયની સ્કીમ હોય ૨૫૦૦૦ માં રવિવારે તેનો આદેશ આપવાનો હોય. તમે આગલી રાત્રે નક્કી કર્યું કે કાલે સવારે આપણે ટ્રસ્ટીઓને વાત કરીશું કે મારે આ આદેશ લેવો છે. પણ પછી અચાનક એવી કોઈ ઘરના ઘરી તમારે બહાર જવાનું થયું. સવારે ૯.૩૦ વાગે યાદ આવ્યું. ફોન કર્યો પણ આદેશ આપી દીધો હતો. આ દાનાન્તરાય કર્મ. સારું ને ? બધા પૈસા આપણા ઘરમાં જ રહે. કેમ ખરું ને ? ના. સારુ નહિં ખરાબ છે. દા.ત. આપવાથી સદ્ગતિ થાય. તે અનેકને દાન કરશે. તે જોવાથી બીજાનો પણ અનુબંધ સારો થાય.

દાનાંતરાય કર્મ શેનાથી બંધાય ? બીજા દાન કરતા હતા અને તમે અટકાવ્યા. તો તમને દાનાંતરાય કર્મ બંધાય. કોઈ સંસ્થા સારી હોય અને

કોઈ દાન કરતું હોય તેને અટકાવી બીજાને દાન આપો એમ કહીએ તો દાનાંતરાય કર્મ બંધાય. હા. એ સંસ્થા ખોટી હોય તેના કરતા બીજી વધુ સારી હોય તો ચાલે. પણ વ્યક્તિગત રાગ માટે ન ચાલે.

લાભાન્તરાય કર્મ. લાભ થતા અટકે. પૈસા કેમ ન કમાઓ ? નોકરી કેમ છૂટી જાય ? ધંધો કેમ ન ચાલે ? પતિ કેમ સાડી ન લાવે ? આમાં લાભાન્તરાય કર્મ નડે છે. સાડી, દાગીના, ખાવાનું - પીવાનું મેળવવા ન દે. કીસ્સામાં એક ભાઈએ ૯ એકાસણાનો લાભ લીધો. સાઉથમાંથી ઢોસા બનાવનારને બોલાવ્યો. નવે દિવસ ઢોસા બનાવ્યા. જે વ્યક્તિએ લાભ લીધો હતો તેને ભાગમાં પહેલા દિવસે ઢોસા ન આવ્યા. તો બીજા દિવસે ૫૦૦ કીલો લોટના વધારે બનાવ્યા. છતાં ઢોસા ન આવ્યા. આમ નવે દિવસ ઢોસા બનાવવાનું વધતું ગયું પણ તેના ભાગમાં એકે દિવસ ઢોસો આવ્યો જ નહિં. આ લાભાન્તરાય કર્મનો ઉદય છે.

એક ભાઈ રોજ જુવારના રોટલા ખાય. તેના સસરાને ત્યાં રોજ મિઠાઈ હોય. એકવાર તે સસરાના ઘરે ગયો. બનવા જોગે તે દિવસે સસરાને ત્યાં પણ જુવાર-ના જ રોટલા બનાવ્યા. પેલા ભાઈ જમવા બેઠા. જુવારના રોટલા આવ્યા. તે કહે અરે જુવારના રોટલા મારા ઘરેથી તુ અહીંયા એ આવી ગયો. અંતરાય કર્મ નિવા-રણ પૂજામાં આવે છે ને કે શેઠીયાને ઘેબર ખાવાનું મન થયું. ઘેબર બનાવ્યા. જમાઈ આવ્યા અને ઘેબર ખવાઈ ગયા. શેઠને ન મળ્યા. દાને દાને પે લીખા હૈ ખાનેવાલે કા નામ. ભાગ્યથી અધિક અને ભાગ્યથી પહેલા કોઈને કાંઈ મળતું નથી.

અનિતિ શું કરે ? લાભાન્તરાય કર્મ બંધાવે. અત્યારે અનિતિ કરવાથી પૈસા મળી જશે. પણ ભવિષ્યમાં લાભાન્તરાય કર્મ બંધાય.

નિતિ શું કરે ? પૂર્વ ભવમાં લાભાન્તરાય કર્મ બાંધીને આવ્યા તેથી અત્યારે મહેનત કરવા છતાં પૈસા મળતા નથી. તો નિતિ કરવાથી અનિકાચિત લાભાન્તરાય કર્મ તૂટી જાય છે. લાભાન્તરાય કર્મ શેનાથી બંધાય ? કોઈ નિતિ કરતુ હોય તેને અટકાવી અનિતિની સલાહ આપો. અથવા કોઈને કોઈ ચીજ મળતી હોય અને તમે અટકાવી દીધી. આને નહીં આપો. અલ્યા ! આપનારો આપે છે. લેનારો લે છે. તું શા માટે વચ્ચે ડહાપણનો ડોવો હલાવે છે. કોઈ મહારાજ સાહેબને ઘણા ભાવથી વહોરાવે તેને અટ-કાવ્યો. કોઈની સગાઈ થતી અટકાવો તો પણ લાભાન્તરાય કર્મ બંધાય. હા. હિતબુધ્ધિ હોય કોઈને ડુબતો અટકાવવાની ઈચ્છા હોય તો કર્મ ન બંધાય.

તમને શનિ, રાહુ, કેતુ નડે પણ તમે કેટલાને નડો છો ? પૂર્વભવના કારણે કદાચ કોઈને કોઈ ગ્રહ નડતો હોય તેને દુર કરવાની તાકાત નવકારમાં છે. શુક્ર નડતો હોય તેના માટે નમો અરિહંતાણં, સૂર્ય - મંગળ માટે નમો સિધ્ધાણં, ગુરુ માટે નમો આયરિયાણં, બુધ માટે નમો ઉવજ્ઝાયાણં, શનિ, રાહુ, કેતુ માટે નમો લોએ સવ્વસાહૂણં.

ગમે તેવી તકલીફ આવે તેની સમાધિ માટે આ મંત્ર છે. આપણે ગ્રહોને માનતા નથી એવું નથી. પરમાત્માની પલાઠીમાં જ નવગ્રહ છે. ચંદ્ર - ચંદ્રપ્રભુસ્વામી, બુધ - વિમલનાથ-

શાંતિનાથ - મહાવીર સ્વામી, મંગળ - વાસુપૂજ્ય સ્વામી, શુક્ર - સુવિધિનાથ, શનિ - મુનિસુવ્રત સ્વામી, રાહુ - નેમિનાથ, કેતુ - પાર્શ્વનાથ, ગુરુ - આદિનાથ. આડા - અવળા શું કામ દોડો છો ? ભગવાનનો જાપ કરો. બધા ગ્રહો દુર થઈ જશે. બધા ગ્રહો ભગવાનના ભક્ત છે.

માથું દુઃખે ત્યારે હાથ ફેરવી નમો અરિહંતાણં નો જાપ કરો. મોઢા ઉપર કોઈ પ્રોબલેમ હોય તો નમો સિધ્ધાણં. ગળામાં કોઈ પ્રોબલેમ હોય તો નમો આયરિયાણં.

શ્રધ્ધા પેદા કરો. નક્કી કરો ૧૦૮ નવકાર ગણ્યા પછી મોઢામાં પાણી નાખવું છે. નવકાર મંત્રની તાકાત સામે કોઈ મંત્ર - તંત્રની તાકાત નથી. બાવા - સંન્યાસી - ફકીર ની પણ નથી.

ભાદરવા વદ - ૫, બુધવાર

આપણું સારું જ કરવું હોય તો સારું બોલવું - વિચારવું અને આચરવું હોય તો નિતિ એ પાયાની ચીજ છે. પશુ - પંખીને આધારભૂત બનવું. સાધુ - સાધ્વીને સહાયક બનવું. પરમાત્માની ભક્તિ જિર્ણોધ્ધાર વિગેરે માં પૈસાથી જ સહાય કરાય. એનાથી પરલોકમાં હિત થાય. નિતિના ધનનો સદ્વ્યય કરવાથી જ્યારે અનિતિના ધનથી પરલોકમાં હિત નહિં થાય. અનિતિનું ધન લાંબા સમય સુધી ટકતું નથી. કદાચ ટકે તો પણ ૧૧ મા વર્ષે તો મુડી સહિત ચાલ્યું જાય. ક્યાંય ૨૫ - ૫૦ વર્ષ સુધી અનિતિનું ધન રહેલું દેખાય તો શું ? કોઈનો પાપાનુબંધી પુન્યનો બળવાન ઉદય હોય તો આવું દેખાય. પુન્યનો ઉદય સારા ગુણવાન બનાવે. પાપનો ઉદય દુષ્ટ - દુર્જન બનાવે.

પાપાનુબંધિ પુન્ય } મુશ્કેલીમાં ખરાબ બનાવે.
,, પાપ }

પુણ્યાનુબંધિ પુન્ય સુખી સારા બનાવે. અનુકૂળતા આપે. ગુણવાન બનાવે. પુન્યાનુબંધિ પાપ તકલીફ હોય પણ સજ્જન બનાવે, ગુણવાન બનાવે ખુમારીથી જીવે.

પાપાનુબંધિ પાપ. પરલોક બગાડે. આલોક બગાડે. દુષ્ટ - દુઃખી બનાવે. પુન્યાનુબંધિ પુન્યથી સામગ્રી મળે. અનુકૂળતા મળે વિગેરે.

પૈસો પૈસાને ખેંચે. ધંધો વધે. પૈસો વધે. પૈસાથી નવો ધંધો. અનુબંધ સારો હોય તો પુન્ય બંધાય.

અનિતિ કરવાનું મન થાય. છોડવાનું મન ન થાય તો પાપાનુબંધિ

પુન્યથી મળેલી સંપત્તિના વિપાક દારૂણ હશે. ભયાનક કોટીનો પરચો બતાડશે. માછીમાર જાળ નાંખે લોખંડનું ગલ નાંખે વચ્ચે તીક્ષ્ણ ધારદાર હોય તેમાં માંસ ભરાવે. માંસથી લલચાઈને માછલો માંસ ખાવા આવે. અને પેલાની ધારદાર અણી વાગે એમાં ફસાઈ જાય. પરિણામે મોત મળે. પાપાનુબંધી પુન્યથી ભોગ સામગ્રી મળી અને તેમાં લંપટ બન્યા તો પરિણામે નરકમાં અનિતિથી મળેલા ભોગો. દિવાની જ્યોત જેવા છે. વિપાક ભયાનક આવે. કેટલીક દવાઓ એવી હોય કે રીએક્શન આવે. તેમ ભોગોનું પણ રીએક્શન આવે. પરિણામે નરકમાં મોકલી આપે.

નરકમાં જ્યાં ઉત્પન્ન થવાનું છે તે કુંભી બહારથી એકદમ ઠંડી હોય અને અંદરથી ગરમ હોય અને કોઈક કુંભી બહારથી ગરમ હોય અને અંદરથી ઠંડી હોય. અશુભ પુદ્ગલો ખાવા આપે. ભૂખ શમે નહિં. તરસ લાગે ત્યારે શીશાનો રસ મોઢામાં નાંખે. અતિશય વેદના નરકમાં છે.

મુંબઈમાં ચીનુભાઈ - ભાઈચંદભાઈ - રસુલમિયાં ત્રણેય હિરાના વેપારી મિત્રો હતા. એકવાર રસૂલમીંયાએ શુકનના હિરા ચીનુભાઈને ત્યાં થાપણ તરીકે રાખવા આપ્યા. તેમણે એક ડબ્બીમાં નીચે આ હિરા મૂક્યા. ભાઈચંદભાઈ એકવાર ચીનુભાઈને ત્યાં હીરા લેવા આવ્યા. અને ચીનુભાઈએ રસૂલમીંયાના હિરા જે ડબ્બીમાં રાખ્યા હતા તે ડબ્બી ભાઈચંદભાઈને આપી દીધી. ભાઈચંદભાઈ ડબ્બી લઈ ગયા. ઘરે જઈને ડબ્બી ખોલી નીચે રહેલા શુકનના હિરા જોયા. ગમી ગયા. રસૂલમીંયા ચીનુભાઈને ત્યાં લેવા ગયા ત્યારે ચીનુભાઈને યાદ આવ્યું કે એ ડબ્બી તો મેં ભાઈચંદભાઈને આપી છે. તેમણે પૂછ્યું પણ ભાઈચંદભાઈએ ના પાડી. ચીનુભાઈએ રસૂલમીંયાને કીધું કે મે ભાઈચંદભાઈને આપેલા પણ તે ના પાડે છે. તમે કહો તો બીજા હિરા આપુ. પણ દીકરાઓ કહે અમારે તો શુકનવંતા હિરા જ જોઈએ. રસૂલમીંયા ભાઈચંદભાઈને ત્યાં ગયા. તેણે પોતાના દીકરાના સોગંધ ખાધા. રસૂલમીંયા કહે સારું. રાત્રે ભાઈચંદભાઈના દીકરાને સર્પ કરડયો. ને મરી ગયો. પછી તરત જ ભાઈચંદભાઈ હિરા પાછા આપવા આવ્યા. માફી માંગી.

અનીતિનું ધન ક્યારેય ટકે નહિં. વ્યાજ સહિત લઈને જ જાય.

અનીતિના ધનથી આલોક - પરલોકમાં અહિત જ થાય. અનીતિથી ધન ન કમાય તો લોકોને પૈસા નહીં મળે ને ? મળે. પૈસા મેળવવાનો ઉપાય જ નીતિ છે. નીતિથી જ પ્રતિબંધક કર્મ જાય છે. પૈસાની પ્રાપ્તિમાં અટકાવનાર લાભાન્તરાય કર્મ. લાભ થતા જે અટકાવે તે લાભાન્તરાય. તે કોઈ ચીજને આવતી અટકાવે. કોઈને કોઈ વસ્તુ મેળવવા ન દઈએ તો પણ લાભાન્તરાય કર્મ બંધાય. ઢંઢણ મુનિને લાભાન્તરાય કર્મનો એવો જોરદાર ઉદય હતો કે તેમની સાથે જે પણ ગોચરી જાય તેને પણ ગોચરી ન મળે. કોઈનું લાભાન્તરાય કર્મ નબળું પડ્યું હોય તો એને લાભ સાથેના ને પણ લાભ થાય.

કર્મનો ક્ષયોપશમ દ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવને આધીન છે. ગામડામાં પૈસા ન મળ્યા. સુરત આવ્યા પૈસા મળ્યા. પેલાની સાથે પાર્ટનરશીપ હતી ત્યારે હું ખૂબ કમાયો. છૂટા પડ્યા પછી દેવાળુ કરવુ પડ્યું. આ લાભાન્તરાય કર્મ. આપણે જ બાંધ્યું. ઢંઢણ મુનિએ પ્રતિજ્ઞા કરી મારી લબ્ધિથી મળે તે વાપરવું. વહોરાવનારા ન હતા. ભાવો ન હતા. એવું નહોતુ. પણ એકનું દાનાન્તરાય કર્મ બીજાના લાભાન્તરાય કર્મ ને ખેંચી લાવે. અને ક્યારેક એકનું લાભાન્તરાય કર્મ બીજાના દાનાન્તરાય કર્મને ખેંચી લાવે.

ક્યારેક કોઈ ગમે તેવો કંજૂસનો કાકો હોવા છતાં અમુક વ્યક્તિ જાય તો ૫૦ લાખનું દાન આપી દે. કારણ તેનો લાભાન્તરાયનો ક્ષયોપશમ થયો હોય તો સામે-વાળાના દાનાન્તરાયને તોડે. અને દાન કરવાનું મન કરાવે. કોઈ બધાને આપતો હોય પણ લાભાન્તરાય કર્મવાળાને દાન ન મળે.

લાભાન્તરાય કર્મનો ઉદય હોય તો તમારા પૈસા જાય. મંદી, પાર્ટી ઉઠી જાય. આ બધા તો બહાના છે. પણ કારણ પોતાનું કર્મ છે. લાભાન્તરાય. લાભાન્તરાય નબળું પડે એટલે વસ્તુ, સાડી, દાગીના વિગેરે બધું મળે. લાવીને એકવાર પહેર્યા પછી સેફ ડીપોઝીટ વૉલ્ટમાં જ રહેવાનું કારણ ઉપભોગાન્તરાય કર્મ નડે છે. બહાર તો ઈમીટેશન જ્વેલરી પહેરીને જ ફરો. હોય તોય ભોગવી ન શકો.

ભોગાન્તરાય કર્મ હોય માટે ખાઈ - પી ન શકો. રોગ આવે ખવરાવી શકો ખાઈ ન શકો. લાભાન્તરાય કર્મ નબળુ પડ્યું માટે મળ્યું પણ ભોગાન્તરાય કર્મ નબળું ન પડ્યું માટે ખાઈ ન શકો. ભોગવી ન શકો. જો થાળી ધોઈને ન પીવો એઠું મુકો તો ભોગાન્તરાય કર્મ બંધાય. લાભાન્તરાય કર્મ પણ બંધાય. કારણ તમે વધારે લીધું અને એઠું મૂક્યું એટલે બીજાને મળતું અટકાવ્યું. માટે લાભાન્તરાય કર્મ બંધાય અને ભોગાન્તરાય પણ બંધાય. તેથી ખાવાનું મળે પણ ભૂખ ન લાગે. ભૂખ લાગે તો રુચિ ન થાય. અને રુચિ થાય તો ડૉક્ટર ના પાડે. ચરી પાળવાની હોય કદાચ ખવાય પણ પચે નહિં. માંદગી લાવે. માટે ક્યારેય એક પણ દાણો એંઠો મુકવો નહિં. શ્રીમંતો એઠું મુકે એમાં કેટલાય ગરીબોના પેટ ભરાઈ જાય. હાથી એક કોળીયો છોડે તો કેટલી કીડીઓના પેટ ભરાઈ જાય ? હિન્દુસ્તાનમાં ૭૦ લાખથી વધુ માણસો

ભૂખે મરે છે. માટે એવું મુકે. બીજાને ભોગવતા અટકાવે એટલે ભેગાં કર્મ બંધાય.

જે એકની એક વસ્તુ વારંવાર ભોગવાય તે ઉપભોગાન્તરાય. કોઈના લગ્ન-સગાઈ ન થતી હોય તો ઉપભોગાન્તરાય કર્મ લગ્ન થાય તો છુટાછેડા થઈ જાય. વિધવા - વિધુર બને. તે ઉપભોગાન્તરાય કર્મ. કોઈને ઘર રહેવા ન મળે તો લાભાન્તરાય તો ખરો જ પણ ઉપભોગાન્તરાય કર્મ પણ છે.

વીર્યાન્તરાય કર્મ - કોઈપણ કાર્ય કરવામાં ઉલ્લાસ ન આવે. ક્રિયા કરો પણ હાથ ન જોડો. ભાવ ન આવે. સંસારમાં પણ કેટલીક બહેનોને રસોઈ બનાવવાનો કંટાળો આવે. અથાણા બનાવવા ન ગમે. તેથી તૈયાર લઈ આવો. આ વીર્યાન્તરાય કર્મના ઉદયથી થાય.

આપણી વાત ચાલે છે કે લાભાન્તરાય કર્મ તોડવાનો શ્રેષ્ઠ ઉપાય નીતિ છે તેમાં કોઈ શંકા નથી. નીતિથી લાભાન્તરાય કર્મ ચોક્કસ તૂટશે. અને જે કાંઈ જોઈએ તે બધુ જ મળે. પણ ભવિષ્યમાં મળે. તરત ન મળે. મનને મજબૂત કરી દો મારે ૬ મહિના સુધી જરાય અનીતિ કરવી નથી. તો કદાચ ૨-૩ મહિના સુધી નફો ન થાય. કમાણી ન થાય. પણ એનાથી શું થશે ? બધા કહેશે આને ત્યાં ખોટા તોલમાપ નથી. ભાવ કે ખોટાં જાત ભાવમાં કાંઈ જ ફેરફાર નથી. સજ્જન માણસને માન્ય હોય તેટલો જ નફો લેતો હોય. તેથી તમારા પર વિશ્વાસ બેસે. નીતિથી ગુડવીલ, આબરુ વધે. સન્માન વધે. નીતિ કરવાથી ક્યારેક પૈસા ન મળે પણ લાભાન્તરાય કર્મ નબળુ પડે પછી પૈસા મળે. વિપુલ સંપત્તિ મળે.

અનીતિથી પણ પૈસા તો મળે છે તે લાભાન્તરાય કર્મ નબળુ પડ્યું હોય તો જ રૂપિયા મળે પણ આ કર્મ પૂરું થાય એટલે મુશ્કેલી આવે. જેટલા અનીતિ કરનારા છે તે બધાને રૂપિયાના ઢગલા થઈ ગયા અને નીતિ કરનારા બધા ગરીબ રહ્યા છે એવું નથી.

અનીતિવાળાને પૈસા મળે પણ ખરા ન પણ મળે. નીતિવાળાનેય પૈસા મળે પણ ખરા ન પણ મળે. પૈસા મેળવવાનો સીધો સંબંધ લાભાન્તરાય કર્મ સાથે છે. કર્મ જોરદાર હોય તો નીતિ - અનીતિ કંઈ પણ કરે તો પણ પૈસા ન મળે. અનીતિ કરવાનું લાભાન્તરાય કર્મ નબળુ પડ્યું હોય તો અત્યારે રૂપિયા મળે પણ તે કર્મનો ઉદય આવે એટલે બધું જ જાય. પકડાઈ જાય. ફસાઈ જાય અને પરલોકમાં દુર્ગતિ મળે.

નીતિ કરનારને લાભાંતરાય કર્મ હોય તો તાત્કાલીક પૈસા ન મળે પણ નીતિ કરવાથી કર્મ તૂટે અને ભવિષ્યમાં તેને સંપત્તિ મળે. પરલોકમાં સદ્ગતી મળશે. લાભાન્તરાય કર્મ જોરદાર ઉદયમાં હશે તો અનીતિ કરનારાએ પૈસા ક્યાંક નાંખ્યા હશે તો ફસાઈ જશે. જેલમાં જવું પડે અને દુર્ગતિ મળશે. પૈસા મળે કે ન મળે પણ નુકશાન તો નક્કી જ. જ્યારે નીતિ કરનારને અત્યારે પૈસા મળે કે ન મળે પણ ભવિષ્યમા પૈસા મળવાના જ.

ગ્રંથકાર કહે છે કે આર્યદેશનો માનવ અનીતિ કરી જ ન શકે. તમે કહો છો બધા જ કરે છે. જે અસંભવિત હેતુ તેને તમે સંભવિત કરી દીધું. તો કેટલા નિષ્ઠુર બન્યા હશો. કેટલી પૈસાની લાલચ લાવી હશે ત્યારે જ અનીતિ કરી શકો.

સ્વભાવથી જ અનીતિ ન કરે તે ઉત્તમ. અનીતિ કરીશ તો પાપ બંધાશે તેથી નરકમાં જવું પડશે. આમ પરલોકના ભયથી અનીતિ ન કરે તે મધ્યમ. જો પાપ કરતા પકડાઈ જઈશ તો આબરુ - ઈજ્જત જાય. જેલમાં પૂરાવું પડે. કદાચ ફાંસીએ પણ ચડવું પડે. આવા ડરથી

અનીતિ ન કરે તે અધમ. ત્રણે પ્રવૃત્તિથી સરખા પણ કારણ જુદા-જુદા માટે ઉત્તમ-મધ્યમ-અધમ કહ્યા. કોઈ અધમાધમ બનીને અનીતિ કરે તો પણ તેને પૈસા મળશે જ. એવો નિયમ નથી. પુન્યથી કદાચ પૈસો મળે પણ નુકશાન તો થાય જ. કર્મો પોતાનું ફળ આપ્યા વગર નહિં રહે. તમારું પાપ તમને શોધીને જ રહેશે.

ગીતાનું વાક્ય છે. કરેલું શુભાશુભ કર્મ ભોગવ્યા વિના છુટકો જ નથી. અનીતિ મંદબુદ્ધિવાળો બનાવે. તમારે એકનો એક દીકરો હોય. કાયમ સાચવવો પડે. જન્મથી જ માંદો હોય. દીકરી પાછી આવે. માંદગી ઘરમાં આવે. ડૉક્ટરના બીલ ભર્યા કરો. અનીતિ-બેઈમાની આંચકી લીધું છે. પડાવી લીધું છે. કોઈનું ? પૂછો આત્માની અનીતિ જીવનમાં છે. તેના પરિણામમાં આવું જ બને. પછેડી હોય એટલી સોડ તણાય. ગુંજી હોય તેટલો ધંધો કરાય.

ભાદરવા વદ-૧૧, મંગળવાર

હરિભદ્ર સૂરિ મહારાજ સામાન્ય ગૃહસ્થ ધર્મ બતાવે છે. ઘર જેને ચલાવવાનું છે તેને આજીવિકા વિના ના ચાલે માટે શાસ્ત્રના માર્ગદર્શન અનુસાર ધંધો કરાય. કુલ-પરંપરાથી આવેલો. અનીંદનીય - દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવને અનુસાર અને નીતિથી ધંધો કરવો જોઈએ.

અનીતિથી આલોકમાં નુકશાન પરલોકમાં પણ નુકશાન પાપાનુબંધી પુન્યથી કદાચ મૃત્યુ સુધી ટકે પણ વિપાકે દારૂણ આવતા ભવમાં નુકશાન થાય. દીવાનું તેજ સારું લાગી પતંગિયુ ભેટવા જાય. તો મૃત્યુ જ મળે. નીતિથી પુણ્યાનુબંધી પુન્ય બંધાય અને આલોક અને પરલોકમાં સુખ મળે જ.

હવે લગ્નની વાત : કોની સાથે લગ્ન કરવા અને કોની સાથે ન કરવા. વાત એવી છે કે આ અવસર્પિણીમાં સૌથી પહેલા લગ્ન ઋષભકુમારના સુમંગલા અને સુનંદા સાથે થયા. સુમંગલા તેમની સાથે જન્મેલી હતી. ૧લા-૨જા-૩જા આરામાં યુગલિક કાળ હોય. યુગલિક એટલે એક સ્ત્રી અને એક પુરુષ સાથે જન્મે તે જ યૌવનવયમાં આવે એટલે પતિ-પત્નિ બને. અને મૃત્યુના ૬ મહિના બાકી હોય ત્યારે એક જોડલાને જન્મ આપે. અને મરીને દેવલોકમાં જાય. શા માટે ? તેમણે કોઈ આરાધના-સાધના તો કરી નથી. તેમના કષાયો-દોષો પાતળા છે માટે. કામવિકારો અતિશય ઓછા છે. ક્રોધ વિગેરે હોય પણ સુષુપ્ત રહે. પ્રગટ ન થાય. પરિગ્રહની મમતા પણ ન હોય કારણ તે વખતે કલ્પવૃક્ષની વ્યવસ્થા હોય. જ્યાં અછત હોય ત્યાં ભેગું કરવાની વાત હોય. ન મળતું હોય ત્યાં મેળવવાની વાત આવે પણ અહીં તો જ્યારે જેને જે જોઈએ તે તેને ત્યારે

જ મળી જાય.

ત્યાં બધા અહમ ઈન્દ્ર હોય. કોઈ રાજા નહિં. કોઈ પ્રજા નહિં. લગ્નની વ્યવસ્થા પણ ન હતી. જેટલા પુરુષો હતા તેટલી સ્ત્રીઓ હતી. બંને સાથે જન્મતા અને સાથે જ મૃત્યુ પામતા. કામવિકારો એટલા મામુલી હતા. જેથી ત્યાં દુરાચાર - અનાચાર નહોતા માટે લગ્નની આવશ્યકતા જ નહોતી.

ભાઈ - બહેન મૈથુન સેવે તો પાપ ન લાગે ? અત્યારે કેટલાક સમાજ અન્ય ધર્મમાં મામા - ફોઈના દીકરા - દીકરીના લગ્નની વ્યવસ્થા ચાલે છે. સમાજે સ્વીકારેલ હોય પછી ખોટું ન લાગે.

લગ્ન એ જ પાપ છે. પરમેન્ટનો દારૂ પીવો કે પરમેન્ટ વિનાનો દારૂ પીવો તે પાપ જ છે. ભક્ષ્ય પદાર્થો ખાવા કે અભક્ષ્ય પદાર્થો ખાવા પાપ જ છે. તેમ પરસ્ત્રી સાથે ભોગવવા કે સ્વસ્ત્રી સાથે ભોગવવા તે પાપ જ છે. કાયદેસર ચોરી કરવી કે ગેરકાયદેસર ચોરી કરવી પાપ જ છે.

પોતાની પત્ની પાછળ પાગલ ક્યારે બને જ્યારે નિર્લજ, નફ્ફટ, નિષ્ઠુર બને ત્યારે પણ સમાજે જે વસ્તુ સ્વીકાર્યું હોય ત્યારે ન થાય. પણ મામા કે ફઈની છોકરી સાથે નિર્લજતા કઠોરતા પાપ બંધાવે. કેટલાક દેશોમાં એક બીજાને ભેટવું, હાથ મીલાવવા તે શિષ્ટાચાર છે. પણ અહિં તે ન ચાલે. છેડતી કરી કહેવાય. પાપ બંધાય. જે સમાજમાં જે શિષ્ટાચાર હોય તેની વિરૂધ્ધ કરો ત્યારે નિર્લજતા આવે કઠોરતા આવે તે પાપ બંધાવે.

તે રીતે યુગલિક કાળમાં પણ એ માન્ય હોવાથી તેમનામાં નિર્લજતા નથી. આવતી. તેથી તેમને કેટલું પાપ લાગે જેટલું તમે તમારી પત્નિ સાથે મૈથુન સેવો અને લાગે તેટલું જ તેમને પણ લાગે. કારણ તેમનામાં નિર્લજતા - નિષ્ઠુરતા - નિરંકુશતા નથી.

પ્રભુ વીર વખતે મામા - ફઈના વ્યવહાર ચાલતા હતા. પ્રિયદર્શનાના લગ્ન પોતાની બહેનના દીકરા સાથે જ કરાવ્યાં. પણ અત્યારે તમે ન કરી શકો. પણ આબરૂના લીલામ કરો ત્યારે જ કરી શકો.

યુગલિક કાળ આવશે ત્યારે લગ્નની જરૂર નહિં પડે પણ હમણાં એ વાત ચાલે છે કે લગ્નની શરૂઆત કેવી રીતે થઈ ? એક દિવસ એક યુગલિકનું અકાળે મોત થયું. અને તેની સાથે જન્મેલી સુનંદા એકલી રખડવા લાગી. સ્ત્રી રખડે પરિણામે દુરાચાર - વ્યભિચાર વિગેરે અનેક પ્રશ્ન ઊભા થાય. સામાન્ય રીતે તમામે તમામ જીવોમાં આહાર - ભય - મૈથુન - પરિગ્રહ આ ચાર સંજ્ઞાઓ પડેલી છે.

આહાર શરીરને ટકાવવા માટે જરૂરી છે. પરિગ્રહને પણ મર્યાદામાં રાખે. પરંતુ મૈથુન સંજ્ઞા કંટ્રોલમાં ન રાખે તો દુરાચાર - વ્યભિચાર ફેલાઈ જાય. પરિણામે ધર્મની આરાધના ન કરી શકે. જે વ્યક્તિ કામવિકારને કંટ્રોલમાં રાખી શકે તે દીક્ષા લે. પણ કંટ્રોલમાં રાખી ન શકે અને દીક્ષા લે તો અહીં કલંક લગાડે. અને સંસારમાં રહે તો વ્યભિચારી - દુરાચારી બને.

ભૂખ કેમ લાગે ? ક્ષુધા વેદનીય કર્મ છે માટે. ભય કેમ ? ભય મોહનીય કર્મ છે માટે. પરિગ્રહ કેમ ? નાનો છોકરો. તેને નાનું રમકડું વિગેરે આપશો તો મજબૂતાઈથી પકડી રાખશે.

છોડશે નહિં કારણ પરિગ્રહ સંજ્ઞા અંદર પડેલી છે. મૈથુન સંજ્ઞા વધારે પ્રજ્વલિત યૌવન વયમાં થાય.

દરેક તિર્થંકરો મોક્ષે ગયા પહેલા કેવલજ્ઞાન પામ્યા પછી એકાસણા વિગેરેનું પચ્ચક્ખાણ લેવાનું ન હોય. એક હાઈમ વાપરી લે છતાં મોક્ષે ગયા ત્યારે તપ કરેલો સંભળાય છે. તો તેમનું ક્ષુધા વેદનીય કર્મ ભોગવાઈને પૂરું થયું માટે ૩૦ ઉપવાસ થયા. પણ પચ્ચક્ખાણ કરવાનું ન હોય. લોભ મોહનીયથી જે તે ભેગું કરવાનું મન થાય. વેદ મોહનીયથી તેનો ઉદય થાય ત્યારે સજાતીય વિજાતીય પ્રત્યે આકર્ષણ ઉભું થાય. પુરૂષને પુરૂષવેદનો ઉદય હોય. સ્ત્રીને સ્ત્રીવેદનો ઉદય હોય બાકી તો વારાફરતી બદલાયા કરે. બધી પ્રકૃતિઓ પરાવર્તમાન છે.

પુરૂષવેદનો ઉદય થાય તેને સ્ત્રીઓ પ્રત્યેનું આકર્ષણ પેદા થવા લાગે. યૌવન વયમાં એકબીજાને એકબીજા તરફ જોવાનું મન થાય. મોઢું દાંત વિગેરે એક જ છે. પણ કર્મના કારણે જોવાનું મન થાય. આપણે બાંધીને આવેલા છીએ. પુરૂષવેદનો ઉદય હોય તો સ્ત્રી તરફ આકર્ષણ થાય. સ્ત્રી વેદનો ઉદય હોય તો પુરૂષ તરફ આકર્ષણ થાય. પુરૂષને પુરૂષ પ્રત્યે સ્ત્રીને સ્ત્રી પ્રત્યે પણ આકર્ષણ થાય. નપુંસક વેદનો ઉદય થાય ત્યારે બંનેનું આકર્ષણ થાય. આ આકર્ષણ પેદા કોણ કરાવે ? કર્મ. તેના સંસ્કારો આત્મામાં પડેલા છે તેથી આ આકર્ષણ થાય પણ મારે નથી જ જોવું. નથી જ અડવું. આ નથી જ કરવું તો પરમાત્માની ભક્તિ, ગુરૂની સેવા અને ધર્મ પ્રત્યેનું આકર્ષણ કરવું. આ પ્રશસ્ત રાગ છે. અને તે ખરાબ આકર્ષણને તોડે મોક્ષે પહોંચાડે છે. જ્યારે સ્ત્રી-પુરુષના આકર્ષણ તે અશુભ રાગ છે. દુર્ગતિમાં લઈ જનારું છે.

રાગ દ્વેષ વિના કામ સેવન શક્ય નથી. સાથે ગર્ભજ પંચેન્દ્રિય ૯ લાખ જેટલા વિકલેન્દ્રિય તો ઢગલા બંધના કચ્ચરઘાણ બોલાવનાર આ ક્રિયા છે. માટે આ આકર્ષણ તોડવા જેવું છે. આનો સંબંધ યુવાન વય સાથે છે. દાઢી-મુછના વાળ તો હજામ દ્વારા લોચ દ્વારા દુર કરી શકો તો યુવાનવય સાથે સંબંધ ધરાવતા કામ વિકારો દેવ-ગુરુની કૃપા દ્વારા કેમ કંટ્રોલમાં લાવી ન શકાય. શરીરના રાગને સર્વ જીવોના રાગમાં ટ્રાન્સફર કરી શકાય. જેને જગતના જીવો ગમી જાય તે એક બે વ્યક્તિના રાગમાં સીમીત ન બને. હવે આ મારા-તારાની વિચારણને છોડી આખી દુનિયાને કુટુંબ ગણો.

તમે લગ્ન કરી એક ચોકઠું ઉભુ કર્યું. આ મારી પત્નિ એના માટે હું બધું જ કરું. તેને તાવ આવે અને ચિંતા પણ બીજા જોડે લેવા દેવા નહિં.

બ્રહ્મચર્ય પાળવા ભાઈચારાનો સંબંધ જરૂરી છે. દુનિયા બધા જીવો પ્રત્યે પ્રેમ લાગણીથી જોડાઈએ તો પ્રેમ લાગણી મળે પણ ન જોડાઈએ તો એક જણ પાસેથી દીક્ષિત પ્રેમ મળે. પણ બધા જીવો સાથે પ્રેમ લાગણી રાખી હોય તો દીક્ષિત પ્રેમની જરૂર ન પડે. પણ જો આ રીતે જોડાઈ ન શકે તો લગ્ન જીવનમાં એક સાથે જોડાઈ જવું.

ઉંચી કક્ષા તો સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવામાં છે. સંયમ જીવન સ્વીકાર પણ તેના માટે ક્ષમતા નથી તો તેને કામવિકારોનું અત્યંત આક્રમણ થઈ જાય તે જ્યાં જશે

ત્યાં તેને પૂજા વિગેરેમાં મન ન લાગે. આબરૂ અને ઈજ્જતના ધજાગરા પણ થાય. તેથી જેઓ કંટ્રોલમાં નથી લઈ શકતા તેવા લોકોને એક વ્યક્તિ સાથે લગ્નજીવનથી જોડાઈ જવાનું અને બાકીના તમામ સાથે બ્રહ્મચર્ય પાળવાનું જેથી પાંચે ઈન્દ્રિયો શાંત થઈ જાય તે ભક્તિ મસ્તીથી કરી શકે. મન એકવાર પોતાના પાત્ર સાથે સંયમી બની જાય પછી સુંદર આરાધના વિ. કરી શકે.

સાધુ- સાધ્વી સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે. શ્રાવક - શ્રાવિકા તેને કહેવાય જે એક વ્યક્તિ સાથે લગ્ન કરી બાકીના સાથે સંપૂર્ણ બ્રહ્મચર્ય અને પોતાની વ્યક્તિ સાથે પણ કંટ્રોલમાં.

લગ્ન કોની સાથે કરવા ? જેવી તેવી વ્યક્તિ સાથે લગ્ન થઈ ગયા તો કજીયા કંકાસ થાય. આરાધના ન થઈ શકે. હવે તમે જો લગ્ન કરવા ન કહો અને કહો સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવું એ ન બની શકે કારણ લગ્ન ન કરો તો કેટલાય વ્યક્તિઓ ભટકાઈ જાય અને એક ભવમાં ૨૫ - ૫૦ ભવ થઈ જાય. અને તમારું જીવન દુરાચારી બની જશે.

હા, દીક્ષા લો તો આ શક્ય છે. કારણ મર્યાદા છે. ગમે તેવી વાત ન હોય. ટી.વી વીડીયો નથી. એવા કોઈ પોસ્ટર જોવાના નથી. સામાન્યથી વિજાતીય તત્ત્વ આવવું નથી. આવે જો તે ગુરુની નજરથી આવે છે.. નિમિત્તોની નાકાબંધી છે. પણ દીક્ષા ન લો તો બધા ચાન્સીસ ઉભા છે. એના કરતા વધારે યોગ્ય એક વ્યક્તિ સાથે બંધાઈ જવું કારણ સમાજે પરસ્ત્રીગમન વેશ્યાગમનની ના પાડી છે. અને વિકૃત પુરુષો સમાજની સામે પડવાની ના પાડી છે.

તમને એક વ્યક્તિ સાથે લગ્ન કરવાનું કહ્યું તો કામવાસના કંટ્રોલમાં આવશે. પણ ક્રોધ ઉભો થશે. જીવન આકરું લાગશે. જો ખોટી વ્યક્તિ સાથે જોડાઈ ગયા તો પણ શાસ્ત્રના માર્ગદર્શન પ્રમાણે લગ્ન કર્યા હશે તો તમારું જીવન સંયમિત હશે. ઝગડા રહિત હશે. આરાધનામાં પણ ઉલ્લાસ વધશે.

તો હવે પસંદગીનો મીડીયા શું હોઈ શકે ? મારે દુરાચારી અનાચારી નથી બનવું. સદાચારી જીવન જીવવું છે. તમારી પસંદગીનું બેરોમીટર અત્યારે રૂપ અને રૂપિયા છે. આમાં તમને સફળતા સામાન્ય રીતે નહિં મળે. રૂપિયાવાળો છોકરો હોય તો તમારા મોજશોખો પોષાય. હાઈ સોસાયટીમાં મારો વટ પડે. છોકરાની નજર રૂપ સામે હોય. પણ રૂપ કે રૂપિયાનું આકર્ષણ લગ્નની પસંદગી માટે યોગ્ય નથી. રૂપ જોઈ પરણેલો છોકરો જો છોકરીને અચાનક કોઈ રોગ લાગુ પડી જાય. તો તેને તે ગમશે ? ના જો રૂપિયા દ્વારા કરાય તો જે દિવસે નોકરી છૂટી જશે. બધા રૂપિયા નાશ થયા અને તે છોકરીના બધા શોખો પૂરા નહિં થાય તો તે બીજામાં ફસાશે. પછી ફીયાસ્કા બોલાશે માટે રૂપ કે રૂપિયાને ક્યારેય મીડીયા ન બનાવાય.

હરિભદ્રસૂરિ મહારાજ બતાવે છે કે લગ્ન કોની સાથે કરવા ? કેવી રીતે કરવા? જો બ્રહ્મચર્ય પાળવાની ક્ષમતા છે તેને તો સંયમ જીવન જ લેવાનું છે. પણ જેની પાસે આવી ક્ષમતા નથી. તેને યોગ્ય વ્યક્તિ સાથે લગ્નગ્રંથીથી જોડાવવાનું છે. ન જોડાય તો કહેવાય છે ને કે વાંઢાનો કોઈ વિશ્વાસ ન કરે.

વિવાહ કરવો તે પાપ છે. પણ ઉચિત વિવાહ તે ધર્મ બને છે. ચરમાવર્તમાં આવ્યો એનું લક્ષણ સર્વત્ર ઔચિત્યનું પાલન હોય. લગ્ન એ ધર્મ નથી પણ તેમાં ઔચિત્ય ભળે તે લગ્ન ધર્મ બને છે. અર્થ અને કામ ખરાબ છે પણ તેમાં ઔચિત્ય ઉમેરાય એટલે અર્થ પુરુષાર્થ અને કામ પુરુષાર્થ બની ગયો. લગ્ન એ કામનો વિષય છે. પણ તેમાં ઔચિત્ય ભળે એટલે કામ એ પુરુષાર્થ બની જાય. અને તે પરંપરાએ મોક્ષ પણ આપી શકે.

હવે લગ્ન કોની સાથે કરાય ? (૧) સમાન વંશ અને કુલ હોવું જોઈએ. પિતાથી ચાલ્યો આવતો તે વંશ કહેવાય. માતાથી ચાલ્યુ આવતું તે કુળ કહેવાય. સમાન વંશ-કુળ વાળા સાથે લગ્ન કરાય. અત્યારે આંતરજ્ઞાતીય, આંતરરાષ્ટ્રીય લગ્ન નીકળ્યા છે. જેને જે ગમી ગયું તે ભલે ને તે ગમે તે જ્ઞાતીનો હોય. ગમે તે દેશનો હોય.

સમાન સમાજ હોવો જોઈએ. ન હોય તો શું થાય ? વિચારે શાંતિ - સમાધિ, પ્રસન્નતા હોય તો જ જીવન સારું ચાલે. દા.ત. છોકરો ઉંચા સમાજનો હોય. છોકરી નીચા સમાજની હોય તો શું થાય ? ઘરમાં સાસુ- સસરા, નણંદ વિગેરેઓ છોકરીને આખો દિવસ કટાક્ષ - ટોન્ટમાં મેણાં મારે. પણ સમાન સમાજની હોય તો આવું ન થાય. સ્ત્રીનો સ્વભાવ આમ પણ વાત - વાતમાં ઓછું આવે. રીસ ચડે અને તેમાં વળી કોઈ પીયરપક્ષનું બોલે તો તે સહન ન કરી શકે. પોતે નાની - મોટી પીયરમાં થઈ છે. એટલે લાગણી વધારે હોય.

બંને સમાજ જુદા માટે રીત - રીવાજ જુદા હોય જેથી વાંધા પડે. કોઈ સમાજમાં એક મામેરાનો રિવાજ હોય. કોઈ સમાજમાં જેટલા છોકરા હોય તેટલા મામેરા હોય. તો વાંધો પડે પણ એક સમાજના હોય તો આવુ કાંઈ ના થાય. એનાથી ઉલ્ટુ જો છોકરી ઉંચા સમાજની હોય અને છોકરો નીચા સમાજનો હોય તો છોકરી કહે અમારે તો ત્યાં આમ થતું હતું. આમ આડકતરું તોલ્યા કરે. ક્યારેક તમારે ત્યાં જ્ઞાતીના રીતરીવાજ અલગ હોય તો સંભળાવ્યા કરે. તમારા સમાજમાં આમ છે આમ નથી પણ એક સમાજ હોય તો આવું ન બને. અને કદાચ બને તો વચ્ચે સમાજનો પંચ વધુ સમાધાન કરી શકે. પણ એક જુદા સમાજનો હોય, બીજી જુદા સમાજની હોય તો કોણ પંચ રહી શકે ? કોઈ નિકાલ ન થાય. છુટાછેડા સુધી પહોંચે પેલી સહી ન કરી આપે તેથી કોઈમાં નિવેડો ન આવે અને બંને અલગ - અલગ રહી દુરાચારી પણ બને. ઉંચકુલ - નીચકુલ, ઊંચો સમાજ નીચો સમાજ આના કારણે બધા પ્રશ્નો ઉભા થાય. ક્યારેક છોકરી ઉંચા સમાજમાં જાય ત્યાં તેને કોઈ કાંઈ ન કહે તો પણ તે છોકરી અને નીચા સમાજના આ ઉંચા સમાજનો એમ અંદર લઘુતા ગ્રંથીથી રીબાયા કરે. અને આ સ્થિતિ સંકલેશની અવસ્થામાં મૂકી દે અને આરાધના કરી ન શકે. તેથી સમાન કુલ - જ્ઞાતિ - સમાજ સમાન હોવું જોઈએ.

(૨) સંમાન શીલ :— શીલ એટલે બ્રહ્મચર્ય નહિં પણ પાયાનાં સંસ્કારો સમાન હોય. દા.ત. આ રાત્રિભોજન ન કરે. પેલી પણ ન કરે. આ કંદમૂળ ન ખાય. પેલી પણ ન ખાય. આ પૂજા કરે. પેલી પણ પૂજા કરે.

આ રાત્રિભોજન કરે પેલી પણ કરે. આ કુશીલ કહેવાય. આવી સમાનતા ન જોઈએ. ઘણા લગ્ન કરવા માટે કંદમૂળ ન ખાય પણ લગ્ન થઈ ગયા પછી ખાવા માંડે કારણ તેણે તો લગ્ન માટે જ છોડેલું, છોડવા જેવું માનીને નહોતું છોડ્યુ. છોકરી પાન-પરાગ ન ખાતી હોય અને છોકરો ખાતો હોય તો રોજ ઝગડા-સંકલેશ ને સંઘર્ષ થાય. પત્નિ રોજ કહે પાન પરાગ છોડો. પણ પેલો કહે ખબરદાર હવે મને કહીશ તો. પત્નિ જેટલા મહારાજ સાહેબ આવે તેટલાની પાસે લઈ જાય. પેલો અકળાય. પછી બોલે તુ મારી આબરુના ધજાગરા કરે છે. માટે તમે પણ પાન પરાગ નહોતા ખાતા તો શું કામ પાન પરાગ ખાનારા સાથે લગ્ન કર્યા ?

છોકરાને પીક્ચર જોવું ન ગમે. છોકરીને પીક્ચર જોવા જવું હોય જો તમે ના પાડશો તો પેલી ખાનગીમાં કોઈની સાથે જશે. પછી દુરાચારી બનશે. માટે બંને પક્ષમાં શીલની સમાનતા જોઈએ. છોકરો સટ્ટાનો ધંધો કરે પત્નિ ના પાડે કે આવો ધંધો ન કરો. આબરુના ધજાગરા થાય છે. ક્યારેક જેલમાં જવું પડશે. પરિણામે રોજ ઝગડા થાય. પેલો છોડવા તૈયાર ના હોય તેથી તમારું આખુ જીવન સંઘર્ષ-સંકલેશમાં પસાર થાય.

તમે રાત્રિભોજન નથી કરતા તો સામે પણ તેવી જ વ્યક્તિ શોધો. સરખું શીલ એટલે સંસ્કાર હોય તેવી વ્યક્તિ સાથે લગ્ન કરવાના. અમે ચોવિહાર કરીએ છીએ ટીવી નથી જોતા માટે સગાઈ નથી થતી આ તમારી ભ્રમણા છે. શા માટે ધર્મને ગાળો આપો છો ?

એક મા-બાપે પોતાના દીકરા-દીકરીને જન્મથી કાચુ પાણી પીવડાવ્યું નથી. જન્મથી રાત્રિભોજન કરાવ્યું નથી. સવા મહિના પછી એકે દિવસ પૂજા છોડી નથી. થોડા મોટા થયા ચૌદ નિયમ ધારવાના ચાલુ થયા. આવા સંસ્કારથી આગળ વધતા એની છોકરીની ઉંમર વધવા લાગી. ટીવી જોતી નથી તેની સગાઈ થતી નથી. સગાઈની વાત થાય. છેલ્લે ઉડી જાય. એકવાર તેની મમ્મી અકળાઈ તેને થયું કે આ છોકરીને એમ તો નહી થતું હોય ને કે મારા મા-બાપે ગળથૂથીથી ધર્મ કરાવ્યો માટે સગાઈ થતી નથી. તેથી છોકરી પાસે જઈને મા એ કહ્યું દીકરી જો તને એમ લાગતું હોય કે મારા મા-બાપે અમને ધર્મની ઢીંગલા બનાવી દીધા, અમારા પ્રેશરથી ધર્મ કરાવીએ છીએ તો હું દુઃખાતા દીલે કહું છું કે તુ રાત્રિભોજન કરવાનું ચાલુ કર. ટીવી જોવાનું ચાલુ કર. હોટલમાં જવાનું ચાલુ કરવું હોય તો કરજે. તને ધર્મ માટે દુર્ભાવ થતો હોય તો આ ધર્મ છોડી દેજે. ત્યારે દીકરીએ કહ્યું કે મા તે જ મને શીખવાડ્યુ છે કે ધર્મ કરવાથી સુખ મળે. ધર્મ કરવાથી સગાઈ નથી થતી એવું હું તો માનતી નથી. તુ કેમ ઢીલી પડી ? અને મા એની દીકરીને ભેટી પડી.

પછી ૬ મહિનામાં જ તેની સગાઈ થઈ ગઈ. એના કરતાં પણ ચઢીયાતો ધર્મી છોકરો તેને મળ્યો. ધર્મિષ્ઠ કુટુંબ મળ્યું તે છોકરાએ તેને પહેલા જ કહી દીધું કે હું ચોમાસામાં ક્યાંય બહાર ફરવા જતો નથી. બન્ને ઓળી હું કરું છું અને હું ઉપધાન કરવા જવાનો છું. ત્યારે આવવું હોય તો આવજે. અને બંને ઉપધાન કરવા ગયા. જો તે મક્કમ રહી તો યોગ્ય વ્યક્તિ મળી. પહેલા ઉપભોગાન્તરાય કર્મ નડતું હતું. માટે સગાઈ નહોતી થતી. પણ કર્મ નબળું પડ્યું. તરત સગાઈ થઈ ગઈ.

માટે ધર્મને ગાળો ન આપો. ધર્મ નહી કરનારાંનું પણ કર્મ નબળું હોય તો ૨૭-૨૮ વર્ષે પણ સગાઈ ન થાય. તેથી એકબીજાના સંસ્કારો સારા હોય. સમાન હોય તેની સાથે વ્યવહાર થાય.

(3) વૈભવ :— પૈસાવાળા દેખાય તેને જોઈને લગ્ન ન કરાય. કરોડપતિને કરોડપતિ સાથે. હજારોપતિને હજારોપતિ સાથે લગ્ન કરાય. મારા ગુરુદેવ તો કહે છે કે અબજોપતિને ત્યાં મધ્યમવર્ગની છોકરીને મોકલો છો તો ત્યાં બાપ હાથે કરીને એની દીકરીને કતલખાનામાં નાખે છે. જ્યાં પૈસો હોય ત્યાં પાપ ધિક્કાર હોય. ત્યાં મોભાની વિચારણા ઘણી હોય. કન્યાને કહે આવું નહિં બોલવાનું. આમ વર્તન નહિં કરવાનું. આવા બધા બંધન આવીને ઉભા રહેશે.

પૈસા મળશે પણ છોકરો લફરાબાજ હશે. ત્યાં પ્રેમ લાગણી નહિ મળે. તેથી સમાન પૈસા હોય ત્યાં દીકરીને પરણાવવાની કેમ ? જો કન્યા કરોડપતિની હોય તો છોકરાને ગણકારે જ નહિં. આ લાવવાનું છે. એમ કહે નથી. તો હું મારા પિયરથી લઈ આવીશ. પછી આ તો બધું મારું જ છે. એમ બોલશે અને પતિ તો જાણે મચ્છર.

રીક્ષામાં બેસે પતિ ભાવ પૂછતો હોય તો કહે શું ભાવ પૂછો છો ? મારા પિતા તો સો ની નોટ આપી દેત! આમ જ્યાં ને ત્યાં પતિની આબરુના કાંકરા કરશે.

જો પુરુષ પૈસાવાળો હશે તો સ્ત્રીને કહેશે તમે દહેજમાં શું આપ્યું ? છોકરો રમાડવા આવ્યા શું આપ્યું ? ઘણીવાર કેટલાક છોકરા હાથે કરીને શ્રીમંત ઘરની કન્યા સાથે પરણે પછી કહે તારા પિયરથી આ લઈ આવ. જો પેલી ન લાવે તો મારે.

સ્ત્રી મધ્યમ વર્ગની હોય. સાસરું શ્રીમંત હોય. સાસરીયાવાળા ઉદાર દીલના હોય કાંઈ ના કહે પણ બે જેઠાણી કરોડપતિની છોકરી હોય અને તેઓના મા-બાપ પ્રસંગે સારું-સારું લાવે. અને આના મા-બાપ ઓછું લાવે તો તે અંદર લઘુતાગ્રંથિથી પીડાય. અથવા પોતાના મા-બાપને ફોર્સ કરે. તમારે પણ આટલું કરવાનું. આટલું લાવવાનું જેથી મા-બાપ પણ આખી જિંદગી પીડાયા કરે. માટે સમાન પૈસાવાળાને ત્યાં દીકરી પરણાવાય જેથી કલેશ-કંકાસ ઉભા ન થાય.

જેમ સમાન સમાજ, સમાન શીલ આદિ કહ્યું તો આદિથી શું લેવાનું ? (૪) સમાન વેશ - તમારે ત્યાં લાજનો રિવાજ હોય અને વહુ બનીને આવનારી કહે હું તો ડ્રેસ પહેરીશ તો ન ચાલે. રાજસ્થાનીમાં આખા મોઢા સુધી લાજ કાઢવાની કેટલાકને ઓછી કેટલાકને માત્ર માથે ઓઢવાનું કેટલાકને ડ્રેસ પીયરમાં પહેરવાની છૂટ કેટલાકને સાસરીયે પણ છૂટ. જ્યાં સાડી જ પહેરવાની હોય ત્યાં પેલી આઝાદ વહુ આવે કહે હું તો જીન્સ જ પહેરીશ. તો ના ચાલે. કપડા કયા પહેરવાના રહેશે તે પહેલા નક્કી કરવું.

(૫) સમાન ભાષા :— ભાષા પણ સમાન જોઈએ. દા.ત. પંજાબની છોકરી તમારે ત્યાં પરણીને આવી અને ક્યારેક પંજાબથી કોઈ છોકરો આવે અને તેની સાથે પંજાબીમાં વાતો કરો એટલે તેના પતિ-ને અંદર જાત-જાતના વિચારો આવે. પેલી કહે આ મારો દુરનો સગો છે. પતિને થાય કોને ખબર દુરનો સગો છે કે પૂર્વનો ભવર છે ? મારાથી કોઈ ગુપ્ત વાત હશે. માટે પંજાબીમાં કરે ને ? નહિં તો હિંદી અંગ્રેજીમાં કરે ને. આ બંને ભાષાની મને જાણકારી છે. માટે જેટલી ભાષા પત્નિને આવડે તેટલી પતિને આવડવી જોઈએ. બન્નેની માતૃભાષા તો સમાન જ હોવી જોઈએ.

કદાચ પતિ-પત્નિને એક સરખી ભાષા આવડે પણ સાસુ-સસરાને ન આવડે તો ન ચાલે. કારણ પતિ-પત્નિ વાત કરતા હોય અને સાસુ-સસરા નણંદ વિગેરે ને ન આવડતી હોય તો શંકા થાય કે શું વાત કરતા હશે ? વહુ મારા દિકરાને ચકાવતી તો નહીં હોય ને ? આમ પણ સામાન્યથી સ્ત્રીઓ વહેમીલી હોય છે. આ સ્ત્રીઓની નબળી કડી છે. એના કારણે ઘરમાં વિખવાદ ઉભો થાય.

(૬) સમાન ટેસ્ટ :— ટેસ્ટ પણ સમાન જોઈએ. એકને તીખું ભાવે, બીજાને મીઠું ભાવે. એકને હોટેલ-નું ભાવે. એકને ઘરનું જ ભાવે. પણ જો ખાવા-પીવાની પસંદગી સમાન હોય તો ઘણા પ્રશ્નો સૉલ્વ થઈ જાય

(૭) સમાન ઈચ્છા - રૂચિ :— એક ધર્મની રસીક હોય. એક સંસારની રસીક હોય. એક કહે તીર્થ-માં ફરવા જઈએ. એક કહે સિમલા જઈએ. પેલો ૫,૦૦૦/- ધર્મમાં વાપરે તો પેલી સંભળાવે કે કેટલા દિવસથી કહું છું તો એક સાડી પણ લાવતા નથી. અને અહીં ૫,૦૦૦/- રૂ. આપી આવ્યા. એકે છોકરા-ને ટ્યુશન મોકલવો હોય. બીજાએ પાઠશાળા. તેથી સામાન્ય રીતે એક બીજાની રૂચિ સમાન જોઈએ. થોડો-ઘણો કોન્ટ્રાસ ચાલે. પણ આસમાન-જમીનનો ફરક ન ચાલે. જો બંનેની રૂચિમાં અંતર વધુ હોય તો વાત આપઘાત સુધી પણ પહોંચી જાય.

એક પતિ-પત્નિને ફરવા જવાનું હતું. પતિએ કહ્યું તુ લીલા કલરની સાડી પહેરજે. તે મને ખૂબ ગમે છે. અને પત્નિને તે જરાય ગમતી નહોતી. તેણે લાલ સાડી પહેરી. સાંજે પેલો ઘરે આવ્યો. કહે કેમ તે લીલી સાડી ના પહેરી. પેલી કહે મને આ સાડી મેચીંગ થાય છે જાત-જાતના મેચીંગ કરો છો તો સ્વભાવ જ મેચીંગ કરી લો ને ? પતિ સાથે મેચીંગ કરી હો. બધુ મેચીંગ થઈ જશે. પેલા પતિનુ મૂડ આઉટ થઈ ગયું. મારે ફરવા નથી જવું. જો જવું હોય તો લીલી સાડી પહેરીને તૈયાર રહેજે. અડધો કલાકમાં આવું છું એમ કહી તે તો ગયો. પણ પેલીને ગુસ્સો આવ્યો. બધુ એની ઈચ્છા પ્રમાણે જ કરવાનું. અમારી તો કોઈ ઈચ્છા જ નહીં. અને કેરોસીન છાંટી આગ લગાડી બળી મરી. આ તમારો સંસાર ? લીલી અને લાલ સાડીના પાપે ક્યાં તેનો અહંકાર ઘવાય તેનો પત્તો ન લાગે. મેચીંગ કરો સ્વાભાવ સંપત્તિ વગેરેનું

ક્યારેક એક કંજૂસ હોય એક પરોપકારી હોય, એક સ્વાર્થી હોય. પત્નિ કહે આખા ગામનું કરો અને ઘરની કોઈ ચિંતા નહિં ? ઘર બાળી તીરથ કરવા જાઓ છો ? આવુ બધું

બોલો છો ને ? પહેલા મા-બાપની સેવા કરી, પછી ભાઈઓને મોટા કર્યા, પરણાવ્યા, હવે એકેય ભાઈ સામુ જુવે છે. બધે વ્હાલા થઈને ગયા હતા. શું મળ્યું તમને ? આમ પત્નિ સંભળાવ્યા કરે. માટે લગ્ન કરવા જ પડે તો પસંદગીમાં થાપ નહિં ખાતા.

માટે લેવા જેવી તો દીક્ષા જ છે. પણ કામવાસનાને કંટ્રોલમાં ન રાખી શકો તો આ બધી વાતો ધ્યાનમાં રાખીને લગ્ન જીવનમાં જોડાજો. અને કદાચ આવું ન બની શકે તો મેન્ટલી પ્રિપેક થઈ જજો. કે મને આ બધી અનુકૂળતા મુજબ વ્યક્તિ ન મળે તો ગમે તેવી પરિસ્થિતીમાં લેટ ગો કરી દઈશ. આ બધી અનુકૂળતાવાળી વ્યક્તિ મળી જાય તો લગ્ન કરાય ને ? ના. આ બધુ સમાન હોવા છતાં જે વ્યક્તિ દુનિયાના ઘણા લોકોનો દુશ્મન હોય. દુનિયાની વિરુધ્ધ કામો કરતો હોય તો તે વ્યક્તિ સાથે લગ્ન ન કરાય. દા.ત. જેને સમાજની બહાર મુકેલો હોય. દુનિયામાં દુરાચારી તરીકે પ્રસિધ્ધ હોય. લુંટફાટ કરતો હોય તેનુ કુટુંબ બદનામ થયેલું હોય, દાણચોરી કરતો હોય તો તેની સાથે લગ્ન ન કરાય, કારણ તેના બધા નુકશાન તમારે સહન કરવા પડે.

તે વ્યક્તિ જે ગામમાં રહેતો હોય તે ગામનો વિરોધી હોય તો તમારા પ્રસંગ-માં પણ તે ગામના લોકો ન આવે. દેશનો વિરોધી હોય. દા.ત. તમે મુસલમાન સાથે લગ્ન કર્યા હોય તો હિંન્દુઓ તમારા દુશ્મન બને. આ રીતે કોઈપણ રીતે તેના સંબંધો ખલાસ થયેલા હોય તો તેઓના પ્રશ્નો ફરતા - ફરતા તમારી પાસે આવશે. અને તમે સ્વયં અપરાધી - ગુનેગાર ન હો, તમે વ્યક્તિગત વિરોધી ન હો તો પણ તમે નુકશાન ભય વિગેરે થાય. અને ધર્મ આરાધના ન કરી શકો પરિણામે દુર્ગતિ થાય.

ગૃહસ્થનું જીવન વૈભવી હોવું જોઈએ. જેને લોકોની સાથે સારા સંબંધ વ્યવહાર હોય તેની પાસે સંપત્તિ - સમૃધ્ધિ આવે. તેને જ માન - સન્માન મળે. અને જો આનાથી ઉલ્ટુ હોય તો નોકરીથી છુટા કરે. તેનો ધંધો ન ચાલે.

હવે નવી વાત. લોકોનો વિરોધી પણ ન હોય તો પણ ગોત્ર જ ન હોવો જોઈએ. એક જ કુટુંબના ન હોવા જોઈએ. ગોત્રજ કોને કહેવાય. गोत्रे जात । इति गोत्रज: । સમાન ગોત્રમાં ઉત્પન્ન થયેલા જે પરિવાર સાથે ૫-૧૦ પેઢીથી વ્યવહારો ચાલુ હોય ત્યાં લગ્ન ન કરાય. જયાં વ્યવહારો તૂટી ગયાં હોય ત્યાં કરાય. જો એક જ ગોત્રવાળા-ના લગ્ન થાય તો જેને તમે વકીલ ગણતા હો, આદરણીય હોય, તમારા પ્રશ્નોના ઉકેલ માટે તમે તેને બોલાવતા હો એટલે તમારા માટે સન્માનનીય હોય. હવે બન્યું એવું કે તેની દીકરીના લગ્ન તમારા દિકરા સાથે થાય તો સામાન્યથી દીકરીના બાપને નમવું પડે. હવે જે વકીલ તરીકે હતા તે નીચા થઈ જશે. તમારા કોઈપણ પ્રશ્નોમાં તેની બુધ્ધિ વિવેક વિગેરેનો લાભ અટકી જશે. વળી કન્યાના પિતા ઉંમર શ્રીમંતાઈમાં મોટા હોય અને છોકરાના પિતા નાના હોય તો પણ મોટો થઈ જાય.

વળી ગોત્રના જે પ્રચલીત વ્યવહારો હતા તે તોડી નાખ્યા તેનાથી ઘણું નુક-શાન થાય. લાભ કાંઈ ના થાય. તેથી સમાન ગોત્રજ માં પરસ્પર લગ્ન ન કરાય.

આ બધુ માર્ગદર્શન જૈન શાસનમાં થયેલા મહાત્માએ બતાવ્યું છે.

કેટલાક એમ માને છે કે અમારે સંસારની વાત મ.સા.ને કરાય જ નહિં. પણ કરાય. તમારી સંસારની તમામ વાત મહારાજ સાહેબની સલાહ લઈને જ કરાય. જે સંયમની મર્યાદા ન ચૂકે અને પરમાત્માની આજ્ઞા અનુસાર માર્ગદર્શન આપતા હોય. એવા ફેમિલી ગુરુને પૂછીને જ બધું કરાય. આપણી દિશા છે. ધર્મ વધુને વધુ પામવાની. એટલે મોક્ષને લક્ષમાં રાખો. પ્રવૃત્તિ એકની એક હોય પણ આશય જુદા હોવાથી પાપ એ ધર્મ બની શકે અને ધર્મ એ પાપ પણ બની શકે. મોક્ષને હૃદયમાં રાખવાનો છે. જીવનમાં તો ધર્મ ભાવવાનો છે.

પહેલા ગૃહસ્થ, સદ્‌ગૃહસ્થ, શ્રાવક, શ્રાવિકા, સાધુ - સાધ્વી પછી ક્ષપક શ્રેણી માંડવાની. આકાશમાં ઉડે અને જમીન પર પગ ન મૂકે તે કેવો કહેવાય.? આદર્શ મોક્ષનો છે. પણ આજની આત્માની ભૂમિકા કક્ષા કઈ છે ? તે વાસ્તવિકતાને સ્વીકારો. કક્ષાને નજરમાં ન રાખો. તો વાસ્તવિકતાથી હજાર યોજન દુર રહેશો.

આ લગ્ન વ્યવસ્થા એટલા માટે છે કે પોતાના વેદના ઉદયે કામ વિકારો ઉત્પન્ન થાય તેને શાંત કરવા માટે એક જ વ્યક્તિમાં સિમિત કરો. દુરાચાર તરફ ન જવાય. માટે આ લગ્ન વ્યવસ્થા છે. એટલે કામ વિકારોને સામે ચાલીને ઉત્પન્ન નથી કરવાના. જેને કર્મ ઉદયમાં નથી આવ્યું પણ નિમિત્તને ઉભા કરીને ઉદયમાં લાવ્યું અને સામે ચાલીને કામ સેવન કરે તેને નવું પુરુષવેદ - સ્ત્રીવેદ અને નપુંસક વેદ મોહનીય કર્મ બંધાય છે. સામે ચાલીને ઉભુ કરવું અને કર્મના ઉદયે આવેલાને શાંત કરવું. આ બે માં આસમાન જમીનનો ફરક છે.

આપણે ત્યાં અનંગક્રીડા એ અતિચાર છે. એ બધામાં બેફામ બનવું એમાં ભયંકર નવું કર્મ બંધાઈ શકે. કર્મના ઉદયમાં આવ્યું અને છેલ્લામાં છેલ્લું કામ સેવન કરો તે માફ છે. પણ હાથે કરીને કામ વિકારો ઉત્પન્ન કરો છો તેની માફી નથી. સંપૂર્ણ પણે મૈથુન સેવન કરો તો પચ્ચક્ખાણ ન તૂટે પણ આડી અવળી ચેષ્ટાથી પચ્ચક્ખાણ ભાંગે. આવું કેમ ? કારણ પેલામાં કર્મનો ઉદય છે માટે. કરો છો. અને આ ચેષ્ટાઓ કરીને હાથે કરીને મરવાના ધંધા છે. પાયાનું પરિવર્તન લાવો. એક બાજુ માસક્ષમણ વિગેરે તપશ્ચર્યા અને બીજી બાજુ બેફામ વિકારી જીવન આવું ચાલે ? તમારા જીવનની શૈલી બદલો. વ્યવસ્થિત મર્યાદા સભર જીવન જીવો.

આર્ય દેશના પતિ - પત્નિએ એક રૂમમાં સુવાય નહિં. ઋષભદત્ત - દેવાનંદા. સિધ્ધાર્થ રાજા ત્રિશલા દેવી કલ્પસૂત્રમાં સાંભળીયે છીએ કે માતાને સ્વપ્ન આવ્યા ત્યારે પોતાના રૂમમાંથી નીકળીને પતિની રૂમમાં ગયા. એટલે બંનેના રૂમ અલગ હતા. આ સાંભળી દેદાશાહે પણ પોતાનું જીવન પરિવર્તન કરેલું. પાયાનો સુધારો કરશો, આવા આદર્શ લઈને જીવન જીવશો તો તમારું ચિત્ત ધર્મમાં ચોંટશે. મન શાંત થઈ જશે.

જો તમારી બ્રહ્મચર્ય પાળવાની શક્તિ ન હોય અને સાધુજીવન સ્વીકારી ન શકો તો તમારી ઈચ્છાઓનો કંટ્રોલ એક જ વ્યક્તિમાં કરીને લગ્ન જીવનથી જોડાઈ જવું જોઈએ.

વ્યક્તિની પસંદગીનું બેરોમીટર કયું? સીલેક્શન માટેના કારણો કયા? રૂપ અને રૂપિયા નહિં પણ સમાન કુલ, શીલ, સંસ્કાર, શ્રીમંતાઈ, વેશ ઈચ્છા આ બધું સમાન હોવું જોઈએ. વળી એક ગોત્ર ના ચાલે. જેના પ્રત્યે સમાજનો વિરોધ હોય દુનિયામાં બદનામ હોય તેવા વ્યક્તિ સાથે સંબંધથી ન બંધાવાય.

લગ્નની વાત આવે તે તો લૌકીક વ્યવહાર છે. એ લૌકિક શાસ્ત્રમાં કહ્યું છે કે કેટલા વર્ષે લગ્ન કરાય? ૨૨; ૨૫-૩૦ વર્ષે નહીં હવે મૈત્રી કરાર નીકળ્યા છે. ફાવી જાય તો લગ્ન કરવાના ન ફાવે તો તું તારા રસ્તે હું મારા રસ્તે. આમાં પવિત્રતા ક્યાં રહે? જીવન ભ્રષ્ટ થઈ જાય.

અહીં કહ્યું છે કે ૧૨ વર્ષની છોકરી અને ૧૬ વર્ષનો છોકરો વિવાહ માટે યોગ્ય છે. જંબુસ્વામીએ કેટલા વર્ષે દીક્ષા લીધી? ૧૬ વર્ષે તો તે પહેલા તેમના લગ્ન થઈ ગયા હતા. આપણે ત્યાં એમ કહેવાતુ કે છોકરી પહેલીવાર M.C. માં સાસરીયે થાય. પિયરમાં નહીં. અને જો પિયરમાં M.C. માં થાય તો તરત જ પિતા તેનું સગપણ કરી દે. કારણ M.C. માં થાય એટલે યૌવન વય પામી એ નક્કી થાય. હવે તેનામાં કામ વિકારો ઉત્પન્ન થાય. હવે જો તેને કામ વિકારો ઉત્પન્ન થાય અને એક વ્યક્તિ સાથે ન બાંધો તો શું થાય?

જેમ તમે કોઈ વ્યક્તિને ૧૦ વાગે દવા આપી અને કહ્યું ૨ કલાક પછી તને ભૂખ લાગશે. અને ૧૨ વાગે તેને ભૂખ લાગી, પણ તમે કહ્યું ૩ વાગ્યા પહેલા કાંઈ નહીં મળે. તો શું થાય? એ બારીએ કે હોટેલમાં કે ચોરી છુપીથી ગમે તે રીતે ખાઈ લેશે. તેમ અહીં પણ સામાન્યથી ૧૨ વર્ષે કામ વિકારો પેદા થાય. અને તમે તેની વ્યવસ્થા ન કરી આપો તો ગમે ત્યાં જઈને દુરાચાર સેવશે. કારણ શરીર શરીરનું કામ કરે. કર્મો કર્મોનું અને દોષો દોષોનું કામ કરવાના જ છે. તેથી ૧૨ વર્ષથી જેટલું મોડું વધારે કરે તેટલા ભવાડા વધારે થાય.

છોકરી ભણતી હોય, સર્વિસ કરતી હોય એટલે મા-બાપ મોડું કરે. પણ છોકરીએ સર્વિસ શા માટે કરવાની? પુરુષ નથી કમાતો સ્ત્રીએ સર્વિસ કરવી પડે? તો જેનામાં કમાવાની ત્રેવડ નથી એવા જોડે લગ્ન શા માટે કર્યા, જો ઘરખર્ચ પણ ન કાઢી શકે? સર્વિસ કરતી છોકરીને કેટલા બોસની નીચે રહેવાનું? કેટલા અકપલા કરે? નોકરીમાં એનું શીલ-સચવાય ખરું? આમ તો બોલો પુરુષ સમોવડી નારી તમે બધું પુરુષ જેવું કરવા જાઓ પણ પુરુષોએ ક્યારે કહ્યું કે અમે સગર્ભા બનીએ અમે સાડી પહેરીએ? તો તમને જ કેમ બધા અભરખા થાય છે.

તમે નોકરી કરો તો પણ નવ મહિના છોકરાને પેટમાં તમારે જ રાખવો પડશે. રસોઈ તમારે જ કરવાની. આટલુ કામ ઓછુ પડે કે જેથી તમારે કમાવા જવું પડે. અને સર્વિસ કરો એટલે ન પતિને પ્રેમ આપી શકો ન છોકરાને પ્રેમ આપી શકો. ન

કોઈ મહેમાનને સાચવી શકો. તમારું કામ શું છે ? બધાને પ્રેમથી જમાડવા. હવે તમે નોકરી કરતા હો ત્યારે તમારે જવાનું હોય અને પતિ ઘરે હોય તો છોકરાઓને એને સંભાળવા આપીને જાઓ, શું થાય ? મા ના હૈયામાં વાત્સલ્ય હોય, બાપના હૈયામાં કડકાઈ હોય છે. દીકરો નહીં માનતો હોય તો બાપ બે વાર કહેશે... પછી નહીં માને તો બે લાફા લગાવી દેશે. જ્યારે મા ચાર વાર કહેશે નહિં માને અને પાંચમી વાર બોલશે તો ય બરાબર સાંભળશે અને કદાચ મારશે ને તો પણ પછી એના માથે હાથ ફેરવીને સારુ સારુ ખવડાવીને વાત્સલ્યથી નવડાવી દેશે. માટે બાળ ઉછેરનું કામ મા નું છે, બાપનું નહીં.

હવે એ બેબીસીટીંગમાં હોય તેના સંસ્કાર કેવા હોય ? બાળક જોડે કેવી ચેષ્ટાઓ કરે ? આમાં બાળકોના ભવિષ્યનું શું ? તેથી આ કાળમાં છોકરીઓને બહુ ભણાવવા જેવી નથી. જો નોકરીમાં સ્ત્રી ૧૦ હજાર પગાર લાવતી હોય અને પતિ ૫ હજાર પગાર લાવતો હોય પછી જુઓ કેવી દાદાગીરી કરે ? પુરુષને બળદીયો બનાવી દે. આમેય સ્ત્રીઓનો સ્વભાવ તુચ્છ હોય. સમજણ શક્તિની મર્યાદા હોય. વાતવાતમાં રીસાઈ જાય. આમાં એનો વાંક નથી. કુદરતે એને શરીર જ એવું આપ્યું છે. જેથી તેનો સ્વભાવ એવો જ હોય.

જો પુરુષ અને સ્ત્રી બંને સમોવડ હોય તો કુદરત બંનેની શરીર સરખા આપત ને ? પણ ના બન્નેના શરીર જુદા બંન્નેના કાર્ય જુદા. પોતપોતાની જવાબદારી અદા કરે તેનું નામ સમાનતા. પુરુષે પુરુષનું કાર્ય અદા કરવાનું. સ્ત્રીએ સ્ત્રીનું કાર્ય અદા કરવાનું અવસર આવ્યે એકબીજાને સહાયક બનવાનું. આમાં કોઈને મોટા કોઈને નાના બનાવવાની વાત નથી. સ્ત્રીને ધીક્કારવાની વાત નથી. સ્ત્રી તો ઝવેરાતનું ઝવેરાત છે. પુરુષ આખો દિવસ કમાય અને દાગીનાં શરીર ઉપર ચઢે. સ્ત્રી તો ઘરની રાણી છે. મહત્ત્વના પ્રસંગમાં એની સલાહ લેવા જાય તો રાણી તરીકેનું જીવન જીવે ને ? શું કામ સર્વિસ કરીને કોકની નોકરાણી બનવા જાય છે.

સ્ત્રીના હાથમાં રસોડું એવું છે કે તે બધાને ખુશ કરી દે. સાસુને મીઠુ મીઠુ કરીને ખવડાવે. એટલે સાસુ ખુશ. સસરાને મોળુ મોળું હોય તો ગરમ ગરમ શીરો કરી આપે એટલે સસરા ખુશ. પતિને તીખુ તીખુ ભાવે તો તેવું બનાવી આપે. છોકરાઓને એમનું ભાવતુ બનાવી આપે એટલે એ પણ ખુશ. સાચું બોલો બધાને ખુશ કરવાનું મોટામાં મોટુ શસ્ત્ર કયું ? જમાડવું તે. જમાડવા દ્વારા પ્રેમ વધે. એટલે બધાનો પ્રેમ મેળવવાનું સાધન છે રસોડુ. તે સ્ત્રીને મળેલું છે. છતાંય કમનસીબી એ છે કે તે છોડીને તે નોકરી કરવા જાય છે. તેથી પ્રેમ જીતવાનો હતો તે હારવા માંડયા. અને બાળકોને પણ લાગણી ન મળે તો કેમ ચાલે ?

પિતા પુત્ર પાછળ ટાઈમ ન આપી શકે, કારણ કે તેને ધંધો કરવાનો છે. બહાર જવાનું છે. તેથી તે પ્રેમ ન આપી શકે. આપે તો ૧૬ વર્ષ પછી ધંધામાં બાપ સાથે જોડાય ત્યારે આપી શકે. જેને પ્રેમ- લાગણી ન મળે તે ઉદ્ધત બની જાય છે. સ્વચ્છંદી બની જાય છે. જો મા તરફથી પ્રેમ ન મળે તો. તેમ પતિને પણ લાગણી આપવાની છે. પતિ ધંધેથી થાકીને ઘરે આવે ત્યારે તેને પ્રેમથી આવકાર આપવાનો, તો એને દુરાચાર કરવાનું મન ન થાય.

પણ તમે નોકરી કરવા જાઓ તો શું પ્રેમ આપો ?

પતિ આવ્યો ને ગયો. પોતે ખાખરા - પાપડ કર્યા જ કરે તમે તો કામની પણ વહેંચણી કરોને ? પતિ પાસે કામ કરાવો ને ? પેલો બિચારો આખો દિવસ ગધ્ધામજૂરી કરે. કેટલાયની દાઢીમાં હાથ નાંખે. કેટલાયનું સહન કરી થાકીને સાંજે ઘરે આવે અને તમારું મોઢું તો ચોખડા જેવું ? સાકી લાવ્યા ? સ્ત્રીઓની કોઈ ફરજ ખરી કે નહીં ?

આ સંસારનો એટલો મોહ વળગ્યો છે કે ગમે તેટલી લાતો ખાઓ તોય વળગેલા સાહેબ ભોગાવલી કર્મ નડે છે ને. ભોગાવલી કર્મ તો નિકાચીત લાખે એકાદને હોય બધાને ન હોય. જેના પર લાખો રૂ. નું દેવું હોય તો તેને દીક્ષા ન અપાય. કારણ શાસનની હીલના થાય. આંખે અંધાપો આવે તો ભોગાવલી કર્મ નડે છે એમ કહેવાય. પણ તમે પુરુષાર્થ કર્યો ? પહેલા પુરુષાર્થ કરો પછી દીક્ષા ન લઈ શકો તો એક વ્યક્તિ સાથે સંબંધથી જોડાઈ કામવાસનાને કંટ્રોલમાં લેવી જોઈએ. વાસના નદી જેવી છે. તે નદી ગમે ત્યાં રસ્તો શોધી લે તેમ કામવાસના પણ બેફામ બનતા રસ્તો શોધી લે.

તમારી દીકરીઓ કોલેજમાં જાય છે. ત્યાં તેનું શીલ કેટલું શુધ્ધ રહે છે ? હસ્તમેળાપનો ટાઈમ તમારી કંકોતરીમાં લખો પણ હું પુછુ છુ કે સગાઈ અને લગ્ન વચ્ચે એકેયવાર હસ્તમેળાપ નથી થયું ને ?

હવે લગ્નનું ફળ શું ? શુધ્ધ એવી પત્નિની પ્રાપ્તિ. આ ક્યારે બને ? ૧૨ વર્ષની છોકરી સાથે લગ્ન કરે ત્યારે. પણ ૧૮-૨૦ વર્ષની છોકરી સાથે કરે તો તેનું જીવન પવિત્ર છે કે નહીં તે પ્રશ્ન છે. મન - વચન - કાયાથી કોઈની સાથે ખરાબ ચેષ્ટાઓ ન કરી હોય તે સ્ત્રી શુધ્ધ. અને તેની સાથે લગ્ન કરાય. શા માટે? તે પવિત્ર પત્નિ જ ઉત્તમ ક્વોલીટીના સંતાનોને પ્રાપ્ત કરે. જો અપવિત્ર સ્ત્રી હોય તો તેની સંતતિ પણ તેવી જ થાય. હું નથી કહેતો કે બધા ખરાબ જ છે. અપવાદ હોઈ શકે. પણ વર્તમાનકાળ બહુ જ ખરાબ છે.

સામાન્ય રીતે સ્ત્રીના વિકારો પુરુષ કરતા આઠ ગણા વધારે હોય. માટે પુરુષને ૧૬ વર્ષે કામવાસના જાગે જ્યારે સ્ત્રીઓને ૧૨ વર્ષે પણ. લોકોત્તર શાસ્ત્ર તો દીક્ષાની - બ્રહ્મચર્યની વાત કરે છે પણ લૌકીક શાસ્ત્ર દીક્ષા ન લઈ શકો તો લગ્નની વાત કરે છે. પતિપત્નિનું સ્નેહ ભરેલું જીવન જોઈએ. માટે આર્યદેશમાં ઘોડીયામાં લગ્ન થઈ જતા. જેથી પરસ્પર આવવા જવાથી સ્નેહ મજબૂત થાય. અને આ છોકરો - છોકરી પણ ૬-૮ વર્ષ સાથે રમે. જેથી એકબીજા પ્રત્યે સ્નેહ મજબુત થાય. પછી લગ્ન થાય તો કામ વ્યવહાર ગૌણ હોય. સ્નેહ વ્યવહાર મુખ્ય હોય. કારણ પહેલા સ્નેહથી એવા બંધાઈ ગયા હોય કે સ્નેહ વ્યવહાર જ દૃઢ બની જાય.

અત્યારે શું થાય ? મોડેથી લગ્ન કરતા કામ વિકારો વધતા જાય.. પછી લગ્ન કરે શું થાય ? એકબીજા પર તૂટી પડે. બંનેને અસંતોષ હોય. ઝગડા - ઝગડા થાય પરિણામે

સંસાર સળગી જાય અને પછી એમની સંતતિ પણ એવી જ થશે. જેના માતા-પિતા અત્યંત પવિત્ર હોય સંસ્કારી હોય તો તેના સંતાનનું મન ક્યારેય ચલાયમાન ન થાય. અને આવી પવિત્ર પત્નિ હોય તેનાથી બીજો ફાયદો એ કે મન પ્રસન્ન રહે. જો પત્નિ પવિત્ર ન હોય તો મન અશાંત રહે. પતિને શંકા રહ્યા કરે અસમાધિ થાય. જેથી આરાધના-સાધના સારી ન થાય. અને પવિત્ર પત્નિ હોય તો ક્યારેય ક્લેશ કંકાશ નહિં કરે. તેથી ઘર મઘમઘાયમાન બન્યું રહે. કુલપરંપરાથી જે ચાલ્યુ આવતુ હોય તેનું બરાબર પાલન કરે.

પરમાત્માની ભક્તિ ગુરૂ મહારાજને ગોચરી પાણી વહોરાવવા મહેમાનોનો આદર સત્કાર કરવાનો. આ બધા કાર્ય ઘરમાં યોગ્ય વ્યક્તિ હોય તો જ થાય. માટે અત્યંત પવીત્ર એવી સ્ત્રીની પ્રાપ્તિ તે લગ્નનું ફળ છે.

લેવાય તો પહેલા સંયમ લેવાનું જેથી આવા બધા વ્યવહાર કરવા જ ન પડે. અહીં સ્ત્રીને મહાન કરવામાં આવી છે. એટલે સ્ત્રીને માત્ર રમકડુ ન સમજતા.

આ ચોવીશીમાં પહેલા મોક્ષે કોણ ગયું ? મરૂદેવા માતા. તે કોણ હતા ? સ્ત્રી. બધા તીર્થંકરોએ કેટલી-કેટલી સાધના કરી ત્યારે તેમને કેવલજ્ઞાન મલ્યું, જ્યારે મલ્લીનાથ સ્ત્રી તીર્થંકર જે દિવસે દીક્ષા તે જ દિવસે કેવળજ્ઞાન. કોઈ સાધના નથી કરવી પડી. માટે સ્ત્રી મહાન છે. પણ તેના માટે શરત છે. સ્ત્રી અત્યંત પવિત્ર હોવી જોઈએ. પણ તમારા ઈન્ટરનેટ, ટી.વી. વીડીયો, કમ્પ્યુટરના જમાનામા સ્ત્રીનું જીવન કેટલું પવિત્ર રહ્યું હોય તે વિચારણીય છે.

આસો સુદ ૫ - બુધવાર

હરિભદ્રસૂરિ મહારાજ આ બધુ એટલા માટે બતાવે છે કે કોઈ કહે હું બ્રહ્મચર્ય પાળી શકુ તેમ નથી. માટે મારે દીક્ષા નથી લેવી પણ લગ્ન પણ નથી કરવા, તો ના ચાલે. કદાચ વાસના એનો રસ્તો શોધી લે. અને કામ સુખો આડા-અવળા જઈને ભોગવી આવશે. પણ સંતાનો ક્યાંથી મલશે.? રસોઈથી માંડી ઘરના જુદા-જુદા કાર્યો કોણ કરશે ? અને લગ્નજીવનથી બંધાયેલો હોય તેને ભય ન હોય. કારણ પોતાની પત્નિ સાથે બહાર નીકળે તો કોઈ ન બોલે પણ બીજી કોઈ છોકરી સાથે ફરે તો બધા આંગળી ચીંધે. વળી કેટલાક સામાજીક વ્યવહાર કૌટુંબિક વ્યવહાર એવા હોય જ્યાં સજોડાની જરૂર પડે તે ક્યારે બને ? લગ્ન કરે તો. વળી ઘરમાં સગા-સંબંધી મહેમાન વિ. આવે. ગુરુભગવંત ગોચરી માટે આવે તો સાચવે કોણ ? પત્નિ હોય તો. આ બધુ લગ્નનું ફળ છે.

હવે આગળ વધીએ હકીકતમાં સંયમજીવન સ્વીકારી સાધના કરી મોક્ષે પહોંચવાનું હતું. પણ જેની એટલી તાકાત નથી. તો તેની કામવાસના બેફામ ન બની જાય માટે લગ્ન કરવાના છે. હવે લગ્ન કરીને પત્નીને ઘરે લાવ્યા છો તો પતિ - સાસુ - સસરાની શું ફરજ છે ? જેમ

નદી ધોધમાર વરસાદથી ઉભરાતી હોય તો તેને જગ્યાં ના મળે તો નીચા ઢાળમાં વહેવા માંડી માટે કીનારાનું બંધન જોઈએ. અને કીનારો ન હોય તો આખા ગામને તારાજ કરી દે. તેમ સ્ત્રીઓ પણ નદી જેવી છે. કર્મના ઉદયથી તેનામાં સહજ દોષો પ્રગટેલા હોય તે હકીકત છે. તેને જો મર્યાદામાં રાખવામા ન આવે તો બંને પક્ષને કલંક લગાડે. તેને કોઈ લાગણી બતાવે તો તે તરત ઢળી જાય. આ સ્ત્રી જાતિની નબળી કડી છે. તે લાગણીની ભૂખી છે. તેથી કોઈ લાગણી બતાવે અને ધક કરતી ઢળી જાય. તેથી સાસુ-સસરા પતિએ તેના માટે સાવચેતી કાળજી રાખવાની વાત છે.

અહીં તેના વિશે શંકા કરવાની નથી, પણ બંધનમાં રાખવાની વાત છે. તે ખોટા રસ્તે ન ચાલી જાય તેના ઉપાયની વાત છે. ① તો ઉપાય સ્ત્રીને નવરી ન પડવા દેવી. તેને સખત કામ આપવું. તમે તો શું કર્યું ? રસોડામાં રસોઈયો, કપડા માટે મશીન, ઘંટી, ઘાટી પછી કામ શું ? નવરો બેઠો નખ્ખોદ વાળે. આપણે પૈસાદાર છીએ. છોકરાઓને ભણાવવા ટ્યુશન છે. ફરવા માણસ લઈ જશે. ઘરમાં આયા છે. તો પછી તારે નવરા બેસીને કરવાનું શું ? આમ સ્ત્રીનો સ્વભાવ પતનના માર્ગે જલ્દી ખેંચાય. તેથી કામ સખત કરો. કામ કામને મારે. કામ=સખત પ્રવૃત્તિ. કામ = કામવાસનાને મારે. તેથી સૌથી પહેલા ઘરમાંથી ટી.વી કાઢી નાખો એ ટી.વી જોવા જ ઘરમાં ઘાટી રાખે છે. તેને પતિ બે દિવસ ન આવે તો ચાલે, પણ ઘાટી ન આવે તો ના ચાલે. તમારા કરતા ઘાટીની કિંમત વધારે. તો શું કામ બેઠા છો સંસારમાં. આવી જાઓ અહીં.

પહેલા તો પનીહારીઓ ૪-૬ ઘડા પાણી ભરીને ઉંચકીને લાવતી, પણ અત્યારે તો આ બધુ બંધ થઈ ગયું. કારણ ઘરમાં નળ આવી ગયા. માટે જ બી.પી. થાય હાર્ટ એટેક આવે. શરીરનો ઘેરાવો વધે. ડાયાબીટીશ થાય. આખો દિવસ કામમાં પરોવાય તો મનમા બીજો વિચાર ના આવે. આખો દિવસ કામ કરીને થાકી જાય. સાંજે પથારીમાં પડતા ઉંઘ આવી જાય. આવું જીવન ઘડો.

એકવાર એવું બન્યું. એક અબજોપતિ શેઠનો એકનો એક દિકરો અકસ્માતમાં મરી ગયો. લગ્ન કર્યાને ૬ મહિના જ થયા હતાં. સાસુ-સસરાને દીકરાની વહુને ઓછુ ન આવવું જોઈએ તેથી તેને કાંઈ કામ કરવા ન દે. ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે. કારણ સાસુને એમ કે કામ કરાવીશ તો એને એમ થશે કે મારો પતિ નથી માટે આ દુઃખ આવ્યું. પરિણામ શું આવ્યું ? ટાઈમપાસ કરવા ગેલેરીમાં આવીને ઉભી રહે. આવતા-જતા માણસોને જોયા કરે. એકવાર એક છેલબટાઉ છોકરાની નજર આની ઉપર પડી. પેલીની નજર પણ તેની ઉપર પડી. પણ પેલા દોડતી રૂમમાં આવી ગઈ. કારણ ખાનદાન ઘરની છે. શરમ-સંકોચ છે. પણ આંખમાં રૂપ આવી ગયું. બીજા દિવસે પણ બંનેની નજર મળી. પેલી રૂમમાં આવતી રહી. આમ આ રોજનો ક્રમ બની ગયો. પેલો સ્માઈલ આપે,

આ પણ સ્માઈલ આપે. હવે તો જોયા વિના ચાલતુ નથી.

એકનું એક પાપ ૧૦ વાર કરો. એટલે એ પાપ તે પાપ લાગે જ નહીં. નિષ્ઠુરતા આવી જાય. ધીમે ધીમે તે હવે ૫-૧૦-૧૫-૨૦ મિનિટ ઊભી રહેવા લાગી. હવે રહેવાશે નહિ ત્યારે પોતાના ઘરમાં વર્ષોથી કામ કરતી દાસીને કહ્યું. અહીં આવ. અને પેલા યુવાનને બતાવી દીધો. કહ્યું અંધારું થાય ત્યારે એ યુવાનને લઈ આવજે. આ દાસી ગંભીર હતી. સમજુ હતી. તેણે કહ્યું હા લઈ આવીશ. અને ત્યાંથી પહોંચી સીધી શેઠ પાસે અને બધી સત્ય વાત કરી દીધી. શેઠ પણ ગંભીર હતા. તમો થોડા ધીર બનો. ઉતાવળે કાંઈ ના કરાય. ગુસ્સો ના કરાય. આ જગ્યાએ તમે હો તો શું કરો ? પુત્રવધુને બોલાવીને ધમકાવી દો. અને કહી દો જા તારા પીયર ચાલી જા. આમ જ કહો કે બીજુ કાંઈ ? ખરાબ બનતી વ્યક્તિને સુધારવાની ધીરતા આપણામાં જોઈએ. પણ ખરાબ બનતી વ્યક્તિને ધીક્કારી તેને વધારે ખરાબ ના બનાવાય.

શેઠે દાસીને કહ્યું જા પુત્રવધુને જઈને એમ કહેજે કે યુવાને કહ્યું છે કે ત્રણ દિવસ અનુકૂળતા નથી માટે ચોથા દિવસે ચોક્કસ આવીશ. પણ આ વાત આપણે ત્રણ જ જાણીએ બીજા કોઈના કાને ન જવી જોઈએ. આમ કહી રવાના કરી. હવે સાંજ પડી. શેઠ જમવા આવ્યા. પુત્રવધુ હાજર છે. શેઠાણી પીરસે છે. શેઠ કહે દીકરો મરી ગયો પછી મને ચેન પડતું નથી. અને આ ઘરમાં મને દીકરો બહુ યાદ આવે છે. ઘરની દરેક દીવાલમાં, ઓફિસમાં બધે મને દીકરો જ દેખાય છે. તો પછી પુત્રવધુની હાલત તો કેવી હશે ? શેઠાણી કહે હા. મને પણ એમ જ છે. શેઠ કહે આ ઘરમાં રહીશું ત્યાં સુધી દીકરાની યાદ આવ્યા જ કરશે એના કરતા થોડા દિવસ દેશમાં જઈ આવીએ. દેશમાં આપણો બંગલો છે. ત્યાં જઈ ગાયો વિ. લઈ લેશુ. વલોણું કરી ઘી બનાવી વહેંચીશું. માટે તુ અને વહુ બંને કાલે સવારે જ નીકળી જજો. હું અહીં બધુ સમેટીને બે દિવસ પછી આવી જઈશ. શેઠાણી કહે પણ આટલુ બધુ કામ હું કેવી રીતે કરીશ ? શેઠ કહે આપણી વહુ ભણેલી છે. એ તને મદદ કરશે. અને હિસાબ-કિતાબ કરી આપશે.

સવાર પડી. ગાડા જોડાયા અને દેશમાં પહોંચી ગયા. બે દિવસ પછી શેઠ પણ આવી ગયા. ૧૦૦ ગાયો બાંધી. આખો દિવસ સખત કામ ચાલુ કરાવી દીધું. રાત પડતા તો વહુ થાકીને લોથ-પોથ થઈ જાય. અને પથારીમાં પડતા સૂઈ જાય. શેઠને થયું વહુના મનમા આ વિચારો આવ્યા ક્યાંથી ? નવરી બેઠી એટલે. માટે ૧ લો ઉપાય નિમિત્તોથી દૂર કરવાના. અને ૨ જા નંબરમાં સખત કામ આપો. જેથી કાંઈ યાદ ન આવે. આ સસરા કેવા ગંભીર હતા કે પોતાની પત્નીને પણ ખબર પડવા ન દીધી.

આજે હાલત ગંભીર છે. આજે આ કે કાલે આ... બેનપણીને ત્યાં તે ક્યાં ભટકે છે. તમને ખબર છે ? જીવનને પવિત્ર - સુરક્ષિત રાખવાનો આ ઉપાય છે. ભલે તમે ૧૨ વર્ષની છોકરી પરણાવી ન શકો તો તેને ખૂબ કામ સોંપો. પેલા અલાઉદ્દીનને જીન પ્રગટ થયું. બોલ કામ ? મકાન બનાવવાનું તે થઈ ગયું. બધુ કામ તરત થઈ જાય. હવે પેલાને કહે કામ બતાવ નહિંતર ખાઉં. તેને કહ્યું એક થાંભલો બનાવ. તરત થઈ

ગયો. હવે કહે હું કામ ન બતાઉં ત્યાં સુધી આની ઉપર ચડ - ઉતર કરવાની. હવે પેલો ખાઈ નહીં જવાનો.

સાધુ - સાધ્વીને પણ કેમ સતત સ્વાધ્યાય કરવાનો કહ્યો ? સ્વાધ્યાયથી કેવળજ્ઞાન મળે ? ના... મન નવરું બેસી ખરાબ વિચારો ન કરે માટે સતત સ્વાધ્યાય કરવાનો. તેમ સ્ત્રીને બધું કામ સોંપી દો. સૂવે ત્યાં સુધી મનમાં આ કામ બાકી છે. આ બાકી છે એમજ હોય. અર્થાત ૨૪ કલાકમાં 30 કલાકનું કામ સોંપી દો.

બીજો ઉપાય :— પરિમિત પૈસા તેના હાથમાં આપવાના. તમે જેટલા પૈસા કમાતા હો. એટલા પત્નીને ન કહેવાય. જેટલો ખર્ચ હોય એનાથી ઓછા પૈસા આપવાના. જો વધારે રૂપિયા આપશો તો બધા ઉડી જશે. જરૂર હશે કે નહિં. બધુ લઈ આવશે, કારણ હાથનો કંટ્રોલ નથી. સ્ત્રીને આડંબર બહુ ગમે. એનો સ્વભાવ તુચ્છ હોય, ખબર પડે કે મારો પતિ વધારે કમાય છે તો તે કંટ્રોલ નહિં રાખી શકે. ૮૦% આવું બને ૨૦% બહેનો સારી પણ હોય છે. કરકસર પણ કરે છે. કારણ મારો પતિ ઓછું કમાય છે. માટે કોઈ માંદગી અચાનક આવી જાય તો ફર કરીને બચાવેલા પૈસા કાઢીને આપી દે.

પણ જેને ૫૦૦૦/- રૂ. આપ્યા તે બીજા દિવસે ૬૦૦૦/- રૂ. માંગે તો સમજી લેવું કે પત્નિ ઉડાઉ છે. તેથી જ માપસરના પૈસા પત્નીના હાથમાં આપવા વધારે આપવા નહીં. નહીંતર ગમે ત્યારે આસમાનના તારા દેખાડી દે. કારણ તમારા ખાતા ઘણા ચાલતા હોય. વસ્તુ લઈ આવે પછી કહે પૈસા ભરી દેજો. આવું ક્યારે બને ? એને ખબર પડે કે પતિ ઘણું કમાય છે. ત્યારે માટે તમે જેટલું કમાતા હો. તેટલું બધું પત્નીને ના કહેવાય. અને તેને પૈસા પણ પરિમિત જ હાથમાં અપાય.

તમારા ઘરમાં સ્ત્રી રત્ન - કુલવધુ બનીને આવી છે. તેના રક્ષણ માટેના ઉપાય વિચારાય છે. ૧ લા નંબરમાં તેને સતત કામમાં જોડવી જોઈએ. કારણ પુરુષ કરતા સ્ત્રીની વાસના આઠ ગણી વધારે હોય છે. સ્ત્રીમા માઈનસ પોઈન્ટ ગણો તો માઈનસ પોઈન્ટ, નબળી કડી ગણો તો નબળી કડી. તેને કોઈ લાગણી બતાવે તો તે તરત ઢળી પડે. શા માટે આવી કાળજી લેવાની વાત કરી ? કારણ તેને સુંદર સંતાનોની પ્રાપ્તિ કરવાની છે

આપણે ત્યાં એક પુરુષને ઘણી સ્ત્રીઓ હોઈ શકે. જેમ શાલીભદ્રને ૩૨ પત્નિઓ હતી. કારણ કે રાજા હોય તેને ઘણા પુરુષોની જરૂર પડે. અને તે વફાદાર જોઈએ. એક પુરુષ ૫૦ સ્ત્રીને રાખી ૧ વર્ષમાં ૫૦ પુત્રો પેદા કરી શકે, પણ એક સ્ત્રી ૫૦ પુરુષો રાખે તો પણ ૧ વર્ષમાં ૫૦ પુત્રો પેદા ન કરી શકે.

અહીં પક્ષપાત નથી કે સ્ત્રીને ગુલામ બનાવવાની વાત નથી. પણ સ્ત્રીનું શરીર સ્વભાવ એ પ્રકારનું છે કે એ લાગણી જુએ ત્યાં ઢળી પડે. પુરુષે પોતાના તત્ત્વો બહાર ફેંકવાના છે. જ્યારે સ્ત્રીએ અંદર રાખવાના છે. એ બહાર ફેંકે તો તેનું જીવન બગડી જાય. અને સ્ત્રી દ્વારા જે નવું શરીર સંતાનનું બનવાનું છે, એ અનેક પુરુષોના વિચાર દ્વારા અપવિત્ર ન બને. આ સ્ત્રીએ જ યુગપ્રધાન, આચાર્ય, ઉપાધ્યાય પેદા કરવાના છે. એને જ જગડુશા, ભામાશા વિગેરે પેદા કરવાના છે. પણ સ્ત્રી પવિત્ર હશે તો સંતાન પણ પવિત્ર બનશે. તેથી તેના મનમાં ખરાબ વિચારો ઘુસી ન જાય માટે તેને સખત કામ સોંપવાનું

બીજા નંબરમાં તેને ખર્ચ કરતા ઓછા પૈસા આપવાના. માપસર આપવા. પોતાની કમાણી પત્નીને ન કહેવાય. જો કહો તો સામાન્યથી સ્ત્રીના પેટમાં વાત ન ટકે. તેથી તે બધાને કહેતી ફરે કે મારો પતિ ઘણું કમાય છે. માટે રેડ પણ પડે. વળી સ્ત્રી ઈર્ષ્યાળુ પણ હોય. દેરાણી વિગેરેને દેખાડવા સારી સાડીઓ વિગેરે પહેરે. આમાં સ્ત્રીને ઉતારી પાડવાની વાત નથી.

સ્ત્રીમાં જે વાત્સલ્ય, કોમળતા હોય તેટલી પુરુષોમાં ન હોય. સ્ત્રી કચરો કાઢે અને પુરુષ કચરો કાઢે બંનેમાં ફરક. પુરુષ બુધ્ધિથી કામ કરે જ્યારે સ્ત્રી લાગણીથી કરે.

ત્રીજા નંબરમાં સ્ત્રીને સ્વતંત્રતા ન આપવી. સ્ત્રી ક્યારેય સ્વતંત્ર ન હોય. બાલપણમાં પિતાની નીચે, યુવાન વયમાં પતિની નીચે અને વૃધ્ધાવસ્થામાં દીકરો સંભાળે. જેમ નાના બાળકને ગમે તે બધુ ન કરવા દેવાય. તેમ સ્ત્રીને પણ બધુ ન કરવા દેવાય. સ્ત્રીમાં પણ બુધ્ધિ હોય અને લાગણી પણ હોય. તેમ સ્ત્રીની સામે બુધ્ધિ અને લાગણીનું યુધ્ધ આવે ત્યારે લાગણી જીતી જાય. અને તેનો લાભ ઉઠાવનાર પુરુષો આ દુનિયામાં ઘણા છે. તેથી સ્ત્રી ખરાબ નથી. પુરુષ વધારે ખરાબ છે. તેથી સ્ત્રીને કંટ્રોલમાં રાખવાની વાત છે.

અમારે અહીં સાધ્વીજી પણ સ્વતંત્ર નથી. અભિષેકા, પ્રવર્તિની, મહત્તરા આવા જુદા જુદા પદ છે. જેમ યાકિની મહત્તરા હતા. પણ અત્યારે તો પ્રવર્તિની પદ જ રહ્યું છે.

એ પ્રવર્તિની. ગમે તેટલા સાધ્વીજીની હેડ હોવા છતાં આચાર્ય ભગવંતની નીચે છે. જ્યારે દીક્ષા થાય ત્યારે માત્ર એનું કે એના ગુરુનું નામ નથી બોલાતું પણ આચાર્ય - ઉપાધ્યાયનું નામ પણ બોલાય છે કે તમારા આખા ગ્રુપે આ આચાર્યની નીચે રહેવાનું છે. અહીં સાધ્વીજીને હલકા ચીતરવાની વાત નથી. પણ તે લાગણીશીલ છે. માટે પક્ષપાત આવી શકે. તેથી આચાર્યના કંટ્રોલમાં રાખ્યા. કારણ આચાર્ય લાગણી વિના યોગ્ય - અયોગ્યને નજરમાં રાખીને કામ લે. એટલે સ્ત્રીને ક્યારેય સંપૂર્ણ સ્વતંત્રતા મલતી નથી. કારણ તેનામાં તુચ્છતા, દરિદ્રતા, અતિશય લાગણીશીલ વાતવાતમાં ઓછું આવવું આ બધું સ્ત્રીના શરીરના કારણે અને કર્મના કારણે થાય છે. અહીં સ્ત્રી ખરાબ નથી. સ્ત્રીને તો રસોડુ સોંપીને મોટામાં મોટું કામ કરી દીધું છે. પ્રેમ - લાગણી - કોમળતા બધુ સ્ત્રીને સોંપ્યું. તે દ્વારા તે પતિ - સંતાન વિગેરે ને ખુશ કરી શકે. આવી સુંદર મજાની શક્તિ મળવા છતાં ઉપયોગ નથી કરી શકતા. શરીર કોમળ સ્ત્રીનું છતાંય કડવા શબ્દો પણ સ્ત્રીના જ.

૪ થા નંબરમાં ઘરની અંદર અધિક વચના એટલે ૪૫ - ૫૦ - ૬૦ વર્ષની બીજી સ્ત્રી હાજર હોવી જોઈએ માતા - પિતા જેઠાણી વિગેરે અર્થાત સંયુક્ત કુટુંબમાં રહેવું જોઈએ. કુતો - કુતી ન ચાલે. પુરુષ સવારે ૯.૦૦ વાગે જાય રાત્રે ૯.૦૦ વાગે આવે ૧૧ થી ૯ તો સ્ત્રીને મોકળું મેદાન મળી જાય. દીકરા સ્કુલે જાય. ઘરમાં તે એકલી હોય ક્યાં જાય છે ? કોને ફોન કરે છે ? શું ખબર પતનનો માર્ગ મળી ગયો. પણ બીજી સ્ત્રીની હાજરી હોય તે તેને ખબર પડી જશે તો. મારું ખરાબ બોલશે. જો તમે એકલા રહેતા હો તો કોઈ બોલે કે ન બોલે પણ આંગળી ચીંધાયેલી જ છે.

બંન્ને એકલા રહેતા હશે ! રાતના પતિ - પત્નિનો ઝગડો થયો ને પતિ રાત્રે પત્નિને કાઢી મુકે તો. પણ જો સંયુક્ત કુટુંબમાં હો તો. સાસુ - સસરા સમાધાન કરશે. તેથી વિભક્ત કુટુંબમાં રહેતા પ્લસ ૧૦% છે. માઈનસ ૧૦૦% છે. સાસુ - વહુના ઝગડા, દેરાણી - જેઠાણીઓના છોકરાઓના ઝગડા મન : દુખ આના જ કારણે તમે જુદા રહેવા જાઓ છો ને ? પણ એના પરિણામ ભયાનક છે. અમારે ઓઘનિર્યુક્તિમાં વાત આવે છે. કોઈ બે - ચાર સાધુ ઝગડતા હોય. અમે પણ આવ્યા ક્યાંથી ? તમારે ત્યાંથી જ ને ? કપડા બદલાય પણ મન થોડું તરત જ બદલાઈ જાય. એ બદલવાની સાધના કરવા અહીં આવ્યા છીએ. હવે જો સાધુ એમ વિચારે કે અહીં ઝગડા થાય છે તો છુટા વિચરીએ તો ઝગડા ન થાય. બીજી વાત ૨૦ - ૫૦ - ૫૦૦ સાધુઓ ભેગા વિચરે તો મિશ્ર કે આધાકર્મી દોષવાળી ગોચરી આવે હવે કોઈ સાધુ એવું વિચારે કે અમે બે સાધુ જુદા વિચરીએ જેથી નિર્દોષ

ગોચરી મળે. આ યોગ્ય છે કે અયોગ્ય ? અયોગ્ય. કારણ બધાની વચ્ચે રહેવાથી સંયમની રક્ષા થવાની છે. હવે જો બે સાધુ હોય તેમાં એક ગોચરી જાય. બીજો ઉપાશ્રયમાં એકલો હોય શું થાય ? પછી દૃષ્ટાંત આપ્યું કે દરિયામાં મોજા ઉછળતા હોય ત્યારે એકબીજાથી માછલા અથડાયા કરે. ત્યાં એક માછલાને વિચાર આવે કે મારે આ પીડા સહન કરવી અથડામણ સહન કરવી તેના કરતા કિનારે ચાલ્યો જાઉં તો શાંતિ મળે. હવે એ કિનારે પહોંચી જાય જ્યાં કોઈ માછલા નથી તો તેનું શું થાય ? મોત સિવાય કશું જ ના મળે.

અથડામણ સહન કરીને ય રહેવાનું તો દરિયામાં જ. તેમ સાસુ-વહુ વિગેરે ના ઝગડા થાય તોય રહેવાનું સંયુક્ત કુટુંબમાં જ. સંયુક્ત કુટુંબમાં ચાર ભાઈ ભેગા હોય તો ચારેયના દીકરા-દીકરી પરણાવવા વિગેરે ના ખર્ચા નીકળી જાય. એકબીજા-ના કપડાં વિગેરે પણ ચાલે. M.C. પણ પળાય. જુદા હોય તો M.C. માં અડાઅડ થાય. પૂજા વિગેરે બંધ થાય. ભેગા રહો તો ધંધામાં એકબીજાને સહાયક બને. કોઈ ઓછુંવત્તું કમાતું હોય તો ઢંકાઈ જાય. જુદા હોય તો એક શ્રીમંત હોય બીજાને માંડ-માંડ ભેગું થતું હોઈ. કોઈ કન્યા પણ ન આપે. ભેગા હોય તો ખબર જ ન પડે કે કોણ શ્રીમંત છે અને કોણ નિર્ધન છે. સાથે રહેવામાં સ્વતંત્રતા રહે. સ્વચ્છંદતા ન આવે. સ્વચ્છંદતા તો જીવનને ખરાબ બનાવે. દુર્ગતિમાં લઈ જાય.

તમે બે જણા જ રહો તો રસોઈ કેટલી બને ? ૪ રોટલી હોય તો મહારાજ સાહેબ કેવી રીતે વહોરે ? અને ૫૦ રોટલી હોય તો. અમારે પર્યુષણના વ્યાખ્યાનમાં આવ્યું કે અમારે ચોમાસા ક્યાં કરાય ? ૧૩ ગુણમાંથી એક આ ગુણ પણ છે કે જ્યાં ઘણા સભ્યોથી ઘર ઉભરાતું હોય ત્યાં ચોમાસુ કરાય.

ખંભાતમાં ૩૦-૩૫ જણનું એક કુટુંબ છે. આકતીયા પણ ત્યાં જ જમે. તેને ત્યાં દરેક જાતની રસોઈ બને. જેથી સાધુ-સાધ્વીને જે ખપતુ હોય તે ત્યાંથી મળી જાય. આ બધું ક્યારે બને સાથે રહો તો. પણ એકલા રહો તો આ ન બને. સહન શક્તિ વધારી દો. સહિષ્ણુતાના ગુણ પ્રગટશે. તેના કારણે ક્રોધ વિગેરે અટકે. ખોટા કામ કરતા અટકી જવાય. માટે ભક્તિ કરતા જાઓ. આપણે દુનિયાને નહીં જાતને સુધારવી છે. તેની સાથે જ રહેવું છે. આપણે ત્યાં પહેલા હતું કે વાણિયાવાડ, મોચીવાડ, દરજીવાડ વિગેરે તેથી કોઈ છોકરી બહાર નીકળતા ડરતી. કારણ તેને બધા ઓળખતા હોય. પણ હવે તો એપાર્ટમેન્ટમાં રહેવાનું. બાજુમાં પંજાબી રહેતા હોય, મુસલમાન રહેતો હોય, કોઈ કોઈને ન ઓળખે. તમારા ઘરમાં કોણ આવે છે ને કોણ જાય છે ? કોને ખબર હોય ? તેથી જ સંયુક્ત કુટુંબમાં રહેવાનું છે.

અહીં તો સહન શક્તિ વધારવાની સાધના છે. સાથે રહેવામાં દોષો વધે. તેથી આધેડવય-ની સ્ત્રી ઘરમાં હોવી જોઈએ. તેનું અસ્તિત્વ જ આના વ્યક્તિત્વને બગડવા ન દે.

હવે પુરુષો માટે કહે છે. તુ કોઈ સ્ત્રીની પાછળ પાગલ ન બન. ઘોડે ચઢીને જે સ્ત્રીને લઈ આવ્યો છે તેને બદલે બીજી સ્ત્રી પરસ્ત્રીમાં પાગલ ન બન. વેશ્યાને ત્યાં જઈશ નહીં. આ દુનિયામાં વેશ્યા ધોબીના પત્થર જેવી છે. તળાવના કિનારે ધોબીના પત્થરની ઉપર, જૈન, વાઘરી કોળી બધાના કપડા એમાં જ ધોવાય. એ તો બધા ભેગા કરીનેય ધોવે. તેમ વેશ્યા

પાસે કુલવાન, મુસલમાન, ચોર, ડાકુ ગમે તેવા પુરુષો આવે. તો કોણ બુધ્ધિમાન તેની પાછળ ગાંડો થાય. કારણ વેશ્યા કોઈની થઈ નથી અને થવાની પણ નથી. વળી વેશ્યા કુતરાની ચાટ જેવી છે. ચાટમાં નાંખેલુ કોણ ખાવા ન જાય ? બધા જ જાય તેમ વેશ્યાને બધું જ ચાલે. તો પુરુષો તમે ડાહ્યા બનજો. ધંધાના બહાને ગયા ને ક્યાં રખડી આવો ? સ્ત્રી રાતે મોડી આવે તો બધા પૂછે. પણ પુરુષ ૧૫ દિવસ મહિના સુધી ન આવે તો કોણ પૂછે ?

આસો સુદ-૭, શુક્રવાર

પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ સામાન્ય ગૃહસ્થ ધર્મ બતાવે છે. પણ છે અસામાન્ય. સામાયિક - પ્રતિક્રમણ કરવું સહેલું પણ નીતી પૂર્વક ધંધો કરવો અઘરો છે. પહેલા ધંધો કેવી રીતે કરવો તે બતાવ્યું. પછી લગ્ન વિગેરેનું બતાવ્યું. હવે પુરુષો માટે વાત કરે છે. આ દુનિયામાં વેશ્યા ધોબીના પત્થર જેવી છે. વેશ્યા કોની પાછળ પાગલ ન બને ? માટે આબરુદાર, ખાનદાન એ ક્યારેય વેશ્યા પ્રત્યે લાગણી ન ધરાવે. ૨ જા નંબરમાં વેશ્યા કુતરાની ચાટ જેવી છે. ક્યો કુતરો ચાટમાં ચાટવા ન જાય ? તેમ કુલવાન માણસ વેશ્યા પાસે ન જાય. કારણ તેની પાસે કોણ ન આવે ? બધા જ આવે.

હવે વેશ્યાનો સ્વભાવ, વ્યવહાર જીવનનો પરિચય કરાવે છે. વેશ્યાનો સ્વભાવ કેવો ? જો તેનું સુખ જોઈતું હોય તો તેને રૂપિયા આપ્યા કરો.. આપ્યા કરો. એના કારણે તમારા દુર્ભાગ્યને પેદા કરે છે. બધું જ આપ્યા પછી તમે ખાલી થઈ જાઓ. પછી ધક્કો મારીને બહાર કાઢતા કાચી સેકંડની વાર એને ન લાગે. બીજા નંબર-માં તેને ગમે તેટલો સત્કાર કરો. દાગીના આપો. ગમે તેટલા વખાણ કરો તો પણ તે બીજાની થવાની. તેની પાછળ પાગલ બનો, પણ વેશ્યાને ખબર પડે કે તમારી પાસે કશું નથી તો તમે છોડી ન શકો પણ તે તમને ધક્કા મારી બહાર કાઢશે. અને તેને ખબર પડે કે મારી પાછળ પાગલ બનેલો છે તો આખો દિવસ અપમાન કરશે. જ્યારે તમે તમારી પત્નિને કંઈ પણ આપશો તો દુર્ભાગ્યનો ઉદય નહિં આવે. કારણ તે આપેલું ઘરમાં જ રહેશે. વળી તે ક્યારે-ય તમારું નહિં કરે. સાચા હૃદયથી આત્મીયતા બતાવશો તો તે તમારી થશે.

ત્રીજા નંબરમાં ગમે તેટલા વર્ષનો સંબંધ રાખ્યા પછી પણ વેશ્યા બીજાની થઈ જાય કેમ ? તેનો કુલપરંપરાનો ધર્મ છે તેથી ક્યો ડાહ્યો માણસ વેશ્યા

પાસે જાય. આમ સામાન્યથી ગૃહસ્થનો બીજો ધર્મ પૂરો કર્યો.

હવે ત્રીજા નંબરનો ધર્મ કહે છે કે સદ્‌ગૃહસ્થે એક ભય કાયમ રાખવાનો. કારણ હજુ તે શ્રાવકની કક્ષામાં આવ્યો નથી. માટે તેને દ્દષ્ટ કે અદ્દષ્ટ ઉપદ્રવનો ડર. એટલે સંભવીત આવવાના છે. તેની કાળજી લેવાની. તે ઉપદ્રવના જે કારણો છે તે દુર કરવાના. તેનાથી દુર રહેવાના પ્રયત્ન કરવાના. દ્દષ્ટિ એટલે દેખીતી આપણી નજરોનજર દેખાય કે આને આ કર્યું ને આ તકલીફ આવી. તે જોઈને તેનાથી દુર રહેવાનો પ્રયત્ન કરો. હજારો યોજન દુર કરે. કારણ તેનાથી તેનાં વિચારો શુધ્ધ ન રહે. આરાધના સાધના ન કરી શકે.

અદ્દષ્ટ એટલે નહિં દેખાતા જે દેખાતી નથી. પણ કલ્પનાથી કે શાસ્ત્રોના વચનોથી ગુરુ મહારાજે કહેલું હોય કે આનાથી આ આપત્તિ આવશે. તેમ જાણી તેનાથી દૂર રહે. એટલે આ લોકના દેખાતા અને પરલોકના નહિં દેખાતા એવા ઉપદ્રવોના કારણથી દૂર ભાગતો હોય. આગસ સાપથી કેમ ડરે ? ડર સાપનો નથી પણ મોતનો છે. માટે મોતનું કારણ સાપથી દૂર રહે. તેમ નરકનું કારણ રાત્રીભોજન છે. તો તેનાથી દુર રહે, કારણ નરકમાં કરોડો વર્ષો સુધી દુ:ખો સહન કરવા પડશે. તેના ડરથી રાત્રીભોજન છોડી દો.

એવા ક્યા કારણો છે જેનાથી દેખાતા અને નહિં દેખાતા ઉપદ્રવો આવે ? તમને કોઈ ડૉક્ટરોએ કહ્યું કે દહીં કે દહીંની વસ્તુ ખાશો તો આવા આવા રોગો થશે ? કારણ એલર્જી છે તો દહીં છોડી દો કે નહીં ? તેમ રાત્રીભોજન કરવાથી નરકમાં જશો, તો છોડો કે નહીં ? ના, કારણ તમને દ્દષ્ટ એવા ઉપદ્રવનો ભય છે તેટલો અદ્દષ્ટ ઉપદ્રવોનો ભય નથી. માટે જ રાત્રીભોજન કંદમૂળનો ત્યાગ નથી કરતા.

ક્યા કારણો અનેક પ્રકારની નુકશાની પેદા કરાવે ? (૧) અન્યાય વ્યવહાર (૨) દ્યુતરમણ (3) પરસ્ત્રી ગમન

(૧) <u>અન્યાય વ્યવહાર</u> : અન્યાયથી કરેલો કોઈની સાથે વ્યવહાર, અત્યારે તે નબળો છે... હશે કાંઈ નહીં કરે, પણ જ્યારે તે સબળો થશે ત્યારે ઉપદ્રવ કરશે.

બહાર વટિયાઓ લુંટારા કેમ થયા ? એ લોકોની સાથે અન્યાયી વ્યવહાર થયા. પાછળથી એ લોકો સબળા થયા. બહાર વટિયા બન્યા. તિલક - તરાજુ ને તલવાર ને મારો જુતા. તિલક = બ્રાહ્મણ, તરાજુ = વણિયા અને તલવાર = ક્ષત્રિયો. કારણ આ લોકોના બાપદાદાઓએ ધીરધારના ધંધા કરીને 3-3 ટકા વ્યાજ લઈને અમને ચૂસી લીધા. હવે અમારામાં તાકાત છે. મારો આ લોકોને

એક શેઠ હતા. જમાઈ વિગેરે મહેમાન આવ્યા. ઘી ખૂટ્યું. ભરવાડણને ત્યાં લેવા મોકલ્યા. તે લઈને આવ્યો. શેઠને થયું ઘી કીલોને બદલે પોણો કીલો નહીં આપ્યું હોય ને ? આવી શંકા તેને કેમ થઈ ? કારણ આપણે જેવું કરતા હોઈએ તેવી શંકા આપણને થાય. જે આપણે જુઠ્ઠુ બોલતા હોઈએ તો બીજા સાચું બોલે છે કે જુઠ્ઠુ એવી શંકા થાય. જે સારા હોય તેને બધા સારા લાગે. આપણે કેવા ? જો બધાને માટે સારો વિચાર આવે તો આપણે સારા.જો સારા બનવું છે તો ક્યારેય બીજાને ખરાબ ન માનશો.

શેઠે ઘી જોખ્યું. પોણો કિલો જ થયું. અને એને ગુસ્સો આવ્યો. આટલું ઓછું કેમ

આપે ? ભરવાડણને બોલાવી કહ્યું કે ઘી કેમ ઓછું આપ્યું ? તેણે કહ્યું શેઠ અમારે ત્યાં ક્યાં બાટ છે ? પણ મારો દિકરો સવારે તમારે દુકાનેથી ૧ કીલો ગોળ લઈ આવ્યો. તે હજી એમને એમ જ પડ્યો હતો. એટલે ત્રાજવામાં એક બાજુ ગોળ મૂક્યો અને બીજી બાજુ ઘી મૂક્યું. હવે ઘી જો પોણો કીલો થયું હોય તો ગોળ પણ પોણો કીલો જ હશે. અને શેઠનું મોઢું પડી ગયું. મહેમાન બધા પાછળ જઈને હસવા લાગ્યા. પોતાના જમાઈની આગળ પોતાની આબરૂનું લીલામ થયું. પોતે કરેલા અન્યાયને કારણે.

તમારા દીકરા-દીકરીના કંપાસમાં પેન-પેન્સિલની સંખ્યા વધી જાય તો ક્યારેય પૂછ્યું કે ક્યાંથી લાવ્યો ? પેલી મા એ બાપને કહ્યું કે જુઓને તમારો દીકરો સ્કૂલમાંથી નોટ વિગેરે ચોરીને લઈ આવે છે. બાપે કહ્યું બેટા, હવે તું નહિ લાવતો. ત્યાં ઓછું મલે છે હું ઓફિસેથી ચોરીને લઈ આવીશ. આવા અણહકનું ન લેવાય.

એક છોકરાને માએ નવડાવ્યો. મા રૂમાલ લેવા ગઈ. અને બાજુમાં તલના ઢગલામાં દીકરો આળોટી આવ્યો. મા ખુશ થઈ ગઈ. પછી તો મા રોજ આ પ્રમાણે કરવા લાગી. મોટો થઈ આ દીકરો દાણચોર બન્યો. એમાં પકડાયો. ફાંસીની સજા થઈ. પૂછ્યું કાંઈ ઈચ્છા છે ? હા. મા ને મળવું છે. તેની માને બોલાવી. અને દીકરાએ માનું નાક કરડી ખાધું. ત્યાં હાહાકાર થઈ ગયો. પૂછ્યું આમ કેમ ? તેણે કહ્યું જો આ માએ મને તલચોર ન બનાવ્યો હોત તો હું દાણચોર ન બન્યો હોત, અને આજે મને આ ફાંસીની સજા ન થઈ હોત. આમાં ગુનેગાર હું નથી મારી મા છે. માટે મેં એનું નાક કરડી ખાધું. કોઈ પણ ચીજ કામની કે નકામી હરામની આવી તો તેને પાછી આપી દો. અન્યાય પૂર્વક વ્યવહાર ન કરાય.

(૨) <u>દ્યુતરમણ વ્યવહાર</u> : જુગારનું પરિણામ આ જ ભવમાં મળે. પાંચ પાંડવોનું શું થયું ? વનવાસ જવું પડ્યું. દ્રૌપદીનું વસ્ત્રાહરણ થયું. જાતજાતના ક્રિકેટ વિગેરે સટ્ટા નહીં ખેલવાના. નળ રાજાનું શું થયું ? તે તમે જાણો જ છો.

(3) <u>પરસ્ત્રીગમન</u> :- આગળ વેશ્યાગમનથી અટકવાનું હતુ. વેશ્યાના માથે તો કોઈ માલિક નથી. માટે આ લોકમાં તું છટકી જઈશ. પરલોકમાં ઉપદ્રવ આવશે. પણ પરસ્ત્રીગમનમાં શું થશે ? તેનો પતિ-ભાઈ-દીકરો કોઈને પણ ખબર પડશે તો માર પડશે. અપમાન કરશે.

લલિતાંગકુમાર નગરશેઠનો દીકરો રાણીના મોહમાં ફસાયો. એકવાર રાજા બહાર ગયો હતો. રાણીને એમ કે હમણાં નહીં આવે. તેથી લલિતાંગને બોલાવ્યો. પણ ૫-૧૦ મિનિટમાં રાજા પાછો આવ્યો. દરવાજો ખખડાવ્યો. બંને ધ્રુજ્યા હવે શું કરવું. પેલાને સંડાસમાં મોકલી દીધો. દરવાજો ખોલ્યો, રાજા આવ્યા. રાજા કહે મારે સંડાસ જવું છે. એટલે જ આવ્યો છું. રાણી અને પેલો અંદર રહેલો બંને ધ્રુજવા લાગ્યા. પેલો સંડાસનો કુવો-ખાળ હોય તેમાં નીચે ઉતરવા લાગ્યો. રાજાએ બારણું ખોલ્યું. પેલો ન દેખાયો રાણી ખુશખુશાલ થઈ ગઈ. કારણ કે

તે બચી ગઈ પણ ચેલાનું શું થયું તેનું દુઃખ નથી. તેને ક્યાં સાચી આત્મીયતા કે લાગણી હતી. ચેલો ખાળકુવામાંથી આગળ વધતો મડદાની જેમ ૭૫ દિવસે નગરની ખાળમાં મળ્યો. શેઠે તપાસ કરી. ત્યાંથી લાશ મળી. સાફ કરી જોયું. બેભાન હતો. થોડા દિવસમાં સારો થઈ ગયો. માટે પરસ્ત્રી ગમન ભયાનક છે. આ ભવમાં અને પરભવમાં પણ ઉપદ્રવ આવે તેથી ઉપદ્રવ આવે તેવી સદ્ગૃહસ્થ ઓળખી કરે.

હવે અદૃષ્ટ નહીં દેખાયેલાં ઉપદ્રવો ક્યા ? દારૂ અને માંસ એવા છે કે કદાચ આ લોકમાં ન દેખાય પણ પરલોકમાં નરક-તિર્યચગતિ વિગેરેમાં પીડા વિગેરે ભયંકર ઉપદ્રવો થશે. દૃષ્ટ - અદૃષ્ટ ભીતતાની વાત અહીં પૂરી થઈ.

આસો સુદ-૯, શનિવાર, ઓળી

અરિહંતપદ : જ્યાં સુધી સંયમ, જીવનમાં ન આવે ત્યાં સુધી ઉત્તમપ્રકાર-નું શ્રાવક જીવન જીવે. તે પણ ન થઈ શકે તો ૬ ઓળીઓ આવે. તેમાં બે શાશ્વતી ઓળીઓ અને સિરિ-સિરિવાલ કહામાં તો આસો સુદ-૮ થી આસો વદ-૧ અને ચૈત્ર સુદ-૮ થી વૈશાખ સુદ-૧ ઓળી હોય. પરંતુ આ ૭ ની પરંપરા ક્યારે બદલાઈ તે ખબર નથી

આ સંસાર મારો - તમારો ચાલે છે. તેનું કારણ છે કષાયચક્ર. તેને ખતમ કરવા બીજું ચક્ર જોઈએ. હીરાને તોડવા બીજો હીરો જોઈએ. કાંટાને કાઢવા બીજો કાંટો તેમ એક ચક્રને ખતમ કરવા બીજું ચક્ર જોઈએ. તે છે સિધ્ધચક્ર. કષાયચક્રને ખતમ કરવાનું છે. લક્ષમાં તે રાખવાનું. તેના માટે સાધના છે સિધ્ધચક્ર. ના મારો આત્મા અહંકારમાં મશગુલ ન બનવો જોઈએ. માયા- મમતાને પેદા ન કરે. લોભમાં આશક્ત ન બને. ક્રોધથી ધમ-ધમ ન જોઈએ. આયંબિલમાં મગના પાણીના બદલે કરીયાતું આપી દીધું તો શું થાય ? કષાયચક્રને કંટ્રોલમાં લાવવા માટે સિધ્ધચક્રની આરાધના છે.

જૈન શાસનની પ્રત્યેક આરાધના રાગ-દ્વેષને ખતમ કરવા માટે છે. કષાયને ખતમ કરવા માટે છે. આવું લક્ષ જોઈએ. તેના માટે સિધ્ધચક્ર છે. તેમાં યંત્ર-મંત્ર-તંત્ર છે. યંત્ર એટલે સિધ્ધચક્રનું જે યંત્ર હોય તે. મંત્ર એટલે જુદી - જુદી જાતના મંત્રો હોય છે તે. તંત્ર એટલે જાતજાતની મુદ્રા. પોઝીશન. શરીરના જુદા જુદા આકાર તમને ખબર છે. સિધ્ધચક્ર પૂજનમાં વિધીકારક ક્યારેક આંખો લાલઘૂમ કરે. પગ જોરજોરથી પછાડે. આવું કેટલાએ જોયું ? ત્રણવાર આંખ લાલ કરે. ત્રણવાર પગ પછાડે. ત્રણવાર તાળી પાડે. આ બધી તાંત્રિક વિધિ છે. તમને તો છગનભાઈના પૂજનમાં રસ છે. સિધ્ધચક્ર પૂજનમાં ક્યાં રસ છે.? આપણે ત્યાં વાસુદેવ - પ્રતિવાસુદેવ હોય. કૃષ્ણ વાસુદેવ - જરાસંઘ પ્રતિવાસુદેવ. આ પ્રતિવાસુદેવ ત્રણ ખંડ જીતી - જીતીને બધી મહેનત કરે. અને એક જ

ધડાકે તે બધું વાસુદેવને મળી જાય. છેલ્લે જ્યારે બંનેનું યુધ્ધ થાય. પ્રતિવાસુ-
દેવ ધીમે - ધીમે હારવા લાગે ત્યારે હાથની આંગળી ઉપર ચક્ર લે. અને ઘુમા-
વીને વાસુદેવ પર છોડે પણ વાસુદેવ પર એની અસર ન થાય. અને તે
પોતાની આંગળી ઉપર લઈ લે. પછી તે ઘુમાવીને પ્રતિવાસુદેવ ઉપર છોડે,
તેનું ધડથી મસ્તક જુદું થઈ જાય. અને વાસુદેવ વિજેતા બની જાય. હવે એને
ત્રણ ખંડ જીતવાના ખરા ? ના. બધું આવી ગયું તેના હાથમાં. બસ! એવી જ
વાત છે. મોહરાજાનું ચક્ર ચાલ્યું છે. વજ રાજલોક ઉપર. કષાયોને છોકી
બધાને હરાવી દીધા. હવે જ્યારે આપણે ધર્મરાજાના શરણે હોઈએ. તો
એ આપણને હરાવવા આવે અને તે ચક્ર આપણા હાથમાં આવી જાય તેનાથી
કષાયોને જીતી લે.

ડગલેને પગલે આપણે કષાય મોહરાજાના શરણે હતો. જાતના માન-
સન્માન મલે. કુલણજી કાગડો થઈ જઈએ પણ હવે સિધ્ધચક્રના શરણે જવું
છે. તેના દ્વારા બધાને જીતવાનું લક્ષ હોવું જોઈએ. તેમાં દેવ-ગુરૂ-ધર્મ આવી
જાય. સિધ્ધ બનાવનાર ચક્ર એટલે સિધ્ધચક્ર. સિધ્ધચક્રના યંત્રની માત્ર
સ્થાપના નથી કરવાની પણ હૃદયમાં તેની સ્થાપના કરવાની છે. તેનો પ્રભાવ
જોરદાર છે. કારણ તેનો પ્રભાવ કેવલી પણ ન વર્ણવી શકે. તેમના આયુષ્ય-
વાણીની મર્યાદા છે. તેની મહાનતા ને જાણી શકે. પણ કહી ન શકે. જેમ મુંગો
માણસ હોય તેને ગોળ ખવરાવો અને પછી તેને પૂછવામાં આવે કે ગોળ કેવો?
તો તે કહી ન શકે. પણ જાણી શકે. તેમાં ગોળની ખામી કે મુંગાપણાની ખામી ?

સાચું બોલો, અહીં ધરતીકંપ થાય તો મોઢામાંથી શું નીકળે ? ઓ બાપ
રે... બચાવો... મરી ગયો રે... જ્યારે શ્રીપાલને ધવલશેઠે દરીયામાં નાખ્યો
ત્યારે તેના મોઢામાંથી શું નીકળ્યું ? નમો અરિહંતાણં. દર વર્ષે શ્રીપાળ-
મયણાનું ચરિત્ર સાંભળો પણ તેના જેવા ન બનો તો કેમ ચાલે ? ભલે તમને
હેમચંદ્રાચાર્ય, હરિભદ્રસૂરિ, મહોપાધ્યાય યશોવિજયજી ન જામે. કારણ તેમણે
દીક્ષા લીધી હતી. પણ શ્રીપાલ-મયણા તો જામે ને. કારણ તેમણે દીક્ષા નહોતી લીધી.

તમે અને હું શ્વાસ લઈએ છીએ. તેમાં દેવ-ગુરુની કૃપા છે. ગળામાં અન્ન-
નળી, શ્વાસનળી બંને બાજુમાં છે. શ્વાસ લઈએ ત્યારે શ્વાસનળીનો દરવાજો
ખૂલે. શ્વાસનળી બંધ થઈ જાય તો. શું ત્યાં કોઈ પહેરેગીર બેસાડયો છે કે?
ના. તમે અને હું જીવીએ છીએ તેમાં કોનો પ્રભાવ ? ભગવાનનો. જ્યારે કોળી-
ઓ નાખીએ ત્યારે શ્વાસનળીનો દરવાજો બંધ થઈ જાય. ગમે તીખા-તમતમતા
પદાર્થો ખાતા હોઈએ અને છતાં આરોગ્ય સારું રહયું છે. તે દેવ-ગુરૂની કૃપા છે
તમારા ખોરાક વિગેરેમાં કેટલાં કાંકરા વિગેરે આવે છે. જેના કારણે પથરી થઈ
જાય પણ નથી થઈ. તેમાં પ્રભાવ છે દેવ-ગુરૂ-ધર્મનો. બધાં પુરુષાર્થ કરીએ છીએ
જેને ખાઈએ છીએ છતાંય નીરોગી રહયા છીએ,

બારે મહિનાની બધી આરાધના નવપદમાં છે. જિનશાસન એ જ નવપદ. જે નવપદમાં એ જ જિનશાસનમાં જૈનશાસનની એકે વાત... આરાધના એવી નથી. જે નવપદમાં ન આવે. અર્થાત જિનશાસન અને નવપદ બંને એક જ છે. તેથી આપણા હૃદયમાં નવપદ આવે તો આપણો પ્રવેશ નવપદમાં થાય. હવે નક્કી કરો જે નવપદમાં તે જ મારા જીવનમાં. તમારે ત્યાં ગોત્રજ વિગેરે થાય છે. તે નવપદના કયા પદમાં આવે ? એકે પદમાં ન આવે. તો તે જિનશાસનમાં નથી. ઘણી જગ્યાએ નવરાત્રીમાં ગરબા રમાય. પહેલીવાર પરણીને આવ્યા હોય ત્યારે. ઉત્તર ગુજરાતમાં નથી. કારણ કે તે કુમારપાળ રાજા દ્વારા એવી બની છે કે આપણે ત્યાં અમુક ધર્મો આવી જાય. તમારે ગોત્રજ વિગેરે માનવા પડે તો ભગવાન તરીકે નહિં કુળદેવી તરીકે માનો.

કુળદેવી એટલે તમારા દાદા-દાદી. ૧૦-૧૫ પેઢીની જે વંશપરંપરા આવી તે કુળદેવી. મનમાં વહેમીલા હો અને કરવું પડતું હોય તો જે રીતે વડીલોને પગે લાગો. તે રીતે કરો ખમાસમણ ન દેવાય. એ જ રીતે સરાદ - શ્રાધ્ધપક્ષ આવે. તેમાં પિતૃદોષ છે. તે કાગડો બની ખીર ખાવા આવે. હેં ! તમારા દાદા-દાદી કાગડો બની ગયા. આ બધું નવપદમાં નથી.

આપણે ત્યાં તો આયુષ્ય પુરું થાય ત્યારે વધારેમાં વધારે ૫ સમયમાં જીવ જ્યાં જવાનો હોય ત્યાં ચાલ્યો જાય. આંખનું મટકું થાય એટલામાં તો અબજોના અબજો સમય ચાલ્યા જાય. મરી ગયો તેની ખાતરી કરો ત્યાં તો પેલાનો આત્મા નવો ભવ લઈએ. ૧, ૨, ૩, ૪, ૫ વધુમાં વધુ ૫ સમય સુધી તો નવો ભવ લઈ જ લે. તો અવગતિએ ગયો એટલે શું ? અવગતિ એટલે દુર્ગતિ. પણ આત્મા વચ્ચે ભટકે છે એવું તો બને જ નહિ. સામાન્યથી તો ૩ સમય સુધી તો તે નવો ભવ લઈ જ લે. ત્યાં દેવ બને અને એના જ્ઞાનથી જાણે. વેર હોય તો અહીં આવી ઉપદ્રવ કરે તે બને પણ તે પોતાના ભવમાં રહીને કરે. વચ્ચે ભટકતો ન હોય.

નવપદમાં આજે અરિહંતપદની આરાધના શા માટે ? ગુણને મેળવવા માટે. પહેલા ગુણાનુવાદી, ગુણાનુરાગી પછી જ ગુણી બનાય. બીજાના દોષો જોઈએ તો દોષી બનાય. નિંદા કરીએ તો એના દોષો આપણામાં આવે. તેથી જ ધર્મબિન્દુમાં કહ્યું છે કે 'શિષ્ટ ચરિત પ્રશંસનમ્' શિષ્ટ પુરૂષ હોય તેના આચારની પ્રશંસા કરવાની, તો આપણા જીવનમાં સુંદર આચારો આવે. દુષ્ટ બનવું હોય તો બીજાના દોષો જોવાના. સજ્જન બનવું હોય તો બીજાના ગુણો જોવાના. બોલવાના.

અરિહંતનો વિશિષ્ટ ગુણ કયો ? 'आकालभवे परार्थ व्यसनीन:' પરોપકાર, પરાર્થરસિકતા, સ્વાર્થભાવનું વિલોપન કરવાનું. પરનો ઉપકાર કરવાનો. દ્રવ્યથી અરિહંતપદની આરાધના છે. ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૧૨ ખમાસમણ, વ્યાખ્યાન શ્રવણ, પૂજા, દેવવંદન વિ. આની સાથે ભાવ આરાધના કરવાની. એકલી દ્રવ્ય આરાધના ન ચાલે. ભાવ આરાધના કઈ ? પરાર્થરસિકતાનું ધ્યાન. પોતાના સ્વાર્થને નબળો પાડવાના કાર્યો. આજે મારે કંઈક બીજાનો ઉપકાર કરવો છે. મારી શારીરિક અનુકૂળતા છે તો પછી પહેલાં બધાંને પીરસી પૂછી આયંબિલ કરવું. આ પાયાનો સુધારો કરો. પેલો ઢોસો લઈને આવ્યો. તમારો ૧૦મો નંબર છે. તમારી પછી એક જ જણ છે. ઢોસો એક જ છે. તો કહેવાનું પહેલા એને આપી દો. આ

આરાધના જોઈએ. જ્યાં બીજાનો વિચાર છે ત્યાં ધર્મ છે અને જ્યાં બીજાનો વિચાર નથી ત્યાં ધર્મ તો નથી પણ ધર્મ પાળવાની યોગ્યતા પણ નથી. ભલે ગમે તેટલી ઓળીઓ કરે. અંદરથી ખુશ થાઓ કે હું ધર્મી છું. પણ તે મિથ્યાભિમાન છે.

એક સંન્યાસી હતા. તેને ત્રણ શિષ્યો હતા. તે ત્રણેયને કેળાં આપ્યા. કહ્યું બહાર જઈને ખાઈ આવો. પહેલાં એ કેળાની છાલ કાઢી રસ્તા પર નાખી કેળું ખાવા લાગ્યો. બીજાએ છાલ કાઢી પણ જુએ છે કે રોડ પર ફેંકીશ કો'કના પગ નીચે આવશે તો કો'ક પડી જશે તેથી તેણે મ્યુનિસિપાલિટીનો ડબ્બો શોધી તેમાં નાંખી. ત્રીજાએ શું કર્યું ? છાલ નીચે ન નખાય, બાસ્કેટમાં પણ ન નખાય ત્યાં નકામી જશે. ગુરુએ મને કેળું બીજાને આપવાની ના કહી છે. પણ છાલ આપવાની તો ના નથી કહીને. તેથી તેણે છાલ કાઢી ગાયના મોઢામાં મૂકી દીધી. ત્રણે ગુરુ પાસે આવ્યા. પહેલા-ને તો ગુરુએ રવાના જ કરી દીધો. તારામાં યોગ્યતા જ નથી. બીજો કોઈનો વિચાર કરે છે. તેથી તેને ભણાવવાની હા કહી, અને ત્રીજાને કહ્યું મારે તને શું ભણાવવું ? તું ભણેલો જ છે. આપણો નંબર ક્યાં ? શ્રીપાલનો નંબર આમાં હતો તે ડગલેને પગલે બીજાનો વિચાર કરતો હતો. માટે આપણે આ શ્રીપાલના વખાણ કરવાના છે. કોઈએ ૧૦,૦૦૦/- રૂ. જવા દીધા હતા. કહ્યું તો તમે ભલે અનીતિ કરતા હો તો પણ તેના વખાણ કરો, અનુમોદના કરો તો તમે શિષ્ટ પુરુષ છો. તમને સારું ગમે છે માટે ક્યારેક સારો બનશે.

શિષ્ટ પુરુષોના જુદા-જુદા ૧૯ ગુણો છે.

(૧) લોકોપવાદ ભિરુત્વં :- સજ્જન પુરુષોને લોકોની નિંદાનો ભય હોય, રામચંદ્રજીએ લોકોના ભયથી જ સીતાને વનવાસ મૂકી દીધા હતા. મયણાએ પણ મુનિચંદ્ર મહારાજ ને કહ્યું હતું કે ભગવન લોકો જિનશાસનની નિંદા કરે છે તે મારાથી સહન થતું નથી.

(૨) દીન અભ્યુદય :- દીન અનાથનો ઉદ્ધાર કરવામાં તત્પર હોય. શ્રીપાલને દરેક વખતે ધવલ શેઠ અપકાર કરે છે છતાં શ્રીપાલે કેટલીવાર ધવલને છોડાવ્યો. કારણ શ્રીપાલ શીષ્ટ પુરુષ હતા. શિષ્ટ પુરુષો અડધી રાત્રે નીકળીને ઠંડીમાં દીન-ગરીબોને ધાબળા ઓઢાડી આવે. ભૂખ્યા દેખાય તેને ભોજન આપે, તરસ્યા દેખાય તેને પાણી પીવડાવે. આપણને કોઈ કહે આ વ્યક્તિ ધાબળા ઓઢાડે છે, ભૂખ્યાંને ભોજન આપે છે. પણ કહીને શું કરીએ ? હા આ વ્યક્તિ દીનઅનાથોને આપે છે. પણ કહીને શું કરીએ ? હા આ વ્યક્તિ દીન-અનાથોને આપે છે પણ ભગવાનના દર્શન પણ નથી કરતો. આવું પણ કહીને દોષ જોવાની ક્યાં જરૂર છે ? એના અદ્ભૂત ગુણોના વખાણ કરોને ? ક્યારેક કોઈ કહે આ આમ કરે છે. ત્યારે આપણે પણ આ કહીએ આ પણ આમ કરે છે. કારણ ઈર્ષાથી બળીએ. હવે કોઈના દોષ જોવા નથી.

અરિહંતનો પરોપકારનો ગુણ પેદા થયો વાત્સલ્યમાંથી કરૂણામાંથી પેલો

અનંગસેન ભગવાન મહાવીરનો જીવ કોઈનું દુઃખ જોઈ નહોતો શકતો. માટે તે દુઃખને દૂર કરવા દોડી ગયો. શાંતિનાથ ભગવાનનો જીવ મેઘરથ રાજા પેલા જીવને બચાવવા પોતાનું આખું શરીર શિકારીને સોંપી દીધું. પરમાત્મા ઋષભદેવનો જીવ જીવાનંદ વૈદ્ય મુનિને રોગી જોઈને રત્નકંબલ, લક્ષપાક જેવા તેલ લગાવી તેના ઉપર રત્નકંબલ ઓઢાડી દીધી. જેથી અંદરના બધા જીવો બહાર આવી ગયા તે મરેલી ગાયના મડદામાં મૂકી આવ્યા. અરિહંત પદની આ વિશેષતા છે. પરોપકાર.

સ્વાર્થનું વિલોપન કરવાનું હું અને મારું આને એકબાજુ મૂકી દેવાનું. તેના માટે જ અરિહંતપદની આરાધના છે. ધારો કે તમે સવારના ચા પી રહયા છો. ટી.વી. પર સમાચાર સાંભળી રહયા છો. તમારો છોકરો ચેકસવાળું શર્ટ, જીન્સનું પેન્ટ પહેરી બાઈક લઈને નીકળ્યો. થોડીવાર પછી ફોન આવ્યો કે, આવા કલરનું શર્ટ, આવા કલરની બાઈક છોકરાનું નામ મહેશ તેનો એક્સીડેન્ટ થયો છે. તમને શું થાય ? કદાચ મારો દીકરો હશે તો ? ઈન્કવાયરી ચાલુ થઈ જાય. અને તમને ખબર પડે કે એ તમારો નહિં પણ અડાજણ પાટીયાનો છે. તમને શું થાય ? હાશ... તો તમારો નંબર ૧ નંબરના સ્વાર્થમાં આવે. માટે અરિહંત પદની આરાધના કરો કે આ મારા સ્વાર્થ ભાવને દૂર કરું. પરોપકારને પેદા કર. શ્રીપાલમાં બીજાનો વિચાર પહેલાં હતો.

જયારે મયણા સાથે લગ્ન થયા ત્યારે રાત્રે શ્રીપાલે મયણાને શું કહયું હતું ? કાગડાને કંઠે મોતીની માળા ન હોય, તું પાછી ફરી જા. તને ઘણા રાજકુમારો મળશે. ઉતાવળે પગલું ના ભરાય. હું કોઢરોગવાળો છું. તે ચેપીરોગ છે. મારા સહવાસથી તું પણ કોઢી બની જઈશ. કેવો વિચાર ? લાગે છે શ્રીપાલ શીષ્ટ પુરુષ જેવો. તમે શું કરો ? તમારી દીકરીને સહેજ કોઢનો ડાઘ હોય તો સામેવાળાને જણાવો કે નહિં ? કે એમને એમ વળગાડી દો. આપણામાં પ્રમાણિકતા કેટલી ? આ બાજુ મયણા પણ ખચ્ચર પર બેસીને જવું પડયું. લોકો તિરસ્કાર કરે. જોઈ ચીબાવલી ? પિતા કરે એમ બોલી હોત તો. આમ આખું ગામ ફીટકાર વરસાવે છે. છતાં આંખમાંથી એક આંસુ પણ પડતું નથી. મને શું ચિંતા. મારી વાત જિનશાસનની છે. છતાં આ મયણા જયારે શ્રીપાલે આ વાત કરી ત્યારે આંખમાંથી દડ દડ આંસુ પડે છે. સ્વામીનાથ ! આવું વાક્ય ફરી ક્યારેય બોલતા નહીં. આર્યનારી એકને પતિ તરીકે સ્વીકારે છે. પછી તે બીજાનો મનમાં પણ વિચાર કરતી નથી. તમે શ્રીપાલ - મયણાં તો બનો.

અરિહંત પરમાત્માની વિશિષ્ટ કોટીની ભાયકાત હતી. બધાંને દેવું છે લેવું કાંઈ નથી. આપણી વાત ઊંધી છે લઉં લઉં થાય. દેવું કોઈને નથી. અરિહંત દીક્ષા લે ત્યારે વર્ષીદાન કરે. પછી જ્ઞાનદાન થાય. પછી અભયદાન કરે. અરિહંતપદની સાચી આરાધના પગ પર કુહાડો મારીને ય ઉપકાર કરવામાં છે. મારા ભૌતિક સુખને પણ લાત મારીને બીજાનો ઉપકાર કરવો છે.

સિદ્ધિપદ :- રત્નશેખર સૂરિ મહારાજ સિરિ સિરિવાલ કહામાં કહે છે કે સિદ્ધ બનવા માટે સિદ્ધપદની આરાધના છે. સિદ્ધ શા માટે ? બનવાનું ? ત્યાં પત્નિ નથી. પુત્ર નથી. પરિવાર નથી. ટી.વી. - ફ્રીજ નામના કામના નથી. બોલો ત્યાં જવું છે ? જો સિદ્ધ બનવું નથી તો દર્શન, જ્ઞાન, ચારિત્ર, અરિહંત વિગેરેની આરાધના કરવાની જરૂર નથી. પણ મોક્ષે જવું છે, તો કેમ ? ત્યાં દુઃખ નથી. સંસારના ભૌતિક સુખો તલવાર પર મધ હોય તેને ચાટવા જેવા છે. એ દુઃખ સાથે જોઈન્ટ છે. ખાવાનું જોઈતું હોય તો ૨-૪ કલાક પછી સંડાસમાં જવાનું દુઃખ ઉભું જ છે. વાળનું સુખ જોઈતું હોય તો બે બદામના હજામ પાસે માથુ નમાવવું પડે માટે કોઈપણ પ્રકારના નિર્ભેળ એવા સુખને મેળવવા મોક્ષે જવાનું છે

આ સંસારમાં કાં તો પત્નીએ જવાનું કાં તો પહેલાં પતિએ જવાનું. રૂપિયા તમારે છોડવાના કાં તો તમે રૂપિયાને છોડીને જવાના. માટે સંસારમાં સંયોગ છે. ત્યાં વિભાગ-વિયોગ છે. અહીંનું સુખ મોટા દુઃખને લાવનારું છે. પત્નિ પાગલ બનો દુર્ગતિ નક્કી. દુધપાક સરસ છે પણ કોઈ કહે તેમાં ઝેરનું ટીપું છે તો તમે ખાઓ ? ના કારણ પાછળ મોતનું દુઃખ છે. તેમ જેની પાછળ દુર્ગતિનું મોટું દુઃખ આવવાનું હોય તેવા ભૌતિક સુખને શું કરવાનું ? વળી અહીંનુ સુખ પરાધીન છે. પત્નિને મૂડ હોય તો ચા બનાવી આપે. દીકરાને મૂડ હોય તો સાથે રાખે. માટે તમારું સુખ તમારા હાથમાં નથી. જ્યારે મોક્ષમાં સુખ સ્વાધીન છે. તમને જે ઈચ્છા થાય તે કરી શકો. તો તમને કયું સુખ જોઈએ? દુઃખની ભેળસેળવાળું કે નિર્ભેળ સુખ ? પણ મોક્ષમાં સુખ કેવી રીતે ? ત્યાં તો કશીજ સાધન સામગ્રી નથી. આજ આપણી ભ્રમણા છે. સાધન - સામગ્રીના સુખ દુઃખ બન્ને આપવાના ચાન્સીસ છે, પણ એકલું સુખ જોઈએ તો સાધન-સામગ્રી વિનાનું.

તમે આખા દિવસના થાકયા હો અને પત્થર પર કે બેડ પર સૂઈ જાઓ અને ઘસઘસાટ સૂઈ ગયા. સવારે ઉઠ્યા ફ્રેશ થઈ ગયા. એ ઘસઘસાટ સૂતા ત્યારે કોઈ સાધન - સામગ્રી નહોતી છતાં સુખ મળ્યું ને ? મોક્ષમાં જો કે આવું સુખ નથી. કારણ ઉંઘનું સુખ તો મલીન છે. મોક્ષમાં જે સુખ તે દુઃખ વિનાનું એવું નહિં. પણ વિશિષ્ટ કોટીનું સુખ છે. કારણ આત્માના ઘરનું સુખ છે. મોક્ષનો અનુભવ આપણને અહીં ટેમ્પરરી થાય છે. એકાદ -બે ગુણ મળે તો આનંદ થઈ જાય. પણ સંપૂર્ણ ગુણનો આનંદ મોક્ષમાં છે. ભૂંડને બચાવ્યું અને આનંદ આવ્યો. તે કરૂણનો હતો. પણ છોકરાએ કંઈક કહ્યું ને ગુસ્સો આવ્યો. લાફો મારી દીધો. પેલું સુખ ચાલ્યું ગયું. જ્યારે મોક્ષનું સુખ જાય નહિં. મોક્ષમાં ટોપ કક્ષાનું સુખ છે. આ જગતમાં કોઈનેય એવું સુખ નથી. આનું વર્ણન લોકપ્રકાશ ગ્રંથમાં કર્યું છે.

classmate

એક રાજા એકલો પડી ગયેલો. ઘોડો વીપરીત શિક્ષણવાળો હતો. લગામ ખેંચે તો જોરથી દોડે. વધારે ખેંચી તો આકાશમાં ઉડવા લાગ્યો. રાજાને લાગ્યું કે આ ઘોડાની સ્પીડ વધી છે. કદાચ મને ફેંકી પણ દે. તો શું કરવું ? સામે એક વડલો દેખાયો. વિચાર્યું કે ઘોડો અહીંથી જ પસાર થશે માટે તેની ડાળી પકડી લઈશ. પછી રાજાએ ડાળી પકડી લીધી અને ઘોડો પણ ઉભો રહી ગયો. હાંફીને બેસી ગયો. અને થોડીવારમાં તરત મરી ગયો. રાજાને થયું હવે મારે શું કરવું ? ઝાડ ઉપર ચડી જોયું તો એક માણસ જોયો. તે માણસ આવ્યો. ભાષા સમજાતી નથી. ઈશારાથી કહ્યું હું ભુલો પડયો છું. તે માણસ રાજાને તેના ઘરે લઈ ગયો. સારી સરભરા કરી. રસ્તો બતાવ્યો. ઉપકારનો બદલો વાળવા રાજા તે માણસને નગરમાં લઈ ગયો. મોટો મહેલ, અપ્સરા જેવી કન્યાઓ. રાજાશાહી ઠાઠ, સઠાવડ - સાધન - સામગ્રી વિગેરે તેને આપ્યું.

એકવાર મહેલના ટેરેસ પરથી તેણે જોયું. કોયલના ટહુંકાર, મોરના અવાજ થતા હતા. અને એને પોતાનું જંગલ યાદ આવ્યું. રાજાની રજા લઈ ઘરે પહોંચ્યો. ત્યારે ત્યાં બધાં ઝુંપડાના લોકો વીંટળાઈ વળ્યા. લોકો તેને પૂછે છે હેં ! નગરમાં સુખ કેવું છે ? ઘણું બધું. ત્યાં મકાન કેવું હતું ? ચેલા ધોળા મકાન જેવું ? ના, એ તો કુછ નહિં. તો કેવું ? બતાડ તો ખરા. ના, એ તો કુછ નહિં. ત્યાં જમવાનું કેવું હતું ? જોરદાર. આપણી રાબ જેવું ? ના. એ તો કુછ નહિં. તો કેવું ? પણ અહીં એવું કશું છે જ નહિં. તો કેવી રીતે બતાડું ? તેમ તમે કોઈ ગુરૂ મહારને પૂછો કે મોક્ષનું સુખ કેવું ? વિશિષ્ટ કોટીનું. જોરદાર. ભારત - પાકીસ્તાનની ઈન્ટ્રેસ્ટીંગ મેચમાં છેલ્લે છેલ્લે ભારત જીતતાં જે આનંદ આવે તેવું ? યુવાન ને લોટરી લાગે તેમાં જેટલો આનંદ હોય તેવું ? યુવાન પત્નિ સાથે સુખ માણીએ તેવું ? ૫,૦૦૦થી ઘર ચલાવતાં હોઈએ એને ૫૦,૦૦૦ની લોટરી લાગે તેમાં જેટલો આનંદ હોય તેવું ? ના. તમારે દુનિયાના જેટલા સુખો કહેવા હોય તેટલા કહો. પણ આ તો કાંઈ નહિં. એના કરતાં અનંતગણું ચડીયાતુ. તમે જે કોઈ સુખ અને ઈચ્છા કરી શકતા હો અને તે ઈચ્છા પૂરી થતાં જે આનંદ આવે તે બધા સુખ કરતાં મોક્ષમાં કંઈગણું સુખ છે. આ દુનિયામાં જે સુખ છે તેનો ગુણાકાર કરો. તેના અનંત - અનંત ગુણાકાર કરો તેના કરતાં અનંતગણું સુખ મોક્ષમાં છે. તેને પ્રાપ્ત કરવા સિદ્ધ બનવું પડે.

પણ સિધ્ધ બનો તે પહેલાં શિષ્ટ - સજ્જન તો બનો. તેના માટે શિષ્ટ પુરૂષના ગુણગાન કરો. વૃધ્ધિ પુરુષો - આચાર સંપન્ન એવા પુરુષો પાસેથી જેણે શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તો શિષ્ટ અને સારી વ્યક્તિના કાર્યોની પ્રશંસા કરવાથી સજ્જન બનાય. તે શિષ્ટ પુરુષ સંસારી છે માટે તેનામાં ગુણો - દોષો બંને છે. પરંતુ દોષો નથી જોવાના. જે દોષો જુએ તે સજ્જન બનીશકે.

આ નવપદની ઓળીમાં શ્રીપાળ - મયણાંએ આરાધના કરી છે. તેનાથી મોક્ષના સુખની સાથે બધા ભૌતિક સુખ પણ મેળવી લીધા. તેમનામાં પહેલો ગુણ એ હતો કે (૧) લોકોપવાદ ભિરુત્વ. આપણે જાણીએ છીએ કે શ્રીપાલ - મયણાએ નવપદની આરાધના કરી અને તેની કાયા કુંચનવર્ણી થઈ ગઈ. મયણાના પિતાને ખબર પડી. વાજતે - ગાજતે નગરમાં પ્રવેશ કરાવ્યો. જૈન શાસનની મહાન પ્રભાવના થઈ. એકવાર શ્રીપાલ રાજા ફરવા નીકળ્યા છે. એક

મા- દીકરો વાત કરે છે. દીકરો પૂછે છે આ કોણ છે ? મા કહે આપણા રાજાના જમાઈ છે. અને શ્રીપાલને ચોંટ લાગી. લોકોપવાદનો ભય છે કારણ પોતાના પરાક્રમથી ઓળખાય તે ઉત્તમોત્તમ. પિતાની નામથી ઓળખાય તે ઉત્તમ. મામાના નામથી ઓળખાય તે મધ્યમ. પણ સસરાના નામથી ઓળખાય તે અધમ કહેવાય. માટે શ્રીપાલે મા પાસે રજા લીધી અને પરદેશ ગયા. કારણ લોકનિંદાનો ભય તેમનામાં હતો. તે વિશિષ્ટ પુરુષ હતો. એ જ વાત મયણાની છે. જ્યારે જૈન શાસનની નિંદા થવા લાગી ત્યારે તેણે ગુરૂ મહારાજ ને કહ્યું કે આ જૈનશાસનની નિંદા મારાથી સહન થતી નથી. માટે કાંઈક કરો. અને શિષ્ટ પુરુષ બનવું હોય તો જેના સદ્ગુણો - સુંદર કાર્યો દેખાય તેની પ્રશંસા કરવી.

(૨) દીન- અનાથ પર કરૂણા :- જે દીન-અનાથ દુઃખીને જોઈ તેને મદદ કરવા દોડે છે. શ્રીપાલનો રોગ મટી ગયો નવપદના પ્રભાવે. પણ શ્રીપાલે શું કર્યું ? ૭૦૦ કોઢીયા ઉપર પણ ન્હવણ જલ છાંટી તેઓની કાયા કંચનવર્ણી બનાવી દીધી. એટલું જ નહિં પોતે રાજા બન્યા બાદ ૭૦૦ કોઢીયાને બોલાવી જુદા - જુદા ગામના રાણા બનાવ્યા. આ વાત સાંભળી તમે કહો વાહ - વાહ શ્રીપાલ ગુણવાન. તો તમે શિષ્ટ પુરુષ. એના બદલે તમે વિચારો કે એને વફાદાર માણસોની જરૂર હશે. અંદરમાં કાંઈક હશે તો જ રાખ્યા હશે. તો આપણે સજ્જન નથી.

(૩) કૃતજ્ઞતા :- કોઈએ નાનો કે મોટો ઉપકાર કર્યો હોય તેના ઉપકારને યાદ કરી તેના ગુણગાન ગાય તેને બધે જ આગળ કરે. માતા-પિતા-ગુરુજનો વિગેરે. શ્રીપાલ - મયણા એક દિવસ દેરાસરમાંથી નીકળતા હતા. સામે કમલપ્રભા માતા આવતી હતી. મા એ દીકરાને ઓળખ્યો નહીં. પણ દીકરાએ મા ને ઓળખી લીધી અને ત્યાં રસ્તામાં જ પગમાં પડી ગયો. તમે લોકો શું કરો ? શરમ આવે. જેને આવે શરમ એના ફુટ્યા કરમ. પત્નિ પણ પગમાં પડી. શ્રીપાલે કહ્યું મા આશીર્વાદ આપ. ત્યારે માને ખબર પડી કે આ મારો દીકરો છે. મા એ કહ્યું : હું તો તારા માટે વૈદ્યની તપાસ કરતી હતી અને તું તો નીરોગી થઈ ગયો. ત્યારે શ્રીપાલે કહ્યું : મા આ બધો પ્રભાવ તારી પુત્રવધુનો છે. તેની પ્રશંસા કરી અને ઓળખ પણ અપાઈ ગઈ. ત્યારે મયણાએ કહ્યું : આ બધો તો સિધ્ધચક્રનો પ્રભાવ છે. આ શ્રીપાલમાં રહેલો કૃતજ્ઞતા ગુણ. કે રસ્તામાં પણ મા ના પગમાં પડી ગયો અને પત્નિનો પણ ઉપકાર માનતા કાચી સેકંડની વાર ન લાગી. તમારી પત્નિએ તમને ધર્મના માર્ગે લાવ્યા હોય તો કોઈ દિવસ બોલ્યા કે આ પત્નિએ મને ધર્મના માર્ગે ચડાવ્યો ! શિષ્ટ પુરુષના આચારની પ્રશંસા કરતાં શીખો. તમે શ્રીપાલ - મયણાની પ્રશંસા તો કરો. કારણ તે તો ભૂતકાળમાં થઈ ગયા. પણ તમારી આજુબાજુ વાળાના વખાણ કેટલા કર્યા ? નાનો - મોટો કોઈએ ઉપકાર કર્યો હોય તેની

પ્રશંસા કરવાની.

(૪) દાક્ષિણ્ય : દાક્ષિણ્ય એટલે લજ્જા. પોતાનું ગુમાવીનેય બીજાનું કરે. કોઈને મદદ કરવા અડધી રાતે દોડે. તે ના ન કહી શકે. ચેલો ભવદેવ લજ્જાને કારણે જંબુસ્વામી બન્યો. શ્રીપાલ વેપાર કરવા પરદેશ જઈ રહ્યા છે. એક સિધ્ધપુરુષે કહ્યું : મહાપુરુષ મને મદદ કરશો. મારા ઉત્તરસાધક બનશો. શ્રીપાલ ના ન પાડી શક્યો. તેનો ઉત્તરસાધક બન્યો. ચેલાને તરત જ વિદ્યા સિધ્ધ થઈ ગઈ. ધવલના ૫૦૦ વહાણ ઉપડતા નથી. અને શ્રીપાલે તેના વહાણ ચાલતા કરી દીધા. એમને એમ શ્રીપાલ-મયણા વખણાયા નથી. આખા સંસારને જેણે છોડ્યો છે એવા સાધુ-સાધ્વી પાટ પર બેસીને જેણે નવ પત્નિઓ સાથે સંસારના સુખો ભોગવ્યા છે. તેના વખાણ કરે છે. તેના ગુણગાન ગાય છે. તમે ભલે હેમચંદ્રાચાર્ય ન બની શકો પણ મીની મયણા - મીની શ્રીપાળ તો બનો. તમે ભલે અનીતિ છોડી શક્તા નથી પણ નીતિ કરનારના વખાણ તો કરો. ભલે બ્રહ્મચર્ય ન પાળી શકો પણ જે બ્રહ્મચારી હોય તેના વખાણ તો કરો. શિષ્ટ પુરુષ બનવાની વાત નથી. પણ જે શિષ્ટપુરુષ છે તેના વખાણ કરવાની વાત છે. તમે જ જણા ભેગા થઈને નીંદાના કસુંબા ઘૂંટતા હો ત્યારે ૫ મો કહે છે કે નીંદા ના કરો. તો સાંભળી તમને આનંદ થાય કે નહિં ? તને શું ખબર એ કેવો છે ? એમ કહી તેની મશ્કરી કરો. કોઈ તારા ધર્મગુરુ કે ભગવાનની નીંદા કરે તો સાંભળવાની નથી. અવસર આવે તારા કાનને ઢાંકી દેવા. શિષ્ટ પુરુષ ક્યારેય નીંદા કરનારો ન હોય અને તેવા માણસને જોઈને આનંદ થતો હોય તો ભલે તમે નીંદા કરો છો છતાં તમે શિષ્ટ છો.

(૫) સજ્જનોની પ્રશંસા કર્યા વિના ના રહે. સજ્જન પુરુષ શ્રીપાલની વિશેષતા છે. ધવલને પકડી ને લાવે તો કહે આ તો મારો ઉપકારી છે કે જેના કારણે હું રૂપિયા કમાયો. રાજકુમારી મળી. ભલે શ્રીપાલને મારી નાંખનારો હોય. જ્યાં જ્યાં ગુણ ઓછા-વત્તા પ્રમાણમાં દેખાય તેના ગુણો ગાવાના. દોષો નથી ગાવાના. કારણ મારે ગુણવાન બનવું છે. દોષવાન નહીં. ગમે તેટલી આપત્તિ આવે તોય આંખમાં આંસું નહિં. દીનતા નહિં. શ્રીપાલના આંખમાંથી ક્યારેય આંસું પડ્યા ? કોઈ રોગ થયો દરીયામાં ફેંકાઈ ગયો. બે પત્નિઓ છુટી ગઈ. મયણાને પણ તેના પિતાએ કોઢીયાના હાથમાં સોંપી તોય આંખમાં આસું નથી આવ્યા. કારણ કે તે શિષ્ટપુરુષ હતા.

જૈન તે જ કહેવાય જે મોહરાજાની સામે ઝઝૂમે. જૈનશાસન એવું છે જેના દ્વારા મોહનું સ્વરૂપ સમજાય. મોહ સામે ઝઝૂમી પામ્યા સિધ્ધિપદ. સિધ્ધ ભગવંતો. આજે આચાર્યપદનો દિવસ છે. આચાર્ય કેવા છે ? જૈન ધર્મના દક્ષ વેપારી. અરિહંત પરમાત્માએ આપેલ માર્ગને આપણા સુધી પહોંચાડવામાં કશળ આચાર્ય છે.

અરિહંતનો વિશિષ્ટ ગુણ માર્ગોપદેશકતા છે. સિધ્ધ ભગવંતનો વિશિષ્ટ ગુણ વિનાશી તત્વના આકર્ષણને તોડી અવિનાશી તત્વોમાં જોડાવાનું છે. અવિનાશી એવા સિધ્ધના આકર્ષણને કરવા માટેની સાધના છે. સિધ્ધપદની વિનાશી કોણ ? શરીર - ભૂખ - તરસ લાગેને અકળાઈએ. ઘડીકમાં પગ ઉંચો - નીચો કરીએ આ શરીરની આસક્તિ તોડવા સિધ્ધપદની આરાધના છે. હવે કપ-રકાબી ફૂટી જાય તો ગુસ્સો ના આવે ને ? અવિનાશીનું આકર્ષણ કરવાનું છે. આચાર્યપદની ભાવ આરાધના શું ? આચારની ચુસ્તતા. પોતે સ્વયં પાલન કરે. આજુબાજુવાળાને પણ તેમાં જોડે. આ વિશેષતા છે આચાર્યની. જીવનને આચારથી સમૃધ્ધ બનાવવું તે ભાવ આરાધના છે. ૩૬ × ૩૬ ગુણો અને જે જવાબ આવે તેટલા આચાર્યના ગુણો છે. આ બધી વાતો આચારની સાથે સંલગ્ન છે. તેથી આચારોને જીવનમાં લાવવાના. આચારથી સમૃધ્ધ બનવા માટે ૧૨ વ્રતને સ્વીકારો. શ્રાવકના ૧૨ વ્રતની આરાધના તે આચારનું પાલન છે. અનાચારોનો ત્યાગ કરો તો જ આચાર્યપદની આરાધના વધે.

આસો - સુદ - દ્વિતીય - ૧૦, મંગળવાર

ઉપાધ્યાય પદ :- ઈષ્ટ અને પરમઈષ્ટમાં ફેર. ઈષ્ટમાં પત્નિ - પુત્ર - પૈસો વિગેરે આવે. પણ તે પરમ નથી. કારણ જેને મેળવ્યા પછી બીજી ઈચ્છા ઉભી રહે. પણ ઈચ્છા ઉભી ન રહે તે પરમ ઈષ્ટ. ભોગ સુખોના તમામ પદાર્થો મેળવ્યા પછી બીજા પદાર્થો મેળવવાની સતત ઈચ્છા ચાલુ. જ્યારે પાંચે પરમેષ્ઠિ પરમ ઈસ્ટ એને મેળવ્યા પછી મેળવવાનું કાંઈ બાકી નથી.

परमो तिष्ठति इति परमेष्ठि । વિશિષ્ઠ કોટીનું સ્થાન. દેવ - ગુરુતત્વ એમાં આવે. ભગવાન એ ગુરુ છે. જગચિંતામણી - જગનાહ - જગગુરુ પરમાત્માએ ગુરુ પણ છે. ભગવાનની ભક્તિ કરવી સહેલી પણ ગુરુની ઉપાસના કરવી અઘરી કારણ ભગવાન બોલે નહિ. જ્યારે ગુરુ આપણને બધું કહે આપણી ભૂલો કાઢે. ભગવાનમાં એકપણ પાપ - દોષ નથી. જ્યારે ગુરુ દોષોથી ભરેલા છે. ભગવાન હસે છે.

ગુરુ ક્યારેક લાલ આંખ પણ કરે છે. માટે ભગવાનની ભક્તિમાં ગાંડા થવું સહેલું છે પણ ગુરુની ઉપાસના કરવી અઘરી છે. કેટલીકવાર સંસારમાં રહેલો મુમુક્ષુને દીક્ષા પહેલાં ગુરુ પ્રત્યે જેટલું બહુમાન હોય તેટલું દીક્ષા પછી નથી હોતું. કારણ તમે સંસારમાં હો ત્યારે ડીફ્રેશ ઘણું લાગે. તમે કેટલા ઉંચા હું કેટલો નીચો. પણ દીક્ષા પછી તમેય સાધુ હું યે સાધુ. આપણે બન્ને સરખા. ક્યારેક ગુરુ નવકારશી કરે. શિષ્યને એકાસણું કરવું હોય. ગુરુ ગુસ્સાવાળા હોય. શિષ્ય ક્ષમાનો ભંડાર હોય પણ એમાં અયોગ્યતા શિષ્યની છે. સંસારમાંથી ડૂબતાં એવાં મને બહાર કાઢ્યો. આ પ્લસ ગુરુનો છે. એટલે ગુરુ તત્ત્વ સર્વસ્વ તરીકે હૈયામાં બેસી જવું જોઈએ. ગુરુનું કામ ઘણું કપરું છે. બધાના દોષો જોયા પછી રાગ-દ્વેષ થવાનું કારણ મોહનીય કર્મ ભગવાને નાશ કર્યું છે. જ્યારે ગુરુ છદ્મસ્થ છે.

પેઈન્ટરને કોરા કાગળ પર ચિત્ર દોરવું સહેલું છે પીંછી લઈને જે કરવા માંગે તે કરી શકે. કારણ કાગળ પ્રતિકાર કરતું નથી. શિલ્પીને પત્થરમાંથી મૂર્તિ બનાવવી સહેલી છે કારણ પત્થર પ્રતિકાર કરતો નથી. પણ ગુરુને શિષ્યમાંથી ભગવાન બનાવવો અઘરો છે. કારણ શિષ્ય પ્રતિકાર કરે છે. એ રિસાઈ જાય. સામે બોલે. મોઢું બગાડે, ખોટું લાગી જાય તો મલમપટ્ટો કરવાનો. ગુરુએ કેટલી જવાબદારી અદા કરવી પડે. જ્યારે ભગવાનને તો કાંઈ નહિં કરવાનું. ગુરુ બનવું અઘરું છે. હૈયામાં કદર કરજો. જે આચાર્ય - ઉપાધ્યાય - સાધુ - સાધ્વી બન્યા તે કેવું કપરું કામ કરતા હશે. આચાર્યનું કામ પિતા જેવું છે. ઉપાધ્યાયનું કામ માતા જેવું છે. અપેક્ષાએ ગૃહસ્થો એ ઉપાધ્યાય ની આરાધના ખાસ કરવી જોઈએ.

ઉપાધ્યાયનું કામ શું ? ભણે ભણાવે. તમારે જ્ઞાન તો જોઈએ જ છે. તમે જ્ઞાન-પંચમીની આરાધના કરો છો પણ ઉપાધ્યાય પદની આરાધના કરનારા કેટલા ? ઉપાધ્યાય નો બીજો ગુણ છે વિનય. અત્યારે તમારા દીકરા- દીકરી ઉશ્રૃંખલ, સ્વચ્છંદી, અવિનયી છે. માટે એ લોકોને ઉપાધ્યાય પદની આરાધના કરાવવી જોઈએ તેનાથી બહુમાન પેદા થાય છે. દરેક કાર્ય વિનય વિવેકપૂર્વક કરે માટે ઉપાધ્યાયપદની આરાધના અત્યંત જરૂરી છે.

ઉપાધ્યાય પદનો વર્ણ લીલો કેમ ? ઉનાળો હોય. સૂર્ય તપતો હોય. ધરતી તપતી હોય. જંગલમાં જતા હો. થાકી ગયા હો. ભૂખ- તરસ લાગી હોય એવા ટાઈમે એક લીલોછમ ઘેઘૂર વડલો જુઓ તો શું થાય ? હા..શ..! સામાન નીચે મૂકી દો. પગ લંબાવી દો. હળવા-ફુલ બની જાઓ. ઉપાધ્યાય પણ એમ જ છે. તે ગચ્છમાં રહેલાં સાધુઓને લાગણી હુંફ આપી આનંદમાં મૂકી દે છે. તેથી જો તમારી હાજરી બીજાને ગમતી ન હોય અને ગમાડવી હોય તો ઉપાધ્યાય પદની આરાધના કરો. ઉપાધ્યાય જેવા લીલાછમ બનો. વાત્સલ્ય આપવું. પ્રેમાળ વ્યવહાર કરવો. પ્રેમ-વાત્સલ્યથી બધાને નવરાવી દેવાના. લાગ-ણીના સરવૈયા છલકાવી દેવાના. કોઈના ઉપર ધિક્કાર-તિરસ્કાર નહિં. આપણી હાજરી માત્ર બધાને આનંદમાં લાવી દે. મીઠું મધુરું જ બોલવું છે. અને કડવું બોલવા-

નો અવસર આવે તો પણ સામાવાળાને કડવું ન લાગે એવી રીતે કહેવાનું.

બેનો છોકરાને કડવી દવા કેવી રીતે આપે ? ગોળમાં કે પેંડામાં નાખીને. જેથી તાવ પણ ઉતરે અને કડવી પણ ન લાગે. તેવી રીતે મીઠાશથી કહેવું. ઉપાધ્યાય પદ કહે છે આપણી પાસેથી કોઈને જવું ન ગમે. કાયમ માટે તે જોડે રહે તેવું ગમે. ગૌતમસ્વામી અષ્ટાપદની યાત્રા કરવા ગયા. ત્યાં વજ્ર-સ્વામીનો પૂર્વભવનો જીવ દેવ પણ ત્યાં આવ્યો અને ગૌતમસ્વામીએ પુંડ-રીક - કંડરીક અધ્યયન સંભળાવ્યું અને પેલો દેવલોકમાં ગયો. તે દેવ રોજ પાઠ કરે છે. ૫૦૦ ગાથાનો અને ૫૦૦ વાર સ્વાધ્યાય કરે અને દરેક ગાથામાં એકવાર દીક્ષા શબ્દ આવે. તેથી અઢીલાખ દીક્ષા શબ્દ રોજ આવે તેના કારણે બીજા ભવમાં જન્મતાં જ કોઈએ કહ્યું કે આના પિતાએ દીક્ષા ના લીધી હોત તો આનો જન્મનો ઓચ્છવ સારો કરત. અને દીક્ષા નામ સાંભળતા જ ચેલાને પૂર્વ-ભવના સંસ્કાર જાગૃત થયા. ઘોડિયામાં દીક્ષા ની રઢ લાગી. તેને એક શસ્ત્ર મળી ગયું. તેણે રડવાનું ચાલુ કર્યું. મા કંટાળી ગયા. એકવાર પિતા મુનિ ગામમાં આવ્યા. તેમણે ગુરુને કહ્યું: વહોરાવવા જાઉં છું. ગુરુએ કહ્યું: સચિત્ત-અચિત્ત જે આવે તે લાવજો. આ પોતાના દ્વારે આવ્યા. પેલીએ કહ્યું: લો તમારો દીકરો લઈ જાઓ. હું તો કંટાળી ગઈ છું. ચેલા લઈ આવ્યા. બહુ વજન હોવાથી વજ્ર નામ પાડ્યું. સાધ્વીજી મહારાજને સોંપી દીધો. ત્યાં બેનો તેની કાળજી કરે છે. ઘોડિયામાં સૂતાં - સૂતાં સાધ્વીજી મહારાજના મોઢે ૧૧ અંગ સાંભળી આને મોઢે થઈ ગયા. ૧૧ અંગનો જ્ઞાતા બન્યો. સાડા ત્રણ વર્ષે દીક્ષા લીધી. અપવાદ માર્ગે અપાઈ.

એકવાર ગુરુ મહારાજ અને બધા સાધુઓ બહાર ગયા છે. વજ્રમુનિ એકલા જ ઉપાશ્રયમાં છે. તેથી બધા જ વીંટીયા લઈ ગોઠવી દીધા અને પોતે પાટ પર બેસી ગયા. ચાલો હું તમને ભણાવું ? અને શાસ્ત્રોના પદાર્થો બોલવા લાગ્યા. ગુરુ મહારાજ આવ્યા તેમણે અવાજ સાંભળ્યો. બારીમાંથી જોઈ લીધું. પછી થોડીવાર રહીને નીસીહી કહીને પ્રવેશ કર્યો. ચેલા ફટાફટ બધાના વિંટીયા મૂકી દઈ પોતાની જગ્યાએ ભણવા બેસી ગયા. ગુરુને લાગ્યું આ આટલો જ્ઞાની છે તે આ બીજા બધા સાધુ પાસે ભણે તો તે જ્ઞાનીની આશાતના કહેવાય. તેથી ગુરુએ બધાંને કહ્યું : મારે અમુક પ્રસંગમાં જવાનું છે. બધા સાધુ-ઓ કહે અમે પણ આવશું. ગુરુ કહે ના. તમે અહીં રહીને ભણો. પણ અમને કોણ ભણાવશે ? આ વજ્રમુનિ બધાને ભણાવશે. અને ગુરુના ગયા પછી વજ્રમુનિ બધાને ઉંચામાં ઉંચા શાસ્ત્રના પદાર્થો ભણાવે છે. સાધુઓને થયું આ બધું ક્યાં ભણ્યો ? પણ શિષ્યો પણ કેવા યોગ્ય. એક પણ એવું ના બોલ્યા કે આને નહિં ભણાવું. એ તો કાંઈ નથી ભણ્યા. અમને ફાવશે નહિં ફાવે કાંઈ જ ન બોલ્યા.

આ વજ્રમુનિ પણ બધાં સાધુઓને પ્રેમથી ભણાવે છે. બધાં સાધુઓ પણ

નમ્રતાથી ભણે છે. તો કલ્પના કરો બધાને કેટલો પ્રેમ આપીને જીતી લીધા હશે, કે ૫૦૦ તેમનાથી મોટાં હોવા છતાં શિષ્ય બનીને ભણવા લાગ્યા. એમને છોડવા તૈયાર નથી.

એ જ રીતે તમે તમારા દીકરા - દીકરીને એવી હુંફ - વાત્સલ્ય આપો કે તે તમને છોડવા તૈયાર ન થાય. માતા - પિતાના વાત્સલ્યથી સંતાનની અંદર એક શક્તિ પેદા થાય કે ગમે તેટલા પડકારો આવે તેને ઝીલી શકે. ગમે તેટલા દુ:ખો આવે તેને સહન કરવાની તાકાત આવે. આવા મા જેવા ઉપાધ્યાય બનવા માટે ઉપાધ્યાય પદની આરાધના કરવાની, જેથી ગમે તેવા પ્રકારની આપત્તિ આવે તો, તેમાં પણ મસ્તી - આનંદ હોય. તો તેવા શિષ્ટ પુરુષોનું જીવન જોઈને તમે ગુણ ગાયા વિના ન રહી શકો.

(૬) આપત્તિ આવે તો દીનતા નહિં. આ શિષ્ટ પુરુષનો ગુણ છે. સીતાના જીવનમાં કલંકથી માંડીને કેટલી આપત્તિઓ આવી તો પણ દીનતા નહોતી. શ્રીપાલના જીવનમાં પણ કેટલી આપત્તિઓ આવી. દરીયામાં નાખી દીધો. ડુંબ તરીકેનું કલંક આવ્યું. તે વખતે રાજા પૂછે છે તમારો પરિચય આપો. પાણી પીધા પછી ઘર પૂછો છો ? એમ કહી મ્યાનમાંથી તલવાર કાઢી. હવે દેખાશે મારો પરિચય. આ શિષ્ટ પુરુષ હતો, માટે દીનતા નહોતી. તેવા શિષ્ટ પુરુષને જોઈને તેના ગુણગાન કરવાના.

(૭) संपदि नम्रता : જેમ જેમ સંપત્તિ વધે હોંશિયારી વધે તેમ તેમ નમ્રતા આવતી જાય. તેમ - તેમ નમતું જાય. ક્યાંક સંપત્તિવાન દેખાય સાથે નમ્રતા દેખાય તો પ્રશંસા કરજો. સંઘ આવી રહ્યો છે. ધૂળ ઉડી રહી છે ત્યારે કોઈ કહે મંત્રીશ્વર ધૂળ ઉડે છે ચાલો બીજા રસ્તે જઈએ ત્યારે વસ્તુપાળ કહે છે આ સંઘમાં આવતા ભાગ્યશાળીઓ શત્રુંજય જઈ રહ્યા છે એમના ચરણની ધૂળ તો આપણે મસ્તકે લગાવવી જોઈએ. સત્તાની સામે કેટલો ઝુકાય ? સંઘ આવી ગયો. તેમનો સત્કાર કર્યો. પછી આવનારા યાત્રિકોને એક - એકના દૂધથી પગ ધોવા લાગ્યા. ખાધા - પીધા વિના ત્યારે બધા કહે તમે જમી લો. બીજાને બેસાડો. ગુરુ મહારાજે પણ કહ્યું પણ વસ્તુપાળ કહે ના, બધો લાભ હું જ લઈશ તે વસ્તુપાળ - તેજપાળ શિષ્ટ પુરુષ હતા. કારણ સંપત્તિમાં પણ નમ્રતા હતી. તમે લોકો સોનિયા ગાંધીને કેમ માનસિક રીતે માન આપો છો કારણ કે તેને સત્તા મળતી હતી છતાં છોડી દીધી એના છોકરાને પ્રધાનપદ મળતું હતું છતાં છોડી દીધુ છેલ્લે કદરતો ગુણની જ થાય છે.

(૮) प्रस्तावे मित भासितं । પ્રસંગ આવે ત્યારે માપ સરખું બોલવું. અવસર આવે ત્યારે કહેવું શોભે તે પણ હિત પ્રિય, અને મિત બોલવાનું. તમે અપ્રિય બનતા હો તો એનો અર્થ એ છે કે આખો દિવસ ટકટક કરો છો. સેકન્ડ કાંટો સતત ટકટક કરે છે. તે કોઈના ધ્યાનમાં નથી આવતો અને કલાક કાંટો અવસરે જ ડંકા પાડે છે તો તેની કિંમત છે અને જરૂર હોય તેટલા જ ડંકા વગાડે તો જ તેનું મહત્ત્વ છે. અવસર વિના કોઈને કાંઈ ના કહેવાય. તો સામેવાળાને પણ માન જાગે. તે પણ કેવું બોલવું ?

(૯) अविसंवादि ! તમારી વાત સાથે વિરોધ આવે એવું નહિં. વચન બધાને આપવાનું પણ કામ કાંઈ ના કરે. તમે જે બોલ્યા છો તેની સાથે તમારા જીવનનો વિરોધ ના આવવો જોઈએ. જેવી કરણી તેવા કાર્યો અને જેવા કાર્યો તેવી કરણી. ક્યારેક તમે બોલ્યા હો તેના

કરતા કંઈક ફેરફાર કરવો પડે તો સામેવાળાને કહીં દેવું તેથી પોતાને ખબર પડે કે આની મજબુરી છે માટે આવું કર્યું.

કહનેવાલે ભી દીવાના સુનનેવાલાભી દિવાના. જે વ્યક્તિ બોલે છે એવું કરે છે તેવું બોલે છે તો તે વ્યક્તિ બોલે છે તો તે વ્યક્તિ શિષ્ટ કહેવાય. શ્રીપાલના જીવનમાં આવું જ દેખાય. તેને ધવલ શેઠે જે કહ્યું તે બધુ કર્યું. ક્યારે વિરોધ ન આવે. તો તેમની પ્રશંસા કરવાની.

આસો સુદ-૧૧, બુધવાર

સાધુપદ :- અરિહંત - સિધ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુ - દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ આ નવપદની આરાધના ચાલી રહી છે. બરોબર વચ્ચે આવી ગયા છીએ. ચાર દિવસ ગયા. ચાર દિવસ બાકી.

ભારતનું પ્રવેશદ્વાર ગેટ વે ઑફ ઈન્ડિયા. તેમ નવપદનું પ્રવેશદ્વાર સાધુપદ છે. જે સાધુ બને તે જ આચાર્ય - ઉપાધ્યાય - અરિહંત - સિધ્ધ બની શકે. તેમનામાં દર્શન - જ્ઞાન - ચારિત્ર હોય. સાધુની તપસ્યા જ વિશિષ્ટ કોટીની હોય. વિશિષ્ટ કોટીના આચારનું પાલન જ્ઞાન પરમાત્માના શાસન પ્રત્યેની શ્રધ્ધા સાધુમાં જ હોય. નવપદનો મીડીયા કોણ ? સાધુ - સાધ્વી. નવપદની અંદર પ્રવેશ સાધુપદ દ્વારા મલે છે. તેમાં પ્રવેશ મેળવવા માટે જ સાધુપદની આરાધના કરવાની છે. સાધુપદની આરાધના સાધના એટલે બધું જ સહન કરવાનું સર્વસહા એનો એક અર્થ છે. પૃથ્વી આ પૃથ્વી પર ગાડી વિગેરે દોડે તે સહન કરે. આ ધરતી પર જે થાય તે બધું જ સહન કરે તેનો બીજો અર્થ છે સાધુ - સાધ્વી તે પણ ઠંડી - ગરમી વિગેરે ૨૨ પરિસહો સહન કરે. તમારે ત્યાં ક્લેશનું મૂળ છે અસહિષ્ણુતા. જેને સહન ન થાય તેને સંકલેશ ઉભા થાય. સંકલેશથી આર્તધ્યાન થાય. તેનાથી દુર્ગતિનું આયુષ્ય બંધાય. જીવનમાં ચાર વસ્તુ સહન કરવાની છે.

(૧) દુઃખ સહન કરવાનું :- સાધુ - સાધ્વી બધા જ દુઃખો ૨૨ પરિસહોને સહન કરે. દુઃખ આવે ત્યારે સહન કરવાની તાકાત ન હોય તો હાયવોય થાય તેનાથી નવા કર્મો બંધાય.

(૨) સુખને સહન કરવાનું :- દુઃખને સહન કરવું સહેલું પણ સુખને સહન કરવું અઘરું છે. કારણ તેમાં અહંકાર આવે. છાકટા બની જઈએ.

જાતજાતની વ્યક્તિઓનો તિરસ્કાર કરી બેસીએ. સુખને સહન ન કર્યું માટે બીજાનો તિરસ્કાર કરવાનું મન થયું. નમ્રતા આવે તો જ સુખને સહન કર્યું કહેવાય. તેથી જ શિષ્ટ પુરુષના ગુણોમાં કહ્યું કે સંપત્તિ આવે ત્યારે નમ્રતા આવે તો જ સુખને સહન કર્યું કહેવાય.

(૩) કડવા વચનને સહન કરવા :- દુ:ખ - સુખ તો હજુ સહન થઈ જાય પણ કોઈના કડવા વચનો સહન કરવા અઘરા છે. તેની સામે પ્રતિકાર નહિ. કાંઈ બોલવાનું નહિં. ૨૨ પરિષહોમાં અઘરામાં અઘરો પરિષહ આ છે તમે શીત પરિષહ દૂર કરવા બે-ચાર બ્લેંકેટ અમને વહોરાવી દો, ગરમીને દૂર કરવા ઉપાશ્રયમાં ઉપર નીચે બારીઓ મુકાઓ. ભુખને દૂર કરવા તમે ગોચરી વહોરાવો. તરસને દૂર કરવા પાણી વહોરાવો. મચ્છરને દૂર કરવા મચ્છરદાની આપી દો. તમામે તમામ પરિષહોથી તમે અમને મુક્તિ આપી દો પણ એક પરિષહ એવો છે જે જાતે જ સહન કરવો પડે તે છે. આક્રોશ પરિષહ. તેને જીતવો બહુ મુશ્કેલ છે. તમે ૭૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હોય અને કોઈ ૯ વર્ષના છોકરાએ દીક્ષા લીધી હોય તો તમને કહી જાય તો તમને તરત થાય કે આ તો મારા પોતરા જેવડો છે. આપ મને કહી જાય. માટે દીક્ષા લેવી બાળકો અને યુવાનો માટે સહેલી પણ ધંધો-નોકરી કરેલા હોય. પરણેલા હોય. તેના માટે અઘરી છે. કારણ જેને ધંધો - નોકરી કરી હોય તેની આખી જિંદગી કેવી પસાર થઈ હોય. શેઠ હોય તો નોકર પર દાદાગીરી, પત્ની પર, પુત્રો પર ટૂંકમાં બધા પર બોસ બનીને રહ્યા હોય અને અહીં આવ્યા પછી નાના થઈને રહેવું પડે તેને અઘરું પડે. નાના - યુવાન ઉંમરમાં દીક્ષા લેવી સહેલી કારણ સ્કુલમાં ટીચરનું ઘરમાં મમ્મી-પપ્પાનું આજુબાજુવાળા બધાનું સાંભળીને ટેવાયેલા હોય. તેથી અહીં પણ બધાનું સાંભળી શકે. જ્યારે પરણેલા - મોટી ઉંમરવાળા બધાને સંભળાવીને આવ્યા હોય તેથી તેમના માટે દીક્ષા અઘરી છે. જે માનસિક રીતે તૈયાર થઈને આવે તેને વાંધો ન આવે. જી સાહેબ.. હાંજી કહેવું સહેલું નથી. જે મનથી ટ્રેન થઈને આવે. ન આવે તો અઘરું લાગે. મારામાં બુધ્ધિ વધારે છે. ઘણાના જોડ્યા છે. છુટા કર્યા છે અને અહીં આવીને ગુરુને સમર્પણ રહેવાનું ગુરુ સમર્પણ વિના સંયમ સફલ ન થાય. તમે ઉંધુ વિચારો છો કે પરણેલા દીક્ષા લે તો બ્રહ્મચર્યમાં જરાય વાંધો ન આવે. પણ અમે કહીએ છીએ તે તમારી ભ્રમણા છે. કારણ જેને આ ભવમાં આ શરીર દ્વારા બ્રહ્મચર્ય પાળ્યું છે માટે તેને કાંઈ યાદ ન આવે. કદાચ પૂર્વભવના સંસ્કારોને લીધે કુતુહલ થાય. જ્યારે લગ્ન કરીને આવેલો હોય. તેને આ શરીરથી અબ્રહ્મનું સેવન કરેલ હોવાથી એનું સ્મરણ થાય. તેથી પાળવું અઘરું બને. બધા દૃશ્યો નજર સામે તરે.

વળી દીક્ષા માટેની સૌથી સારી ઉંમર મારી અપેક્ષાએ ૧૩ વર્ષ થી ૨૭ વર્ષની છે કારણ કે ભણતો - ભણતો આવ્યો હોય. અહીં પણ ભણવાનું હોય. ખાલી વિષય બદલાય. તેને ભણવાનું ગમે.

માટે તમારા રગડા - ઝગડાનું મેઈન કારણ શબ્દો સહન ન થાય તે છે ક્યારેક દુ:ખ સહન ન થાય અને ઝગડા થાય. ક્યારેક સુખ સહન ન થાય અને ઝગડા થાય.

મુકેશ અંબાણી અને અનિલ અંબાણી કેમ ઝગડે ? એકબીજાનું સુખ સહન ન થાય માટે. કડવા શબ્દો સહન ન થાય અને ઝગડા.

(૪) સૌથી વધુ અઘરું છે બીજાના વિચારો સહન કરવા :- બધું સહન થાય પણ બીજાના વિચારો સહન ન થાય. કોઈ કહે આમ થવું જોઈએ બીજા કહે આમ થવું જોઈએ. તે સહન કરવાની તાકાત નથી. અવસરે તેના વિચારમાં તે સાચો પણ હોઈ શકે, પણ આપણે તેના વિચારો સહન નથી કરી શકતા. જનરેશન ગેપ એટલે શું ? એકબીજાના વિચારો એકબીજાને સેટ નથી થતા. નાના છોકરાઓ એકબીજાના વિચારો સહન કરી શકે પણ જ્યારે તે કોઈના બાપ બને ત્યારે ન કરે તમે તમારા એંગલથી સાચા હો બીજો વ્યક્તિ બીજા એંગલથી સાચો ન હોઈ શકે ? એકવાર ગંગા-જમના બજારમાં ગયા. સેલનું બોર્ડ હતું. ૧૦ પર્સન્ટ ડીસ્કાઉન્ટ. ગંગાએ સાડી ખરીદી અને કહ્યું પૈસા મારા પતિ આપી દેશે. ઘરે જઈ જમનાએ તેની બેનને કહ્યું કે મારી બહેનપણી ગંગાએ ૫૦૦૦ની સાડી ખરીદી. તેની બેન એકવાર ગંગાના ઘરે ગઈ પૂછ્યું તો તે કહે સાડા ચાર હજારની. અને ઘરે આવી બંને બેનો ઝગડવા લાગી. પેલી કહે સાડા ચાર હજારની જમના કહે ૫૦૦૦ની. તમે પણ આવા વગર ફોગટના ક્રિકેટના ઝગડા કર્યા કરો ને ? ફીકરની ફાકી કરે તેનું નામ ફકીર. પરિણામે બંને મારામારી પર આવ્યા. એક પુરુષ આવ્યો બંનેને શાંત પાડવા. પછી ગંગાને ફોન કર્યો. પૂછ્યું કે સાડી ૫૦૦૦ની કે ૪,૫૦૦ની ? પેલી કહે બંને સાચી. કેવી રીતે ? હું અને જમના સાથે ગયા હતા ત્યારે ૫૦૦૦ની કિંમત નક્કી કરીને આવ્યા હતા. પછી મારા પતિ લેવા ગયા ત્યારે ૧૦% ડીસ્કાઉન્ટ હતું એટલે ૫૦૦ ઓછા કરાવ્યા. ૪૫૦૦ની લઈ આવ્યા. સરસ્વતી જીભે વાત નીકળી એટલે મેં ૪૫૦૦ની છે એમ કહ્યું. તો હું સાચો એવો આગ્રહ રાખવાનો. આપણા ઘણા બધા ઝગડાનું કારણ છે બીજાના વિચારો સહન નહિં કરવાના. તેના માટે સાધુપદની સાધના કરો.

આપણે ત્યાં સિદ્ધસેન દિવાકરસૂરિ અને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ થઈ ગયા. બંનેએ જુદી-જુદી વાત કરી પણ સિદ્ધસેનસૂરિએ કહ્યું કે જિન-ભદ્રગણિ વિદ્વાન છે. મહાન હતા પણ આ વાત તેમણે કરી તે યુક્તિથી બેસતી નથી. છતાં તેમની વાત ખોટી છે એમ કહેવા નથી માંગતો. સાચું કેવલી જાણે. तत्त्वं केवलि गम्यं । જ્યારે જેનો જવાબ ન મળે ત્યારે કેવલજ્ઞાનીના ચરણે-માં મૂકી દેવાનું વિચારની સહિષ્ણુતા આને કહેવાય એટલે સાધુ બન્યા પછી બધો પરિગ્રહ છોડે પણ વિચારોનો પરિગ્રહ ન છોડે તે પણ પરિગ્રહ છે. અર્થાત્ કોઈ પક્કડ - કદાગ્રહ - આગ્રહ ન હોવા જોઈએ. એવા સાધુ-સાધ્વીના ચરણે-માં જઈએ તો બીજાના વિચારો સહન કરવાની તાકાત આવે. તેની દ્રવ્ય આરા-ધના છે. ૨૭ લોગ્ગસનો કાઉસ્સગ્ગ ૨૭ ખમાસમણા ૨૭ સાથિયા વિગેરે

પણ ભાવ આરાધના શું ? સહન કરવું તે કોઈ કાંઈ સંભળાવી જાય તો બોલવાનું નહિં. સહન કરે તે સાધુ. સાથે જો સાધુ સાધના કરે તે સાધુ. સાધુ - સાધના શેની ? દર્શન - જ્ઞાન - ચારિત્રની એટલે તમારે દર્શન - જ્ઞાન - ચારિત્રની સારા માટે સાધુ પદની આરાધના કરવાની. ત્રીજા નંબરમાં સહાય કરે તે સાધુ. બધાને સહાય કરવાની. એકબીજા માટે મરી ફીટવાનું તો જીવવાનો આનંદ આવે. તમે લગ્ન કરો તે વખતે વચન આપો કે એકબીજાને સહાયક બનશું તો હવે કેમ મોઢું બગાડો છો. પોતે જ સ્વીકારે તે અવશ્યક. રોજ શિષ્ટ ચરિત પ્રશંસનમ્ માં આવે છે.

(૧૦) प्रतिपन्न क्रिया । :- સ્વીકારેલી વસ્તુને પૂર્ણ કરવી. જે માણસ પોતે બોલેલું વચન બરાબર પાળે તે સજ્જન કહેવાય. અને જે વ્યક્તિ એવો દેખાય તેની પ્રશંસા કર્યા વિના આપણે રહી ન શકીએ. હરિશ્ચંદ્રરાજા સ્મશાનમાં નોકરી સ્વીકારવી પછી જ્યારે પોતાના મરેલા દીકરાને લઈને પત્ની આવી છે. તો પણ કહ્યું કે પહેલા સ્મશાનનું દાન આપો. પછી જ લાકડા મળશે. બોલીને ફરી જવું તે શિષ્ટનું લક્ષણ નથી.

(૧૧) કુલધર્મનું પાલન :- બાપદાદાએ સદાવ્રત ખોલ્યું હોય તો દીકરા - દીકરી ચાલુ રાખે. બંધ ન કરી દે. ભોજનશાળા પાણીની પરબ વિગેરે પણ ચાલુ જ રાખે. તે સજ્જન કહેવાય. અને આવા સજ્જનો દેખાય તો તેની પ્રશંસા કરવાની.

(૧૨) असद्व्यय परित्यागः । :- શિષ્ટ પુરુષો ખોટા ખર્ચા ન કરે. જરૂર ન પડે ત્યારે એક રાતી પાઈ ન ખર્ચે અને જરૂર પડે તો પાંચ લાખ પણ ખર્ચી નાખે. આપણે ત્યાં પછેડી પ્રમાણે સોડ તાણવાની હતી. પણ તમે તો સોડ પ્રમાણે પછેડી શોધવા નીકળ્યા શિયાળામાં જરૂર નથી. તો પંખો નહિ કરવાનો. કેબલ કનેક્શન નંખાવવું નથી. ચાલીને જઈ શકાય તેવું હોય તો સ્કુટર નથી દોડાવવું. દેખાડો આડંબર ના કરો. લગ્નની અંદર રીસેપ્શન વિગેરેમાં ૫૦૦ - ૫૦૦ ની ડીશ. આ ખોટા ખર્ચા કરીને શું કામ લાંબા થાઓ છો ? કોઈ કરોડપતિ માણસ પાસે મોબાઈલ ના હોય તો તમે શું કહો ? ચીંગુશ છે.

બે કરોડપતિના છોકરા મહારાજ સાહેબને વંદન કરવા આવે. થોડા દિવસ પછી પૂછ્યું તમારા હાથે ઘડિયાળ કેમ નથી ? આ તે વખતની વાત છે જે વખતે મોબાઈલ નહોતો આવ્યો છોકરાએ કહ્યું જરૂર પડતી નથી. ઘરમાં પણ ઘડીયાળ છે. કોલેજમાં પણ છે. તમારા મિત્રો કહે તો તમને અપમાન જનક ન લાગે ? ના... હું ખોટા ખર્ચામાં માનતો નથી. એકવાર કહી દેવાનું પછી બધા બોલતા બંધ થઈ જાય. તું સ્કુલમાં જાય ત્યારે બધાની વચ્ચે ખરાબ ના લાગે ? ના... અમે સ્કુલમાં કોલેજમાં પ્રસંગે નોટબુક વિગેરે આપીએ છીએ. દાન કરીએ છીએ. શ્રીમંત છીએ એવું બતાવવા ઘડીયાળ રાખવાની જરૂર નથી. આ સજ્જન વ્યક્તિનું લક્ષણ છે. ખોટા ખર્ચનો ત્યાગ.

(૧૩) स्थाने च एव क्रिया । :- કોઈપણ ક્રિયા યોગ્ય સ્થાને કરાય. બીજા ના સ્થાને નહિં. રસ્તામાં થુંકો તો શિષ્ટ પુરુષ ના કહેવાઓ. તેમ પતિએ પત્નિને અથવા પત્નિએ પતિને કાંઈ કહેવું હોય તો દીકરા - દીકરીની હાજરીમાં ન કહેવું કારણ તેઓ દેખતા હશે તો તમારા વિરોધમાં પડશે. તેથી ઘડપણમાં દીકરાઓ મા ને સાચવવા તૈયાર થાય

બાપ ને નહિ. માટે સંતાનની હાજરીમાં ક્યારેય ઉંચા અવાજે બોલવાનું નહિં. લવ-કુશ રામચંદ્રજી સામે યુધ્ધે કેમ ચડ્યા ? સીતાજીએ ક્યારેય કહ્યું નથી કે તારા બાપે મને કેવી પરિસ્થિતિમાં મૂકી હતી. ઉલટું બરાબર કાળજી લીધી છે કે ક્યાંય છોકરાઓને ખબર ન પડી જાય. છતાંય બીજાઓ દ્વારા ખબર પડી ગઈ. સીતાજીની સાથે કેવી છેતરપીંડી કરીને સિંહનિનાદ જંગલમાં સગર્ભા અવસ્થામાં મૂકી દીધી કે તમારી સમેતશિખરની યાત્રા કરવાની ભાવના છે તો ચાલો એમ કહી સેનાપતિ લઈ ગયો. અને જંગલમાં મૂકી દીધી. અને આશ્રમમાં અથવા મામાને ત્યાં જન્મ થયો. છતાં ક્યારેય સીતાજીએ કોઈને કાંઈ કહ્યું નથી. પણ બીજા દ્વારા ખબર પડવાથી લવ-કુશ યુધ્ધ કરવા ગયા હતા.

તમારા દીકરા-દીકરીઓને તમારા નણંદ-જેઠાણી વિગેરે એ કોઈ દુઃખ આપ્યું હોય તો તેઓને ના કહેવાય. ક્યારેક પત્નિ-પતિ પર તૂટી પડતી હોય તેથી ઘણાં છોકરાંઓ કહેતા હોય છે કે દીક્ષા તો નથી લેવી, પણ લગ્ન નથી કરવા. માટે અહીં કહ્યું છે કે શિષ્ટ પુરુષ તે કહેવાય જે જગ્યાએ જે સમયે જે કરાતુ હોય તે કરે. તમે તો દેરાસરમાં પણ ગુસ્સો કરો. કરાય ? ના કરાય. સજ્જન તે જ કહેવાય યોગ્ય સ્થાને જે ક્રિયા કરવી જરૂરી હોય તે ત્યારે જ કરે.

આસો સુદ-૧૨, ગુરૂવાર

<u>દર્શનપદ</u> :- કાલે વાત કરેલી કે નવપદનું પ્રવેશદ્વાર સાધુપદ. તે વાત વ્યવહારથી કારણ સાધુ બનીએ એટલે બધું જ બને પણ નિશ્ચયનય કહે છે નવપદનું પ્રવેશદ્વાર સમ્યગ્ દર્શન છે. કારણ સમ્યગ્ દર્શન પામે તેને સંસારમાં દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ બાકી રહે. માટે શાસ્ત્રમાં અવારનવાર એક શ્લોક આવે છે " દંસણ ભટ્ઠો ભટ્ઠો, દંસણ ભટ્ઠસ્સ નત્થિ નિવ્વાણં, સિજ્ઝંતિ ચરણ રહિયા, દંસણ રહિયા ન સિજ્ઝંતિ." સમ્યગ્ દર્શનથી ભ્રષ્ટ તે બધાથી ભ્રષ્ટ છે. ચારિત્ર વિના કોઈનો મોક્ષ થાય પણ સમ્યગ્ દર્શન વિના મોક્ષ ન થાય.

જાડી ભાષામાં સમ્યગ્ દર્શન એટલે જિનેશ્વર પરમાત્માએ જે કહેલું છે તે જ સાચું. આવી આત્માની અંદર અવિહડ શ્રધ્ધા. દુનિયામાં ગમે તે થાય પણ સમ્યગ્ દર્શનવાળાને કાંઈ ન થાય. ભગવાને કહ્યું કે સોયના

અગ્રભાગમાં રહેલા બટાટાના કણિયામાં અનંતા જીવો છે. તો તમે માનો ? આપણા મનમાં લાગે તે સાચુ કે ભગવાન કહે તે સાચુ ? ભગવાન કહે તે... તો તમારી પલિન ખરાબ છે. ભગવાને કહ્યું, તમે શું માનો ? સાધુ માટે કોઈ ખરાબ બોલે, આડું અવળું કહે, તો તમે શું બોલો ? પેલા શ્રેણિકે શું જોયું ? કોઈ સાધુ માછલાની જાળ લઈને તળાવના કિનારે જઈને માછલા પકડીને માછલા મારે તો તમે શું કરો ? હવે જો તમે એ સાધુ પાસે જઈને ખાનગીમાં કહો કે મહારાજ સાહેબ આ સારું ન લાગે. અને પેલો સાધુ એમ કહે કે બધા આવા જ છે. તો તમે શું કરો ? હવે કોઈ સાધુ પાસે જવું જ નહિં. બધા આવા જ હોય. બધાને વાતો કર્યા કરો તમે. સાધુ- સાધ્વીના અમ્મા-પિયા છો. કદાચ તમારી દીકરીનો કુંડાળામાં પગ પડી ગયો, સગર્ભા બની તો તમે ગામમાં જઈને ફજેતી કરો કે છુપાવવાનો પ્રયત્ન કરો.

શ્રેણિક સાધુ પાસે પહોંચ્યો. કહ્યું, આ તમને ના શોભે. અને પેલો સાધુ બોલ્યો, ગૌતમસ્વામીથી માંડીને બધા સાધુ આવા જ છે. અને શ્રેણિકે લાલ આંખ કરીને મહારાજ જીબાન સંભાળીને બોલો. તમે ખરાબ છો એટલા માત્રથી બધા જ ખરાબ છે એવું નહિં. તમારું સારું લગાડવા બીજાને ખરાબ ન કહો. વચનનો વિવેક કરો. શ્રેણિક પાસે વિવેક હતો કે એક વ્યક્તિ ખરાબ હોઈ શકે પણ એનો મતલબ એવો નહિં કે આખી સાધુ સંસ્થા ખરાબ છે. હવે શ્રેણિક ત્યાંથી આગળ વધ્યો. એક દેવ તેની પરિક્ષા કરવા આવેલો. તેણે બીજુ રૂપ ધારણ કર્યું. સાધ્વીજી મહારાજના મોઢામાં પાન, સગર્ભા અવસ્થામાં નવ મહિના પૂરા થયા હોય તેવી અવસ્થા. તમે શું કરો ? ફુરિયો જ બોલાવોને ? છાપામાં આપો. ધમાલ મચાવી દો. આખા ગામમાં થૂ થૂ કરો. આવું કરાય ? ચોકી પાકટતા લાવો. ગંભીર બનો... ધીર બનો... ગંભીર બનો... ધીર બનો... પરિપક્વ બનો. શ્રેણિકે શું કર્યું ? કોઈ બીજી સ્ત્રીને વચ્ચે લાવ્યા સિવાય પોતે જ પ્રસુતિ કરાવી દીધી. બાળક જન્મી ગયું. બધું પતી ગયું. પછી આંખ લાલ કરી, કહે મહારાજ આ શું કર્યું ? સાધ્વી કહે મને શું કહો છો. ચંદનબાળા વિગેરે પણ આવા જ છે. શ્રેણિક કહે તમે ખરાબ એટલે બધા ખરાબ. પછી દેવ પ્રગટ થયો. તેણે કહ્યું પેલા માછીમારના રૂપે પણ હું જ હતો. સગર્ભા સાધ્વી પણ હું જ હતો. કોઈ ખરાબ નથી. બધા મહાન છે. આ તો તમારી પરિક્ષા કરવા માટે જ મેં કર્યું. આવી પરિક્ષામાં શ્રેણિક પાસ થઈ ગયા. જરાય શ્રધ્ધા ડગી નહિં.

(૧૭) જે મહત્ત્વનું કામ હોય તે સૌથી પહેલાં કરાય. એ શિષ્ટ પુરુષનું લક્ષણ છે. અહીં સાધ્વીજીનો પ્રસુતિનો કાળ આવ્યો, ત્યારે પહેલાં એ કર્યું. તમારે વ્યાખ્યાન અને પૂજા. રસોઈ અને વ્યાખ્યાન બંને સાથે આવે તો શું કરો ? શ્રીપાલે મયણાને પૂછ્યું, કાલે આપણે શું કરશું ? ઓપ્શન ઘણા હતા. કોઢ રોગને દૂર કરવા વૈદરાજને બતાવવું. બાજુ-ના નગરમાં મામા છે. એમના ઘરે જઈશું. મારી અંગત બહેનપણી આ જ નગરમાં છે એ સારી સલાહ આપશે. આશરો મળશે. ઘણાં ઑપ્શનમાં શું કરવું ? મયણાએ શું કહ્યું ? પહેલાં આદિશ્વર ભેટશું. દેવ-ગુરૂ પછી બીજું બધું. તમે શું કરો ? પહેલાં ડૉક્ટર કે દેવ-ગુરૂ?

સૌથી વધુ મહત્ત્વ કોને આપો ?

કીષ્કીંધા નગરીનો રાજા સુગ્રીવ તેનો મોટો ભાઈ વાલી. તેણે દીક્ષા લીધી. તેનો દીકરો ચન્દ્રરશ્મિ. તે યુવરાજ હતો. સુગ્રીવની પત્નિનું નામ તારારાણી. સુગ્રીવ એક દિવસ બહાર ગયો. બાજુના નગરનો રાજા તારારાણી પર મોહાયેલો હતો. તેને મેળવવી હતી. પણ તે એમ ને એમ મળે તેમ ન હતી. તેણે એક દેવીની સાધના કરી, તેણે બે વિદ્યા આપી. પ્રતારિણી. રૂપ પરાવર્તિની. હવે તેને સમાચાર મળ્યા કે સુગ્રીવ બહાર ગયો છે એટલે તેણે સુગ્રીવનું રૂપ ધારણ કર્યું. અને તેણે નગરમાં પ્રવેશ કર્યો. કોઈ તેને ખોટો માનતું નથી. કોઈ રોકતું નથી. તે આગળ વધ્યો. આને તો એક જ લેશ્યા છે. તારારાણીને મળવાની. એટલે અંતઃપુર સુધી પહોંચ્યો. ત્યાં બીજા સુગ્રીવ દરવાજે આવ્યો. અને દ્વારપાલ ચમક્યો. આ શું ? ચન્દ્રરશ્મિને સમાચાર પહોંચાડયા. અને આને ત્રણ કામ સાથે આપ્યા. (૧) સાચો સુગ્રીવ કોણ ખોટા કોણ ? (૨) જે સુગ્રીવ આવ્યો છે તેને દરવાજે અટકાવી દીધો (૩) અંતઃપુર પાસે જતાં સુગ્રીવને અટકાવી દીધો. તેણે તાત્કાલીક મંત્રીઓને બોલાવ્યા. તેણે મંત્રીઓને કહ્યું, તમે તમારી બુદ્ધિથી નક્કી કરો, સાચો કોણ, ખોટો કોણ ? સેનાપતિને કહ્યું કે દરવાજા જોકેના સુગ્રીવને અટકાવો અને રક્ષા કરો. ત્રીજું કાર્ય અંતઃપુરના દરવાજાવાળા સુગ્રીવને અટકાવવાનું. આ કામ હું જ કરીશ. કારણ મંત્રી વિગેરે ક્યારેક પૈસાની લાલચમાં આવી જાય. સેનાપતિ આઘો પાછો થાય તો મહત્વનું કાર્ય અત્યારે તારારાણીની શીલની રક્ષા કરવી તે છે. કારણ આ શિષ્ટ પુરુષ હતો.

પ્રસંગ પર દરવાજે ૧૦ વર્ષના છોકરાને ઉભો ન રખાય. ઘણાં શું કરે ? પ્યુન કે મીનીસ્ટર શું થાય ? એ કે કામમાં ભલીવાર ન વળે. કારણ ટાઈમની શરીરની મર્યાદા છે. માટે કામમાં સફળતા ન મળે. તેથી કઈ વસ્તુને કેટલું મહત્ત્વ આપવું તે સમજી બીજાને એ પ્રમાણે કામ સોંપવું જોઈએ. આવી બુદ્ધિ જેની પાસે હોય તે શિષ્ટ પુરુષ કહેવાય.

(૧૫) પ્રધાન કાર્ય નિર્બંધ: । આજે સમ્યગ્ દર્શનની આરાધના કરવાની છે. સમ્યગ્ દર્શન એટલે પૂરેપૂરું દર્શન કરો, અધુરું નહિં. કારણ અધૂરા દર્શનમાં રાગ છે. પૂરા દર્શનમાં વૈરાગ્ય છે. દા.ત. તમારા છોકરાને પુસ્તક લેવા મોકલ્યો તે ઉપર ઉપરથી જોઈને આવ્યો કહે પપ્પા નથી મલતું. તમે શું કહો ? ત્યાં જ છે. બરોબર જો. આ બરોબર જો, પુરું જો તે સમ્યગ્ દર્શન છે. માટે આજે વાત કરવી છે કે આ જગતના પદાર્થો વ્યક્તિઓનું દર્શન કરવું હોય તો પુરેપુરુ કરો. અધુરા દર્શનમાં રાગ પુરા દર્શનમાં વૈરાગ્ય. અધુરા દર્શનમાં મમતા. પૂર્ણ દર્શનમાં સમતા.

કેરીનું ફળ તેનું પુરેપુરું દર્શન કરો. કેરી સુંદર છે. મીઠી છે. શક્તિ વધારે હિમોગ્લોબીન વધે આ તેનું ઉપર છલ્લું દર્શન છે. તે કેરી પ્રત્યે રાગ પેદા કરાવે. હવે પુરું દર્શન કરો. આ જ કેરી બગડેલી છે. આ જ કેરી ખાધા પછી વોમીટ થાય

તો દેખવી ન ગમે. ૬ કલાક પછી વિષ્ટ બની જાય. અડવું તો શું સુંઘવુંય ન ગમે. વધારે રસ પીવાય તો ઉંઘ આવે ઝડલા આવે. ઘરના કામ ન થાય. કેરીનું અધુરુ દર્શન કરીએ તો રાગ થાય. પૂરું કરો તો વૈરાગ્ય થાય.

પૈસાનું અધુરું દર્શન કરો તો પૈસા પાછળ પાગલ બને. હાય પૈસો.. હાય પૈસો.. જાય તો આઘાત લાગે, મરી પણ જાય. પણ પૂરું દર્શન કરો તો આ જ પૈસો વૈરાગ્ય કરાવે. પૈસાને પરમેશ્વર માનો છો ને ? એક સુંદર મંદિર બંધાવો. અંદર સિંહાસન પધરાવો. એમાં પૈસા નામના પરમેશ્વરને પધરાવવાના. પછી નિસિહિ કરી અંદર પ્રવેશ કરો. એટલે પૈસા સિવાય કાંઈ વિચારવાનું નહિ. દેરાસરમાં જેમ ભગવાન સિવાય કોઈ વિચારાય નહિ તેમ. પછી ત્રણ પ્રદક્ષિણા દેવી. ત્રણવાર આપો એટલે ૧૨ વાર પૈસો દેખાય. પછી શું કરવાનું ? હાથ જોડી ઉભા રહો ત્યારે પૂરું દર્શન કરો. પહેલા અનિત્ય ભાવના વિચારો તેને પૂછો. હે પૈસા ! તું કાયમ ટકવાનો ને ? કાયમ તારું અસ્તિત્વ મારી પાસે ને ? મને હાથતાળી આપીને જતો નહિ રહે ને ? ત્યારે જવાબ મલશે. હું કદાચ રહીશ તો તું જતો રહીશ અને તું રહીશ તો હું જતો રહીશ. હું તારો છું જ નહિં, હતો નહિ અને થવાનો પણ નહિ. તારા છે દર્શન - જ્ઞાન - ચારિત્ર.

બીજી બાજુ હું પરલોક જઈશ તો તું સાથે આવીશ ને ? ના... હું તો તિજોરીમાંથી એ બહાર નહિ આવું. તું મારું શરણ છે ને ? કોઈ ડાકુ, ગુંડો, ચોર આવશે તો તું મને બચાવીશને ? પૈસો કહે : તું મારા શરણે જેટલો રહીશ તે જ મોટું અશરણ છે. મારા શરણે જેટલો રહીશ તેટલો ચોર - ડાકુનો ભય વધશે. બધા જ પ્રોબ્લેમો આવશે. તે પ્રોબ્લેમો દૂર કરવાને બદલે હું તેમાં જ તને ગરકાવ કરી દઈશ. ત્રીજી બાજુ પૈસા હું અને તું એક જ ને ? ના... તું એકલો જ આવેલો ને એકલો જ જવાનો. તું આવ્યો ત્યારે કપડામાં એકે ગજવું નહોતું અને છેલ્લે જઈશ ત્યારે કફન ઓઢાડશે તેમાં પણ ગજવું નહિ હોય.

૪થા નંબરના પૈસા, તું મારો ને ? ના... હું વેશ્યા જેવો છું. વેશ્યા કોઈની ના થાય તેમ હું પણ ક્યારેય કોઈનો થતો નથી. તો ડાહ્યો અને સમજુ માણસ વેશ્યા પાછળ પાગલ બને ખરો ? હું વેશ્યા જેવો છું. હવે રાગ થાય કે વૈરાગ્ય. ત્રણ પ્રદક્ષિણા દો એટલે ૧૨ વખત થઈ જાય. એમ ૧૨ ભાવના ભાવો તો વૈરાગ્ય પેદા થાય. અધુરું દર્શન સંસારના પદાર્થો પ્રત્યે રાગ કરાવે પણ પુરું દર્શન કરો તો વૈરાગ્ય થયા વિના ના રહે.

સંસાર પ્રત્યે રાગ કરવો તે અઘરો છે કારણ સંસારના આટલા છળ - પ્રપંચ - માયા વિગેરે જોયા પછી કયો વ્યક્તિ સંસારના પ્રત્યે રાગી થાય. તો સમ્યગ્ દર્શન એટલે પુરું દર્શન કરવું. એ જ તેની આરાધના છે. વાળ બહુ ગમતાં હોય તો વિચારવાનું કેન્સર થશે. બધા વાળ ખરી જશે. ટાલ પડી જશે.

અજૈનોના ગૌતમ બુદ્ધ કાંપિલ્યપુર નગર શુદ્ધોતન રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો. જ્યોતિષીને બોલાવ્યા. કુંડલી માંડી. મોઢું કરમાઈ ગયું. પણ પછી કહ્યું કે તે રાજા થશે. તેને ત્યાં દિકરાનો જન્મ થશે. બધાને સારું સાંભળવું ગમે. તો જ્યોતિષી શું કામ ખરાબ બોલે ? પણ મોઢું કરમાઈ ગયેલું તે રાજાની નજર બહાર ગયું નહોતું.

તેથી રાજાએ પૂછ્યું તમારું મોઢું કેમ પડી ગયું ? વાત એટલી જ છે કે જો તમારા દીકરાને વૈરાગ્યનું નિમિત્ત મળશે તો દીક્ષા લઈ લેશે. પછી રાજાએ શું કર્યું ? જ્યારે દીકરો બગીચામાં જાય ત્યારે પીળા પાંદડા દૂર કરી દેવાના. રોગી - ઘરડા - મડદાને ન જોવાય તેનું ધ્યાન રાખવામાં આવતું. કેમકે આ બધા વૈરાગ્યના નિમિત્તો છે.

અને એકવાર એવું બન્યું કે પેલો દીકરો કહે મારે અત્યારે જ બગીચામાં જવું છે. કહ્યું કે હજુ ૨ કલાકની વાર છે. પણ પેલો કહે ના મારે તો અત્યારે જ જવું છે. અને માળીને સમાચાર અપાયા નહિં. અને બગીચામાં ગયા. પહેલી વાર પીળા ફુલ જોયા. રોજ તો પીળા ફુલ દૂર કરી દેવાતા, એટલે લીલા ફુલ જ દેખાતા. તેથી પૂછ્યું. આજે પીળા ફુલ કેમ ? જે લીલા હોય તે પીળા થાય. આ વાક્ય ગોખાઈ ગયું. પછી કહે, નગરમાં જવું છે. ના... હજુ વાર છે. મારે તો અત્યારે જ જવું છે. અને જતાં સામે ઘરડો માણસ મળ્યો. પેલો કહે આ ત્રણ પગનો જાનવર કયો છે ? આ જાનવર નથી. માણસ છે. કેમ આવો ? તે ઘરડો છે. પહેલાં કેવો હતો ? તમારા જેવો. જે યુવાન હોય તે ઘરડા થાય. આગળ વધ્યા. કોઈની સ્મશાન યાત્રા પસાર થઈ રહી હતી. આ શું ? મરી ગયો છે ? પહેલાં શું હતો ? જીવતો હતો. મારા - તમારા જેવો. જીવતાં હોય તે મડદાં થાય. આ ત્રણ વાક્યોએ એને સંયમ લેવાની ભૂમિકામાં મૂકી દીધો. પાર્શ્વનાથ ભગવાનનાં શાસનમાં દીક્ષા લીધી. પછી બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. તમે કરો છો આવું પૂરું દર્શન ? જે પુરું દર્શન કરે તેને વૈરાગ્ય થાય. અપ્રમત બને.

જ્ઞાનપદ : ઓળીનો આજે સાતમો દિવસ. પહેલાં દર્શન પછી જ્ઞાન. પહેલાં જોવું પછી જાણવું. જોવું એટલે દર્શન. જાણવું એટલે જ્ઞાન. પહેલાં કોઈપણ વસ્તુની શ્રદ્ધા થાય. પછી જાણવા માટે પ્રયત્ન થાય. સમ્યગ્ દર્શન સાથે જોડાય સમ્યગ્ જ્ઞાન.

આ સંસાર દુઃખોથી ભરેલો છે માટે અસાર છે. એવું નથી. ડગલેને પગલે પાપો કરવા પડે છે માટે દુઃખો તો સંસારમાં છે. તેમ સંયમમાં પણ છે. પણ સંસાર રાગાદિ પરિણતીથી ઉભરાયેલો છે. માણસ સુખો પ્રત્યે રાગ અને દુઃખો પ્રત્યે દ્વેષ રાખે છે. તેને દૂર કરવાનો ઉપાય છે જ્ઞાન. જેને સમજાઈ જાય કે સમ્યગ્ જ્ઞાન ન હોય ત્યારે જ રાગ-દ્વેષ થાય. આ મારો દુશ્મન એવું કેમ લાગે ? કારણ તેને સમજણ નથી કે આના મારા કર્મોને કારણે ૨૫ લાખ લઈ લીધા. રાગ-દ્વેષના મૂળમાં છે અજ્ઞાનતા. અજ્ઞાનતા દૂર થાય સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ થાય. " गुणैर्यदि न पूर्णोऽसि, कृतमात्म प्रशंसया गुणैरेवासि पूर्णश्चेत कृतमात्म प्रशंसया । જો તું ગુણો વડે પૂર્ણ નથી તો અહંકાર કરવાની જરૂર નથી, અને જો તું ગુણો વડે પૂર્ણ છે. તો તું મહાન છે જ. બોલવાની ક્યાં જરૂર છે.? સમજણના ઘરમાં આવો તો માયા-કપટ બંધ થઈ જાય. માન ઓગળવા લાગે. આસક્તિ ઘટવા લાગે. બધા દોષો થાય છે સમજણ નથી માટે ગેરસમજમાંથી ઝઘડા ઉભા થાય છે. તે દૂર થાય એટલે કહીએ કે ભૂલ થઈ ગઈ. માફ કરજો. આપણે બધા પદાર્થો જેવા છે તેવા જાણતા નથી માટે રાગાદિ થાય. પરમાત્મા યથાવસ્થિતવાદી હતા. તેઓ જે પદાર્થ જે રીતે હોય તે રીતે જ જાણે છે.

શાસ્ત્રમાં એક પ્રસંગ આવે છે. જંબુસ્વામીના ચરિત્રમાં આ કથા મુકેલી છે. જંબુસ્વામી રાત્રે પોતાની રાણીઓને કહે છે કે એ મહેશ્વરદત્તાના જીવનમાં જે કાંઈ બન્યું એના મૂળમાં અજ્ઞાનતા જ હતી. શય્યંભવ બ્રાહ્મણ અજ્ઞાનતાથી જ હોમ હવન કરતા હતા. જ્ઞાન પેદા થયું શય્યંભવ સૂરિ બની ગયા. આ મહેશ્વરથી તેના માતા-પિતા. મહેશ્વરદત્તના લગ્ન થઈ ગયેલા સંસાર ચાલ્યો જાય છે. પિતા પૈસાની પાછળ પાગલ હતા. તેથી આર્તધ્યાનમાં મરીને બોકડો થયા. માતાનો સ્વભાવ બધાની સાથે ઝગડવાનો હતો. આખા ગામની નિંદા-ટીકા કરવાનો પરિણામ તે આવ્યું મરીને તે જ શેરીમાં કુતરી થઈ. ભસ-ભસ કરવાનો સ્વભાવ હતો ને.? આ કુતરી અવાર-નવાર મહેશ્વરદત્તના ઘરે વાસણો ચાટવા આવે અને આ સગો દીકરો લાકડી-થી મારીને બહાર કાઢે. તેના મૂળમાં શું હતું ? અજ્ઞાનતા. શેરીમાં ઘણાં ઘરો હતા. બધા ખાવાનું નાખે પણ આના જ ઘરે વધારે આવે. કારણ મમતા હતી. મારું ઘર. મારો પુત્ર. આનો સંસાર ચાલ્યો જાય છે. મહેશ્વરદત્ત ભોળો છે. દાવ-પેચ આવડતા નથી. તેની પત્નિનું ચારિત્ર સારું નથી. સાસુ-સસરા હતા ત્યાં સુધી કંટ્રોલમાં રહેતી હતી. નહીં રહેલું પકડું હતું. એકવાર તેનો પતિ બહાર ગયો અને તેણે કોઈ પુરુષને બોલાવ્યો. આ મહેશ્વરદત્ત કોઈ કારણસર તરત પાછો આવી ગયો. ધક્કો મારીને બારણું ખોલ્યું. અંદરનું દૃશ્ય જોઈને મ્યાનમાંથી તલવાર કાઢી ઘા માર્યો ને પુરુષ ખલાસ. પત્નિ ધ્રુજી રહી છે. મને છોડો હું ખરાબ નથી. એ ખરાબ હતો. આને એમ કે પેલાને મારી નાખ્યો. હવે આ શું કરવાની છે. એટલે માફી આપી દીધી.

પાછો સંસાર ચાલ્યો જાય છે. પેલા પુરુષની પત્ની સગર્ભા બની. અને એ જ મરીને

એના પેટમાં આવ્યો. આવો તમારો સંસાર. આ સંસારમાં શું ન બને તે સવાલ. મા પત્નિ બને. પત્નિ મા બને. છોકરાનો જન્મ થયો. અને આ મારો દિકરો. આ મારો દિકરો કરીને રમાડે છે. જેને પોતે જ ગયા ભવમાં દુશ્મન માનીને માર્યો હતો. એને જ આજે દિકરા તરીકે રમાડે છે. કારણ અજ્ઞાનતા. અજ્ઞાનતા એ ભયંકરમાં ભયંકર દોષ છે. જ્ઞાન એ સુંદરમાં સુંદર ગુણ છે. અજ્ઞાનતા સંસારમાં રખડાવવાનું કામ કરે છે. જ્ઞાન સંસારથી પાર પમાડવાનું કામ કરે, તો સમ્યગ જ્ઞાન મેળવવાનો પુરુષાર્થ કેટલો ? મહેશ્વરદત્ત માને છે કે મારા જેવો કોઈ બાપ છે કે જેને દીકરા પ્રત્યે આટલો પ્રેમ હોય ? દીકરાના સેડા પેટમાં જાય, પેશાબ પણ પેટમાં જાય. આ કોણ કરાવે ? અજ્ઞાનતા.

એક દિવસ સરાદ આવ્યા. એના પિતાનું શ્રાધ્ધ કરવાનું હતું. એ લોકો માંસાહારી હતા. શ્રાધ્ધ કરવા બોકડાનું માંસ ધરવાનું. આ બોકડાવાળાની દુકાને પહોંચ્યા. તેમાં તે બાપ બોકડો પણ ત્યાં જ છે. તેને ટીકી ટીકીને જોઈ રહ્યો છે. આંખમાં આંસુ આવી રહ્યા છે. તેને એમ કે આ મને બચાવશે. અને દીકરાએ એ જ બોકડો ખરીદ્યો. પેલો ખુશ થઈ ગયો. એને ક્યાં ખબર છે કે એ શેના માટે લઈ જઈ રહ્યો છે. જેને બાપ તરીકે પૂજતો હતો અને બાપને અવગતિમાંથી બહાર કાઢવા બાપની જ બલિ. કારણ અજ્ઞાનતા. બોલો, આ સંસારમાં રહેવાય ? જેમાં સંબંધો આટલીવારમાં પલટાઈ જાય.

બલિદાન અપાઈ ગયું. માંસ રંધાઈ ગયું. દીકરો જમી રહ્યો છે. પત્નિ પીરસી રહી છે. એ બોકડાના હાડકા બાજુમાં પડ્યા છે. તેને પેલી કુતરી આવીને ચાટે છે. અને પેલી પુત્રવધુ ધોકે ધોકે મારીને બહાર કાઢે છે. પેલો જમી રહ્યો છે. ખોળામાં દીકરો બેઠો છે. પેશાબ કરતાં તે થાળીમાં ગયું અને તે મસ્તીથી જમી રહ્યો છે. કેવો આ સંસાર ? તે વખતે બે જૈનમુનિઓ ત્યાંથી નીકળ્યા. દરવાજો ખુલ્લો છે. દુરથી દ્રશ્ય જોયું. તે જ્ઞાની છે. થુ થુ કર્યું. અને એકબીજાને કહે છે. अहो कष्टं अहो कीष्टं तत्त्वं न ज्ञायते परम् । પેલાની નજર ગઈ. જૈન મુનિઓ ક્યારેય જુઠું ન બોલે. તેમણે અમારું આ દ્રશ્ય જોઈને મોઢું કેમ બગાડ્યું ? અજૈન હોવા છતાં આટલી સમજણ તેનામાં હતી. તો તમે તો જૈન છો છતાં કેટલી શ્રધ્ધા ? મહારાજ કહે તે બધું જ માનો કે મનુભાઈ. ગમે તે માનો. ભગવાનની બધી વાતો ગમે કે ફાવે તેટલી જ ? જો ભગવાનની બધી વાતો માનો તો સમકિતી અને ન માનો તો મિથ્યાત્વી. સમજણની મહત્તા છે. સમ્યગ્ જ્ઞાનની આરાધના શા માટે ? સ્કુલમાં ટકા વધુ આવે તેના માટે ? તો તમે સમ્યગ્ જ્ઞાનની આરાધના મિથ્યાત્વને મજબૂત કરવા કરો છો. તમારો દીકરો ડૉક્ટર બનીને શું કરે ? બીજાને સાજા કરે કે માંદા પાડે ? એનેય બૈરા છોકરાં હોય ને ? તો એ શું ઇચ્છે. તમે સાજા થાઓ કે માંદા પડો એમાં ? તે એક રોગમાંથી મુક્તિ આપશે અને બીજા રોગ ઉભા કરશે. C.A. શા માટે ? ઈન્કમટેક્ષ બચાવવા માટે કે ભરવા માટે ?

મુંબઈમાં ડબલ ગ્રેજ્યુએટ ભણેલો ગામડામાં આવ્યો. તે એક ખેતરમાં

ગયો. ખેડૂત બળદીયા દ્વારા ફોતરા વિગેરે જુદા કરવાના કામ કરતો હતો અને ખેડૂત એક ઝાડ નીચે આરામથી ભજનીયા ગાતો હતો. બળદીયા ગળે ઘંટ બાંધેલો હતો. એટલે બળદીયો ગોળ ગોળ ફર્યા કરે. તે ચાલે એટલે ઘંટનો અવાજ આવે. પેલાએ આ જોયું. પોતાના M.B.A. ના થોથા ફેંદી કાઢ્યા. પણ તેને થયું કે આવું તો મારું ક્યારેય ભણવામાં આવતું નથી. તે ખેડૂત પાસે આવ્યો. કહે અંકલ - અંકલ મને કહોને આ બળદીયાના ગળામાં ઘંટડી કેમ લગાડી છે ? ખેડૂત કહે એટલીયે ખબર નથી પડતી કે બળદીયો ગોળ ગોળ ફર્યા કરે એટલે ઘંટ વાગ્યા કરે. જો તે ઉભો રહી જાય તો ઘંટ બંધ થઈ જાય. તો હું આવીને હાંક મારું એટલે કામ કરવા લાગી જાય. પેલો કહે આ સારું એકી સાથે કેટલા કામ થાય. બુદ્ધિતો આની પાસે જ છે. ચાલવા લાગ્યો. થોડીવાર પછી પાછો આવ્યો. કહે અંકલ, આ ઉભો ઉભો માથું ધુણાવ્યા કરે અને ઘંટ વગાડયા કરે તો તમને ખબર શી રીતે પડે કે તે કામ બજાવે છે. ખેડુતે એવી વેધક નજરે જોયું કે તે ધ્રુજી ગયો. પછી પૂછ્યું તું ગ્રેજ્યુએટ છે ને ? આઈ એમ ડબલ ગ્રેજ્યુએટ. તો તમારો બળદીયો તો સીંગલ ગ્રેજ્યુએટ પણ નથી. જે ભણેલા હોય ને તે કામ ચોરી કરી શકે. વધારે કાવા-દાવા, ભ્રષ્ટાચાર, દોષિતને નિર્દોષ, નિર્દોષને દોષિત જાહેર કરનારા ભણેલા કે અભણ ? જે સ્કુલ તમારા દીકરા - દીકરીને ખોટું શિક્ષણ આપે, સંસ્કારો દૂર કરે, દુર્ગતિમાં લઈ જાય. એને તમે સારું માનો એ કેટલી બધી અજ્ઞાનતા ? જ્ઞાનના ૫૧ ખમાસમણા કેમ ? એમાં આવે છે M.B.A નું એક ખમાસમણું, C.A. નું એક, ગુજરાતીનું એક, હિન્દી - ઈંગ્લીશ - ગણિત વિગેરે આવડી જાય એના ખમાસમણા છે ? ના... તો શેના માટે ? સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ માટે. તમારી નોટ પર લખેલું હોય છે કે સા विद्या या विमुक्तये । તે જ વિદ્યા છે જે સંસારના કાવા - દાવા પ્રપંચોથી દુર કરી મુક્તિ આપે. જેમાં દોષો હટે નહિં એ અજ્ઞાનતા છે.

પેલો મહેશ્વરદત્ત આવું સાંભળી દોડ્યો. મુનિઓ પાસે વિનંતી કરી પોતાના ઘરે લઈ ગયો. પછી પૂછ્યું, બોલો અહીં મારી શું અજ્ઞાનતા છે ? મારા અજ્ઞાનને દૂર કરો. મુનિએ કહ્યું, આ કુતરીને તારી પત્નિએ મારીને બહાર કાઢી તે બીજું કોઈ નહિં તારી મા છે. હેં..એં.. હા. એટલું જ નહિં તારા બાપની અવગતિ અટકાવવા જે બોકડાનું બલિદાન આપ્યું તે તારો બાપ છે. હેં... એં... હા. હજુ આનાથી ભયંકર તારી પત્નિ સાથે જે પરપુરુષ હતો, જેને તે મારી નાંખેલો તેનાથી જ તારી પત્નિ સગર્ભા બની અને તે જ મરીને તારી પત્નિના પેટમાં આવ્યો તે જ આ તારો દિકરો. હેં... એં... હા. સાંભળીને પેલો ચમક્યો. બેભાન થઈ ગયો અને ઢળી પડ્યો. હવે મારે આ સંસારમાં નથી રહેવું. મને સાધુપણું આપો. પહેલીવાર સાધુઓને જોયા છે, પણ અજ્ઞાનતા દુર થઈ. તે સંસારમાં ન રહી શકે.

જ્ઞાનતો તે જ છે જે સંસારમાંથી મુક્ત કરાવે. તમારા સ્કુલ - કોલેજનું જ્ઞાન તે અજ્ઞાન છે. સમ્યગ્ જ્ઞાનથી અજ્ઞાનના અંધારા ઉકેલવા માંડશે. જ્ઞાન - જ્ઞાની પ્રત્યેનો વિનય ને જ્ઞાનની આરાધના છે અને અવિનય ને વિરાધના છે. તમારા દીકરા - દીકરીઓના કપડાં કેટલા અક્ષરવાળા હોય છે ? જ્ઞાનની આશાતના કેટલી ? પછી પરીક્ષા આપવા જાય, ત્યારે કોઈ મહારાજ સાહેબ જોડે વાસક્ષેપ નખાવજે એટલે આવડી જાય ? પણ

તમારા અક્ષરવાળા કપડાં મહારાજ સાહેબનાં વાસક્ષેપ પર પાણી ઢોળી દે.
તમારો નાનકડો છોકરો K.G. સીનીયરમાં જવા તૈયાર ન હોય તો પરાણે મોકલો? તો પાઠશાળા કેમ ન મોકલો? સ્કુલ ન જાય તો લાલચ આપીને મોકલો તો પાઠશાળા માટે લાલચ ન આપી શકો? પાછા એમ કહેવા આવો મહારાજ સાહેબ પાઠશાળામાં પ્રભાવના કરાવોને? સ્કુલમાં કેમ નથી કહેતા? ત્યાં તો ડોનેશન કેટલા આપો? પાઠશાળામાં મફત. જે શિક્ષણ નકામુ છે તેના માટે ચોપડીઓ વિગેરે કેટલુ આપો? રોજ નવી-નવી ડીમાન્ડો આવી જાય. અને જો પાઠશાળામાં ચિત્રપોથી મંગાવે તો પૂછવા આવશે હેં ચિત્રપોથી શેના માટે? ક્યારેય સ્કુલના ટીચર પાસે પૂછવા ગયા એના શેના માટે? બધું મફતમાં ને ઉપરથી દાદાગિરિ કરવી. તમારા દીકરા-દીકરીને સંસ્કારી બનાવવા સમ્યગ્ જ્ઞાન જોઈએ. અજ્ઞાનતા દુર થાય તરત જ વૈરાગ્ય પેદા થાય.

તમને ખબર છે રાવણનું મૃત્યુ થયું દશેરાના દિવસે. તે વખતે મંદોદરી, ઈન્દ્રજીત, કુંભકર્ણ વિગેરે સંયમ લેવા તૈયાર થયા. તેના મૂળમાં હતા રામચંદ્રજી. તે શિષ્ટ પુરુષ હતા. માટે જાણતા હતા કે લોકાચારનું પાલન અને ઔચિત્યનું પાલન કેવી રીતે કરાય? રાવણનું મૃત્યુ થયું ત્યારે બધી રાણીઓ, પુત્રો, ભાઈઓ આવી ગયા ત્યારે વિભીષણ આપઘાત કરવા તૈયાર થયો. મોટાભાઈ ગયા. હવે મારે જીવીને શું કામ? ત્યારે રામે તેને રોક્યા. અને બધાને સામે કહ્યું. રાવણ કેટલો મહાન હતો.' ૬૪ જાતના રામાયણ મળે છે તેમાં ક્યાંય એવું નથી કે રાવણે સીતા પર બળાત્કાર કર્યો. હા... કાકલુદી કરે છે. વિનંતી કરે છે. પણ તે અડ્યો નથી. તેથી જો દશેરાને દિવસે રાવણનું એક પુતળુ બળાતું હોય તો આપણા કેટલા બાળવા પડશે? રાવણને અધમ કે દુષ્ટ કહેતાં પહેલા વિચારજો. રાવણ અધમ તો આપણે અધમાધમ. રાવણ દુષ્ટ તો આપણે મહાદુષ્ટ.

સજ્જન માણસો ગયેલાની પાછળ નિંદા ક્યારેય કરતા નથી. તેના સ્વજનો-ને દુઃખ થાય તેવું ક્યારેય ન બોલાય. રામે શું કર્યું? તમારા પિતાએતો ભાવડાના જોરે આ લંકા નગરી સોના જેવી બનાવી. અને અહીં વીરની જેમ લડયા છે! અને વીર મૃત્યુ પામ્યા છે. તમે જરા પણ શોક કરશો નહિં. અને પછી અગ્નિસંસ્કારનું કાર્ય કર્યું. સીતાની પાસે જવાની ઉતાવળ નથી કરી. પછી પાછા બધાને બેસાડી કેટલાય ગુણગાન કર્યા. અને કહ્યું રાજ્ય તમારું જ છે. કેટલી ઉંચી ખાનદાની. હું આપું છું તેમ નહી તમારું જ છે. તમે પ્રેમથી ભોગવો. ત્યારે ઈન્દ્રજીત ઉભો થઈ કહે આ છેલ્લી ઘટનાઓ જોયા પછી હવે મારે આ સંસારમાં એક ક્ષણ પણ રહેવું નથી. પછી મંદોદરી, મેઘવાહન, કુંભ-કર્ણ વિગેરે બધા દીક્ષા લેવા તૈયાર થયા. ત્યાં દેવદુંદુભી વાગી. કુસુમાયુધ નામના ઉદ્યાનમાં એક મુનિને કેવળજ્ઞાન થયું. બધા ત્યાં ગયા દેશના સાંભળી તેમને બધાનાં પૂર્વ ભવ કહ્યા. વૈરાગ્ય મજબૂત બન્યો. દીક્ષાની વાત કરી. ફરી

રામે સમજાવ્યા. પણ આ લોકોની અજ્ઞાનતા ક્રૂર થઈ ગઈ હતી. દીક્ષા થઈ ગઈ. જો રામે કુલાચારનું પાલન ન કર્યું હોત તો કદાચ આ બધા સંયમ ન લેત. શિષ્ટ પુરુષ નીંદનીય પ્રવૃત્તિ ન કરે. જો રામ સીધા સીતા પાસે ગયા હોત તો લોકો શું બોલત ? મોતના મલાજામાં પણ ન રહ્યા. પણ રામ શિષ્ટ પુરુષ હતા. આવા કોઈ દેખાય તો તેની પ્રશંસા કરવાની. આડંબર ના કરશો. ના દેખાડો.

એક ગાયને તમે સારી તૈયાર કરી વેચવા લાવો પણ તે દુધ નથી આપતી તો કોઈ લેશે ? ના... તો તમે દેખાડો કરો તે મહાન કે ગુણોની ખીલવણી કરવી તે મહાન. કોણ મહાન બની શકે ? જે શુધ્ધ હોય. પવિત્ર હોય. તે જ પ્રસિધ્ધીને પામે. રાત્રે અંધારું હોય. મોટો હાથી બેઠો હોય શું દેખાય ? તેજસ્વી દાંત. હાથી ભલે મોટો હોય પણ દાંત જ દેખાય. ગુણ વગરનો ગમે તેટલો મોટો હોય શું કરવાનો ? જેટલો મોટો ઢોલ એટલી મોટી પોલ. માટે ગુણીયલ બનતા શીખો.

આસો સુદ-૧૪, શનિવાર

ચારિત્રપદ :- જેના દ્વારા આત્મા કર્મો દોષોથી ખાલી થાય તેનું નામ ચારિત્ર. સામાન્યથી ચારિત્રથી સંયમ જીવન આવે. બે પ્રકારના ચારિત્ર છે. સર્વવિરતી. દેશવિરતી. જીવનને સુંદર મજાના ચારિત્રથી ભરી દેવું જોઈએ. ચારિત્ર એટલે દોષો પર નિગ્રહ. કામ ક્રોધ, લોભ, માન, મદ હર્ષ આ છ આંતરશત્રુ છે. તેના પર નિગ્રહ કરવાનો છે. તેના માટે સુંદર મજાનું ચારિત્ર જીવન સ્વીકારવાનું છે. સમ્યગ્ દર્શન દ્વારા શ્રધ્ધા મેળવો. સમ્યગ્ જ્ઞાન દ્વારા જ્ઞાન મેળવો. સમ્યગ ચારિત્ર દ્વારા આચરણમાં લાવવાનું. કોઈપણ વસ્તુમાં પહેલાં રૂચી પેદા થાય. પછી જાણે કે આ કેવી રીતે કરાય ? પછી તેને આચરણમાં મુકે. એટલે સાચી શ્રધ્ધા રૂચી ત્યારે જ કહેવાય. જો તે આચરણમાં આવે તો તમારા પૈસા હોવા છતાં બૅન્કમાં પડ્યા છે. રવિવારે રાત્રે જરૂર છે. છતાં કામ ન આવે તો શું કામના ? તમને સમ્યગ્ દર્શન - સમ્યગ્ જ્ઞાન હોવા છતાં નકામું છે, જો તે આચરણમાં ન આવે તો. સાધુજીવન નું નૉલેજ મળ્યું. પણ જો આચરણમાં ન મુકે તો નકામું છે. જે મોક્ષ માટે ન બને.

જેના પ્રત્યે શ્રધ્ધા હોય તે ગમે, શ્રધ્ધા ન હોય તે ન ગમે. કરો છો કે નહિ. તે મહત્ત્વનું નથી પણ ગમે છે કે નહિ તે મહત્ત્વનું છે. ૧. ગમ્યા. પછી તે કવી રીતે કરવાનું તેનું નૉલેજ મેળવવાનું. સામાયિક વિગેરેનું જ્ઞાન વિધિ જાણવાની. પછી સામાયિકમાં શું કરાય? શું ન કરાય ? મનના-વચનના-કાયાના દોષો કયા છે ? તેમાં વસ્ત્ર વિગેરે કેવા જોઈએ તેનું નૉલેજ જોઈએ. તે સમ્યગ્ જ્ઞાન પછી ચારિત્ર એટલે સામાયિક લઈને બેઠા તે

આચરણમાં આવ્યું.

સમ્યગ્ જ્ઞાન - દર્શન - ચારિત્ર નિશ્ચયથી ૭ મે ગુણ ઠાણે જ આવે. કારણ જે જ્ઞાન મેળવેલું આચરણમાં ન લાવે તે જ્ઞાન જ નથી. જે શ્રધ્ધા વિરતિ ન લાવે તે નકામું છે. માટે જિન શાસનમાં પ્રવેશ ૭ મે ગુણ ઠાણે થાય. જેટલું જાણો તે બધાને આચરમાં લાવો. ક્ષમા ગમે છે તો હવે ગુસ્સો નહિં કરવાનો. અનાચારનો ત્યાગ તે જ ચારિત્ર. અનાચાર ક્યાં ? ઈન્દ્રિયોના વિષયો. સાચું બોલો આંખ - કાન માંગો તે આપો. કે તમારે આપવું હોય તે આપો. ? હકીકતમાં ઈન્દ્રિયના માલિક આપણે છીએ પણ અત્યારે ઈન્દ્રિય આપણી માલિક થઈ ગઈ છે.

એક દિવસ એક આરબ ઉંટ લઈને જઈ રહ્યો હતો. રસ્તામાં એક જગ્યાએ તેણે તંબુ બાંધ્યો. એમાં એક જ જણ સુવે તેટલી જગ્યા હતી. ઉંટને બહાર બાંધ્યો. પોતે અંદર સુતો છે. ઠંડી ખુબ છે. વાવાઝોડું થાય છે. તેથી ઉંટે મોઢું તંબુમાં નાખ્યું આરબે જોયું. તેથી તેને એમ થયું કે મારો જ છે ને, તેથી પગ ટુંકા કર્યા. એટલે ઉંટે પોતાના બે પગ અંદર નાખ્યા. પેલો થોડો વધારે સંકોચાયો. એટલે પાછળના બે પગ અંદર નાખ્યા. આમ કરતાં આરબ આખો બહાર, ઉંટ અંદર. ઉંટ એટલે પાંચ ઈન્દ્રિયો. આરબ એટલે આપણે. આપણે જેમ કહીએ તેમજ નાકે સુંઘવાનું હતું. આંખે જોવાનું હતું. પણ ઉલટું થઈ ગયું. આંખ કહે આ જો. એટલે આપણે જોવા લાગ્યા. જીભ કહે પાઉંભાજી લાવ. તૈયાર.. પાંચ ઈન્દ્રિયો માલિક બની ગઈ. આત્મા ગુલામ બની ગયો. આ ઈન્દ્રિયોને કંટ્રોલમાં લેવી તેનું નામ ચારિત્ર - અકંટ્રોલ એ અચારિત્ર. તે જ અનાચાર સુધી લઈ જાય.

નાદિરશાહે હિન્દુસ્તાનના બાદશાહને જીત્યો. તેનો વરઘોડો નીકળવાનો હતો. તેના માટે હાથી મંગાવ્યો. તેના પર તે બેઠો અને કહ્યું લગામ આપો. હાથી ને લગામ ના હોય. ઘોડા ને હોય. તો હાથીને શું હોય ? અંકુશ. તો તે આપો. તે તમારું કામ નહિં. એ તો આગળ મહાવત બેસસે તે સંભાળશે. અને પેલાએ ઘોડો મંગાવ્યો. ત્યાંથી કુદીને સીધો ઘોડા પર આવી ગયો. જેની લગામ મારા હાથમાં નહિં તે મારે શું કામનું ? મારા માટે ઘોડો સારો લગામ હાથમાં તો રહે. આપ ઈન્દ્રિયોને ઘોડો બનાવી આપણા હાથમાં રાખવાની છે. પણ ઈન્દ્રિયોને લગામ સોંપી દઈએ તો કેમ ચાલે ? ઉંચામાં ઉંચું સંયમ જીવન લઈને પાળી શકાય. પણ ન લઈ શકીએ તો શું કરવાનું ? આંખ - જીભ જે કહે તે નહિં કરવાનું. પણ આપણી આપણે જે જીભને આપીએ તે તેણે ખાવાનું. શેઠ કહે તેમ નોકરે કરવાનું કે નોકર કહે તેમ શેઠે કરવાનું.

મોટી પાંચ માળની બિલ્ડીંગ હતી. ૨૫મા માળે શેઠ ઉભા હતા. એક ભીખારીએ નીચેથી બૂમ પાડી શેઠ કાંઈક આપોને ? શેઠ કહે આગળ જા તારા જેવા તો ઘણાયે આવે. પેલો થોડો આગળ વધ્યો ને પાછો આવ્યો. શેઠ નીચે આવોને ? શેઠ ને એમ કે કંઈક પડી ગયું હશે. તેથી નીચે આવ્યા. પૂછ્યું શું પડી

ગયું છે ? ભિખારી કહે પડી કાંઈ નથી ગયું. પણ મને એમ કે તમે ઉપરથી કાંઈ નાખશો તે બગડી જશે. શેઠ રૂપિયો આપોને ? પેલા શેઠનો પિત્તો ગયો. એક રૂપીયો મેળવવા મને નીચે ઉતાર્યો. સમજે છે શું તારા મનમાં ? પણ હવે બોલવાથી કાંઈ ન થાય. તેથી શેઠ કહે મારે તો તને સો રૂપીયા આપવા છે. ઉપર ચાલ. અને આ બે જણ ઉપર ચડ્યા. ઉપર જઈ શેઠ કહે હવે મારે કાંઈ નથી આપવું. ભિખારી કહે શેઠ તમારે નહોતું આપવું તો મને ઉપર શું કામ ચડાવ્યો ? શેઠ કહે તું ભિખારી થઈને મને નીચે ઉતારી શકે તો હું તને ઉપર ન ચડાવી શકું ? બસ ભિખારડા જેવી ઈન્દ્રિયો છો આજ સુધી તેણે જે કીધું તે કર્યું પણ હવે તારે મારા કીધું કરવું પડશે. કરી દેવાનું. હવે ભગવાનના દર્શન કરવા. ટી.વી. જોવાની બંધ કર. આજસુધી કેટલીયે નિંદાઓ સાંભળી છે હવે ભગવાનના સ્તવન સાંભળ. બીજાના ગુણો સાંભળ.

અત્તર - સેન્ટ - પરફ્યુમની સુગંધ આવે ને નાક પહોંચી જાય હવે બીજાના ગુણોની સુવાસને સુંઘ. આજ સુધી ગુલાબ જાંબુ વિ. જોઈને પાણી આવી જાય. હવે આયંબિલ કર. જીભડી માંગે તે ન અપાય. તે તો ભક્ષ્ય - અભક્ષ્ય બધું માંગે. પણ આપણે જે આપવું હોય તે જ અપાય. ચામડીતો ડનલોપની ગાદી માંગે, કોમળ સ્પર્શ માંગે તે ન અપાય. ઈન્દ્રિય પરનો સંપૂર્ણ કન્ટ્રોલ મેળવે તો સાધુ - સાધ્વી ગૃહસ્થએ આંશિક વિજેતા બનવાનો પ્રયત્ન કરવાનો.

કામ - ક્રોધ - લોભ - માન - મદ - હર્ષ આ ૬ આંતરશત્રુઓને કંટ્રોલમાં લેવા પ્રયત્ન કરવાનો. કામ વિકારો પરસ્ત્રીના સ્પર્શને ઈચ્છે. કામ એ મોટામાં મોટો શત્રુ છે. કદાચ કર્મના ઉદયે કામ સેવન કરવું પડે. તે લાચારી છે. પણ તેને દુશ્મન તરીકે નિહાળો. પછી ક્રોધ એ કુમતિમાં લઈ જનારો છે. અનેક ભવો ભટકાવનાર છે. તેનો વિરોધી ક્ષમા તે જ ચારિત્ર છે. ક્રોધ અચારિત્ર છે. ક્રોધ આવે આંખ લાલઘુમ થાય. જીભ દ્વારા જેવા તેવા શબ્દો બોલાઈ જાય. ચામડીથી કોઈને ઠોકી દેવાય. પછી લોભ એટલે આસક્તિ. બધું ભેગું કરવું. બીજાની વસ્તુઓ લેવાની આસક્તિ. પૈસો વધારવાની ઈચ્છા તે લોભ. આ લોભ બધા પાપોનું મૂળ છે. આત્માના સાચા શત્રુ આ છે. તેને ઓળખો.

માન. અહીં માન અને મદ જુદા કર્યા છે. પોતાના મનની અંદર જે કદાગ્રહ - પક્કડ આવી ગઈ તેને છોડવી નહી. પોતાનું ધાર્યું જ કરવું. કોઈ સાચી વાત કરે તો તે સ્વીકારવી નહિ. યોગ્ય વાતને માનવી નહિં. અયોગ્યને છોડવી નહિં. તેનું નામ - માન અહંકાર. તેથી નક્કિ કરો નાનો પણ યોગ્ય કહે તો તેનું સ્વીકારવાનું. ખોટીવાતમાં પક્કડ ન હોવી જોઈએ. મદ - મદમાંથી કોઈપણનો અહંકાર. કોઈને જાતિનો, કુલનો સામાન્ય રીતે મોસાળ પક્ષની જાતી કહેવાય. પિતાના પક્ષની ખાનદાની તે કુલ કહેવાય. મરીચી એ કુલનો મદ કરેલો. હું પ્રથમ વાસુદેવ, મારા પિતા પ્રથમ ચક્રવર્તી મારા દાદા પ્રથમ તિર્થંકર. અહો મે ઉત્તમ કુલં। શું થયું ? નીચ ગોત્ર કર્મ બાંધ્યું. કેટલાય ભવો બ્રાહ્મણ ત્રિદંડી થયો. જૈનશાસન હારી ગયો. છેલ્લે મહાવીરના ભવમાં

શિવાનંદા કુક્ષીમાં ૮૦ દિવસ રહેવું પડ્યું. બે માતાનું કલંક એને લાગી ગયું.

ઐશ્વર્ય, ઋધ્ધિ - સમૃધ્ધિ, બંગલા વિગેરેનો અહંકાર ગરીબાઈ લાવે. રૂપનો અહંકાર સ્ત્રીઓને ઘણો હોય. દુનિયાને દેખાડવા બ્યુટી પાર્લરમાં જાય. રૂપના અહંકારથી બેડોળ શરીર, કાળીમેશ ચામડી, કદરૂપુ શરીર કોઢનો રોગ અચાનક લાગુ પડે. આ બધું રૂપના અહંકારથી થાય. જ્ઞાનનો અહંકાર - અજ્ઞાની, યાદશક્તિ ખલાસ. બુધ્ધિનો બારદાન, મુંગો બનાવે. લોભનો અહંકાર - મારે તો જે જોઈએ તે મળે જ. તેનાથી એવી સ્થિતિ આવે કે જે હશે તે પણ ચાલ્યું જશે. તપનો અહંકાર - આપણે તો તપ કરવો એટલે જાણે સોપારીનો ટુકડો. તેનાથી શરીર કામ ન કરે. રાત્રે પણ કદાચ ખાવું પડે. ધર્મનો પણ અહંકાર ખરાબ છે. તપ ખરાબ નથી. અભિમાન ખરાબ છે. પણ તેના બદલે વિચારો "પૂર્વપુરુષ સિંહભ્યો ભૃશં નીચત્વ ભાવનમ્" પૂર્વભવના મહાપુરુષો થી તો હું ઘણી નીચે છું. એમ કરી નમ્રતા લાવવાની. પણ અહંકાર નહીં કરવાનો. મેં આ કર્યું - મેં આ કર્યું. પણ કોના માટે ? તારા માટે કર્યું છે. ગામ માટે નથી કર્યું. કડવા શબ્દો ક્રોધ. ઈર્ષા, નિંદા આ બધુ છોડવું નથી. દીક્ષા નથી લીધી. સંસારનો મોહ છોડ્યો નથી. આ બધું બોલને ? હર્ષ - આનંદ પામવું તે. આ મિત્ર અને દુશ્મન બંને છે. આ છએ ને દુશ્મનમાંથી મિત્ર બનાવવાનું શીખો.

જેમકે વિજાતીય તત્ત્વને બદલે સર્વજીવોને જોવા લાગો. કામરાગ ખતમ કરી સ્નેહરાગ કરો. પૈસા વધારવાને બદલે જ્ઞાન વધારવાની ઈચ્છા રાખો. કાં તો દુશ્મનને ખતમ કરવાના, કાં તો તેને મિત્ર બનાવવાના. તાકાત હોય તો ખતમ જ કરો. માન ને ખુમારીમાં ટ્રાન્સફર કરો. મારા ભગવાન કેવા મહાન ? મારા ગુરુ કેવા મહાન ? હર્ષ - પાપોની અંદર હર્ષ પામવો ને દુશ્મન છે ધર્મની અંદર. હર્ષ પામવો તે મિત્ર છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોને તોડવાની વાત તો યતિધર્મમાં આવે પણ તમે સામાન્યથી તોડવાની વાત તો કરો?

પરસ્ત્રી સામે સામાન્યથી જોવું તો વાંધો નહીં પણ ટીકીટીકીને જુઓ તો દુર્જનની કક્ષામાં ચાલ્યા જવાય. આવું જીવન તો ન જ બનવું જોઈએ. ચારિત્રના ગુણો ૭૦ છે. શોર્ટમાં ચરણસિત્તરિ - કરણસિત્તરિ મૂળ મહાવ્રતો ને મૂળગુણ તે ચરણસિત્તરિ અને મહાવ્રતોને સહાય બને ઉત્તરગુણને કરણસિત્તરિ - ચારિત્રપદની આરાધના એટલા માટે કે મારા જીવનમાં ચારિત્ર આવે.

વર્તમાન કાળની વાત છે એક રાજસ્થાની મહાત્મા ઉન્નત ચારિત્રથી ભરેલું જીવન. જાતજાતના અભિગ્રહોથી ભરેલું. સમજો કે ૧ મહિના પહેલા કાપ ન કાઢવો. એટલે મિનિટોથી પણ મહિનો રાત્રે ૬ કલાકથી વધારે સુવું નહિં. ઉઠવામાં ૫ મિનિટ મોડું થાય તો ૫ ખમાસમણ દેવાના. પાસે ઘડીયાલ એલાર્મ કાંઈ ન રાખે. કેટલી અપ્રમત્તતા. ૧૨ તિથિ લીલોતરી નહીં જ આખી જિંદગી મીનીમમ એકાસણાં. તેમાં ૫ દ્રવ્યથી વધારે વાપરવું નહિં. મીઠાઈ

ફરસાણ, મેવો, ફ્રુટ તળેલું બધું બંધ. રોટલી ઉપર ઘી લગાડેલું હોય તો તેની ઉપર કરિઆતું કે દિવેલ લગાવીને વાપરે. આસક્તિ ન થાય માટે.

બીજા અમારા ગુરૂદેવના શિષ્ય હતા. રાજસ્થાની. કાંઈ આવડે નહિ. આખો દિવસ નવકાર ગણે. જેટલા આવે તેટલાને કહે રાગ-દ્વેષ નહિં કરવાના. આસો પુનમ આવે. કારતક પુનમ આવે એટલે બધાને કહે ઉપવાસ કરવાનો. આસો પુનમે ૨૦ કરોડ મોક્ષે ગયા. કારતક પુનમે ૧૦ કરોડ મોક્ષે ગયા. દીવાળી આવે તો કહે છઠ્ઠ કરવાનો. લાખ કરોડ છઠ્ઠનો લાભ મળે. એમના શાસ્ત્રપાઠ એટલે ચૈત્યવંદન વિગેરે. મારા ગુરૂદેવ કહેતા કે મારું વહાણ તો રેતીમાંય સડસડાટ ચાલે છે. આ મહાત્માની આરાધનાના પુન્યથી મારું જીવન ચાલે છે. તેમના સ્વજનો પ્રત્યેની મમતા પણ છોડી દીધેલી. એટલું અલિપ્ત જીવન હતું. તેઓ આજના દિવસે જ અનશન સાથે સમાધિમૃત્યુ પામ્યા. છેલ્લું ચોમાસું મારી સાથે હતા. નવસારી તપોવનમાં. મારા ગુરૂદેવ કહે આવું મોત મને મળતું હોય તો હું હમણાં જ મરવા તૈયાર છું. યોગી મરણ. ઈચ્છા મૃત્યુ.

તે મને રોજ કહ્યા કરે મેઘદર્શન મહારાજ મને અનશન કરાવોને. આખા જીવનની આરાધનાનું સરવૈયું મૃત્યુ હોઈને સમાધી કેવી છે ત્યાં નીકળે. જેવું અન્ન તેવો ઓડકાર. જેવું જીવન સમાધિથી ભરપુર તેનું મોત પણ સમાધિથી ભરપુર. મને કહે તમારે સમાધિ જોઈએ છે? તો મને આપજો. દશેરાનો દિવસ આવ્યો મારે સંસ્કૃતમાં એક ટીકા લખવાની હતી. સાધના કરવાની હતી. ત્યાં નવસારી મણિભદ્રજીના ભોંયરામાં જવાની તૈયારી કરતો હતો ત્યાં મહાત્માએ મને બોલાવ્યો. મેઘદર્શન મહારાજ આજે નવકાર ગણું છું પણ કાંઈ ચેન પડતું નથી. મને લાગ્યું લક્ષણ જુદા છે. ટીકા લખવાની છોડી દીધી. ગુરૂદેવને પત્ર લખ્યો. એક માણસને મોકલ્યો. હવે લાંબો સમય કાઢે તેવું લાગતું નથી. તો તેમની અનશનની ઈચ્છા છે તો કરાવું? બીજા દિવસે જવાબ આવી ગયો. આપણે ત્યાં અનશનની છૂટ નથી પણ સાગારિક અનશન કરાય છે. દિવસના ૧-૧ કલાકના પચ્ચક્ખાણ રૂપ અણશણ કરાય છે. ૧૧ ના ગુરૂદેવનો જવાબ આવ્યો. આસો સુદ-૧૩ અને ૧૫ બે દિવસ મોકલી દીધા. હું ગયો મહાત્મા પાસે. કહ્યું બોલો મા'રાજ અનશન કરવું છે? ઉપવાસ, અઠ્ઠાઈ, માસક્ષમણ કરવા સહેલાં કારણ તેમાં પારણું આવે છે. અનશનમાં પારણું ન આવે. દીક્ષા અઘરી કે ઉપધાન? આમ તો ઉપધાન અઘરા કારણ ૧૦૦ ખમાસમણા ૧૦૦ લોગસ્સનો કાઉસગ્ગ. નિવી બધું કરવાનું. દીક્ષામાં આમાનું કાંઈ નહિ કરવાનું. છતાં બધા ઉપધાન કરવા તૈયાર થાય કારણ ઉપધાન પારવાનું છે. દીક્ષા પારવાની નથી.

મહાત્માને પૂછ્યું ૧૩-૧૫ બે દિવસ આવ્યા છે ક્યારે કરવું છે? ૧૩ ના. ૧૨ ના સરસ આરાધના ચાલી. ૧૩ ના ચોવિહાર ઉપવાસ કર્યો. રાત્રે સંથારાપોરેસિ સમજાવટ પૂર્વક ૩ કલાક મેં ભણાવી તેમાં શરીર અને આત્માના ભેદજ્ઞાનની વાત કરી. કારણ મારી જવાબદારી હતી. તેમને સમાધિ પહોંચાડવાની. રાત્રે ૧૨ વાગે ભયાનક કીર્તિનો

દુઃખાવો ઉપડ્યો. અને ૧૨ થી ૩ સ્કંદકસૂરિની સજ્ઝાય વિગેરે સંભળાવ્યું. અમે તપોવનથી આદિનાથ સોસાયટીમાં તેમને લઈ ગયેલા એટલે હોસ્પિટલ સામે હતી. તેથી મેં પૂછ્યું હોસ્પિટલ જવું છે. ૬૦-૬૫થી માંડી ઉપરનાએ હોસ્પિટલમાં ન જવું. કારણ ત્યાં સમાધિ ન મળે. બે વરસ વહેલું મરવું પડે તો ઘરમાં સમાધિપૂર્વક મરવું સારું પણ બે વરસ વધારે અસમાધિથી જીવવું સારું નહિ.

પેલા મ'રાજે હોસ્પીટલ જવાની ના પાડી. સવારે પ્રતિક્રમણ પડિલેહણ કરી કહે ચિંતામણી દેરાસર જવું છે. ત્યાં ગયા. દેવવંદન ચાલુ કર્યું. જાણે પોતાના કાલધર્મ પહેલાનું દેવવંદન જાણે પોતે જ કરતા ના હોય? પછી ઉપાશ્રયે આવ્યા. સવારની પોરસિ ભણાવવા લાગ્યા અને મુહપત્તિનું પડિલેહણ કરતાં બોલ- બોલતા - બોલતાં પ્રાણ ચાલ્યા ગયા. કેવી સમાધિ? કારણ આખું જીવન જ એવું હતું. ક્યારેય તેમને ગુસ્સો કરતાં જોયા નથી. એક જ ઉપવાસ કરવો પડ્યો. સંસાર સંબંધથી એટલા અલિપ્ત હતા કે એમના સગા-વહાલા કોણ છે? ક્યાં રહે છે? અમને કશી જ ખબર નહીં સમાચાર કેવી રીતે મોકલવા? આખું જીવન એટલાં નવકાર ગણ્યા હતા કે તેમના શરીરને નવરાવ્યા પછી હાથ સીધો કરે તોય અંગુઠો આંગળીના વેઢા પર આવી જાય. કેટલીવાર સીધો કર્યો તો પણ એ જ મુદ્રામાં આવી જાય. કેટલો આત્મસાત કર્યો હશે. નવકાર.

અનશન કરતાં પહેલાં છેલ્લું પ્રાયશ્ચિત પણ લઈ લીધું. પછી લખેલું કે મારા ગુરૂદેવે એકવચન માંગેલું છે કે તમે પહેલાં દેવલોકમાં જાઓ તો મને સહાય કરજો. પણ ગુરૂદેવને કહેજો કે મારા વચનથી મને મુક્ત કરજો. મારે તરત મોક્ષે જવું છે. મારે અહીંથી દેવલોકમાં નથી જવું. પણ મહાવિદેહમાં જઈ માનવ બની દીક્ષા લઈ મોક્ષે જવું છે. દેવલોકમાં જાઉં તો એક ભવ વધારે લેવો પડે. માટે હું વચન કેવી રીતે પાળી શકું? કેવી ઉત્તમ ભાવના.

તપપદ : આજે નવમા તપપદની વાત કરવાની છે. શ્રીપાળ - મયણાંએ દરેક ભવમાં નવપદની આરાધના કરીને નવમા ભવે મોક્ષે જશે. ૨૦ મા મુનિસુવ્રત સ્વામીના શાસનમાં થયેલા તેઓના વખાણ આજે ૨૪ મા ભગવાનના શાસનમાં પણ થાય છે. શ્રીપાલ - મયણાંને ગુરુભગવંતે કહ્યું કે નવપદની આરાધના કરો અને તહત્તિ કરી દીધું. કારણ પૂર્વભવમાં નવપદની આરાધના કરેલી તેના સંસ્કાર પડેલા હતા. તેથી આ ભવમાં જેવું ગુરૂમહારાજે કહ્યું અને એમને કરવાનું મન થઈ ગયું.

આપણે આ ભવમાં સારા સંસ્કાર પાડ્યા હશે તો આવતા ભવમાં કામ લાગશે. જેમ એક મા - બાપના બે દીકરા હોય, બેયને સરખા સંસ્કાર આપ્યા હોય છતાં એક ને ધર્મ ગમે બીજાને ન ગમે કારણ પૂર્વભવના સંસ્કાર વારંવાર કરવામાં આવે તેને સંસ્કાર કહેવાય. વારંવાર ગાથાનો અભ્યાસ કરવામાં આવે તો યાદ રહે પણ જો પુનરાવર્તન કરવામાં ન આવે તો ૫૦૦૦ ગાથા આવડતી હોય તો તેમાંથી ૩૦૦૦ - ૨૦૦૦ - ૫૦૦ - ૧૦૦ છેલ્લે ૫૦ પણ ન આવડતી હોય. અભ્યાસ બહુ મહત્વની વસ્તુ છે. અભ્યાસ કરેલો હોય તો અવસર આવે તરત યાદ આવે. કરતી વખતે મજબૂત કરવાથી ના ચાલે. વારંવાર પુનરાવર્તન હશે તો જ યાદ રહે. મનમાં જાપ કરો તો તે ક્યારેક અશુધ્ધ પણ થઈ જાય. જે લખીને બોલીને કરાય તેના સંસ્કાર પડે છે માટે સવારનું પ્રતિક્રમણ જરાક હોઠ ફફડાવીને કરો. બાજુ-વાળાને બોલે છે તે સંભળાય. પણ શું બોલે છે તે ન સંભળાય તેવી રીતે કરો તો તેના સંસ્કાર પડે.

જુદા જુદા દેરાસરના દર્શન કરવાના સંસ્કાર પાડીએ તો દેવલોકમાં નંદિ-શ્વર દ્વીપે જઈને ભક્તિ કરવી ગમશે. અહીં વ્યાખ્યાન સાંભળવાના સંસ્કાર પાડ્યા હશે તો મહાવિદેહમાં જઈ સીમંધર સ્વામીની દેશના સાંભળવાનું મન થશે. જે સ્થિતિ અહીં તે જ પરભવમાં સ્થિતિ હશે. શ્રીપાળે પૂર્વભવમાં સંસ્કાર પાડેલા હતા. તો આ ભવમાં તરત ઝીલી લીધું. પણ વિચાર કરવા ન રહ્યો કે જોઈશ. વિચારીશ. એવું નહિં. કોઈ પણ વસ્તુ શ્રધ્ધાથી કરો. મારે મારી શક્તિથી ક્યાં કરવું છે ? દેવ-ગુરૂની કૃપાથી જ કરવાનું છે. પણ શ્રધ્ધા જોઈએ.

અશ્રધ્ધા શક્તિને ખલાસ કરે છે ગુરૂના મોઢામાંથી નીકળેલા શબ્દો ઝીલી લઈએ તો અમલ કરવાની શક્તિ પેદા થાય. શ્રીપાળને સિધ્ધચક્ર ભગવાનમાં શ્રધ્ધા હતી. તો ૪૦૦ માઈલ દૂર જવું હોય તોય મુંઝાતો નહીં. મારે શું ચિંતા ? સિધ્ધચક્ર ભગવાન મને લઈ જશે. અને ધ્યાન ધરતાંની સાથે દેવ હાજર થતો એનું જીવન સિધ્ધચક્ર ભગવાનને સમર્પિત હતું. એની શ્રધ્ધા જોરદાર હતી. કર્યું એવું કાર્ય કે જે સિધ્ધચક્રના પ્રભાવે ના થાય ? શ્રીપાળને પહેલાં દેવ આવેલો કે પહેલા શ્રધ્ધા ? તમને તો શું ? દેવ આવે તો શ્રધ્ધા પેદા થાય. પણ આવું ન જોઈએ. શ્રધ્ધા હોય તો દેવ આવે. નવપદની તાકાત અપાર છે. જે થવાનું હશે

તે દેવ-ગુરુ-ધર્મના પ્રભાવથી સારું જ થશે. એનાથી સારું નં થવાનું હોય તો બીજા કોઈની તાકાત નથી કે સારું કરી શકે. દેવ-ગુરૂના ચરણે જીવન સોંપી દઈએ તો ક્યારેય ટેન્શન ન હોય.

વિમલેશ્વર દેવ પહેલાં દેવલોકનો વિમલવાહન દેવ છે. સિધ્ધચક્ર પૂજન ભણાવાય ત્યારે આ બધા દેવોને બોલાવવામાં આવે છે. દેવોના આહ્‌વાનના મંત્રો બોલાતા અદ્દશ્ય રીતે દેવો હાજર થાય. પહેલાં વિધિકારી આ બધું જાણતા હતા. તેથી કહેતાં દેવોનું આહ્‌વાન ચાલુ થાય ત્યારે કોઈએ ઉઠવું નહિં. કારણ દેવો આવતા હોય અને તમે તેમના રસ્તામાં જાઓ એટલે તેઓ ઉપદ્રવ કરે. માંડલામાં ચાર જગ્યા ખાલી મુકવામાં આવે કારણ તે રસ્તેથી દેવોને આવવાનો માર્ગ છે.

આપણી મૂળવાત તપ એટલે શું ? ઇચ્છા નિરોધ તપઃ। પોતાની ઈચ્છાઓને નિયંત્રિત કરવી. સંયમીત કરવી તેનું નામ તપ. વિચારો બદલો જીવનની ગરીબાઈ ચાલે. વિચારોની ગરીબાઈ ન ચાલે. વિચારો ઉત્તમ-ઉમદા હોય. મળે તો ઠીક ના મળે તો ય ઠીક. મનને કેળવતા શીખો. તો ક્યારેક ગરીબાઈ આવશે તો સમભાવ રહેશે. આર્તધ્યાન નહિં થાય. કાળજી પહેલે થી લેવાની આવશે તો સમભાવ રહેશે. આર્તધ્યાન નહિ થાય.

એક માણસ રત્નદ્વીપમાં વેપાર માટે પહોંચ્યો અને બહુ કમાયો. ચાર-પાંચ ગાડા ભરાય એટલું. પણ આટલું બધું કેવી રીતે લઈ જવું. કારણ જંગલમાંથી જવાનું લુંટારુઓની ટોળીઓ આવે. તેથી તેણે આ બધો માલ વેચી ૭ કિંમતી રત્નો અબજો રૂ. ના ખરીદ્યા અને એક લુંગડી તૈયાર કરી તેમાં ભરી દીધા. બે બાજુથી પેક કરી દીધું. બીજી પણ એવી જ લુંગડી તૈયાર કરી તેમાં ૭ પથરા ભરી દીધા. આ વાણીયો હતો. એટલે બુધ્ધિશાળી હતો. રત્નોની લુંગડી ત્યાં દાટી દીધી અને પથરાવાળી લઈને ચાલ્યો. દોડતો દોડતો જાય છે અને બોલતો જાય છે કે રત્નોનો વેપારી કિંમતી રત્નો લઈને જાય છે. એક લુંટારુંની ટોળીએ આવીને કહ્યું ઉભો રહે શું છે તારી પાસે ? કિંમતી રત્નો. ક્યાં છે ? આમાં. અને પેલાએ લુંગળી ખોલી જોયું તો પથરા. કહ્યું આ તો પથરા છે. પેલો કહેના આ તો રત્નો છે. એ એ લોકોએ આને ગાંડો માનીને જવા દીધો. બીજી ટોળકી મળી તેણે પણ જોયું અને જવા દીધો. ત્રીજી ટોળકીએ પણ એમ જ કર્યું. આમ ૩ રાઉન્ડ એણે માર્યા. ત્રણેય વખત તપાસ કરી પણ પથરા જ નીકળ્યા. પછી ચોથા રાઉન્ડમાં રત્નોની લુંગળી લઈ અને બોલતો જાય છે. રત્નોનો વેપારી કિંમતી રત્નો લઈને જાય છે. પણ પેલા બધાને એમ કે આ ગાંડો છે તેથી જવા દીધો અને સહીસલામત પહોંચી ગયો.

સવારથી આમ તેમ આંટા મારેલા. દોડધામ કરી થાકી ગયેલો. ભૂખ્યો-તર-

સ્થો પસીનાથી રેબઝેબ. પાણીની તરસ જોરદાર લાગી. પાણી-પાણી થાય છે. રત્નો શું કરવાના ? તે વખતે એક તળાવ જોયું. નીલ-ફુગવાળું. આખા ગામની વિષ્ટા - ઉકરડો બધું આ તળાવમાં હતું. એટલી બધી દુર્ગંધ કે ઉભા રહેવાનું મન ન થાય. જો પાણી ન પીવે તો મરી જાય. પીધા વિના છુટકો નથી તેથી સાઈડમાંથી પાણી પીવાનો પ્રયત્ન કરે છે. તો તેનું ધ્યાન પાણીમાં જ હોય. આજુબાજુ ગમે તેવી દુર્ગંધ હોય તોય ધ્યાન ન હોય. આવું દ્રષ્ટાંત આપીને કહ્યું કે ૯ દિવસ આયંબિલ ઉપવાસ કર્યા હોય તો પારણું આવી રીતે કરવાનું. ખાધા વીના ચાલે તેમ નથી તો કેવી રીતે ખાવાનું? અનાસક્તિથી માત્ર પેટ ભરવા માટે ખાય. આ દ્રષ્ટિ કેળવવાની છે. ધારી ખાઓ પણ સ્વાદ સુગંધ ન આવવી જોઈએ. પોતાની ઈચ્છાને કંટ્રોલમાં લેવી તેનું નામ તપ. શ્રાવક - શ્રાવિકા બનવાની પછી વાત પહેલાં સદ્ગૃહસ્થતો બનો. તેમાં ૬ઠ્ઠો ગુણ છે. उपद्रुतस्थान त्याग :| જે સ્થાનમાં ઉપદ્રવ થવાની સંભાવના હોય તે સ્થાનમાં સદ્-ગૃહસ્થે રહેવું નહિં. તમારે અર્થ-કામ-ધર્મ ત્રણેયને સાચવવાના છે. કદાચ પોતે નિર્ભય હોય પણ પોતે કુટુંબ લઈને બેઠો છે એટલે બધાનું જોવાનું હોય. કોઈ ગામમાં ચિક્કાર કરવેરા હોય. કોઈ હેરાન - પરેશાન કરે તો છોડીને ચાલ્યા જવું.

રાધનપુર કેવી રીતે વસ્યું ? ભીલડીયાજી મોટું નગર હતું. ત્યાં કેટલાંય દેરાસર હતા. જૈનોના હજારો કુટુંબો હતા. એક સાથે કેટલાયે મહાત્માના ચોમાસા હતા. તે વખતે બે કારતક મહિના હતા. ૫ મહિનાનું ચોમાસુ હતુ. કોઈ ગચ્છના મહાત્માએ વિશિષ્ટ જ્ઞાનથી જાણ્યું કે બીજા કારતકમાં આગ લાગશે. આખી નગરી બળીને ખાખ થઈ જશે. એટલે તમામ ગચ્છના આચાર્યોને કહેડાવ્યું કે પહેલા કારતક - સુદ - ૧૪નાં ચોમાસું પુરૂં થશે. એમ જાહેર કરી દઈએ. મોટા ઉપદ્રવની સંભાવના છે. એટલે પુનમે બધા ચાલ્યા જવું. જૈનોને પણ કહી દીધું. આ નગરી ખાલી કરી દો. પણ કેટલાક આચાર્ય - શ્રાવકોએ આ ન માન્યું. ઉત્સર્ગની જેમ અપવાદ પણ હોય છે. જે લોકો તૈયાર થયા અને આચાર્યો વિગેરે નીકળ્યા તે જીવ્યા. ખરેખર આગ લાગી અને બધા ત્યાં બળીને ખાખ થઈ ગયા. આ લોકો ત્યાંથી નીકળીને જ્યાં વસ્યા તેનું નામ રાધનપુર પડ્યું.

આમ જ્યાં ઉપદ્રવ થવાનો હોય તે સ્થાનમાં સજ્જનોએ રહેવું નહિં. વજ્ર-સ્વામીને પણ દુકાળ પડ્યો ત્યારે એક મોટા પટ બનાવી તેના પર ગૃહસ્થોને બેસાડી બીજે લઈ ગયા હતા. માટે ઉપદ્રવવાળા સ્થાનમાં રહેવું નહિં.

ધર્મબિન્દુ ગ્રંથમાં હરીભદ્રસૂરિ મહારાજ ગૃહસ્થનો સામાન્યધર્મ બતાવે છે ① ધર્મ વિષે ② લગ્નનું ઔચિત્ય ③ દષ્ટા - દષ્ટ ઉપદ્રવોનો કર ④ શિષ્ટ-પુરૂષોના સદાચારની પ્રશંસા ⑤ ૬ આંતરિક દુશ્મનોનો ત્યાગ ⑥ ઉપદ્રવ આવે એવા સ્થાનમાં રહેવું નહિં. હવે ⑦ स्वयोग्य आश्रयाणां। પોતાને જે યોગ્ય હોય એવા સ્થાનમાં રહેવું. જ્યાં રહેવા ગયા ત્યાં યોગ્ય રાજાના દેશમાં રહે. જો બૌધ્ધરાજા હોય અને આખા નગરને બુધ્ધ ધર્મ જ પાળવો પડે તો તેના રાજ્યમાં ન રહેવાય. જો મુસલમાન રાજા હોય તો કાં તો મુસલમાન બનવું પડે કાં તો મરવું પડે. જ્યાં આપણા ધર્મને વાંધો ન આવે ત્યાં રહેવાય. રાજ્ય - દેશની સરકાર પોતાના પરિવારની - ધર્મની અનુકુળતા વિગેરે સલામતીનાં વિચારવાળી હોય તેના શરણે રહેવાય.

થડ મજબૂત હોવું જોઈએ. એના શરણે રહેવાથી ધર્મમાં વિરોધ ન આવે. જ્યાં આપણી રક્ષા નોકરી - ધંધાની રક્ષા અવસરે સહાય બને તેના આશ્રયે રહેવાય.. તેમાં જેટલી રક્ષા ગામડામાં થાય એટલી શહેરમાં ન થાય.

સાધુ- સાધ્વી ફાયર બ્રિગેડવાળા છે. જ્યાં આગ લાગે ત્યાં જાય. ગામડામાં રહીએ તો ગોચરી પાણીની વ્યવસ્થા ન હોય. માટે સંયમ માટેનું યોગ્ય સ્થાન હવે ગામડામાં રહ્યા નથી. બીજું તમે બધા શહેરમાં રહ્યા.

જેમ ફાયર બ્રિગેડવાળાએ બળતાં ઘરમાં જવાનું પણ પોતે બળવાનું નહિં. તેમ તમારો આખો સંસાર બળી રહ્યો છે. તમારા જીવનમાં વિષય-કષાયની આગ ઓલાવવા માટે અમારે આવવાનું પણ જો અમે કાળજી ન રાખીએ તો બળી જઈએ. પણ બળીએ નહિં તેની કાળજી રાખીને તમારી આગ બુઝાવવાની કેવું કપરું કામ છે ? માટે અમારે શહેરમાં આવવું પડ્યું છે. અહીં શહેરમાં ચારેબાજુ બિલ્ડીંગો હોય વચ્ચે ઉપાશ્રય હોય જ્યાંથી ટી.વી. દેખાયા કરે. ગમે તેવા દશ્યો દેખાયા કરે. આગની વચ્ચે રહેવાનું છતાં દાઝવાનું નહિં. કેટલી કાળજી રાખવાની ?

અમારે તો ગામડામાં રહેવું છે પણ શું કરીએ ? તમને હાય પૈસો હોય પૈસો - પૈસાની લાલચ જાગી છે. બાકી ગામડામાં કેવું શુધ્ધ વાતાવરણ સૂકી હવા - સુંદર જીવન જીવી શકાય. તમારા દીકરા - દીકરીના સંસ્કાર જાળવવા શહેરમાં બહુ મુશ્કેલ છે. કોલેજના નામે ક્યાં ભટકે છે ? કોને ખબર ? પૂછો તો સાચું ન બોલે.

તમારી અવસરે રક્ષા કરે તે માટે ગામમાં ધાક ચાલતી હોય તેવા બે-ચાર વ્યક્તિની સાથે સંબંધ સારા રાખવા. ભલે તે બીજાને હેરાન કરતો હોય પણ આપણે સારા સંબંધ રાખ્યા હોય તો આપણને હેરાન ન કરે. કદાચ આપણને કોઈ હેરાન કરવા માંગે પણ તેને ખબર હોય કે આના તો આની સાથે સારા સંબંધ છે એટલે એની બીકે હેરાન ન કરે.

સાધુ-સાધ્વીને પણ ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે જે ગામમાં જાઓ ત્યાં તે ગામના સર-પંચ-મુખી ટ્રસ્ટી હોય તેને કહી દેવાનું કે અમે આટલા દિવસ રોકાશું. અમારું ધ્યાન રાખવું. અથવા ડૉક્ટર કે વૈદ્યને પણ કહેવાનું કે અવસરે ધ્યાન રાખજો. પણ હવે ટ્રસ્ટી વિગેરે કરે છે એટલે આ સવાલ નથી. આખો સંસાર છોડ્યો તો પણ આટલું કરવાનું તો તમે તો સંસારમાં છો. જાત-જાતના પ્રશ્નો આવીને ઉભા રહે તો તમારે આ બધું ધ્યાન રાખવાનું.

આ ઉપરથી ખ્યાલ આવે કે જૈનશાસન કેટલું મહાન છે. તમારે કેટલી કાળજી રાખ-વાની તે તમને ખબર નથી. જે શાસ્ત્રમાં બતાવ્યું છે તે જો તમારી પાપની સલામતી હશે તો આરાધના મસ્તીથી કરી શકશો.

મૂળ વિના ઝાડની કિંમત કેટલી ? ઝાડ ક્યાં સુધી ટકે ? મૂળ સાજુ-તાજુ હોય ત્યાં સુધી. તેમ તમારી પાસે અબજો રૂ. હોય ભૌતિક સામગ્રીના ઢગલાં હોય પણ મૂળ અસ્તિત્વ જ જોખમમાં હોય તો ? માટે એવા વ્યક્તિના આશ્રયે રહેવાનું કે જે ચોર લુંટારાથી તમારી રક્ષા કરી શકે. જેથી તમે નિર્ભય રીતે જીવી શકો. સ્વયોગ્ય હોય તેના આશ્રયે રહેવું. તમામ પ્રકૃતિ એના માલિકના આધારે જ ટકી શકે. માટે માનવે રાજા-સરકારના આશ્રયે રહેવાનું. એનો દ્રોહ નહિં કરવાનો. હવે સ્વામી કેવો હોવો જોઈએ. ? ૪ ગુણવાળો.

(૧) ધાર્મિક હોવો જોઈએ. એટલે તે ભલે ગમે તે ધર્મને માનતો હોય. જો તે તેના ધર્મને માનતો હશે તો તમને તમારા ધર્મની સહાય કરશે. જો ધર્મને નહિં માનતો હોય તો ધર્મનો જ વિરોધ કરશે. ધર્મ કરે ન કરે જુદી વાત પણ ગમતો હોવો જોઈએ. જ્યારે સ્વામીવાત્સલ્ય કોઈ પ્રસંગ વિગેરેમાં વડાપ્રધાન વિગેરેને ખુશ કરવા જોઈએ એ ખર્ચો નથી. સંઘરક્ષાની કાળજી છે. ઉપાશ્રય-દેરાસરની આજુબાજુ અજૈનો રહે તેને પણ ખુશ રાખવા જોઈએ. જ્યારે દેરાસર તોડવા ૫૦૦ જણા આવીને ઉભા રહેશે. ત્યારે કયો વાણિયો રક્ષા કરશે ? તે વખતે આજુબાજુ અજૈનો હશે તે જ કામ લાગશે. માટે તેઓને ખુશ રાખવા. તમારો પહેલો સગો કોણ ? પડોશી. સગા-વહાલાને તો ફોન કરો ત્યારે આવે જ્યારે પાડોશી તો અડધી રાત્રે આંખ ચોળતો આવીને ઉભો રહેશે. તમારે વાટકી વ્યવહાર કોની જોડે હોય. ? પાડોશી જોડે કારણ એના દ્વારા રક્ષા થવાની છે.

અમદાવાદમાં જમાલપુરનું દેરાસર વર્ષોથી મુસલમાન જ સાચવતા હતા. આલીપારેનું પણ મુસલમાનજ સાચવે છે. તોફાન થાય તો પહેલાં એ લોકો દેરાસરની સંભાળ કરે. કારણ આપણા વડવાઓએ તેમને સાચવેલા છે. માટે જરૂર પડે તો સ્કુલ વિગેરે બંધાવી આપવું. કદાચ હનુમાનના મંદિરમાં પણ પૈસા આપવા પડે. હનુમાનને પુજવા નહિં. પણ દેશની રક્ષા માટે તમે તમારું વતન છોડીને આવ્યા. ત્યાં દેરાસર-ઉપાશ્રયની કાળજી અજૈનો કરશે. તમે તેઓને સાચવ્યા હશે તો. એને ખોટો ખર્ચો ન કહેવાય. પણ ઈન્વેસ્ટમેન્ટ (રોકાણ) છે. એના વ્યાજમાં દેશની રક્ષા છે. દેરાસરની રક્ષા છે. આવી દિર્ઘદ્રષ્ટિ જોઈએ. શત્રુંજયમાં નીચેથી ચડતા પહેલાં શું દેખાય ? દરગાહ કારણ મહમદ ગઝની વિગેરે મંદિર તોડવા આવે. દુરથી દરગાહ દેખાય એટલે

પાછા વળી જતા. એમને એમ કે આ તો આપણી મસ્જિદ છે. વસ્તુપાળ-તેજપાળે મસ્જિદ બંધાવી એની ઉપર તોરણ બંધાવ્યા હતા. આપણા તીર્થની રક્ષા કરવા માટે. આ કર્તવ્ય વિશિષ્ટ કોટીના આગેવાનોનું છે. આવા કાર્યો જૈનશાસનના કલ્યાણ માટે દીર્ઘદૃષ્ટિ વાળા શ્રાવકો કરતાં હોય છે. કદાચ તેઓની ભૂલ થાય તો એનો ઢંઢેરો ના બોલાવાય. કામ કરે તેની ભૂલ થાય. તેને કાંઈ કહેવું હોય તો જાહેરમાં પણ ના કહેવાય. પ્રેમથી એકાંતમાં કહેવાય. દરેક જગ્યાએ ગંભીરતા જોઈએ. થોડા પીઢ-પરિપક્વ બનો. પતિ-પત્નિના ઝગડા પણ પાડોશી સાંભળે તેમ ન કરાય.

એકવાર અકબર-બિરબલની સવારી નીકળી. અકબરની નજર એક વાણિયાની દુકાન પર ગઈ. વાણિયો હૃષ્ટ-પુષ્ટ શરીરવાળો મસ્તીથી ઉંઘતો હતો. મને તો રાત્રે ઊંઘ નથી આવતી આ તો દિવસેય ઘસઘસાટ ઉંઘે છે. અલા બિરબલ કહે તો ખરો આ વાણિયો શું ખાય છે ? બિરબલ કહે એ ખાય છે તે તમે નહિં ખાઈ શકો. એવું કેમ ? મારી પાસે તો ઘણી સંપત્તિ છે. હું કેમ ખાઈ ન શકું ? રાજન્ ! એ ગમ ખાય છે. એટલે શું ? એ તો આપણા રસોઈયાને કહી દઈશ એ બનાવી દેશે. એને નહિં આવડે તો ? વાણિયાના રસોઈયાને બોલાવી દઈશું. રાજન ! એ રસોઈયાને ના આવડે એ તો વાણિયાને જ આવડે. એ હું કાલે બતાવીશ. બીજે દિવસે સવારી નીકળી. શેઠ સલામ ભરવા આવ્યા. બિરબલે પહેલાંથી એક માણસને શીખવાડી રાખેલું. તેને ઈશારો કર્યો એટલે પેલા માણસે શેઠ હાથમાં પાઘડી લઈ સલામ ભરતા હતા ત્યાં તેને લાકડીથી પાઘડી ઉપર ઉછાળી. આ તો અપમાન કહેવાય. પણ તે વખતે શેઠે આજુબાજુ જોઈ લીધું. કોણે ઉછાળી તે જોઈ લીધું પછી પાઘડી બગલમાં નાખી દુકાનમાં જઈ નામું લખવા માંડ્યું. જાણે કાંઈ બન્યું જ નથી. જરાક આગળ જઈને બિરબલે કહ્યું જોયું રાજન ! આ વાણિયાએ ગમ ખાધી કહેવાય. આ જગ્યાએ તમે હોત તો શું કરત ? હું તો સીધી મ્યાનમાંથી તલવાર કાઢત. પણ આણે કેમ કાંઈ ન કર્યું. એનું કારણ એ છે કે તેણે આજુબાજુ જોઈ લીધું કે પાઘડી ઉડાવનાર માણસ સામાન્ય બે બદામનો હતો. તેની શું કિંમત ? અને આજુબાજુ ૧૫-૨૦ માણસ હતું એટલે એટલાને જ ખબર પડી કે પાઘડી ઉછાળી પણ જો હું બોલીશ તો ૫૦૦ને ખબર પડશે. આખું ગામ જાણશે. એના કરતા ચૂપ રહેવું સારું. આને ગમ ખાધી કહેવાય. તેમ તમે તો વણિયા જ છો. તો તમારે ગમ ખાવી જ જોઈએ. સંઘમાં કાંઈ થાય બોલી જાય તો બાંયો ચડાવશો. અલા ગમ ખા ને ? આખી દુનિયાને શું કામ કહેવા જાય છે ? પાંચ જાણે તો ભલે ૫૦૦ ને નથી જણાવવું. તમારા ઝગડાઓની વાત બીજો બહારનો કોઈ વ્યક્તિ ન જાણવો જોઈએ. ઘરમાં ભલે લાકડીએ-લાકડીએ ઝગડો પણ દુનિયાને ન જણાવો. તમાં કિંમત કોની ? ઘટે ? પોતાની જ. આપણી

કિંમત આપણે વધારવી કે ઘટાડવી તે આપણા હાથની વાત છે. તે આ નાનાં છોકરાઓ પાસેથી શીખો.

એક છોકરો દેરાસરમાં પડી ગયો. એની મમ્મી હોંશિયાર હતી. પોતે જોયું તો ય છોકરા પાસે ન આવી. એટલે પેલા છોકરાએ આમ - તેમ જોયું ને ઉભા થઈ ચાલવા માંડયું. પણ જો એની મમ્મી એની પાસે ગઈ હોત તો ભેંકડો તાણત. એમાં એનું ઘડતર ન થાય. ઘણીવાર પડે ને તો શરીર મજબૂત થાય. તેમ તમને કોઈ બોલે તો મન પર લીધા વીના કામે લાગી જવાનું.

આસો - વદ - ૩, બુધવાર

હરિભદ્રસૂરિ મહારાજ સામાન્ય ગૃહસ્થ ધર્મ બતાડે છે. મારે મોક્ષથી ઓછું કાંઈ ખપતું નથી. પણ તેના માટે પાયાનો ધર્મ જોઈએ. કાલે જોયું કે આપણે જેના આશ્રયે છીએ તે વ્યવસ્થિત જોઈએ. તે કેવો હોવો જોઈએ. ① ધાર્મિકવૃત્તિવાળો જોઈએ ② કુલાચારની વિશુધ્ધિવાળો એટલે ખાનદાની હોવો જોઈએ ③ પ્રતાપવાન એટલે શૌર્યવાળો જોઈએ. જો તેનામાં તાકાત ન હોય તો તે આપણી શું રક્ષા કરવાનો ? જે પ્રજાની રક્ષા કરે તેવો શૌર્યવાળો જોઈએ. ખોટી રીતે સજા ન કરે તેવો ન જોઈએ. અવસર આવ્યે દીકરાએ અન્યાય કર્યો હોય તો તેને સજા કરવામાં કાચી સેકંડની વાર ન લગાડે. અને સજ્જનને સહાય કરનારો હોવો જોઈએ.

એક શેઠને ૪ દિકરા ૪ વહુઓ છે. ધનના ઢગલા છે. એકવાર આખા પરિવારને ભેગો કર્યો કહ્યું આપણે રાજાને જમવા બોલાવીએ. પછી આપણી સમૃધ્ધિ બતાડીએ. જેથી રાજા પાસે આપણું માન વધે. સમૃધ્ધિવાન તરીકેની છાપ પડે. બધા કહે હા-હા બરાબર છે. પણ નાની વહુ મૌન છે. સસરાએ પૂછ્યું કેમ બેટા ? મારી વાત ન ગમી. જો તમે પૂછો છો તો કહું છુ કે આ કરવા જેવું નથી. બધા કહે તને શું ખબર પડે. એમ કહી એની વાત ઉડાડી દીધી. રાજાને આમંત્રણ અપાઈ ગયું. જમ્યા પછી સમૃધ્ધિ બતાવી. રાજાની તો આંખો ફાટી ગઈ. વિચાર્યું આ બધી સમૃધ્ધિ મારા ખજાનામાં આવે તો સારું. તે વખતે તો વખાણ કરી મહેલમાં આવ્યો. પણ તેની નજરમાં તો હીરા- મોતીના ઢગલા જ દેખાય છે. સાંજે મંત્રીને બોલાવ્યો. પૂછ્યું કેમ ઉદાસ છો ? બધી વાત કરી. કહ્યું કાંઈ રસ્તો કાઢો. મંત્રી પણ રાજાને સાચી સલાહ આપે એવો ન હતો. સલાહકારે નીતિ માર્ગમાં રહીને સલાહ આપવી જોઈએ. પોતાને ખોટું લાગશે તો એમ ન વીચારાય. કોઈએ કહ્યું ખુશામતખોરોથી હજાર યોજન દૂર

રહેવાનું. જ્ઞાની દુશ્મન અને અજ્ઞાની (ખુશામતખોર) મિત્ર હોય તો જ્ઞાની દુશ્મનને પસંદ કરશે. ખુશામતખોર ભલે દુશ્મન હોય પણ આપણને નુકશાન પહોંચાડશે. આ સમજણ ઘણા ઓછા પાસે હોય છે.

મંત્રીએ રાજાને કહ્યું કાલે શેઠીઓ આવે ત્યારે આટલી વાત કરવાની. બીજા દિવસે શેઠીઓ આવ્યો. રાજાએ આદર આપ્યો. આગળ બેસાડ્યો. કામ કઢાવવું હતું માટે કોઈ આપણા વખાણ કરે ત્યારે વિચારવું આ કેમ આપણા વખાણ કરે છે ? કાગડાની જેમ ફુલણજી બની ઉડવા ન મંડાય. આમાં આપણ-ને નુકશાન થાય. સામાવાળાને લાભ થાય. એ વખાણ કરે તો આપણને સાવ-ધાન કરે છે. રાજા શેઠને કહે છે શેઠજી હું તમારી સંપત્તિ જોઈ ખુશ થઈ ગયો છું પણ બુદ્ધિશાળીને ત્યાં સંપત્તિ હોય તે જ યોગ્ય છે. તેથી આજે તમારી પરીક્ષા કરવી છે. જો પ્રશ્નોના જવાબ તમે આપશો તો સંપત્તિ તમારી પાસે અને નહિં આપો તો રાજભંડારમાં આપી દેવી. અને શેઠનું મોઢું પડી ગયું. નાની વહુ કહેતી હતી તે સાચું જ હતું કે રાજાનો વિશ્વાસ ના કરાય. રાજાએ પ્રશ્નો પૂછ્યા (૧) આ દુનિયામાં એવી કઈ ચીજ છે જે સતત વધ્યા જ કરે છે (૨) અને એવી કઈ ચીજ છે જે સતત ઘટ્યા જ કરે. શેઠ મુંઝાયા. કોઈપણ વસ્તુનો ઉકેલ ન મળે તો ટાઈમ પાસ કરવો. કાળ પસાર થાય બધું બરાબર થઈ જાય. છોકરા-છોકરાં ઝગડતાં હોય ત્યારે બોલો તો તરત બગડે. થોડી ધીરજ રાખો તો થોડીવાર-માં બોલતા થઈ જાય. કાચ્ચો માણસ મુંઝાય ત્યારે સમય ઉપર જવા દે. વાણિયો તેલ જૂએ તેલની ધાર જૂએ પછી પગલું ભરે. ઉતાવળ ન કરે. ધીરજનાં ફળ મીઠાં હોય.

શેઠ કહે રાજન કાલે ચોક્કસ જવાબ આપીશ. મંત્રીએ રાજાને કહ્યું કે આ જવાબ દુનિયામાં કોઈનેય આવડે તેવા નથી. તેથી રાજાને એમ કે આજે નહિં તો કાલે ખજાનો આવશે. અને શેઠ ઘરે પહોંચ્યા. બધાંને એમ કે આજે તો વટ પડી ગયો હશે. પણ શેઠનું મોઢું જોયું અને બધા વિચારમાં પડ્યા. બધાને ભેગા કરી શેઠે કહ્યું રાજા ગમે તેમ કરી સંપત્તિ આંચકી લીધા વિના નહિં રહે. બે સવાલો પૂછ્યા છે જવાબ આપે તો સંપત્તિ આપણી નહિં તો રાજાની. સવાલો કહ્યા પણ કોઈ જવાબ આપી શકતા નથી. ત્યારે નાની વહુ મૌન બેઠી છે. સસરા કહે બેટા ! અમે તારી વાત ન માની તેથી અત્યારે પસ્તાઈએ છીએ. હવે આનો જવાબ તું જ આપ. પિતાજી તમારે કાલે દરબારમાં જઈ એમ કહેવાનું કે આ પ્રશ્નોના જવાબ તો મારી નાની પુત્ર વધુ પણ આપી દેશે. આવા નાના-નાના જવાબ એમ નથી આપતા. બાકીનું બધું હું સંભાળી લઈશ. સસરાને વિશ્વાસ એટલા માટે બેઠો કે પહેલા એણે ના કહી હતી છતાંય કીધું તો પસ્તાયા. માટે બીજા દિવસે રાજદરબાર ભરાયો. રાજા-મંત્રી ખુશખુશાલ છે. શેઠ આવ્યા. મોઢા ઉપર આનંદ છે. વહુ આવવા-ની છે. જવાબ આપશે. અને વહુ આવી ગઈ. તમે જવાબ આપશો ? હા

રાજન! હું જવાબ આપીશ પણ પહેલાં મને ભેટણું ધરવા દો. અને સોનાના ગ્લાસમાં કેસરીયું દુધ રાજા સામે ધર્યું. મંત્રી સામે ઘાસનો પૂળો મૂક્યો. આ શું? આ તો અમારું અપમાન છે. રાજા ગમે તેવો પણ વિચારશીલ હતો. બહુ ગભરાયા વિના બધું કરતી હતી. તેથી તેની ઈમ્પ્રેશન તો સારી પડી જ હતી. ફર્સ્ટ ઈમ્પ્રેશન ઈઝ લાસ્ટ ઈમ્પ્રેશન. રાજાને પૂછયું આમ કેમ? રાજન તમે આ બધું મંત્રીની બુદ્ધિથી કર્યું છે. માટે તમારી પાસે બુદ્ધિ નથી. તેથી તમે નાના બાળક જેવા છો. તમારી બુદ્ધિ વધે માટે દૂધ મૂક્યું. મંત્રીની સામે ઘાસનો પૂળો કેમ? તમારો મંત્રી બળદીયા જેવો છે કે જેણે પ્રજાની સંપત્તિ આંચકી લેવાની બુદ્ધિ તમને આપી. એને બળદીયા જેવા જ કહેવાય તેથી ખાવા માટે ઘાસ જ બરાબર છે.

તેની બહાદુરી ઉપર રાજા ઓવારી ગયો. આ બધું તો ઠીક પણ સવાલના જવાબ તો આપો. જે સતત વધે તે તૃષ્ણા, ઈચ્છા. તમારી ઈચ્છા વધી એટલે જ આ બધું લેવાનું મન થયું. અને જે સતત ઘટે તે આયુષ્ય. આ સાંભળી પ્રજાજનો ખુશ થઈ ગયા. એનું માન વધી ગયું. મંત્રીને જેલમાં પૂર્યો. શેઠને નગરશેઠની પદવી આપી. આ તો પુત્રવધુની બુદ્ધિથી શેઠ બચી ગયા. પણ એ ન હોત તો બધું ખોઈ નાખવાનો વારો આવત. એટલે જ્યાં આવા અન્યાયી રાજા મંત્રી હોય જોવાના આશ્ચર્ય ના રહેવાય.

હવે ૮ મો ગુણ પ્રધાન સાધુ परिग्रह। - કોની સાથે રહેવું. કોની સાથે વાત કરવી? શ્રેષ્ઠ કોટીના સજ્જન મિત્રનો પરિગ્રહ કરવો. આજુબાજુના મિત્ર મંડળ જોઈને ઓળખાય કે તે વ્યક્તિ કેવો હશે? તમારો દીકરો ગમે તેટલો સારો હોય પણ તેના મિત્રો સાત વ્યસનથી ભરપૂર હોય તો તે સારો કહેવાય? તેની છાપ તો ખરાબ જ પડે. કોઈ દારુડીયા મિત્રની સાથે દારુના પીઠામાં જઈને ભલે દૂધ પીવે તો પણ તેની છાપતો દારુડીયા તરીકેની જ પડે. એટલે તમે જેની સાથે સહવાસ કરો તે વ્યક્તિ સજ્જન હોવી જોઈએ. જેથી લોકો તમને ઈજ્જતથી જુએ.

ગમે તેની સાથે ન ફરાય. ગમે તેની દુકાને જઈને ટાઈમપાસ કરો તો ન ચાલે. અમે વિહાર કરતા હોઈએ. વરસાદ આવે અને વચ્ચે હોટલ આવતી હોય તો તેના બાંકડાં પર બેસીએ તો લોકો શું બોલે? મહારાજ સાહેબ હૉટલે ચા પીવા બેઠા લાગે છે. એક લાંબો રસ્તો હોય, બીજો ટૂંકો રસ્તો વેશ્યાવાડામાંથી જતો હોય તો લાંબા રસ્તેથી જવાય. આપણે ગમે તેટલા પવિત્ર હોઈએ તે ન ચાલે. કોની સાથે બોલા ચાલી છે? તે કઈ વ્યક્તિ છે? તે પારખવી પડે. જેનાં શીલનાં ઠેકાણાં ન હોય એવી વ્યક્તિની સાથે તમે બેસો - ઉઠો તો ક્યારેક તમારા પર કલંક આવશે. માટે શ્રેષ્ઠ કોટીના સજ્જન વ્યક્તિની સાથે મિત્રતા રાખવી.

હવે સજ્જન કોને કહેવાય? સૌજન્યતા - જેની સાથે મિત્રતા રાખો તે સજ્જન હોવો જોઈએ. એનું હૃદય કોમળ હોવું જોઈએ. બીજાના દુઃખે દુઃખી થાય. બીજા પ્રત્યે લાગણીશીલ હોય તેવો જોઈએ. કઠોર - નઠોર હૃદય ન જોઈએ. એક બાવાજી દરમાંથી

નીકળ્યા. તેણે એક ભિખારી જેવો છોકરો માથા પર ભારો ઉપાડેલો ચાલી નહોતો શકતો આવા માણસને જોયો. તેણે તેને બોલાવ્યો. ભારો નીચે ઉતરાવ્યો. ખવ-ડાવ્યું. તેને કોઈ કપડાં આપી ગયેલું. તે ભિખારીને આપી દીધા. બુટ હતા તે પણ આપી દીધા. આ બધું કેમ? તેનામાં સૌજન્યતા હતી. તે બીજાનું દુઃખ જોઈ ન શકે. બીજાને સહાય કરવી તે સજ્જનતા.

(૨) દાક્ષિણ્યતા : સજ્જનતા તેને કહેવાય કે કોઈ કામ કહે કે ન કહે સામેથી કરી આપે. દાક્ષિણ્યતામાં કોઈ કામ કહે તો ના ન પાડી શકે. અડધી રાતે બીજાનું કામ કરવા દોડે. દાક્ષિણ્ય એટલે લજ્જા તે ગુણ છે.

(૩) કૃતજ્ઞતા: કોઈએ કરેલા ઉપકારને નજરમાં રાખી તેને સહાય કરવા પ્રયત્ન કરે. નક્કી કરો જેના ત્યાં ચા પીધી હોય તેનું ઘસાતું બોલવું નહિં. જેને ત્યાં નોકરી કરતા હોય, હાથ પકડીને ઉંચા લાવ્યા હોય એના ત્યાં જ ધાડ પડાય? માતા-પિતા ઉપકારી છે. જે મા-બાપને ગાળો આપે. ભેગો ના રહે. આવું ના ચાલે. એમની તો વ્યાજ સહિત ચુકવણી કરવી જોઈએ.

અશોકનો દિકરો કુણાલ, એનો દિકરો સંપ્રતિ. ઝરુખામાં બેઠો છે. આર્યસુહસ્તિસૂરિ દર્શન કરવા જાય છે. આને જોયા. નીચે આવી ગુરુના પગમાં પડે છે. ગુરુદેવ મને ઓળખ્યો? તને કોણ ન ઓળખે. તું સંપ્રતિ રાજા. એમ નહિં. મને ઓળખ્યો? ગુરુએ જ્ઞાનનો ઉપયોગ મુક્યો: હા. ઓળખ્યો તને. ગુરુદેવ હું ભિખારડો હતો. મને દીક્ષા આપી હતી. કયા ભવમાં ઉપકાર કર્યો હતો? ગયા ભવમાં. આ ભવમાં જાતિ સ્મરણ જ્ઞાન થયું. કહ્યું આખું રાજ્ય તમને સમર્પણ કરું છું. કૃતજ્ઞતા સમર્પણ ભાવને પેદા કર્યા વિના ન રહે. પરમાત્મા ઉપકારી છે. એવું મનમાં બેસી જાય તો પ્રભુ-ને વિષે સમર્પણ ભાવ આવ્યા વિના ન રહે. ગુરુએ મને સમજણના ઘરમાં લાવ્યો. મોક્ષમાર્ગે દોડતો કરી દીધો. પાયાના ગુણો આવ્યા. આ ગુરુનો ઉપકાર છે.

જ્યાં કૃતજ્ઞતા આવી ત્યાં આખું રાજ્ય ગુરુનાં ચરણોમાં સમર્પણ કરવા તૈયાર થઈ ગયો. ગયા ભવમાં ભિખારી હતો. કોઈ ટુકડો રોટલો આપતું ન હતું. સાધુઓને જોયા કહ્યું મને કંઈક ખાવાનું આપો. સાધુઓ પણ સમજણ હતા. તેમણે કહ્યું અમારી પાસે આ જે છે તેની માલિકી અમારા ગુરુની છે. ગોચરીની માલિકી ગુરુની હોય. વહોરનારની ન હોય. નાના સાધુ-સાધ્વી ક્યારેય કાંઈ પૂછે તો જવાબ ના આપે. ખબર હોય છતાં પણ ગુરુ પાસે મોકલાવે. કારણ ગુરુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જવાબ આપશે. અનુભવથી જવાબ આપશે. જેથી તે થોડું કરવાનો હોય ઘણું કરતો થઈ જાય. હરિભદ્રસૂરિ મહારાજને યાકીની મહત્તરા એ આચાર્ય મહારાજ પાસે મોકલ્યા તો તેમણે દીક્ષા લીધી. જૈન શાસનના જવાહર બન્યા. અને ગુરુએ પોતાની પાસે આવે તેને ભગવાન સુધી પહોંચાડવાનો. પોતાની આસપાસ રાઉન્ડ

મારવા નહિં કરવાના.

પેલો ભિખારી ગુરુ મહારાજ પાસે પહોંચ્યો. ગુરુ મહારાજ જ્ઞાની હતા. કહે આવા કપડાં પહેરે તો આપું. પેલો કહે આ મા'રાજતો બહુ સારા. ખાવાનું તો આપે. કપડાં પણ આપે. રહેવા મકાન પણ આપે. લઈ લીધી દીક્ષા. ઘણું ખાધું. પેટમાં શૂળ ઉપડી. વેદના છે. ગુરુ મહારાજ સેવા કરે છે. શેઠીયાઓ પગ દાબે છે. શેઠીયાઓ ટુકડો રોટલો નહિ આપનારા આજે પગ દાબે છે. પેલાને થયું. અદ્‌ભુત આ શાસન છે. એ ભાવથી ધ્યાનમાં મૃત્યુ પામ્યો. મરીને સંપ્રતિ રાજા થયો. એટલે એને ખબર નથી કે સાધુ જીવનમાં રાજપાટ - પૈસા વિગેરે ન અડાય. સાધુના આચારની એને ખબર નથી. અને કદાચ ખબર હોય તો ગુરુ પ્રત્યે એટલો બધો ઉછળતો ભાવ આવ્યો કે તે કાંઈ વિચારવા તૈયાર નથી. આ કૃતજ્ઞતા ગુણે શું કામ કર્યું ? સવા લાખ દેરાસર બંધાવ્યા. સવા કરોડ જિનબિંબ ભરાવ્યા. સાધુ - સાધ્વીના અનેક દેશોમાં વિહાર ચાલુ કરાવી દીધા. એ ગુરુએ એને ભગવાન સુધી પહોંચાડ્યો.

આસો વદ - ૪, ગુરુવાર

હરિભદ્રસૂરિ મહારાજ સામાન્ય ગૃહસ્થ ધર્મ બતાવે છે. સાધુ - શ્રાવક - જૈન બનવું અઘરું નથી. પણ સદ્‌ગૃહસ્થ બનવું અઘરું છે. ૫૦૦૦ કમાયા પછી ૬૦૦૦ કમાવા અઘરા નથી, પણ પહેલા ૫૦૦૦ કમાવા અઘરા છે. ૬-૭ ઓળી કરવી અઘરી નથી પણ પહેલાં પાયો નાંખવો તે અઘરો છે. તેમ સદ્‌ગૃહસ્થ બનવું અઘરું છે. આ પાયાના ગુણ ન હોય અને બની ગયા શ્રાવક કે જૈન તો તો તેની કોઈ કિંમત નથી. કાલે વાત કરી હતી કે ગુણવાન વ્યક્તિની સોબત કરવી. તમારી બેઠક સજ્જનની સાથે છે તો તમે પણ સજ્જન છો. આ સજ્જન માણસોનો પરિગ્રહ કરવાનો. પરિગ્રહ એટલે શું ? મુર્છા, મમતા અહીં સાધુ સજ્જનની સાથે રહેવાનું નથી કહ્યું પણ તેનો પરિચય - પરિગ્રહ રાખવાનું કહ્યું છે. અર્થાત તેના પ્રતિ મમતા - મારાપણાનો સંબંધ હોવો જોઈએ. આત્મીયતા હોય. લાગણીના તાંતણે બંધાયા હોય. એક - બીજાના સુખે સુખી દુઃખે દુઃખી જોઈએ.

જો ઝાડની નીચે સાપો હોય. તે ગમે તેવું સુગંધીદાર ઝાડ હોય. રૂપાળુ હોય. ફુલ આપનારું હોય. તો પણ સજ્જન માણસ તેની પાસે ન જાય. કારણ તેની આસપાસ સર્પો છે. તેમ તમે ભલે ખાનદાની હો પણ તમે દુષ્ટ વ્યક્તિઓ-ની સોબતમાં હો, ખરાબ મિત્રો તમારી આજુબાજુ હોય તો કોઈ સજ્જન માણસ

તેની પાસેં ન જાય. આપણી ગુણવાન તરીકેની પ્રસિદ્ધિ ક્યારે થાય ? સારા માણસની સોબતમાં હો તો. આખી દુનીયાને અંદરથી ગુણ જ ગમે છે. તે જ શ્રીમંતના ગુણગાન ગવાશે કે જેણે ઉપધાન - નવ્વાણું વિગેરે કરાવ્યું હશે. અર્થાત તેનામાં કંઈક ને કંઈક ગુણ તો છે જ. પણ કંજૂસ હોય તેના ગુણગાન ગવાય ? મમ્મણ શેઠનું કેમ. ગુણના કારણે મધમાખી પાસે ઘણું મધ છે. માટે મધમાખી મહાન નથી, પણ તે ફુલોની આજુબાજુ રહે છે માટે મહાન છે. જો તમારે સદ્‌ગૃહસ્થ બનવું હોય તો આવી ગુણવાન વ્યક્તિ સાથે રહેવાનું.

હવે ૯ મો ગુણ પહેલાં તમે ધંધો લાગો પછી જ મા-બાપ તમારી સગાઈ કરશે. એટલે પહેલાં ધંધાનું બતાડયું. પછી લગ્નનું. હવે ઘર-વાળી આવી ગઈ એને રાખવા ઘર તો જોઈએ ને ? તો ઘર કેવું જોઈએ. ઘર ગમે ત્યાં ન બનાવાય. યોગ્ય સ્થાને જ બનાવાય. ધન, દીકરીના શીલની, નાના દીકરાના અપહરણની અને બીજા બધાની રક્ષા માટે ઘર જોઈએ. ખાલી રહેવા માટે નહિં. अति प्रकट: अतिगुप्त । અત્યંત જાહેર માર્ગ પર ચારેબાજુ કાંઈ ના હોય જાહેર માર્ગ પર સીધો દરવાજો હોય તેવું ઘર ન જોઈએ. તમારા ઘરમાં જે થાય તે બધાંને દેખાય તેવું ન જોઈએ. જેની આજુબાજુ કોઈ ઘર ન હોય તેવું પણ ન જોઈએ. અર્થાત્ આજુબાજુ ઘરો હોવા જોઈએ. જેથી આપણું રક્ષણ થાય. ઘરના બધા સભ્યોની સલામતી રહે.

(૨) અત્યંત ગુપ્ત: ચારેબાજુ એટલા બધા ઘર હોય કે તમારા ઘરે કોઈ આવી ન શકે. આગ લાગે ત્યારે ફાયર બ્રિગેડવાળા પણ ન આવી શકે. એટલે કે તમારી શેરી અત્યંત સાંકડી હોય. જેથી તમારા સામાન વિગેરેની ટ્રક પણ ન આવી શકે, અચાનક ધરતીકંપ, ચોર-લૂંટારા આવે કોઈપણ નુકશાન થાય ત્યારે ભાગી શકો એવું ઘર જોઈએ. એટલા બધા ગીચ ઘરો હોય કે તમારા ઘરનો દરવાજો પણ ન મળે. સગા - સંબંધી - સાધ્વી આવે તો પણ ગોળ - ગોળ ફરીને ચાલ્યા જાય. માટે અતિગુપ્ત ઘર ન જોઈએ. જાહેર એટલા માટે ન જોઈએ કે કોઈ દુષ્ટો આવીને નુકશાન ન કરી જાય. અને ગુપ્તમાં પણ ઘર ન હોવું જોઈએ કારણ જ્યારે જરૂર પડે ત્યારે કોઈ રક્ષા ન કરી શકે.

હવે તમારા પડોશી યોગ્ય જોઈએ. બાજુમાં મુસલમાન હોય તો રોજ માંસ રંધાતું હોય. અજૈન હોય તો તે બટાકા ખાતો હોય, તો તમારો નાનો છોકરો પણ ત્યાં જઈને બટાકા ખાતો થઈ જાય. કોઈ સંસ્કારો ન ટકે. ત્યાં જેવી ભાષા બોલાતી હોય તેવી તે શીખે. સોબતની અસર ઘણી થાય. સોબત ખરાબ હોય તો ગમે તેવો ગુણવાન પણ ખરાબ થઈ જાય. સામાન્યથી

વાતાવરણની અસર જલ્દી થાય છે. કોઈ આપણને કુતરો કહે તો મન પર અસર થાય. માટે આપણે ભાવુક છીએ.

પડોશી કોને કહેવાય ? ૨-૩-૪ ઘર જ્યાં આવવા જવાનો વ્યવહાર હોય તે પડોશી. સાચો સગો પડોશી. માટે તેની સાથે વ્યવહાર સારો રાખવો. પણ જુગારવાળો પાડોશી ન જોઈએ. કારણ તમારા સંતાનોના સંસ્કારો બગડે છે. આવું બધું શા માટે કહો છો ?

જો જાહેરમાર્ગ પર મકાન બનાવો તો ચોર-બહારવટિયા ખુની માણસો ગમે ત્યારે આવી મારી નાખે. અતિગુપ્ત પણ ન જોઈએ. કારણ બહુ ગીચમાં ઘરની શોભા નથી તેમજ આગ વિગેરે લાગે તો તેની મદદ પણ કોઈ જલ્દી ન કરી શકે. અને સોબતની અસર પણ ઘણી થાય છે. સામેવાળા ગમે તેવું વર્તન કરે તેની અસર થાય. અર્થાત્ બહારના નિમિત્તોની અસર જલ્દી થાય છે. આપણે સંવેદનશીલ છીએ.

એક શેઠ - શેઠાણી હતા. વહુ આવી. સારા સંસ્કારવાળી છે. સાસુ-સસરાની પણ સંભાળ સારી રાખે છે. તેથી તે પણ વહુ-બેટા કહે છે. સાસુના હજાર હાથ માથે છે. પતિ પણ માને છે કે મને યોગ્ય પાત્ર મળી ગયું. તેથી તે પણ સારી રીતે રાખે છે. પણ પડોશણ મંથરા હતી. કાન ભંભેરણી ચાલુ કરી. આ તો નવી વહુ નવ દા'ડા માથે ચડાવશો તો માથે ચડી જશે. પછી એક-છત્રી સામ્રાજ્ય વહુનું થઈ જશે. તમારો માન - મોભો નહિં રહે. થોડો કંટ્રોલ તો જોઈએ જ. ઉપાય શું ? તેની ભૂલ થાય ત્યારે તેની ઉપર તૂટી પડવું, એને દબાવી દેવી અને સાસુએ ચાલુ કર્યું. બીજા નંબરમાં દીકરાને પણ કહેવા લાગી તું બહુ બૈરી ઘેલો ન બન. બહુ ચડાવ નહિં. પરિણામે વહુ-દીકરો જુદા રહેવા ગયા. પાછી પેલી પાક્કી મંથરા સસરાને કહે તમારી વહુ તો બહુ સારી હતી. પણ તમારી પત્નીનો સ્વભાવ કેવો કે તેને બોલ-બોલ કર્યું જેથી તે જુદા રહેવા ગયા. હવે પતિ-પત્નિ વચ્ચે ઝગડા કરાવ્યા. આવા મંથરાવેડા નહિં કરવાના. આપણું કામ છે સાંધવાનું તોડવાનું નહિં. બનવું હોય તો સોય બનજે કાતર નહિં બનવાનું. દરજી ને જોયો છે. તે કાતર નીચે રાખે સોય ઉપર ટોપીમાં રાખે કારણ તે ટુકડાને સાંધવાનું કામ કરે છે. જ્યારે કાતર ટુકડા કરે છે માટે તેનું સ્થાન પગમાં છે.

પ્રેમસૂરિ મહારાજ સાહેબે છેલ્લી આપેલી હિતશિક્ષા ચંદ્રશેખર ! તું સોય બનજે પણ કાતર કદી ન બનતો. તેમ સોય જેવા પાડોશી જોઈએ. કાતર જેવા નહિં. ગમે તેટલા ગુણવાન તમે હો છતાં પણ પાડોશીની અસર થયા વિના ન રહે. તેમ તમે દીક્ષા લો તો એકલા ગુરુને ન જોશો પણ ગુરુભાઈ - ગુરુબહેનોને પણ જોવાના, કારણ ૨૪ કલાકમાં ગુરુ પાસે તો કલાક - ૪ કલાક પણ બીજા બધા કલાક ગુરુ-ભાઈ - બહેનો જોડે જ રહેવાનું હોય. જેમ તમારા દીકરાઓનો મોટા ભાગનો સમય મા-બાપ કરતા મિત્રો સાથે વધારે જાય છે. તેમ જેની જેની સાથે રહેવાથી સંઘર્ષ-સંકલેશ ન થાય. પણ જેની સાથે રહેવાથી આત્મિયતા બંધાય હૂંફ મળે. તેમ દીકરીને

સાંસરે મુકો તો ખાલી મુરતીયો જ જુઓ કે ઘરના સાસુ-નણંદ-જેઠાણી વિગેરે પણ જુઓ ? બધું જ જોવાનું. કારણ વધારે સમય તો તેને આ બધા સાથે રહેવાનું છે. મુરતીયા સાથે તો ખાલી રાત્રે ૬-૮ કલાક જ રહેવાનું છે. તેમ ઘર માટે પણ પાડોશી સુંદર જોઈએ. ગમે તેવા ન હોવા જોઈએ.

આસો વદ-૫, શુક્રવાર

હવે ઘર કેવું હોવું જોઈએ ? લક્ષણોથી યુક્ત હોય તેવું ઘર જોઈએ. આત્મા અચરમાવર્તમાંથી નીકળી ચરમાવર્તમાં આવે પછી માર્ગાભિમુખ પછી માર્ગ-પતિત બને પછી માર્ગાનુસારી. એટલે જુદા-જુદા ૩૫ ગુણો આવે ત્યારે જ તે સદ્ગૃહસ્થ બને. પછી જૈન શ્રાવક-સાધુ બની શકે. પણ પહેલાં સાચા સદ્ગૃહસ્થ બનવું પડે. લક્ષ તરફ નજર જાય તો ગુણો મેળવી શકાય. લક્ષ નક્કી હોય કે મારે છક્કુ કરવો છે. તો આસમાન-જમીન એક કરીને પણ છક્કુ કરે. પાયાના ગુણો લાવવા છે. એવું લક્ષ હોય તો ગુણો આવ્યા વગર ના રહે.

મોક્ષ માણસનો જ થાય. તે પણ અંદરના માણસનો. અને અંદરનો માણસ બન્યા પછી મોક્ષ તરફની વિકાસયાત્રા ચાલુ થાય. માટે અંદરનો માણસ બનવા સદ્ગૃહસ્થ બનવાનું. તેના માટેની વાત ચાલે છે. ઘર કેવું જોઈએ તેની વાત કરી. પડોશી દેખાવના સારા એવું નહિં. પણ સ્વભાવના સારા સંસ્કારી જોઈએ. કારણ ૬-૭ વર્ષ સુધી સંતાનને મા-બાપની અસર હોય પણ પછીથી મિત્રવર્ગ અડોશી-પડોશીની અસર થાય. એવું પણ થાય કે પતિ આખો દિવસ ધંધે જાય. બાજુમાં બીજીનો પતિ પણ ધંધે જાય. બંને બહેનપણી બને. હવે પેલીના પતિની સીફ્ટ બદલાઈ રાત્રીની નોકરી આવી. દિવસે ઘરે. બહેનપણી બે-પાંચ દિવસ બહાર ગઈ છે. પેલી એના ત્યાં જાય અને દુરાચારી પણ બને. માટે પડોશી સંસ્કારી જોઈએ. હવે ઘર લક્ષણ યુક્ત જોઈએ. જે જગ્યા એ પહેલા સ્મશાન, કબ્રસ્તાન હોય તેની નીચે હાડકા વિગેરે દટાયેલા હોય ત્યાં ઘર બનાવવામાં આવે તો કલેશ થાય. આપણે ત્યાં વિધિ છે કે દેરાસર-ઉપાશ્રય બનાવવામાં આવે ત્યારે ખાતમુહૂર્ત કરવામાં આવે. એટલે ખાડો ખોદે - ક્યાં સુધી ? જ્યાં સુધી પાણી ન નીકળે ત્યાં સુધી. પછી ત્યાં ૯ જુદી-જુદી શીલા મુકવામાં આવે.

આ કાળજી માત્ર દેરા. ઉપાશ્રય માટે નથી બધાના ઘરો માટે પણ

હતી. હવે તો બીલ્ડર બાંધી દે. તમે રહેવા જાઓ. કોણ જોવા જાય છે. કે ત્યાં નીચે શું હતું ? વાસ્તુશાસ્ત્રના જુદા નીતિ - નિયમ પ્રમાણે કે જે જમીનમાં ઘરો - ઘાસ - દુર્વા ઉગેલા હોય અથવા તે માટીની સુગંધ દૂરથી પણ સારી હોય તેવી માટીવાળી જમીનમાં ઘર બનાવાય. ખાડો ખોદતાં મીઠું પાણી નીકળે તો તે જમીન પર જે રહેશે ત્યાં રગડા - ઝગડા નહિં થાય. તેની ચડતી જ થાય. પ્રસન્નતા - શાંતિથી જીવી શકે. કોઈ કહે મહારાજ સાહેબ બધું તો કર્મને આધીન છે ને ? ગમે તેવી જમીન હશે પણ પુન્ય હશે તો બધું સારું જ થશેને ? ના : એવું નહિં. પુન્ય પાપ - કર્મનો ઉદયમાં લાવવું કે અટકાવવાનું તે દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી થાય છે. તમે ગામડામાં હતા ત્યારે ઓછું કમાતા હતા. સુરતમાં આવ્યા વધુ કમાયા. આ ક્ષેત્ર ગામડામાં કાપડનો ધંધો હતો ત્યાં ઓછું મળતું હતું. અહીં હીરાનો ધંધો કરો છો. આ દ્રવ્યથી દ્રવ્યા બદલાયું કર્મ ઉપર અસર કરે. કાળ ઉપર અસર કરે. મંદી આવે તો ઘણું પુન્ય હોય તોય ધંધામાં મંદી આવે. અને ભાવ એટલે અવસ્થા. વિશેષ ઘડપણમાં ધોળા વાળ આવે. બાળપણમાં કાળા હતા. બાલ્યપણમાં ગમે તેટલી છોકરીઓ જોડે રમતો પણ કામવિકાર ન જાગતો. અને યુવાનીમાં ખાલી જુઓ તો પણ કામવિકાર પ્રગટે એ કર્મ ઉદયમાં આવે. ભવ પણ કામ કરે. દેવલોકમાં અમુક કર્મ અસર કરે. જેમ દેવ ભવમાં દીક્ષા ન જ મળે. મનુષ્ય ભવમાં કર્મ હોય તો દીક્ષા મળે. માટે આ પાંચ કારણો પણ અસર કરે. અમારે પણ અધિનિર્યુક્તિમાં આવે છે કે કયા ઉપાશ્રયમાં ઉતરવું ? તેમ જ ડાંડા - ડાંડી - પાત્રામાં એકી સંખ્યામાં પર્વ હોય તો સારા. બેકી રકમના પર્વ નુકશાન કરે. કપડાં કે કામળીના પણ લક્ષણ જોવાના જુદા નવ ભાગ કરવાના. રાક્ષસગણ હોય તે વિસ્તારમાં ડાઘ હોય. કબલ ઓરાઈ ગયું હોય તો તે કપડું ન લેવું. પરંતુ આવું માનવગણ કે દેવગણમાં હોય તો લેવું. પહેલાં તો ઉપાશ્રય નહોતા. બધાના ઘર મોટાં હોય એટલે ઘરમાં જ ઉતરવાનું

પણ કોના ઘરમાં ઉતરવાનું ? મનથી કલ્પના કરવાની કે એક બળદીયો પૂર્વ દિશા સામે જોઈને ડાબે પડખે સુતેલો હોય. તેનો શિંગડાનો ભાગ જ્યાં આવે ત્યાં વસતિ લેવાની. તો માન - સન્માન મળશે. પેટનો ભાગ આવે ત્યાં રહેશો તો તૃપ્તિ થશે. પગના ભાગમાં રહેશો તો બે - ચાર દિવસમાં વિહાર કરવો પડશે. જે સાધુ - સાધ્વી અભિરત છે, મોક્ષમાર્ગની આરાધના સાધના કરનારા છે. તેમના માટે પણ જો આવી વિચારણા હોય તો તમે તો સંસારમાં છો. તમારે કેટલી વિચારણા જોઈએ ? જો બધી ખોટી પસંદગી જ થાય તો આર્તધ્યાન - અશાંતિ અને ઢગલાબંધ કર્મો બાંધી દુર્ગતિમાં જાય.

અત્યારે પાયાની ચીજો હતી. તેના માટે વાતાવરણ તૈયાર કરવાનું હતું તે ન કર્યું તો શું થાય ? જેમ ૯ મહિના પહેલાં ૫-૬-૭-૮ મહિને માતા બાળકને જન્મ આપે તો શું થાય ? રેઝિસ્ટેન્સ પાવર તૈયાર ન થયો માટે સહેજ પ્રતિકુલતા આવે ને મરી જાય, કાં તો માંદુ રહે. શરીરનું બંધારણ ૯ મહિના પછી જ તૈયાર થાય. તેમ અહીં ૯ મહિનાનો ગર્ભકાળ ૩૫ ગુણવાળો પસાર કરવાનો. પછી સામાયિક, પૂજા નામના બાળકને જન્મ આપે તો તે હૃષ્ટ - પુષ્ટ થાય. પણ જો આ પ્રમાણે ન થાય તો સામાયિક

વિગેરે દુબળા-પાતળા હોય. ગુસ્સો આવી જાય. અવસરે મરી પણ જાય. ધોતિયું પહેર્યું નથીને પાટલી વિગેરે બધું પહેરી લીધું શું થાય ? પહેલાં પાયાની વાતો આવે પછી ધર્મ સાધના કરવાની છે.

જેમાં નીચે નિધાન હોય તેના લક્ષણ છે. અમુક પ્રકારનું ઝાડ હોય ત્યાં અમુક ધન હોય એવી જમીન ખરીદી કરાય. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે જે વેદ વિગેરે આવતા ન હોય તેના પર બનાવેલ મકાનમાં રહેવું જોઈએ. આવું બધું ન જુઓ તો પૈસા ઓછા થઈ જાય, ધંધો ખલાસ થઈ જાય. ભૂત-પ્રેતના ઉપદ્રવ થાય. સુખી જ ન થાય. રગડા-ઝગડા થાય.

મહાત્માઓને વિહાર કરતાં-કરતાં અંધારું થઈ ગયું. એક જગ્યાએ મકાન દેખાયું. નજીકમાં જઈ વોચમેનને પૂછ્યું. આ મકાન ખાલી લાગે છે. અમે અહિં રહી શકીએ. પેલો કહે ખાલી તો છે પણ ભૂતિયું ઘર છે. કોઈ અહીં રહેતું નથી. રાતે ભૂત આવે છે. હું તો ચોકીદાર તરીકે રહું છું. મહારાજ સાહેબ કહે એ તો અમને કાંઈ ન કરે. તમે ચિન્તા ના કરો. વીલપાવર જોરદાર હતો. પેલો કહે ભલે હું તો ખોલી દઉં. આ મહારાજ ચાવી લઈને ગુરુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું આપ કહો તો રહીએ ચાવી તો લઈ આવ્યા છીએ. ગુરુ મહારાજ કહે આ વાત તમે બે અને હું એમ ત્રણ જ જાણીએ બીજા કોઈને કહેતા નહિં. તમે બહાદુર છો એટલે વાંધો નહિ આવે. બધા ગયા ત્યાં ઉતર્યા. ગુરુ મહારાજે આ બે સાધુને કહ્યું કે તમારે ૧૧ થી ૪ સુધી જાગવું. જરૂર પડે તો મને ઉઠાડજો. પહેલા માળે ઉતર્યા હતા. રાતના ૧ વાગે અવાજ ચાલુ થયો. પેલા કહે કાંઈ નહિ ઉપર આવવા દો. હાથમાં ચોટલી પકડાઈ જાય તો શાસનના કામ કરાવી શકાય. જેને ભગવાન પર શ્રદ્ધા ન હોય. પુન્ય-પાપ પર શ્રદ્ધા ન હોય તેને ડર લાગે. મર્દાનગી ગુરુવીરતા જોઈએ. થોડીવાર થઈ પણ કોઈ ઉપર ન આવ્યું. એટલે એ લોકો નીચે ગયા. બે દરવાજા વચ્ચે જગ્યા હતી. સુસવાટા મારતો પવન આવતો હતો. તેથી પોતાનો કંદોરો કાઢી બે દરવાજા મજબૂતાઈથી બાંધી દીધા. પછી ઉપર જઈ ૧૦ મીનીટ બેઠા પણ અવાજ બંધ થઈ ગયો. એટલે લાગ્યું આ તો પવનથી જ અવાજ આવતો હતો પછી બન્નેય ઘસઘસાટ સૂઈ ગયા. સવારે નીકળ્યા ત્યારે પેલા ચોકીદારે પૂછ્યું કે મ'રાજ ભૂત નહોતું આવ્યું ? એ કહે પવન નામનું ભૂત આવ્યું હતું.

કેટલીકવાર કાચા-પોચા માણસો આવો ખોટો પ્રચાર પણ કરતાં હોય છે. ક્યારેક સાચું પણ હોય.

સ્વપ્ન ૯ કારણસર આવે તેમાં ૩ કારણસર આવે તે જ સાચા હોય. વિના કારણે, વિશિષ્ટ આરાધના-સાધનાના કારણે, પુણ્ય-પાપના કારણે આવેલા હોય તે સ્વપ્નો જ સાચા પડે. આખો દિવસ વિચાર્યું હોય તે સ્વપ્નમાં આવે, કફ-પિત્ત વગેરેના કારણે આવે તે સ્વપ્નો સાચા ન પડે.

દેવો કોને સહેત આપે જે જિતેન્દ્રિય હોય. વિશિષ્ટ આરાધના - સાધના કરતા હોય તેને સ્વપ્ન આપે.

પરદેશમાં એકવાર એવું બન્યું એક મકાન હતું તેમાં જે રહેવા જાય બીજા દિવસે ખાલી કરીને જતા રહે. એકવાર એક પોલિસ ઓફિસર રહેવા આવ્યો. એણે સાંભળેલું હતું કે બધા બીજે દિવસે ખાલી કરીને જતા રહે છે. પણ એને બીજે ક્યાંય મળે તેમ નહોતું એટલે રહેવા આવ્યો. રાત્રે ૧૨ વાગ્યા એટલે બારણું ખુલ્યું. પેલો ઉભો થયો. રૂપ-રૂપના અંબાર જેવી સ્ત્રી આવી. પેલો બહાદુર હતો ગભરાયો નહિં. એણે વાતો કરવાનું ચાલુ કર્યું. તમે કોણ છો? કેમ આવ્યા? પેલી પ્રભાવિત થઈ ગઈ. આજ સુધી તો બધા મારાથી ગભરાઈને ભાગી જતા હતાં. તમે તો મસ્તિથી વાતો કરો છો. પોતાની વાત રજૂ કરી.

અમારું આ મકાન છે. મારા મા-બાપ મૃત્યુ પામ્યા. હું એકલી રહેતી હતી. તેથી આ ઘરનો અડધો ભાગ ભાડે આપ્યો. એક દિવસ એ પુરુષે અનુચિત માંગણી કરી. મેં સ્વીકારી નહિં તેથી તેણે મારું ખુન કરી મકાન પચાવી પાડ્યું. હવે જ્યાં સુધી એને સજા નહિં થાય ત્યાં સુધી મને ચેન નહિં પડે. તમે મને મદદ કરી શકશો? પણ તેના પુરાવા વિગેરે જોઈશે. એ બધું હું લાવી આપીશ. પેલી ગઈ. બીજે દિવસે કેસ ચાલુ થયો. જે જે પુરાવાઓ જોઈએ તે ભૂત લાવી આપે. પેલો ખુની સાબિત થયો અને ફાંસી-ની સજા થઈ. પછી પેલું ભૂત જતું રહ્યું. આવું પણ બની શકે.

માટે મકાન કેવું હોવું જોઈએ? લક્ષણથી યુક્ત. લક્ષણવાળું ન હોય તો લોકોમાં પ્રસિદ્ધ એવા નુકશાન થાય છે અને હોય તો બધી બાબતમાં સફળતા મળે. જગ્યા સારી છે કે ખરાબ છે તે શેનાથી ખબર પડે? ઘરની જમીન લેવા જાઓ અને સારા શુકન થાય. મકાન બાંધતા હો ત્યારે સારા શુકન થાય. તેમ દેવ દ્વારા કથન થયું હોય અને કહે કે આ જગ્યાએ ઘર બનાવ. અથવા કોઈ ધર્મી હોય અને અંદરથી અવાજ થયો કે આ જગ્યા સારી છે કે ખરાબ.

હવે છેલ્લી વાત ઘરની બાબતમાં આવે છે. ઘરમાં દરવાજા બહુ ન હોવા જોઈએ. કોઈ આવે તો તમે આ બાજુ ધ્યાન રાખો ને બીજી બાજુથી નીકળી જાય. બારી : પ્રકાશ આવવા માટે ઘણી જોઈએ. અંદર-અંદર દરવાજા ઘણાં હોય તો ચાલે પણ બહાર નીકળવાના કે અંદર આવવાના દરવાજા ઘણાં ન જોઈએ. દરવાજા તમારી બેઠક હોય ત્યાંથી દેખાય તેવા હોવા જોઈએ. તેવી રીતે ન હોય તો ઘરનું રક્ષણ સારી રીતે કરી ન શકો.

સાધુ કેમ સુખી અને તમે દુ:ખી? તમને બધાની પરાધીનતા માટે દુ:ખી અને સાધુ-સાધ્વીને કોઈની પરાધીનતા નથી માટે સુખી. સાધન-સામગ્રી જેના પાસે ઓછામાં ઓછી તે સુખી. સાધુ-સાધ્વી પાસે ઓછામાં ઓછી સામગ્રી છે માટે સુખી.

જો તમારા ઘરમાં સારી રીતે રક્ષણ ન થાય તો દીકરી-પત્નિ આદિના શીલનું રક્ષણ ન થાય. તેમ જ વૈભવનું પણ રક્ષણ ન થાય. માટે તમારે જરૂર પૂરતા દરવાજા જોઈએ. દા. એક કરતાં વધારે એટલે બે હોવા જોઈએ, પણ ઘણાં બધા ન હોવા જોઈએ. કારણ આગ લાગે તો બીજા દરવાજેથી નીકળી શકાય. માટે એક જ દરવાજો એમ નહિં. પણ એકથી વધારે જોઈએ.

## ઉચિતવેશ :- ૧૦ મો ગુણ

માનવ વિશિષ્ટ કોટીનો છે. તે વિવેકી છે. માટે જ કપડાં પહેરે છે. ન પહેરે તો પશુ જેવો કહેવાય. તો કપડાં કેવા પહેરવા ? ફાટેલાં કપડાં ન પહેરવા કારણ તે ગરીબાઈ કે કંજૂસાઈની નિશાની છે. એટલે સમજુ માણસને ફાટેલાં કપડાં ન ચાલે. મેલા હજુ ચાલે. સાથે સ્વચ્છ જોઈએ. એટલે વૈભવ - ઉંમર - નિવાસ સ્થાન પંજાબ - અમેરિકા - મહારાષ્ટ્ર ક્યાં રહો છો ? તેને અનુરૂપ કપડાં પહેરાય. કેવા પ્રકારનો પહેરવેશ હોય ? પૈસાને અનુરૂપ. દા.ત. કરોડપતિ સાવ ખરાબ કપડાં પહેરીને ફરે તો કોઈ યાચક માંગી ન શકે. તેથી તે દાન ન આપી શકે.

આપણે ત્યાં શાસ્ત્રમાં આવે છે કે ઘરેથી સામાયિક લઈને ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા આવવું કારણ શ્રાવકની એક મિનિટ પણ અવિરતિમાં જવી ન જોઈએ. પણ તેમાં રેકલાઈઝ મૂકી છે કે જે શ્રીમંત હોય તેને સામાયિક લઈને નહિ આવવાનું. ભલે ૧૦-૧૫ મિનિટ અવિરતિમાં રહેવું પડે. તે ધોતી-ખેસ નહિ. સારા કપડાં પહેરીને આવે. કારણ યાચકો માંગે તો હોય તે બધાને દાન આપતો - આપતો ઉપાશ્રયમાં આવે.

વેશના આધારે ભાવ જાગે. જેવો વેશ એવા વિચાર. બેડરૂમમાં નાઈટ-ડ્રેશ પહેર્યો હોય તો તેવા વિચાર આવે. સામાયિકનો વેશ પહેર્યો હોય તો જુદા વિચાર આવે. તમને એવું લાગે છે ? માટે જે તે કપડાં ન પહેરાય. પણ સંસ્કૃતિ - કુલની આનદાની સચવાય તેવા પહેરાય. માન - મર્યાદા - શોભા ત્રણેય સચવાય તેવાં કપડાં જોઈએ. અત્યારે તો ટીવીમાં જે દેખાય તે પહેરવા લાગ્યા. શ્રીમંત - ગરીબ બધાંને એક જ સરખા. ફેશન નીકળવી જોઈએ. મીડી તો બધા મીડી પહેરે. મીનીસ્કર્ટ તો બધા મીનીસ્કર્ટ પહેરે. ટૂંકી બાયના તો બધા ટૂંકી બાયના પહેરે. પછી સુખી દુઃખીનો કોઈ મતલબ જ નથી. આવું આંધળું અનુકરણ ન કરાય. નવા - નવા કપડાં નીકળે તમે ખરીદો એ ન શોભે.

કક્ષા પ્રમાણે કપડાં જોઈએ. વૈભવને અનુરૂપ જોઈએ પણ બધી સમાનતા ન જોઈએ. તો પહેલી વાત પોતાની પાસે રહેલી મૂડીના આધારે વેશ જોઈએ.

બીજી વાત ઉંમરને અનુરૂપ વેશ જોઈએ. મોટા ૮૦ વર્ષના બેન પંજાબી કે પટાણી પહેરે તો કેવા લાગે ? તમે દાદા થયા ને હજુ પેન્ટ - શર્ટ પહેરો તો ન શોભે. જુવાનીમાં શોભે. સાહેબ ! અત્યારે તો ચાલે છે તે સારું ન લાગે. તમે લોકો માટે જીવો છો ? દરેક ઉંમરે એક સરખાં કપડાં ન પહેરાય. અત્યારે તો દેખાદેખીથી કપડાં પહેરાય છે. એક ઘેટું ખાડામાં પડ્યું પછી બીજું - ત્રીજું એમ બધા જ ખાડામાં પડ્યા. તેમ એકે પહેર્યું પછી બીજાએ પહેર્યું અને આપણે પહેર્યું તે ઘેટા જેવા. આપણી પાસે વિવેકબુદ્ધિ હોવી જોઈએ. આપણા જ

વિચાર હોવા જોઈએ. આપણે કયા ખાનદાનના ? આપણી કેપીસીટી કેટલી ? આપણે મોભો કેવો ? તે વિચારવાનું.

આ પ્રશ્ન વારંવાર જાતને પૂછીએ કે આપણે કોના માટે જીવીએ છીએ ? આપણા માટે કે લોકો માટે ? આપણા માટે. તો પછી પોતાના માટે પોતાની મૌલિકતા માલિકતા હોવી જ જોઈએ. લોકોના આધારે જીવન જીવે તે ક્યારેય મહાન ન બની શકે. જે પોતાના માટે જીવે તે જ મહાન બની શકે. પણ આપણે તો કોઈ આવું પહેરે તો આવું પહેરવાનું. બધા કરે તે નહિં કરવાનું. પણ યોગ્ય હોય તે રીતે જીવવાનું. લાલ બહાદુર શાસ્ત્રી વડાપ્રધાન બન્યા તો પણ ભાડાના મકાનમાં રહેતા હતા. તે મૃત્યુ પામ્યા ત્યારે તેમના પત્નિ પુત્રોને ક્યાં રહેવું તે સવાલ થયો હતો. છતાંય તે મહાન તરીકે પંકાયા. કારણ તે પોતાની રીતે જીવતા હતા. દુનિયાની દ્રષ્ટિએ ગાંડો તે ડાહ્યો હોઈ શકે અને દુનિયાની દ્રષ્ટિએ ડાહ્યો ગાંડો હોઈ શકે. દુનિયાની દ્રષ્ટિથી જીવનારો ક્યારેય પણ શાંતિ-સમાધિથી જીવી ન શકે કારણ આ દુનિયાને એક મોઢું નથી. તે ક્યારેક ગાળો આપે. ક્યારેક વખાણ કરે. ક્યારેક નિંદા કરે. આ દુનિયાના ભરોસે ક્યારેય ન જીવાય. તેના સર્ટિફિકેટ પ્રમાણે ન જીવાય. પોતે જ પોતાના સર્ટિફિકેટ પ્રમાણે જીવાય. કારણ જાતને પોતે જ જાણી શકે. દુનિયા પોતાની જાતને ન ઓળખી શકે. દુનિયા દોરંગીલી તેની સ્વાર્થ પોષો તો ગીફ્ટ આપે ન પોષાય તો હાય-હાય કરીને ગાળો પણ આપે. પોતાની જાતને પૂછવાનું હું કરું તે બરોબર છે ?

તો કપડાં શા માટે પહેરવાના ? શરીરને ઢાંકવા કે બતાવવા ? આ શરીર કાંઈ શૉ-કેશમાં રાખવાની ચીજ છે ? પ્રદર્શનમાં બતાવવાની ચીજ છે ? કે પછી મોક્ષ માટે આરાધના-સાધના માટે છે ? જો મોક્ષ માટે સાધના કરવી હોય તો શરીર પર ગમે તેવો વેશ ન શોભે. અહીં સદ્ગૃહસ્થ બનવાની વાત છે. માટે જ વસ્ત્ર કેવા પહેરવા તેની વાત આવી. તમારી અસર સાધુ-સાધ્વી ઉપર પણ આવતી જાય. ગરમી લાગે એના બહાને આછા કપડાં પહેરે ? મર્યાદા સભર કપડાં હોવા જોઈએ. મર્યાદા ન સાચવે તો નુકશાન ઘણું છે. મર્યાદા સચવાય તો લાભ ઘણાં છે. તમારી મર્યાદા તૂટી તેમ અહીં પણ મર્યાદા તૂટવા લાગી. તમે મર્યાદા ચૂકો તો અમે મર્યાદા ચૂકીએ તો વધારે નુકશાન કારણ ઉંચી પોસ્ટ છે. માટે દરેક જણે મર્યાદા સચવાય તેવા વસ્ત્રો પહેરવા જોઈએ.

કપડાં વૈભવ પ્રમાણે પહેરાય. અત્યારે આર્થિક પરિસ્થિતિ હોય તેવા વસ્ત્ર જોઈએ. તમે ગરીબ હો અને અપ-ટુ-ડેટ કપડાં પહેરીને હાથ લંબાવો તો સામેનો શ્રીમંત કહે તું પણ મારા જેવો જ લાગે છે. તારા કપડાં તો મારા જેવા જ છે. તમે સામાન્ય કક્ષાના હો અને લગ્નમાં લાખોનો ધુમાડો કરો પછી માગવા આવો તે ઉચિત નથી. ઘરે ટી.વી. હોય, ફ્રીજ હોય, વિડીયો હોય તો તમે સાધર્મિક તરીકે મદદ માટે કેમ આવી શકો ? તેથી બધાંએ વસ્ત્ર પોતાના વૈભવ પ્રમાણે પહેરવા. નહિંતર લાંબા જોડે ટૂંકો જાય મરે નહિં તો માંદો થાય. તેથી યાદ રાખો આપણા પોતાનું અસ્તિત્વ.

વ્યક્તિત્વ હોવું જોઈએ. તેના માટે જાતને ઓળખી જીવન જીવવું જોઈએ. જાત માટે જીવું છું. તો મારે આ બધું કરવાની કોઈ જ જરૂર નથી. જો જાત માટે જીવો તો જિંદગીનો આનંદ જાણી શકો.

હવે અવસ્થાને અનુરૂપ કપડાં જોઈએ. તમે વકીલ છો. વકીલાત કરવાની છે તો તેને અનુરૂપ વસ્ત્ર. વેપારી છો તો વેપાર કરવાના છો. ગાદી પર બેસવાના છો તો તેને અનુરૂપ વસ્ત્ર જોઈએ. સુવાની અવસ્થાના કપડાં જુદા. બહાર નીકળો તો જુદાં કપડાં. સવારનાં બર્મુડા પહેરીને મોર્નિંગ વૉક કરવા જાઓ અને રસ્તામાં દેરાસર આવે તો જાઓ તો ન ચાલે. ઉપાશ્રયમાં ગુરુ - મહારાજ પાસે જાઓ ત્યારે કેવા કપડાં જોઈએ.?

આપણે ત્યાં મર્યાદા હતી કે છોકરી ૧૨ વર્ષની થાય ત્યારે ઓઢણી આવી જ જાય. હવે માથે ઓઢવાનું છે માટે. તમારે સામાયિક - પ્રતિક્રમણ કરવા છે પણ મર્યાદા નથી જોઈતી. પાયાની ચીજ ન હોય તો ધર્મની નિંદા થાય. ટીકા-ટીપ્પણી થાય. જોયું આ ધર્મી કેવો ? સંસારમાં જુદી રીતે જીવે. ઉપાશ્રયમાં જુદી રીતે જીવે. જોયો ઠગ ભગત ? અને પાયાના ગુણો હોય તો ધર્મની પ્રશંસા થાય. હવે નિવાસ સ્થાનને અનુરૂપ વસ્ત્ર જોઈએ. તમે ગુજરાતમાં રહેતા હો તો અમેરિકા જેવા વસ્ત્રો ન પહેરાય. આપણે ત્યાં આર્યદેશમાં એવું હતું કે વહુ સસરાની લાજ કાઢતી પણ સસરા મરી ગયા તો જે ઓટલા પર બેસીને દાતણ કરતા તે ઓટલાની પણ લાજ કાઢતી. અને હવે તો અહીં વ્યાખ્યાનમાં પણ માથે ઓઢતા નથી. દેરાસરમાં પૂજા ભણાવે ત્યારે પણ માથે ઓઢતા નથી. તો ઓટલાની તો વાત જ ક્યાં રહી. પાયાના ગુણ ન આવે તો મર્યાદા સાચવવી મુશ્કેલ છે.

લુંગી એ સાઉથ ઈન્ડીયન અને મુસલમાનનો વેશ છે. એકવાર અમદાવાદમાં હિંદુ - મુસ્લિમ વચ્ચે યુદ્ધ થયું. અને એકવાર સવારે એક હિંદુ લુંગી પહેરીને બહાર નીકળ્યો. બધા હિંદુને એમ કે આ મુસલમાન છે તેથી મારી નાખ્યો. તમારા વેશને કારણે મોતને ઘાટ પણ ઉતરવું પડે. હિંદુ-મુસલમાન પહેરવેશ પરથી ઓળખાઈ જતા. લુંગી અને દાઢી ઉપરથી ઓળખાય કે આ મુસલમાન છે. તમે તો મુંછ -દાઢી સાવ જ કાઢી નાખ્યા. અરે મુલ્લા નહોતું બનવાનું તો મુલજી પણ નહોતું બનવાનું. વાણિયાને મુંછ પરતો પૈસા મળતા. એના પરથી તો મુછાળા મહાવીર છે. મુંછ એ તો મર્દાનગીનું પ્રતીક છે. પણ આ તો બધા કરે તેમ આપણે કરવાનું. બુદ્ધિને ગીરવે મૂકી દીધી. કોઈ આપણી બુદ્ધિનો ઉપયોગ જ નહિં કરવાનો. તેથી ઉચિત વેશ જોઈએ.

હરિભદ્ર સૂરિ મહારાજ કહે છે કે ધર્મનું સ્વરૂપ સમજી જીવનને ધર્મથી ભરી દેવાનું. લેવાય તો સંયમ જ લેવાનું. નહિંતો સદ્‌ગૃહસ્થ તો બનવાનું જ છે. ઉત્તરોત્તર ગુણોનો વિકાસ કરવા સદ્‌ગૃહસ્થ બનવાનું પાયાનો વિકાસ ન થાય ત્યાં સુધી ઉપરનો આત્મિક વિકાસ તે ભ્રમણા છે. તમે શ્રાવક બની ગયા. અમે સાધુ બની ગયા. પણ પાયાના વિકાસ વિના તો કાલે નિમિત્તો મળતા દોષો પ્રગટી જશે. માટે આત્મિક વિકાસ માટે પાયાના ગુણો લાવવાના. હવે વસ્ત્ર કેમ પહેરવા તે બતાવે છે. વસ્ત્ર એ શરીરને ઢાંકવા માટે છે. લાજ ઢાંકવા છે. પણ શરીરનું પ્રદર્શન કરવા માટે નથી.

આજે માનવ ૧૭ મી કે ૨૧ મી સદી તરફ નહિં પણ ૧લી સદી તરફ જઈ રહ્યો હોય તેવું લાગે છે. કારણ આપણાં પૂર્વજો પહેલા વાંદરા હતા. અને વાંદરા કપડાં ન પહેરે. જ્યારે આજનો માનવ પણ ધીમે ધીમે કપડાં ઓછા કરતો જાય છે. અને એવું લાગે છે કે આગળ જતાં સાવ કપડાં જ નહિં પહેરે.

વસ્ત્રો કેવા જોઈએ ? વૈભવને અનુસરે. જેટલા રૂપિયા હોય તેને છાજે તેવા કપડાં પહેરવા. તમારા શોભા પ્રમાણે કપડાં પહેરો તો કોઈ તમારી સામે હાથ ફેલાવી શકે. સંઘના મહાજન વિગેરે તમને પૈસા લખાવવાનું કહી શકે. ત્યાં પૈસો લખાવશો તો પાપ ને બદલે પુન્યના માર્ગે વળશે. માટે ફેશનેબલ બધા પહેરે તેવા નહિં પણ વૈભવ અનુસારે જોઈએ. વૃદ્ધ - નાના બાળક વગેરે ઉંમર બદલાય તેમ પહેરવેશમાં ચેન્જ આવે. તેમજ અવસ્થા પ્રમાણે જેને ઉઠ - બેસ વધારે કરવાની હોય તે જીન્સ પહેરે તો ફાટી જાય. ત્યાં પછી સ્થાનને અનુરૂપ પાકિસ્તાનમાં રહેતો હોય તો લુંગી હોય. દાઢી - મુછ વધારેલા હોય. ક્યાં ગુજરાતી, બંગાળી, મદ્રાસી સાડી હોય એ વિવેક તમારી પાસે હોવો જોઈએ. સૌંદર્ય ખીલી ઉઠે એવા વસ્ત્ર પહેરવા એવું અત્યારે ચાલી રહ્યું છે. પણ સૌંદર્ય એ પ્રદર્શનની ચીજ નથી. જ્યારથી આ ચાલ્યું ત્યારથી મર્યાદા ઉંચી મુકાઈ છે. વળી તમારા વસ્ત્રો જોઈને કોઈ મજાક ન કરે તેવા હોવા જોઈએ. ક્યા કપડાં કેવી રીતે પહેરવા તેની મર્યાદા જોઈએ.

વળી વિરુદ્ધ ત્યાગે ન। લોક સંસ્કૃતિ વિરુદ્ધ મર્યાદા ચુકવે તેવો પહેરવેશ ન જોઈએ જો એવું હોય તો સદ્‌ગૃહસ્થ ન કહેવાય. જો અત્યંત શરીરને ચોંટેલા હોય તેવા તંગ કપડાં ન જોઈએ. જેના કારણે મર્યાદા ન સચવાય. કોઈ બેન કહે હું ડ્રેસ નથી પહેરતી સાડી પહેરું છું, પણ તેને પુછવાનું મન થાય કે સાડી પારદર્શક નથી ને ? અંદરના કપડાંના ઠેકાણા ન હોય તો તે ન ચાલે. સાડીમાં પણ બેક - લેશ, સ્લીવલેશ ન ચાલે. તમે વેશની આટલી બધી વાત કેમ કરો છો ? કારણ ઉચિત વેશ હોય તો મર્યાદા સચવાય. વિકારો પેદા ન થાય. અને સજ્જનતા ઉચિત વેશમાં દેખાય. વેશ તમારી ખાનદાનીને બતાડે છે.

વળી વસ્ત્ર સૌમ્ય - શાંત હોય જેને જોઈને પ્રસન્નતા વધે. પ્રસન્નતાને આપનારા મંગલ-મૂર્તિ બને છે. તેનાથી સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. પહેરવેશ જેટલો યોગ્ય એટલી પૈસાની પ્રાપ્તિ વધારે થાય છે.

આવું ક્યાંથી લાવ્યા ? મહાભારતમાં ઉદ્યોગ પ્રકરણમાં આ વાત મૂકી છે કે પૈસો શેનાથી આવે ? મંગલથી પૈસા બને. તમે કુંભ વિગેરે શેના માટે મૂકો ? મંગલ માટે, તો તમારા પ્રસન્ન,

સૌમ્ય, શાંત વસ્ત્રો પણ મંગલ છે. તેનાથી પૈસો આવે. અને તે વધે બુદ્ધિથી. પ્રતિભા, ચતુરાઈથી. વધેલી સમૃદ્ધિ નવી-નવી સમૃદ્ધિને ખેંચી લાવવાનું કામ કરે છે તે ચાલી ન જાય. એની પરંપરા શેનાથી ચાલે ? વ્યવહાર કુશલતાથી તે સમૃદ્ધિ મૂળ કરી છે. અને મૂળિયા ઉગે ત્યાં ડાંખળી પાન વિગેરે આવે છે. એવી રીતે નામના - કામના વધે. ગુડવીલ વધે તે શેનાથી ? સંયમથી. સંયમ એટલે દીક્ષા નહિં, પણ ૫ ઈન્દ્રિયોનો સંયમ. ક્યાંય દેખાડો પ્રદર્શન નહિ તેવી સમૃદ્ધિ તમારી પ્રતિષ્ઠા વધારનારી બને.

હવે ૧૧ મો ગુણ - ખર્ચો કેટલો કરવાનો ? જેટલું હોય તેટલું બધું ખર્ચી નાખવાનું ? ખર્ચ માટે આવક શોધો કે આવક પ્રમાણે ખર્ચ કરો ? તમે શું કરો છો ? મોબાઈલ જોઈએ એટલે જોઈએ જ. કામવાળી જોઈએ એટલે જોઈએ જ. એટલે ખર્ચો ફીક્સ કરી દીધો. પછી ધંધો શોધવા નીકળો. પછી દેવું કરવું પડે. ૨૫૦૦૦ લીધા, ૫ લાખ થઈ ગયા. (વ્યાજ થઈ ગયું) પછી શક્તિ નથી તો આપઘાત કરે. કારણ મહાપુરુષોનું માર્ગદર્શન આપણે સ્વીકાર્યું નથી.

આવક પ્રમાણે ખર્ચ કરવાનો એટલે જેટલું કમાય તેટલું બધું ખર્ચી નાખવાનું ? દીકરો માંદો પડે તો શું કરવાનું ? હાથ લંબાવવો પડે. પૈસા વિના ડૉક્ટર દાખલ ન કરે. વધુ માંદગી આવે. કદાચ મોતને ઘાટ પણ ઉતરે. અત્યારે દીકરા-દીકરી નાના છે. પણ ૧૦-૧૨ વર્ષે મોટા થશે. લગ્ન પ્રસંગ આવશે તો શું કરશો ? દેવું કરવું પડે. માટે મહાપુરુષો કહે છે કે આવક પ્રમાણે નહિં પણ આવક કરતાં ઓછો ખર્ચ કરવાનો. જરૂર પડે તો ૨ લાખ ખર્ચી નાખો અને જરૂર ન હોય તો ૧ રૂ. પણ ન ખર્ચો. ઉદારતા સારી પણ કંજુસાઈ સારી નહિં. કરકસરતો સારી પણ ઉડાઉગિરિ સારી નહિ

શાસ્ત્રકાર કહે છે કે તમે ધંધામાં જેટલું કમાઓ તેના દર મહિને વર્ષે ચાર ભાગ કરવાના. અને જે નોકરી કરે છે તેને ૩ ભાગ કરવાના. ધંધાવાળાએ ચારમાંથી ૧ ભાગ બચત, બીજો ભાગ ધંધો વધારવામાં, ત્રીજો ભાગ ઘરખર્ચ. ચોથો ભાગ ધર્મમાં ખર્ચવાનો. આ નીતિ શાસ્ત્રની વાત છે. જે બચત છે તે અચાનક આપણા સમયે કામ લાગે પણ જે નોકરી કરતો હોય તેને ધંધામાં નાખવાનો સવાલ આવતો નથી તેને તો બેઠો પગાર આવે છે. માટે તેને ૩ ભાગ. આવી વ્યવસ્થા ગોઠવે તેને ક્યાંય વાંધો ન આવે.

બીજો મત કહે છે કે ચાર કે ત્રણ ભાગ પાડવાની જરૂર નથી. બે ભાગ કરવાના તમે એક થોડો મોટો, બીજો નાનો. તેમાં મોટો ભાગ ધર્મમાં વાપરવાનો અને નાનો ભાગ સંસારના બધા કામમાં કેમ ? આ લોકમાં ખાવા-પીવાનું વિગેરે તુચ્છવાત છે. અને ધર્મમાં ખર્ચો તો આત્માનું કલ્યાણ થાય છે.

તમે તમારા આવક કરતાં વધુ ખર્ચ કરો તો શું થાય ? કોઈ પણ તંદુરસ્ત વ્યક્તિમાં રોગ થાય તો શું થાય ? પોતે જે કાર્ય કરવાનું છે તે કરી ન શકે.

જેથી સાંસારિક, ધંધાના, ધર્મના વિગેરે કાર્યો કરી ન શકો. એવી ગરીબ પરિસ્થિતિમાં આવી જાઓ કે જ્યારે પ્રસંગો આવે તો શૂળની જેમ ભોંકાય. જે વ્યક્તિ આવક-ખર્ચની વિચારણા કર્યા વિના આડેધડ ખર્ચા કરે. મન થયું ને ખરીદી લીધું. તેઓ આ ખર્ચ દ્વારા મનમાં એવું રાખે કે હું દુનિયામાં ધનપતિ દેખાઉં. એવા પ્રયત્ન કરે તે વ્યક્તિ બહુ ટુંકા સમયમાં આ જગતમાં તેનું નામ ભૂંસાઈ જાય. એવું થઈ જાય. અર્થાત્ આપઘાત કરવો પડે અથવા તો એવી ગરીબાઈ આવી જાય કે તેનું નામ લેવા કોઈ તૈયાર ન થાય. તમે બીજ થી લોન લઈને ડોનેશન ભરીને સારી સ્કુલમાં ભણવા મૂકો. પણ આવક જ ન હોય તો શું થાય?

એકવાર એક સ્ત્રીના લગ્ન થયાં. પુત્રવધુ સાસરે આવી. તેણે જોયું કે સાસુ-સસરા-પતિ બધાનો હાથ છૂટો છે. આવક એટલી બધી નથી. નણંદ ઉંમરલાયક છે. થોડા ટાઈમમાં લગ્ન આવશે. આ પુત્રવધુએ બધાને જે શબ્દોમાં કહેવાય તે રીતે કહી દીધું કે કાલે નણંદના લગ્ન આવશે. પુત્રનો જન્મ થશે. ખર્ચો વધશે. પણ તેની વાત કોઈએ લક્ષમાં લીધી નહિ. પણ તે બુદ્ધિશાળી હતી. તેણે વિચાર્યું જો આમ જ ચાલશે તો કદાચ બેનનો પ્રસંગ આવશે ત્યારે પતિને આપઘાત કરવાનો વખત આવશે. સસરાની હાલત બગડી જશે. માટે ભવિષ્યનો વિચાર કરવો પડે. તેણે બહાનું કાઢ્યું. તાવ આવ્યો. તેણે કહ્યું મને અહીંયા ફાવતું નથી. આ ગામમાં મારી તબીયત સારી રહેતી નથી. તેથી તમે બેંકની નોકરી બદલાવી બીજા ગામમાં લઈ લો. અને પેલાએ બદલી કરાવી. ત્યાં ભાડેથી ઘર લીધું. કરકસર કરી પૈસા બચાવ્યા.

થોડા દિવસ પછી પિતાનો ફોન આવ્યો, પૈસા મોકલ. તેણે કહ્યું અહીંથી મોકલાય તેમ નથી. કારણ હમણાં ઘર લીધું છે. ફર્નિચર વિગેરેના ખર્ચા થાય માટે. પછી બાપ પણ ઓછામાં ચલાવતા શીખ્યા. આ બાજુ થોડા વર્ષો થયા. હવે નણંદનો પ્રસંગ આવ્યો. ત્યારે ચિંતા થઈ. કેવી રીતે પરણાવવી? ૧૦ હજાર મળે તો પણ સારી વાત. આપઘાતનો વિચાર આવી ગયો. દીકરા-વહુને બોલાવ્યા. તેઓ આવ્યા. બાપ-દીકરો એક રૂમમાં બેઠા છે. બીજી રૂમમાં સાસુ-વહુ બેઠા છે. વહુની નજર બાપ-દીકરો બેઠા છે ત્યાં છે. પિતા વાત કરે છે બેટા! દીકરીના લગ્ન છે. ૧૦ હજાર મળી જાય તો સારું. દીકરો કહે મારી પાસે તો હજાર રૂ. જ છે. આ વાત વહુએ સાંભળી અને કહ્યું લો આ ૧૦ હજાર રૂા. ખુશીથી બેનના લગ્ન કરો. અને ત્રણેય ચમકી ગયા. કહેવાની જરૂર નથી. ઘરમાં કેવું વાતાવરણ છવાઈ ગયું. વહુએ કહ્યું હું દર મહિને બચાવીને રાખતી હતી. તે અત્યારે કામ લાગ્યા. પછી સાથે જ રહેવા આવી ગયા. અને સસરાએ કહ્યું હવે તું જેમ કહીશ તેમ અમે બધા કરીશું. ખોટા ખર્ચ નહિં કરીએ.

સ્ત્રી ધારે તો શું ન કરે? બધું જ કરી શકે. આવતા રૂપિયામાંથી બચત કરતા જાઓ. હોટલમાં નથી જવું. બહારનું નથી ખાવું. ખોટા ખર્ચ બંધ કરો. તમારી હાલત કેવી છે? ખાવા કરતા મોજશોખના ખર્ચા વધારે છે. તમારે ત્યાં છોકરાને પીવા દૂધ નથી મળતું પણ ટી.વી.ની કેબલો મળે છે. ભાઈઓના જેટલા ખોટા ખર્ચા નથી તેટલા બહેનોના વધારે હોય છે. એટલે આવકને અનુસારે ખર્ચ કરવાનો. આ રીતે ૧૧ મો ગુણ પૂરો થયો.

:- સમાપ્ત :-

classmate

પ્રેરક :- પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજી મ. સાહેબ

# અમારિ પ્રર્વતન (જયણા) પુરુષો માટે

(૧) આઠ દિવસ આરંભ સમારંભનો શક્ય તેટલો વધારે ત્યાગ કરવો.
(૨) ઓછામાં ઓછી નવકારશી અને રાત્રીભોજન ત્યાગ અવશ્ય કરવો.
(૩) રોજ સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા કરવી.
(૪) સવાર સાંજે પ્રતિક્રમણ કરવા અને વ્યાખ્યાન અવશ્ય સાંભળવા ઉપાશ્રયે જવું.
(૫) દેરાસરે તથા ઉપાશ્રયે ચંપલ કે બુટ પહેરીને ન જવું. (આઠ દિવસ પુરતુ ખાસ)
(૬) સ્નાન માટે ઓછું પાણી વાપરવુ અને સાબુ લગાડવો નહીં તેમ જ ગરમ-ઠંડુ પાણી ભેગું કરવું નહીં.
(૭) કોઈની સાથે પણ કષાય કરવો નહીં.
(૮) શક્ય હોય તો આઠે દિવસ ઓછામાં ઓછું બેસણું તો અવશ્ય કરવું.
(૯) સ્ટાફને કમસેકમ એક મહિનાનું બોનસ અવશ્ય આપવું.
(૧૦) પર્યુષણની આરાધના કરવા જનાર સ્ટાફનો પગાર ન કાપવો, ઉપરથી બક્ષિસ આપવી.
(૧૧) દેરાસરના પૂજારી ભૈયાને અવશ્ય બક્ષિસ આપવી.
(૧૨) અનુકંપાદાનનું ઔચિત્ય અવશ્ય સાચવવું.
(૧૩) શક્ય તેટલા ઓછા કપડાં ધોવા નાંખવા.
(૧૪) વ્યસન અને ફેશનનો સર્વથા ત્યાગ કરવો.
(૧૫) આઠ દિવસ ટી.વી, કેબલ, સેટેલાઈટ ચેનલો તેમજ વીડીયો અને રેડિયો સદંતર બંધ રાખવા.
(૧૬) પર્યુષણ પહેલાં લોકોના જે બીલ ચઢયાં હોય કે પૈસા આપવાના બાકી હોય તે અવશ્ય ચૂકવી દેવા.
(૧૭) શક્ય તેટલું સાત ક્ષેત્રો ઉપરાંત પાઠશાળા, જીવદયા, આયંબિલ ખાતું અને સર્વ સાધારણમાં ભાવપૂર્વક દાન કરવું.
(૧૮) દેરાસરની પેઢીમાં બાકી નીકળતા પૈસા પર્યુષણ પહેલાં તુરત જ ભરી દેવા જોઈએ.
(૧૯) દુશ્મનને પણ " મિચ્છામિ દુક્કડં" દ્વારા દોસ્ત બનાવી વૈમનસ્ય ખલાસ કરવું.
(૨૦) કોર્ટ કેસ પાછા ખેંચી લેવા અથવા માફી આપવી.
(૨૧) આઠેય દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવું.
(૨૨) થાળી ધોઈને પીવી અને પછી લુછી નાખવાનો ઉપયોગ રાખવો એઠો ગ્લાસ માટલામાં નાખવો નહીં
(૨૩) શક્ય હોય તો આઠેય દિવસ પૌષધ જ કરવો.
(૨૪) આઠે દિવસના પાંચ કર્તવ્યો અવશ્ય પૂર્ણ કરવા.
(૨૫) વાર્ષિક ૧૧ કર્તવ્યો પણ પૂર્ણ કરવા સંકલ્પ કરવો.
(૨૬) ન્યુઝ પેપરો મેગેઝિનો આઠ દિવસ ન જ વાંચવા.
(૨૭) તમામ પ્રકારના લીલા સૂકા અથાણા ન વાપરવા તેમજ બજારના અથાણા કદી વાપરવા નહીં.
(૨૮) નવરાત્રિના ગરબા, દિવાળીના ફટાકડા, અષ્ટમીના જુગારથી સદંતર દૂર રહેવું.
(૨૯) શાવર બાથથી ન્હાવું નહીં અને સ્વીમીંગપુલમાં જવું નહિ.
(૩૦) સચિત્તનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ.
(૩૧) મકાનના કંપાઉન્ડમાં, લીલ-ફુગ ન થાય તે માટે ચોમાસુ શરૂ થાય તે પહેલાથી જ યોગ્ય વ્યવસ્થા કરાવી લો. લીલ-ફુગ એ અનંત કાય જીવે છે. તેના પર ચાલવાથી ખૂબ વિરાધના થાય છે.
(૩૨) ચોમાસામાં ભેજને કારણે કેસરમાં તેજ વર્ણની જીવાત થઈ જતી હોય છે. તેથી ધ્યાનપૂર્વક કેસરનો જોઈને જ ઉપયોગ કરવો. કેસરની ડબીમાં કાળા મરી મુકી રાખવાથી જીવાત થતી નથી.
(૩૩) દરેક લોટ તેજ દિવસે ચાળીને વાપરવો.
(૩૪) દિવાળીમાં બહારની મીઠાઈ ન ખાવી.
(૩૫) બને ત્યાં સુધી ચોમાસામાં બહારગામ ન જવું.

# અમારી પ્રર્વતન (જયણા) બહેનો માટે

(૧) રોજ સવારે ઉઠીને રસોડામાંથી પૂંજણી દ્વારા કાજો લઈને સ્વચ્છ જીવજંતુ રહીત કરવું.
(૨) ગેસ ઉપર રાત્રે સફેદ કપડું ઢાંકવું અને સવારે કપડું લઈ તેના નાળચામાં જીવ ભરાઈ નથી ગયાને તેની બરાબર કાળજી રાખવી.
(૩) એમ.સી.નું ચુસ્ત પાલન અવશ્ય કરવું.
(૪) પીવાનું પાણી દિવસમાં ત્રણ વખત ગાળવું (સવારે-બપોરે-સાંજે)
(૫) આઠ દિવસ ફ્રીઝનો બીલકુલ ઉપયોગ કરવો નહીં.
(૬) અભક્ષ્ય, કંદમૂળ અને કાચી તથા પાકી લીલોતરીનો આઠ દિવસ ઉપયોગ સદંતર કરવો નહીં (લીંબુ-લીલાં મરચા-લીમડો તથા પાકા કેળા)
(૭) સવારે ઓછામાં ઓછી નવકારશી અને રાત્રીભોજન ત્યાગ આઠ દિવસ માટે તો અવશ્ય કરવો જ જોઈએ.
(૮) શક્ય તેટલા ઓછામાં ઓછા કપડાં જ ધોવા નાંખવા.
(૯) પાણીનો ઘીની જેમ ઉપયોગ કરવો એટલે કે ગમે તેમ ઉપયોગ કરવો નહીં.
(૧૦) આઠ દિવસમાં માથે ન્હાવું નહીં. (એમ.સી.વાળાને છૂટ)
(૧૧) સ્નાન કરતી વખતે પણ ઓછા પાણીનો જ ઉપયોગ કરવો અને સાબુ લગાડવો નહીં તેમજ ગરમ અને ઠંડુ પાણી ભેગું કરવું નહીં.
(૧૨) આઠ દિવસ ખાંડણ-પીલણ કરવું અને કરાવવું નહીં.
(૧૩) દેરાસરે તથા ઉપાશ્રયે જતી વખતે ચંપલ કે સ્લીપર પહેરીને ન જવું.
(૧૪) આઠ દિવસ કોઈપણ જાતનો કષાય કોઈના ઉપર પણ કરવો નહીં.
(૧૫) વ્યાખ્યાન સાંભળવા માટે બીજાને સગવડ કરી આપવી.
(૧૬) મોરી તેમજ બાથરૂમમાં લીલ-નિગોદ ન થાય તેની પૂરતી કાળજી લેવી.
(૧૭) પ્રત્યેક નળ ઉપર ગળણું કે છેવટે કોથળી બાંધવી અને જયણાપૂર્વક સંખારાનો ઉપયોગ રાખવો.
(૧૮) લાઈટ તેમજ પંખાનો તથા એ.સી.નો આઠે દિવસ ઉપયોગ ન થાય તો સારૂં.
(૧૯) દરેક કાર્યમાં પાણી બરોબર ગાળીને જ વાપરવું.
(૨૦) શક્ય તેટલો ગેસ તેમજ ચૂલાનો ઉપયોગ સૂર્યોદય પછી જ કરવો અને સૂર્યાસ્ત પછી સદંતર બંધ કરવો.
(૨૧) એંઠા વાસણ રાખી મૂકવા નહીં કારણ કે ૪૮ મિનીટ પછી તેમાં સંમુર્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે.
(૨૨) પેસ્ટ કન્ટ્રોલ તથા માંકડ મારવાની દવાનો તથા જંતુનાશક દવાનો ઉપયોગ કરવો નહીં કરાવવો નહિં.
(૨૩) આંગણે લીલ-નિગોદ થઈ હોય તો તેની જયણા પાળવી.
(૨૪) પાપડનો ઉપયોગ ન કરવો કેમ કે ચાતુર્માસમાં લીલ, ફૂગ, નિગોદ થાય છે અને આશક્તિ પોષાય છે.
(૨૫) ગર્ભપાતની મહાહિંસાના પાપથી બચવું.
(૨૬) ઘાસ ઉપર કે નિગોદ ઉપર પગ મૂકવો નહીં.
(૨૭) આઠેય દિવસ બ્રહ્મચર્યનું ચુસ્ત પાલન કરવું.
(૨૮) પહેરવાના કપડાં કે ચાદર અક્ષરોવાળા તથા પક્ષી-પ્રાણીના છાપવાળા ન વાપરાવાં.
(૨૯) ઘરનાં નોકરો તેમજ દેરાસરના પૂજારીને ખાસ બક્ષિસ આપવી.
(૩૦) દેરાસર ઉપાશ્રયે આવતાં જતાં અનુકંપા દાન અવશ્ય કરવું.
(૩૧) દ્વિદળ ન થાય તે માટે દૂધ- દહીં - છાશ આંગળા દાઝે તેવા ગરમ કરીને જ વાપરવાં.
(૩૨) ખાખરા તથા લોટના મિઠાઈનો કાળ સાચવવો. (૧૫ દિવસ)
(૩૩) શક્ય હોય તો ચાતુર્માસના ચાર મહિના અગર પર્યુષણ સુધી મગ સિવાયનું કઠોળ બંધ કરવું. તેમાં મીઠા ધાનના કારણે જીવોની ઉત્પત્તિ વધુ થાય છે.
(૩૪) ચાર માસ મેંદાનો રવો, ઉપમાનો લોટ બહારનો વાપરવો નહીં.
(૩૫) આસો માસની ઓળી સુધી પાપડ વાપરવા નહી.
(૩૬) બહારના અથાણાં લીલા કે સૂકા કદી વાપરવાં નહીં.
(૩૭) હિંસાજન્ય સાબુ, ટૂથપેસ્ટ, શેમ્પુ આદિ વસ્તુઓનો ઉપયોગ ન કરવો.
(૩૮) કાગળ, પડીકામાં ખાદ્યપદાર્થો, ટોઈલેટ પેપર, લખાણ ધરાવતા વસ્ત્રો કે ખાદ્યપદાર્થો વગેરે ન વાપરવા, એઠાં મોઢે બોલવું નહિં, ટોઈલેટમાં છાપુ ન વાંચવું.